Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજબિંદુ

ધૂમકેતુ

૪૪૧/૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ८४५/८६

पञ्जिका संख्या २६०१६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

26096

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજબિંદુ

•

['જલબિંદુ' 'મેઘબિંદુ' અને
'તુષારબિંદુ' પછીનો સંગ્રહ]

CHECKED 1973
Initial

ધૂમકેતુ

૩
રૂપિયા

સોલ એજંટ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરસ્તો : અમદાવાદ.
૧૯૫૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક :
ગૌરીશંકર ગોવરધનરામ જોશી;
૨૩, કર્ણાવતીનિવાસ, સૌરાષ્ટ્ર સોસાયટી,
એલિસબ્રીજ : અમદાવાદ: ૭

આવૃત્તિ : પહેલી

[સર્વ પ્રકારના હક્ક લેખકને સ્વાધીન]

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય,
પાનકોર નાકા : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

૧	'ના' કહેવાની શક્તિ	૩
૨	વીરતાનો જાણનારો	૯
૩	વિશાખા માતા	૧૪
૪	સાદામાં સાદી રીત	૧૭
૫	સહજ થાય તો	૨૦
૬	કુદરતને તમે અનુકૂળ બનો	૨૧
૭	સુખની ક્ષણ	૨૫
૮	ફેંકી દીધેલા કાગળો	૨૯
૯	નામ રૂપ જુજવાં	૩૨
૧૦	કેટલાક પ્રસંગો	૩૫
૧૧	કલાનો પ્રકાશ	૪૧
૧૨	રાજભવનની સ્વચ્છતા	૪૫
૧૩	મારું ઘર	૪૮
૧૪	સ્વતંત્રતા ક્યાં રહે છે ?	૫૧
૧૪	તેજ બિંદુ	૫૫
૧૫	પંખીની માનવતા	૬૫
૧૬	માણસ, ઘોડાં, ને ગધેડાં	૬૯
૧૭	ઉપાસના	૭૩
૧૮	અજિત કિલ્લા અને અજિત માનવી	૭૭
૧૯	માનવી અને પડછાયો	૮૨
૨૦	વાણીની મર્યાદા	૮૮
૨૧	પળ પળ ગણો	૯૪
૨૨	રહસ્ય માટે મથો	૯૭
૨૩	કુતૂહલ અને જ્ઞાન ભૂખ	૧૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૪ અખૂટ ભંડારની શોધ ૧૦૪
૨૫ સત્યનું સ્થાન ૧૧૧
૨૬ કમનસીબીને ધોળી પીઓ ૧૧૫
૨૭ વર્ષો થયાં ૧૧૮
૨૮ સિંહ અને પતંગિયું ૧૨૪
૨૯ સૌ સૌના તાનમાં ૧૨૭
૨૯ પંખી ને માણસ ૧૩૧
૩૦ અંતિમ પળે ૧૩૫
૩૧ સંપૂર્ણતાની શોધ ૧૪૧
૩૨ શાંતિની સ્થાપના ૧૪૪
૩૩ એક લાખ ૧૪૮
૩૪ અધીરતા ૧૫૩
૩૫ આ ચિત્ર ને તે ચિત્ર ૧૫૫
૩૬ એક નાનકડો પ્રસંગ ૧૫૯
૩૭ ખાખીની ધૂણી ૧૬૧
૩૮ વિદ્યા માટે ૧૬૫
૩૯ બે ભાઈઓ ૧૭૩
૪૦ અજિત ૧૭૭
૪૧ અર્ધદગ્ધ ૧૮૫
૪૨ શ્રેષ્ઠ કોણ ? ૧૯૩
૪૩ રાજાનું વેણ ૧૯૬
૪૪ માનવતા જગાડી ૧૯૯
૪૫ દયાનું ઝરણું ૨૦૩
૪૬ મૂરખમાં મૂરખ કોણ ? ૨૦૯
૪૭ દિફૂ અને કાલ ૨૧૧
૪૮ રાજાધિરાજ ૨૧૭
૪૯ માનવતા ! ૨૨૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજબિંદુ

[મેઘબિંદુ, જલબિંદુ, તુષારબિંદુ
એમના જેવો ચોથો સંગ્રહ]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧]

'ના કહેવાની શક્તિ !'

ઋષિ ભરદ્વાજને આંગણે મૃત્યુદેવ આવીને ઊભા રહ્યા.

ઋષિએ બે હાથ જોડીને કહ્યું: 'પધારો અતિથિદેવ! પધારો! તમારે કોનો ખપ છે એમને કહો, એટલે એને હું હાજર કરું! આંહીં જન્મમરણની કોઈ વિશિષ્ટતા નથી.'

મૃત્યુદેવે કહ્યું: 'હું તો ખુદ તમને જ લેવા આવ્યો છું, ઋષિરાજ!'

ઋષિએ જવાબ વાળ્યો: 'મને? મને લેવા આવ્યા છો? મને લઈ જઈ ને શું કરશો? મારે તો હજી એક શતવર્ષ આયુષનું કામ બાકી પડયું છે!'

મૃત્યુદેવે કહ્યું: 'કોને શું કામ બાકી રહ્યું છે, એ જોવાનું કામ મારું નથી. મારે તો આંહીંથી એક પછી એક સૌને વિદાય આપવાની છે કે જેથી, આંહીં ભીડ ન થાય. ને ત્યાં કામ ન અટકે. સૂરજદેવ જેમ હમેશાં આવે છે, તેમ મારે હમેશાં આવવું રહ્યું. અને હમેશાં કોઈ ને કોઈએ મારી સાથે આવવું રહ્યું. આજે તમારે આવવાનું છે ઋષિરાજ!'

ઋષિએ ચારે તરફ દૃષ્ટિ કરતાં કહ્યું: 'પણ એક શત-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ષનું કામ બાકી છે તેનું શું ? મેં એક નવો વિચાર સભાઓમાં મૂકયો છે. એને પૂરેપૂરું વ્યાપક રૂપ મળી ન રહે ત્યાં સુધી મારું કામ આંહીં છે. આવવામાં વાંધો નથી, પણ ત્યાંથી યમદેવ જ મને પાછા આંહીં આવવાનું કહેશે તેનું શું ?'

મૃત્યુદેવે હસીને કહ્યું: 'મેં એમ માન્યું હતું કે, ગૃહસ્થીઓ ને માયારક્ત માનવીઓ જ, મારો ભેટો થઈ ન જાય, માટે, મનમાં ને મનમાં અનેક તરકીબો ગોઠવતા રહેતા છે. પણ આજ આ નવો અનુભવ થયો ! મારો પડછાયો ઋષિમુનિઓને પણ ગમતો નથી ! દુનિયા પલટાઈ ગઈ છે કે પછી હું પલટાઈ ગયો છું? શું સમજવું ? કોઈએ મને આટલો ખોટી કર્યો નથી. સૌ જાણે છે કે મારું આગમન ખોટી થવા માટે છે જ નહિ !'

ભરદ્વાજે પણ હસીને કહ્યું: 'ચાલો, ત્યારે, મૃત્યુદેવ ! આપણે બન્ને સાથે જ ચાલીએ !'

મૃત્યુદેવની સાથે ઋષિ ભરદ્વાજ યમદેવને મંદિરે ગયા.

ત્યાં મંદિરનાં દ્વાર ઊઘડવાની રાહ જોતા તે ઊભા. એક જાતની વિશિષ્ટ શોકઘેરી સૂરાવલિ ચારે તરફની હવામાંથી ત્યાં આવી રહી હતી. યમદેવની વાટિકાનાં પુષ્પો પણ, એ શોકઘેરી સૂરાવલિ સાંભળતાં હોય તેમ, ઉદાસીન ચહેરે જાણે નીચે નમીને કાંઈક જોઈ રહ્યાં હતાં ! હવા, છાયા, પડછાયા, તેજ, અંધારું, અવકાશ ને શાંતિ, બધાં જાણે મૌનભરેલી ઉદાસીનાં શિશુઓ હોય તેમ, ત્યાં બેસી ગયાં હતાં ! આછા વાદળરંગી વાતાવરણને જાણે શોક ભરખી ગયો હોય તેમ એ પણ મૂંગી વાણીમાં રુદનના હીબકા પ્રગટાવતું ધ્રૂજારી અનુભવતું હતું ! ઋષિ ભરદ્વાજ ત્યાં ઊભા અને એમનું અંતર પણ, કોઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અકથ્ય વેદનાની છાયા જાણે અનુભવી રહ્યું. આસપાસ ચારે તરફ અનેક માનવીઓના આછા પડછાયા દેખાતા હતા ! અને એ પડછાયાઓના હજારો નયનોમાંથી ટપટપ અશ્રુધારા વહી રહી હતી !

જે સંસાર પોતે છોડીને આવ્યા તેનાં સંસ્મરણો જાણે આકાશમાં ચિતરાઈ ગયાં હોય તેમ એ વિકળતાથી આકાશ સામે જોતા હતા, અને ત્યાં કોઈ પૃથ્વીમાંથી આવેલો ચહેરો દેખાતાં જ એમની આંખમાંથી નવાં શોક આંસુ ઉભરાતા હતાં !

અને કોઈ નવું આવનાર દેખાતું કે તરત એ હજારો ચહેરાઓ કાંઈક વેદનાવાણી બોલવા માટે મથતા હોય તેમ લાગતું હતું ! પણ આશ્ચર્યોનું આશ્ચર્ય એ હતું કે, ત્યાં ન હતી વાણી, ન હતા શબ્દો, ન હતો અવાજ, ન હતી હવા, ન હતી સંદેશ-શક્તિ ! હતી કેવળ આ એક જ વસ્તુ ! મૂંગા છાના વાતાવ-રણની રુદન–સરિતા !

જેણે જીવનભર પૌરુષેય સર્જનવાણીની ઉપાસના સેવી હતી, જેણે મૃત્યુને જીવનની એક અપ્તરંગી લીલાની જેમ નિહાળ્યું હતું, તે મહાઋષિ ભરદ્વાજને પણ, એક પળભર, આ શોકાંગુલિની આછી રેખા જાણે કે સ્પર્શી ગઈ. એ ભારે હૈયે પોતાનું માથું છાતી ઉપર ઢાળીને ઊડી ચિંતનગુહામાં કાંઈક જોઈ રહ્યા !

બીજી જ ક્ષણે એમના કાન ઉપર અવાજ આવ્યો. અને એ અવાજમાંથી કરુણ મધુરતાનાં આંદોલન જાગી ગયાં. દ્વાર ઉઘાડીને યમદેવ પોતે સામે ઊભા હતા.

હજારો ચહેરાઓની શોકઘેરી ઉદાસીનતા એમના રોમ-રોમાંથી પ્રગટતી દેખાતી હતી ! તેમણે બહાર પગ દેતાં જ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કોણ આવ્યું છે મૃત્યુદેવ? અરે! આ તો ભરદ્વાજ ઋષિ છે? પધારો પધારો ઋષિરાજ!' યમદેવે બે હાથ જોડયા.

ઋષિ ભરદ્વાજે બે હાથ જોડીને યમદેવને પ્રતિનમસ્કાર કર્યા: 'મને કેમ સંભાર્યો મહારાજ? એક શતવર્ષ આયુષનું મારું કામ તો હજી બાકી છે! મારે તો પૃથ્વી છોડવાને એક શતવર્ષની હજી વાર છે! ત્યાં કામ અપૂર્ણ પડયું છે ને આંહીં હું શી રીતે આરામ લઈ શકું? આ તો આરામધામ છે!'

વર્ષો પછી, પોતાના સાન્નિધ્યને આવી વીરવાણીથી ઉદ્‌બોધતા એક ઋષિનો શબ્દ સાંભળ્યો, અને યમદેવને આનંદકારી રોમાંચ થઈ આવ્યો! સેંકડો અને હજારો કંગાલોની રુદનસૃષ્ટિની છાયા એક પળભર એમના શરીર ઉપરથી જાણે ઊડી ગઈ!

યમદેવને ખબર હતી કે ઋષિ ભરદ્વાજે ભારતમાં એક નવો વિચાર પ્રગટાવ્યો હતો. એ માટે એ સભાઓમાં જતા, યજ્ઞોમાં ફરતા, પરિષદો ભરતા, જનસમૂહને સંબોધતા. ઈંદ્રદેવની તુલ્ય ગૌને અહન્ય મનાવવાનું અદ્‌ભુત ગાન એમણે પ્રગટાવ્યું હતું! એ અદ્‌ભુત ગાન બધે હવામાંથી ઊઠતું હતું. પણ તેમણે કહ્યું:

'તમારું કામ હજી બાકી હશે પણ ઋષિરાજ! એમનો શબ્દ અનિવાર્ય હોય છે!' યમદેવે મૃત્યુદેવ તરફ દૃષ્ટિ કરતાં કહ્યું.

'એ અનિવાર્યતા કેવળ કંગાલો માટે છે, યમદેવ! સર્જન કરતાં વિનાશ વધારે મોટો શી રીતે હોઈ શકે? તો તો આ નીચે દેખાતી પૃથ્વી જ ન હોય! તમને જ્ઞાનવાર્તાની લગની લાગી હશે, પણ મારે તો વાણીને, સ્વરઆંદોલનનાં,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દરંગનાં, એવાં એવાં રૂપબંધનો આપવાનાં બાકી છે કે હું આંહીં એક પળ પણ થોભી ન શકું! એવી વાણી વિના તો આવતી કાલના સંસારમાં કેવળ અંધકાર હશે! પછી તો મૃત્યુદેવ પણ કોને લેવા જશે? મારું એક શતવર્ષનું કામ બાકી છે. એક શતવર્ષ પછી મૃત્યુદેવને કહો, બરાબર આવીને એ જ ઝૂંપડીના દ્વાર ઉપર ઊભા રહે! હું તૈયાર હઈશ!'

યમરાજે બે હાથ જોડીને નમન કર્યાં. 'મારે ત્યાંથી કોઈ જીવનને મૃત્યુ આપવાની આજ્ઞા જ થઈ નથી ઋષિરાજ! મૃત્યુ હવે, 'જીવન' ન હોય ત્યાં જ જઈ શકે છે. હું તમને પ્રણામ કરું છું. સીધાવો દેવ! બરાબર એક શતવર્ષે મૃત્યુ-દેવ આવશે!'

એક શતવર્ષ પૂરાં થયાં. મૃત્યુ એક મંગલપ્રભાતમાં આવીને ઝૂંપડીને દ્વારે ઊભું. ઋષિરાજ સ્નાનસંધ્યા માટે બહાર નીકળતા હતા, ત્યાં એણે કહ્યું: 'ઋષિરાજ! એક શત-વર્ષ થઇ ગયાં!'

કાંઇ ન હોય તેમ ઋષિએ શાંતિથી કહ્યું: 'હજી એક શતવર્ષનું કામ બાકી છે!'

'પણ મુદત પૂરી થઈ છે, મહારાજ!'

ઋષિએ ચારે તરફ દૃષ્ટિ કરતાં કહ્યું: 'પણ કામ હજી પૂરું થયું નથી. હજી તો વાણીના અગાધ ચિંતનશીલ રૂપો ગઈ કાલે જ મારી પાસે આવ્યાં! બીજાં એક શત વર્ષ પછી આવજો મૃત્યુદેવ! હું તૈયાર હોઈશ! તમે થાકયા હો ને સોમરસ પીવો હોય તો આ કમંડલુમાં મેં રાખ્યો છે. તમે બેસીને પાન કરો, ત્યાં હું સ્નાન કરીને આવું છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

'મારાથી કયાંય થોભી શકાતું નથી, ઋષિરાજ!'

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો ભલે, બીજા એક શતવર્ષનું મારે કામ છે, એટલે ત્યાર પછી આવજો!'

'પણ આ તો મારું મર્યાદા ઉલ્લંઘન થાય છે!'

'જીવનને કોઈ મર્યાદા કોઈએ આપી નથી મૃત્યુદેવ! આત્માને આનંદ આવે ત્યાં સુધી એ આ દેહમાં કામ કરશે. તમારા આવવા ન આવવા સાથે એને થોડી નિસ્બત છે? પણ હવે તમે સિધાવો. મારો સ્નાનસંધ્યાનો સમય થયો છે!'

મૃત્યુંજયી વાણીના તેજ સમી ઋષિ ભરદ્વાજની પાદુકા વનની પગદંડીએ પડઘા પાડતી આગળ વધી રહી! અને મૃત્યુદેવ બીજા એક શતવર્ષની રાહ જોવા માટે પોતાને એકલ પંથે ચાલી નીકળ્યા.

સ્થૂળ, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ સૃષ્ટિનાં બધાં પ્રાણીતત્ત્વો એ અજેયત્વને પીછાનતાં હોય તેમ, એક અખંડ આનંદોર્મિમાં નૃત્યગાન કરી રહ્યાં હતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨]

વીરતાનો જાણનારો !

'વીરતાને જાણી ! વીરતાને જાણી ! ખરેખર વીર ! બાદશાહ સલામત પોતે ખરેખર વીર !'

આગ્રાના રાજમહાલયના દ્વાર પાસે એક દિવસ બે મહાન ગજરાજો ઊભા થઈ ગયા હતા. હતા પથ્થરના, પણ શિલ્પીએ એવા અદ્ભુત બનાવ્યા હતા, કે જોનારા ભ્રમમાં પડે ને એમને જોયા જ કરે !

શહેનશાહ અકબર ચિતોડગઢ જીતવા ગયા હતા અને ચિતોડગઢ જીતીને આવ્યા હતા. પણ ત્યાં એક નવી નવાઈની વાત બની ગઈ હતી. બે જુવાન વીરોએ બાદશાહ અકબર-શાહને પોતાને જીતી લીધા હતા ! બાદશાહે દુર્ગ જીત્યો, પણ દુર્ગપતિએ બાદશાહને જીત્યા !

એ બે વીર જુવાન દુર્ગપતિ તે જયમલ રાવત, અને સીસોદિયા ફત્તા જગાવત. એ બે જણાએ ચિતોડગઢને કાંગરે કાંગરે જે વીરતા બતાવી, તે જોઈને બાદશાહને મનની મનમાં રહી ગઈ, કે આ બે જુવાનોને જો પોતે પોતાના કર્યા હોત !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બન્નેએ ત્યાં રણક્ષેત્રમાં દેહ છોડયા! ચારણી છંદમાંથી એમના વીરત્વના પડઘા ઊઠતા ત્યારે ઘડીભર લાગતું કે એ બે વીર જુવાનો જાણે ખુલ્લી તરવારે મુગલદળનો સામનો કરવા માટે આવી રહ્યા છે! હજારોની સેનામાંથી બાદશાહને હૈયે આ બે વીર જુવાન બેસી ગયા!

બન્ને સ્વર્ગે સિધાવ્યા, પણ જતાં જતાં એવી રણભેરી જગવતા ગયા, કે બાદશાહની આંખમાંથી એમની છબી એક પળ પણ આઘે ખસે નહિ! ચિતોડ સંભારે અને બાદશાહને એ બે જણા સાંભરી આવે! નજરે આવે! જાણે સમશેર લઈને આવી રહ્યા છે!

બાદશાહે આગ્રાના રાજમહાલયના દ્વાર પાસે બે ગજરાજ ઊભા કર્યા. અને જ્યારે એમના ઉપર આ બે વીરની રુદ્રરમ્ય પ્રતિમાઓ આવી, અને મા ચંડિકાને પોતાને મોહ થાય એવી એમની બે સમશેરો ત્યાં પ્રગટી, ત્યારે આખી આગ્રા નગરી એકી અવાજે બોલી ઊઠી: "વીર ખરો, ખરેખર વીર, વીરતાને બાદશાહે જાણી!"

પણ બાદશાહે જેમ ચિતોડગઢ લીધો હતો તેમજ રણથંભોરનો વજ્જર કિલ્લો પણ એ જ વખતે ક્યાં લીધો ન હતો? અને ત્યાં પણ દુર્ગપતિ રાવ સુર્જન હાડાએ જેવું તેવું યુદ્ધ આપ્યું ન હતું. "ખસે આડા પણ ન હટે હાડા." એ લોકોક્તિનું સ્વરૂપ, સુર્જન હાડાએ ખડું કરી દીધું હતું! બાદશાહને પણ બે ઘડી થઈ ગયું હતું કે ચિતોડદુર્ગનો આ પણ મોટો ભાઈ! હાડા સુરતાણની મર્દાનગી ને બહારવટું જાણીતાં હતાં. પણ સુરતાણનો આ પુત્ર, બાપથી સવાયો નીકળ્યો હતો! રણથંભોરે અજબ રંગ બતાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહે ચિતોડના આ બે વીર દુર્ગપતિ છોકરડાનાં પૂતળાં મૂકયાં હતાં, ત્યારે પેલો જુવાન અડીખમ રાવ સુર્જન હાડો, રણથંભોરનો દુર્ગપતિ, એ પણ ત્યાં કેમ નહિ?

એ મર્યો ન હતો, પણ ત્યારે એ કેવી રીતે નમ્યો હતો? આમ્બેરપતિ કછવાહ ભગવન્તદાસને એણે ચોખ્ખું કહ્યું હતું કે 'આંબેરપતિ! હાડાને ખાવા માટે હાડકાં પણ નથી, એટલે આ કિલ્લો હાથ આવે છે! પણ શહેનશાહને કહેજો કે હાડાનો હાથ કેવળ ચિત્તોડપતિને નમશે. અને ચિત્તોડ ઉપરની કોઈ ચડાઈમાં સાથ નહિ આપે. એ શરતે આ રણથંભોર સોંપાશે!'

અને શહેનશાહ રણથંભોર જીત્યા. રાજા ભગવન્તદાસને મનમાં થાય કે આ હાડાની પ્રતિમા કાં નહિ? આ બે સામાન્ય છોકરડાની ને આમની નહિ? રાવ સુર્જન તો હજી જીવતા છે. કોઈક વખત શહેનશાત આડે દેહ દઈ દેશે!

શહેનશાહને કાને ઊડતી ઊડતી આ વાત આવી. પણ શુદ્ધ વીરત્વની શહેનશાહની સમજણ એ શહેનશાહની જ સમજણ હતી. એમને આ વાતમાં કાંઈ યોગ્યતા જણાઈ નહિ. છતાં વિરોધને શાંત પાડવા માટે એણે કહ્યું: 'એની પણ મુકાશે, કેમ નહિ? પણ ધીરા પડો! આ બે વીરના મોં ઉપર તો માતાનું દૂધ તાજું ફરકતું મેં જોયું હતું અને સુર્જનરાવ તો ચૌદ ચૌદ વર્ષ થયાં, ખુદ રણથંભોર જેવા રણથંભોરના દુર્ગપતિ હતા! એમની વચ્ચે મેળ કેમ સાધવો એ જ જોવાનું રહે છે! આ બે વીરોની પડખે, વીરદૃષ્ટિએ, રાવ સુર્જનને બેસાડવા, એ કાંઈ જેવો તેવો કોયડો નથી! બેસાડવા તો ખરા પણ બેસાડવા બેસાડવાની રીત છે! બન્ને શોભે ને બન્નેને એમનાં યોગ્યમાન મળ્યાં હોય તો બેસાડવું સાચું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પછી શહેનશાહે રાવ સુર્જનની પ્રતિમાને પણ ત્યાં મૂકાવી ! પણ એ જોઈને આખી આગ્રા નગરી આશ્ચર્યમાં થંભી ગઈ ! હસનારાઓનાં પાંસળાં દુખ્યાં ત્યાં સુધી એ હસ્યા ! મુગટધારીઓનાં મો ઉપર કાળી શાહી ઢળી પડી ! એમને થયું; 'અરે ! આ બદલો ? પેલાએ દુર્ગ સોંપી દીધો હતો, લડી લડીને વગર લડયે, અને આંહીં શહેનશાહે તો એની ભારે રેવડી કરી નાખી ! આ બદલો ?'

પણ જે વિદ્વાનો હતા, કલાકોવિદો હતા, વીરશાસ્ત્રના સાચા જાણકાર હતા, એ તો અકબરશાહના આ વિવેક ઉપર વાતો કરતાં ધરાતા જ નહિ ! "ખરેખરો બહાદર નર આ ! બહાદુરીની રેખાએ રેખા સમજનારી અગાધ શક્તિ તો આંહીં જ છે ! હરકોઈ કહી શકે કે ખરી રીતે આ બે વીરની પડખે આ દુર્ગપતિ આવા જ લાગે !'

એવામાં રાવ સુર્જન આગ્રા આવ્યા ! પણ જેવા આવ્યા તેવા જ એ ભાગ્યા ! બે વીર ગજારુઢ ચિતોડવીરોની પડખે બાદશાહે એની એક નાનકડી કૂતરા જેવડી, જાણે કૂતરા ઉપર જ ચડી બેઠી હોય એવી, એક લઘુ પ્રતિમા ત્યાં ઊભી કરાવી હતી ! રણથંભોરના દુર્ગપતિની આ પ્રતિમા !

અને આ જોઈને રાવ સુર્જનની શરમરેખાનો કોઈ અંત ન હતો !

આખી આગ્રા નગરી જાણે, પોતાની દુર્ગપતિની આ પ્રતિમાને પળે પળે હસી રહી હતી !

ક્યાં પેલા બે, ભાગ્યે જ ચૌદ પંદર વર્ષના, ચિત્તોડના રણરંગી રુદ્રશિશુ જેવા, ભાગ્યે જ બે દિવસના દુર્ગપતિ અને ક્યાં પોતે રણથંભોર જેવા, સૈકાઓની સુકીર્તિ ધરાવતા, અણનમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાતા દુર્ગના દુર્ગપતિ ? ચૌદ ચૌદ વરસ થયાં તો પોતે ત્યાં દુર્ગપતિ હતા ! અને છતાં પોતે વીરમૃત્યુ વિના એ દુર્ગને છોડ્યો, બાદશાહે તો આંહીં, જાણે એ આખી વાત દુનિયાને બતાવી, ને કહી દીધું હતું કે વીરોની ભૂમિમાં આ આવા મહાન હતા ! ગજની પડખે ઊભેલા શ્વાન જેવા !

અને રાવ સુર્જન વગરકહ્યે આ વાત સમજી ગયા. પોતે દુર્ગ છોડ્યો ન હતો, રજપૂતી છોડી હતી !

બાદશાહ અકબરના દિલમાં પણ સૌથી વધુ પ્રેમ આ રજપૂતી માટે હતો ! પોતાનો વિજય પણ એને એટલો પ્રિય ન હતો, જેટલી પ્રિય, પેલી અણનમ રજપૂતી હતી !

રાજા સુર્જન આગ્રા છોડીને ભાગ્યા તો ભાગ્યા પણ એમણે સીધો ગંગા મૈયા કાશીનો પંથ લીધો !

જીવતાં જે રણથંભોર જેવો અણનમ રણધ્વજી દુર્ગ છોડે, એને માટે હવે ગંગાનાં પાણીમાં શાંતિ હતી, બીજે ક્યાંય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

વિશાખા માતા !

કોસલ રાજા પ્રસેનજીતનો પ્રધાન મૃગધર આજે એક મહા ભાવ–આંદોલન અનુભવી રહ્યો હતો.

જ્યારે જ્યારે કોઈ કૂટપ્રશ્ન રાજસભામાં આવતો, અને એનું કોઇ નિરાકરણ કોઇને પણ જ્યારે સૂઝતું ન હતું, ત્યારે ત્યારે, પ્રધાન પોતાની ડાહી કુલવધૂ વિશાખા પાસેથી એનો ચાતુરીભર્યો જવાબ હમેશાં મેળવતો હતો. અને વિદેશી પ્રશ્ન કરનારા પરાજિત થઈ ને પાછા જતા. આવા તો ઘણા પ્રસંગો બન્યા હતા.

એટલે આ વિશાખા શ્રાવસ્તી નગરીની પ્રતિષ્ઠા બની ગઈ હતી. આસપાસ બધે સૌ જાણતા હતા કે કોસલરાજની રાજ-ધાનીમાં જ્યાં સુધી મૃગધર પ્રધાન છે અને વિશાખા એની કુલવધૂ ત્યાં છે, ત્યાં સુધી કોઈ પંડિત, કોઈ કારીગર, કોઈ પ્રશ્ન પૂછનારો, કોઈ ચતુર ગુપ્તચર, ત્યાં ફાવે તેમ નથી !

શ્રાવસ્તી નગરીની આ પ્રતિષ્ઠાએ દેશવિદેશમાં રાજા પ્રસેનજીતની પણ પ્રતિષ્ઠા સ્થાપી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એના મંત્રી મૃગધરને પણ ખ્યાતિ અપાવી હતી.

ભગવાન તથાગતનું નિવાસસ્થાન હમણાં કૌશાંબી નગરીમાં હતું. મૃગધરના હૃદયમાં હમણાં હમણાંમાં એક ભાવ આવ્યો હતો. જેણે મને, અને રાજને, અને નગરને, અને દેશને, આવું બહુમાન અપાવ્યું તે કુલલક્ષ્મીનું બહુમાન શી રીતે કરવું?

એનું બહુમાન ન કરવું એ તો હાથે કરીને સંસ્કાર-લક્ષ્મીનો નગરમાંથી ઉચ્છેદ કરવા સમાન હતું. એનું બહુમાન થાય તો એથી બીજા પણ અનેકોને સંસ્કાર પ્રત્યે બહુમાન થાય.

ભગવાન તથાગતનો મુકામ હતો, ત્યાં એ ગયો. જઈને ભગવાનને અભિવાદન કર્યું. પછી એ બોલ્યો: 'હે ભદંત! માણસ પોતાની કુલવધૂને જનનીનું પદ આપી શકે ખરો? એને 'માતા' કહીને બોલાવી શકે ખરો? 'વહુમા' એમ સંબોધન આપી શકે ખરો? એમાં વિવેકભંગ તો નથી નાં?'

ભગવાન તથાગતે મૃગધરની સામે જોયું. પછી એમણે શાંતિથી જવાબ વાળ્યો: 'જો પાંચ ગુણ કોઈ કુલવધૂમાં હોય તો એને માતાને સ્થાને મૂકવામાં વાંધો હોઈ ન શકે!'

'કયા કયા પાંચ ગુણ હોય? હે ભદંત!'

'પહેલો મહાન ગુણ શુશ્રૂષા — માંદાની માવજત — એ સ્ત્રીગુણનો મેરુ ગુણ છે. બીજો મહાન ગુણ શીલ. ત્રીજો ગુણ પ્રાણીરક્ષા — ઘરનાં પાળેલાં જાનવર પ્રત્યે પ્રીતિ. ચોથો ગુણ, ઘરસમૃદ્ધિનું રક્ષણ. અને પાંચમો મહાન ગુણ, દરેક વસ્તુની સામાન્ય સાદી સમજણ. આ પાંચ ગુણ જ્યાં છે તે માતાપદને લાયક છે મૃગધર!'

પછી મૃગધર અભિવાદન કરીને ગયો. તેણે કોસલરાજ પ્રસેનજીતને કહ્યું: 'હે મહારાજ! મને એક વસ્તુ સૂઝી છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મારે કરવી છે. મહારાજની આજ્ઞા હોય તો એ વાત કહું.'

'શી વાત છે મૃગધર?' રાજાએ કહ્યું.

'હું મારી કુલવધૂ વિશાખાને 'માતા!' એ સંબોધનથી સંબોધવા ઇચ્છું છું. એણે મને દરેક રીતે માતાની જેમ રાખ્યો છે. વિશાખાને અપાતું આ બહુમાન આપણી નગરીને સંસ્કાર પ્રત્યે દોરી જશે, એ લાભ જેવો તેવો નથી. તો મને તમે રજા આપો. હું વિશાખાને વિશાખા માતા કહીશ.'

રાજાએ તે સાંભળીને કહ્યું: 'પણ અમને તો લાગે છે કે અમારે પણ એને બહુમાન આપવું જોઈએ. આપણી નગરીને એણે જેવી તેવી પ્રતિષ્ઠા અપાવી નથી. હું દાદીમાને પૂછીને એને રાજભગિનીનું મહાપદ આપવા માગું છું!'

પછી રાજાએ પોતાની દાદીને એ વિષે પૂછ્યું. અને એ સૌને પણ નારીસન્માનની આ વાત ગળે ઊતરી ગઈ.

વિશાખાને મહા ઉત્તુંગ રાજ ગજરાજ ઉપર બેસારીને, અને ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાભૂષણ અને પુષ્પમાળાઓ પહેરાવીને, નગરી આખીમાં ગાજતેવાજતે ફેરવવામાં આવી. મૃદંગ, શરણાઈ, ઢોલ, ભેરી વગાડીને ઘોષ કરાવવામાં આવ્યો કે આજથી વિશાખા એ મહામંત્રીશ્વર મૃગધરની માતાને સ્થાને છે. અને મહારાજ પ્રસેનજીતે એને રાજભગિનીનું મહા માન આપ્યું છે!'

શ્રાવસ્તી નગરી આ ઘોષણા સાંભળીને આનંદી ઊઠી!

એક મહાન નારીનું આ પ્રમાણે જાહેર સન્માન કરવા માટે, આબાલવૃદ્ધ સૌનાં અંતરમાં આનંદ આનંદ થઈ આવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪]

સાદામાં સાદી રીત!

ચીનના એક વિદ્વાનની એક વિચિત્ર વર્તણુક જોઈને પહેલાં સૌને નવાઈ લાગી હતી. અને પછી ખુલાસો થયે વળી વધુ નવાઈ લાગી હતી!

કેંગ–સાંગ ચુની વાત છે. એનું અંતર અંતરજ્ઞાનથી પ્રફુલ્લિત હતું. એને મન કોઇ પરિસ્થિતિ કેવળ નકામી રહી ન હતી. દરેકમાં કાંઈક તત્ત્વ હતું. અને દરેક કુચામાં પુષ્પનો પરિમલ હતો!

એટલે એની પાસે જ્ઞાનપિપાસાથી આવનારાઓમાં, જે એને હોંશિયાર લાગતા, તેને એ પાછા મોકલી દેતો. અને જે દાનેશ્વરી જણાતા, તેમને પણ પાસે ઠેરવા ન દેતાં, રવાના કરી દેતો.

પોતાની પાસે તો જે નકામા જેવા જણાતા હોય તેમને રાખતો. અણઘડ એની સેવામાં રહેતા. અને કોઈને ખબર ન રહી, પણ કેવળ આટલી સાદી વ્યવસ્થાથી, એણે પ્રજાને ઘણો ફાયદો કરી દીધો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ કે જે અજ્ઞાન અને અણઘડ હતા તે એની પાસે રહ્યા. અને જે કાંઈક હોંશિયાર કે થોડા પણ દાનેશ્વરી હતા, તેમને તો એણે પોતાની પાસેથી આઘા જ રાખ્યા. કોઈએ આ વર્તણૂક વિષે એને કહ્યું, ત્યારે એણે જવાબ વાળ્યો, કે આપણો દેશ વિશાળ છે. અજ્ઞાન ઘણું છે. વસ્તી મોટી છે. થોડી પણ સમજણ હોય તેને હું મારી પાસે રાખી ન શકું. મારે તો બધે પ્રકાશ ફેલાઇ જતો જોવો છે.

અને ખરેખર થોડો થોડો બધે ફેલાતો પ્રકાશ જાણે એક મહાન પ્રકાશને નોતરી રહ્યો હતો !

આ વાત જ્યારે જાણીતી થઈ, ત્યારે સૌ નવાઈ પામી ગયા ! જ્ઞાનને ફેલાવવાની કેટલી સાદી અને છતાં કેવી સાચી રીત !

એક થોડા સમજુને પાસે ને પાસે રાખીને, એને વધુ સમજુ બનાવવામાં વખત કાઢવો, તેના કરતાં એની જે થોડી ઘણી સમજણ છે, તેને ફેલાઈ જવા માટે બહાર જવા દેવી, અને તદ્દન અણઘડોની સંગતિમાં પોતાની જાતને રાખીને પોતાની નિત્ય કસોટી કરતી જ રહેવી !

આ એક સાધુની જ્ઞાન ફેલાવવાની અજબ જેવી રીત હતી !

જ્યારે કોઈએ એની આ વાતની પ્રશંસા કરી, ત્યારે તેણે દક્ષિણ દિશામાં મોં ફેરવીને કહ્યું: ' વસંત ઋતુ જેમ દરેક છોડને નવજીવન આપી રહેલ છે, અને પછી શિયાળાની ઠંડી એ નવજીવનને વધુ પોષણ આપે છે, અને છતાં એ માટે કોઈ મોટી ધમાલ કુદરતમાં દેખાતી નથી, તો માણસ, જે જ્ઞાનનું બાળક છે, તેને જ્ઞાન, કેવળ કુદરતી સાદી રીતે આપવાને બદલે, તેને ફેલાવવાની કૃત્રિમ ધમાલ, એ જ અજ્ઞાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફેલાવનાર નહિ નીવડતું હોય? તમને નવાઈ લાગે છે એ જ શું નવાઈભરેલું અજ્ઞાન નથી?

મને તો મોટામાં મોટો ભય હવે આ છે! આ સાદી રીતને 'અદ્‌ભુત' કહીને ક્યાંક એની પૂજા શરૂ થશે ને તો પછી એ રીત પોતે ખોવાઈ જશે! કારણ કે જે વસ્તુને માણસો ભૂલી જવા માગતા હોય છે તેમને એ પૂજે છે બહુ! પૂજા કરવાથી વસ્તુ રહી ગઈ છે, એવો યાંત્રિક સંતોષ વસ્તુને તો ગુમાવી જ દે છે!

મને તો બીક હવે એની છે કે ક્યાંક આ અકૃત્રિમ સાદી રીતની પૂજા શરૂ ન થાય! એમ થશે તો એ વસ્તુ પોતે સમય સાગરના પ્રવાહમાં વિલુપ્ત થશે! ને એનો પડછાયો રહી જશે! એટલે આ પરંપરા જાળવનારા પ્રાણને શોધતા રહો, તો એ રહે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૫]

સહજ થાય તો !

એક રાજાએ એક તત્ત્વજ્ઞાનીને પોતાના મહેલમાં આમંત્રણ આપ્યું. ઘણા માનપાનથી રાજાએ એની આગતા સ્વાગતા કરી. રાજાને એમ હતું કે પોતે જે જે સારા સારા સિદ્ધાંતો રાખ્યા છે, તેની વાત આને મોંએ કરવાથી, પોતાને સંતોષ થશે, અને વળી ભવિષ્યમાં એ પંથે જવાનું વધુ ઉત્તેજન પણ મળશે. જેમ દરેકને પોતાના ગૌરવ વિષે કાંઈક કહેવામાં આનંદ મળે છે તેમ ઉંડે ઉંડે એના દિલમાં પણ એ વાત બેઠી હતી. એ રાહ જોતો હતો કે આ તત્ત્વજ્ઞાની કોઈ પ્રશ્ન કરે તો હું એને મારી વાત કહી શકું.

એટલામાં એનું એવું મન જાણીને તત્ત્વજ્ઞાનીએ પ્રશ્ન કર્યો: 'તમે રાજ ચલાવવામાં કોઈ અમુક સિદ્ધાંત સ્વીકાર્યા છે કે નહિ, મહારાજ!'

રાજાએ જવાબ વાળ્યો: 'તદ્દન સાદા એવા પાંચ જ સિદ્ધાંત મેં સ્વીકાર્યા છે!'

'કયા કયા?' વિદ્વાને પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૬૪૯૫ ૨૯૦૧૬
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એક તો અરક્ષિતને રક્ષણ આપવું ને એમાં અભિમાન ન લેવું; એમ કે, મેં બચાવી લીધો! બીજો સિદ્ધાંત, ગરીબની ઉપેક્ષા ન કરવી. ત્રીજો, જેને દુઃખ પડે તેને જાતે મળવું. ચોથો, નિરાધારની મદદે તરત દોડવું, રહી રહીને નહિ! અને પાંચમો, અનાથ નારી પ્રત્યે સહાનુભૂતિ રાખવી. આ પાંચ સિદ્ધાંતો મેં સ્વીકાર્યા છે. અને યથાશક્તિ પાળ્યા પણ છે. તમને આ સિદ્ધાંતો કેવા લાગ્યા?'

'મહાન ખરા,' વિદ્વાને કહ્યું: 'પણ એથી વધુ મહાન સિદ્ધાંતો મેં જોયા છે!'

'ઉદાહરણ તરીકે?'

'સિદ્ધાંતો તો આ જ, નવા નહિ, પણ એ સિદ્ધાંતો વડે પોતે તંત્ર ચલાવે છે, એની જરા જેટલી જાણ, મનમાં પણ ક્યાંય નહિ! એ બધાનો મુગટમણિ સિદ્ધાંત છે!'

'એ તો નવી નવાઈની વાત કહેવાય! જરા જેટલી પણ જાણ નહિ એમ? પણ તો પ્રયત્ન કરવાની ભૂમિકા જ નાશ ન પામે? તમે કહી તે તો નવી નવાઈની વાત કહેવાય!'

'એમાં કાંઈ નવી નવાઈની વાત નથી. તમે શ્વાસ લો છો એ જેમ કોઈ દિવસ તમે જાણતા જ નથી કે એની પૃચ્છા પણ મનમાં આવતી નથી, કારણ કે એ સહજ છે, એવી જ સહજ વાત આ થઈ જાય, ત્યારે આની પણ નવાઈ ન રહે! મુગટમણિ તો આ છે!'

पुस्तकालय
गुरुकुल कांगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૬]

કુદરતને તમે અનુકૂળ બનો !

એકવખત કોન્ફ્યુશ્યસ ફરવા નીકળ્યો. એક ઠેકાણે એણે એક મહાન ઉત્તુંગ ખડકધારામાંથી આવતો જલધોધ જોયો. જલધોધ એટલે ઊંચેથી પડતો હતો, અને એવી રમણીય રીતે પડતો હતો કે એ ધોધ જોવામાં એ પોતે તલ્લીન થઈ ગયો.

પરંતુ એટલામાં એની નજર નદીને કાંઠે કાંઠે થઈને જલધોધ તરફ જતા એક વૃદ્ધ ઉપર પડી !

જલધોધનો નીચે પડેલો પ્રવાહ પણ ઘણો વેગીલો હતો. કાંઠા ઉપરથી અંદર જવા માટે એ તરફ માણસ શા માટે જાય, એ વગર કહ્યે સમજાય તેવું હતું ! જેને જલસમાધિ લેવી હોય તે માણસ જ આવું આપઘાતી પગલું ભરે !

પણ જાણે કાંઈ ન હોય તેમ પ્રવાહ તરફ ચાલ્યા જતા **એ વૃદ્ધને** નિહાળીને કોન્ફ્યુશ્યસને પહેલાં તો એમ થયું કે પોતે આ કોઈ અકુદરતી દૃશ્ય જોઈ રહ્યો છે !

પછી એણે પોતે પેલા માણસની પાછળ પાછળ જવા માંડ્યું. અત્યંત વેગીલા પ્રવાહમાં એ માણસ પ્રવેશ કરે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં, કોન્ફ્યુશ્યસે એને મોટેથી બોલાવીને, આગળ જતો અટકાવી દીધો. માણસે કોન્ફ્યુશ્યસની સામે જોયું, અને પછી એને કહ્યું: 'કેમ શું છે? મને કેમ બોલાવ્યો?'

કોન્ફ્યુશ્યસને નવાઈ લાગી. આ કોઈ અકુદરતી દૃશ્ય ન હતું, કે અસાધારણ બળ ધરાવતો કોઈ જંગલવાસી પણ ત્યાં ન હતો. સામાન્ય માણસ જેવો એ પણ માણસ હતો. કોન્ફ્યુશ્યસે કહ્યું : 'મેં તમને એટલા માટે રોકયા કે આ બળવાન જલપ્રવાહ તરફ તમારાં પગલાં વળી રહ્યાં હતાં!'

'પણ એમાં રોકવાનું શું હતું?' પેલા માણસે કહ્યું: 'હજી મારાં પગલાં તો એ તરફ જ વળવાનાં છે!'

'એટલે જલપ્રવાહ વચ્ચેથી તમે જવા માગો છો એમ?'

'હા. કેમ? જવામાં કાંઈ વાંધો છે?'

'વગર પોતે મરવા જેવું એ તો એક સાહસ જ લાગે છે!'

પેલા માણસે જવાબ વાળ્યો : 'પણ હું જલને અનુકૂળ થયો છું. જલને મારે માટે અનુકૂળ થવું પડયું નથી. એટલે હું એમાંથી જઈ શકું છું!'

'આવા સખત પ્રવાહમાંથી?'

'હા. કારણ કે હું ધીમે ધીમે પરિસ્થિતિને અનુકૂળ થવા મથ્યો છું. એટલે પછી એ વસ્તુ મારે માટે પ્રથમ સ્વાભાવિક બની, અને હવે તો કુદરતી બની ગઈ. જળને જળમાં જવા માટે જળની રજા લેવી પડે છે કે એનો ભય સેવવો પડે છે ખરો? મેં મારી જાતને જલમૈત્રી કરવા માટે તૈયાર કરી છે. જલને, મારી મૈત્રી કરવા માટે, આવવું પડે એવું કર્યું નથી. એટલે કુદરત મને પોતાનો માનીને પોતાનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહરવા દે છે! જેમ પ્રકાશને જંગલમાં પ્રવેશ કરવા માટે જંગલની રજા લેવા થોભવું પડતું નથી, તેમ મારે આ જલપ્રવાહને પસાર કરવા હવે રજા લેવાની જરૂર ઊભી થતી નથી!' અને એટલું બોલીને પેલો વૃદ્ધ તો સડેડાટ, બળવાન જણાતા જલપ્રવાહને પોતાની જાત સોંપીને, ધીમે ધીમે ધીમે એમાંથી રસ્તો કાઢવા આગળ વધ્યો!

કૉન્ફ્યુશ્યસ એને જતો જોઈ જ રહ્યો!

પરિસ્થિતિ ઉપર શોકની સરિતાઓ વહેવરાવનારાઓ હજારોને માટે, એણે ખરેખર, પોતાની એક અનોખી જ કાર્યપદ્ધતિ કૉન્ફ્યુશ્યસને બતાવી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૭]

સુખની ક્ષણ

એક વખત રાજા માન્ધાતાએ દેવતાઓના સ્વામીને પૂછ્યું : 'મારા મહાલયમાં સાત દિવસ સુધી રત્નોનો વરસાદ વરસ્યો છે. મારી સમૃદ્ધિનો કોઈ પાર નથી. અખિલ જંબુદ્વીપ મારા રક્ષણમાં છે. મારે ત્યાં બળવાન સેના છે. સુખી પ્રજા છે. સશક્ત અને સમૃદ્ધ નગરીઓ છે. છતાં મને હજી ક્યાંય સુખ દેખાતું નથી. તો આ મારા પૃથ્વીના રાજ કરતાં વધારે સમૃદ્ધ એવો કોઈ મુલક તમારા ધ્યાનમાં છે? તો હું ત્યાં જાઉં ને ત્યાં રહું!'

દેવતાઓના સ્વામી દિવૌકસે મનમાં ને મનમાં રાજાના અજ્ઞાન ઉપર હસતાં હસતાં કહ્યું : 'વધારે સમૃદ્ધ દેશ કેમ નથી? છે ને!'

'ક્યાં છે?'

'આંહીંથી ચારસો કોશ દૂર પૂર્વવિદેહ દ્વીપ છે. ત્યાં નિત્યવસંત રહે છે. નિત્ય આનંદ વસે છે. ત્યાંની સરિતાઓ અમૃત લાવે છે. ત્યાં પૃથ્વી માંથી ... છે. ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવામાં ગાનતાન ને મીઠી સૂરાવલિ ચાલ્યા કરે છે. ત્યાં દિવસે સ્વર્ગની શોભા થઈ રહે છે. ત્યાંની ચાંદનીમાં નરી સુગંધ વહે છે!'

રાજા માન્ધાતા તો સોનાના રથમાં બેસીને બળવાન સૈન્ય લઈ ત્યાં ગયો ને ત્યાં રાજા થઈ પડ્યો.

એમ ને એમ ઘણો વખત ગયો. પણ પછી વળી એને કંટાળો આવવા મંડ્યો. એણે ફરીને દેવતાઓના સ્વામીને પૂછ્યું: 'આના કરતાં વધારે સુંદર સમૃદ્ધ કોઈ પ્રદેશ છે?'

દેવતાઓના સ્વામી દિવૌકસે હસીને કહ્યું: 'હોવે, કેમ નહિ? આંહીંથી સો કોશ દૂર અપરપ્રાંત છે. ત્યાંની સમૃદ્ધિ પાસે આ પૂર્વવિદેહ દ્વીપ કંગાલ જેવો જણાય છે! આંહીં તો નિત્ય-વસંત છે, પણ ત્યાં તો બધી ઋતુઓ એકસાથે આવી છે. આંહીં અમૃતની સરિતા વહે છે, પણ ત્યાં તો જ્યાં ઈચ્છો ત્યાં અમૃતસ્રોત પ્રગટે છે! આંહીં ચાંદનીમાં સુગંધ રેલાય છે, પણ ત્યાં તો સૂર્યનો સુગંધી પ્રકાશ, રાત્રે ચાંદનીમાં પલટાઈ જાય છે!'

રાજા માન્ધાતા વળી તૈયાર થયો. પૂર્વવિદેહ દ્વીપને છોડી દીધો. તમામ રથ, સેના, ગજ, સૂત, સુંદરીઓ, સમૃદ્ધિ લઈને ચાલી નીકળ્યો. અપરપ્રાંતમાં જઈને એણે જોયું તો એની કલ્પના કામ ન કરે તેવી ત્યાં રચના જોઈ!'

પણ વર્ષો જતાં રાજાને વળી આ પ્રદેશનાં એક જ ઘરેડનાં જીવનસુખ સાલવા માંડ્યાં. તેણે વળી દિવૌકસને પૂછ્યું.

દિવૌકસે કહ્યુ: 'હજી એક પ્રદેશ એવો છે, જ્યાં કેવળ કલ્પતરુઓ ઊગે છે.'

રાજા માન્ધાતાએ કહ્યુ: 'એ શું છે?'

દિવૌકસે જવાબ વાળ્યો: 'એ એવું સૌંદર્ય વૃક્ષ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેની નીચે બેસીને તમે જે કલ્પના કરો, તે કલ્પના તરત ફળે!'

'આ હા! આ હા!' રાજા માન્ધાતાએ નાના શિશુની માફક ખુશી થતાં કહ્યું: 'તો તો હવે હું ત્યાંથી ખસીશ જ નહિ!' પછી રાજા માન્ધાતાએ, દિવૌકસે કહ્યું તે દિશામાં પોતાનો સમગ્ર વાહનવ્યવહાર લઈને પ્રયાણ કર્યું. ત્યાં એ પહોંચ્યો ત્યારે તો ખરેખર એને લાગ્યું કે સ્વર્ગ આંહીં જ છે!

ત્યાં તો જે વસ્તુ જોઈએ તે કેવળ ઈચ્છવી જ રહી અને તરત એની ફલપ્રાપ્તિ! થોડા દિવસ તો એક એક પળમાં એ એક એક હજાર જુદી જુદી વસ્તુઓ ઈચ્છવા લાગ્યો! ગુલાબનાં ફૂલનો વરસાદ પડતો હોય, ત્યાં કહેશે કમળવન પ્રગટો! અને એક જ ક્ષણમાં તો ત્યાં કમળની કુંજો ઊભી થઈ જાય!

કમળવનની શોભા પ્રગટે ન પ્રગટે ત્યાં રાજાનું મન ફરે અને કહેશે: પારિજાતની પુષ્પકુંજ પ્રગટો!

અને એક જ ક્ષણમાં ત્યાં પારિજાતની સુગંધી હવા રેલાઈ જાય!

રાજા તો આખો દિવસ નવી નવી વસ્તુઓની ઈચ્છા કરે અને એનો આનંદ ભોગવ્યા કરે!

રાજા માન્ધાતાને થયું કે બસ હવે આ પરિસ્થિતિ અનંતકાલ સુધી ચાલ્યા કરે તો એ સુખસાગરની અવધિ દેખી લેશે!

પણ થોડાં વર્ષો ગયાં ને વળી આ એક જ ઘરેડની જીવનપ્રણાલિકાએ એને થાક આપ્યો. એણે વળી દિવૌકસને યાદ કર્યો. દિવૌકસ આવ્યા. તેણે કહ્યું: 'કેમ રાજા! હવે શું છે? કેમ મને યાદ કર્યો?'

રાજાએ કહ્યું: 'આના કરતાં વધારે સમૃદ્ધ એવો કોઈ લોક હવે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવૌકસે માથું ધુણાવ્યું. 'મહારાજ! તમામ લોકોનો આંહીં આ કલ્પનાતીત કલ્પવન દેશ પાસે અંત આવે છે!'

પણ એ સાંભળીને તો માન્ધાતાની આંખમાં આંસુ આવી ગયાં! તે બોલી ઊઠયો 'અરે! અરે! આથી વધુ સમૃદ્ધ એવો કોઈ પ્રદેશ નથી? તો તો આવા આ પ્રદેશમાં હું શી રીતે જીવી શકીશ? આંહી તો મનને પણ શ્રમનો આનંદ મળતો નથી! એ પણ કેવળ ઇચ્છે છે ને વસ્તુ આવે છે! મન પણ કેટલુંક નવું ઇચ્છે? અરે! અરે! આંહી તો સુખની એક લહરી સરખી પણ નથી, અને તમે તો આને સુખસાગર કહો છો!' અને રાજા સુખની પરિસીમા જેવા પ્રદેશમાં સુખને માટે રડવા બેઠો!

એ સાંભળીને દિવૌકસે કહ્યું: 'મહારાજ! જ્યાં સુધી તમારું મન ઇચ્છયા કરશે, ત્યાં સુધી તમને આખો સુખસાગર જોવા મળશે, તો પણ તેમાંથી તમને સુખ સિવાય જ બીજું બધું દેખાશે! સુખ નહિ દેખાય! મન ઇચ્છતું બંધ થાય, ત્યારે જ જ્ઞાનીઓ કહે છે કે સુખની એકાદ ક્ષણ પ્રગટે છે! તે વિના નહિ! જે કાંઈ છે તે હે મહારાજ! તમારી પાસે છે. બીજેથી કાંઈ આવવાનું નથી. સુખ પ્રદેશનો અંત ત્યારે આવે છે, જ્યારે મનમાં રહેલી ઇચ્છાઓનો અંત આવે છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૮]

ફેંકી દીધેલા કાગળો !

એક વખત મેં મારા ફેંકી દીધેલા કાગળોને ફરીને તપાસ્યા, તો એમાંથી મને અનેક અવનવી વાતો મળી આવી. આજે જે ચિંતાઓની વાત વાંચીને મને હસવું આવે છે, એવી અનેક ચિંતાઓ એમાં નોંધાયેલી પડી હતી! અને નોંધાયેલી તો ઠીક, પણ જાણે એ ઘેરી ચિંતાઓમાંથી કોઈ માર્ગ જ ન હોય તેમ, એમાં નોંધેલી આકુળતા વ્યાકુળતાનો પણ પાર નથી!

ફેંકી દીધેલા એ કાગળોમાં મારી નિરાશાઓના ગંજ ખડકાયા હતા. પરીક્ષામાં નાપાસ થવાની નિરાશા. સારી નોકરી ન મળી તેની નિરાશા. સારી જગ્યા હાથતાળી દઈ ગઈ તેની નિરાશા. કોન્ટ્રાક્ટરે ઘર કરતાં છેતર્યો તેની નિરાશા. કોઈએ દગો આપ્યો તેની નિરાશા. કોઈએ પ્રશંસા ન કરી, તેની નિરાશા. કોઈએ નિંદા કરી, તેની નિરાશા. પણ આવી એક હજાર ને એક નિરાશાઓની નોંધ છતાં, આજે હું જોઉં છું કે, એમાંની એક પણ નિરાશા, જીવનના આગળ વધતા સાચા પ્રવાહને ખાળી શકવા શક્તિમાન નીવડી નથી. આજે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવાઈની વાત આ લાગે છે કે, આવી ભૂખડી નિરાશા માટે આટલી બધી આંસુભરી બાલિશ નોંધ મેં શું કરવા કરી હશે ?

અને એ જ નોંધોમાં મારા સંકલ્પોના કેવા કેવા ભંગાર ભેગા થયા છે! દુનિયાનાં અતિ રમ્ય સ્થાનો જોવાની અદૃશ્ય ઇચ્છાનો ભંગાર તેમાં પડ્યો છે! એમાં જ મહા નાટકકાર બનીને દુનિયાને ડોલાવી નાખવાની શક્તિ મેળવવા માટે, દર પ્રભાતે અરધો કલાક શાંતિથી ધ્યાનમાં બેસવાની સૂચનાઓ મોટા અક્ષરે લખેલી પડી છે! અને છતાં નવાઈની વાત આ બની છે કે અરધી કલાક તો શું, અરધી મિનિટ પણ, શાંતિથી એકચિત્ત બેસવાની કેળવણી મારા અંદરના મનને છેલ્લા ચાલીસ વર્ષના પ્રયાસે પણ આપી શકાઈ નથી!

એમ તો આ ફેંકી દીધેલા કાગળો જીવનના દસ્તાવેજની જેમ અનેક વાતો કહી જાય છે. અનેક નિરાશાઓ, ચિંતાઓ, દિલગીરીઓ, વ્યગ્રતાઓ કેવળ ખોટી રીતે જ મને સતાવી ગઇ હતી, અને થોડીક જ મનની સ્વસ્થતાથી, એ બધીને હણી શકાય તેમ હતી, એ વાતની ખબર એમાંથી પડે છે.

એમાંથી જ જણાય છે કે ધારી સિદ્ધિ મેળવવાના સંકલ્પો માત્ર, બસ નથી. એમાંથી ખબર પડે છે કે, જીવનની સિદ્ધિ અસિદ્ધિ સાથે, ખરી રીતે જીવનની તાલીમ જો મેળમાં આવતી રહે, તો સિદ્ધિ કે અસિદ્ધિ, બન્ને સરખાં ઉપયોગી છે.

એક કોઈ મિત્રે મહા ભયંકર વિશ્વાસઘાત કર્યાની નોંધ એમાં છે. એ વિશ્વાસઘાતે જે ઊર્મિમય વાણી લખાવી, એ વાણી એ વખતે બહુ સમયોચિત અને સુંદર લાગી હશે. આજે એ નિરર્થક તો જણાય છે, પણ એમાં લખેલા સબળ ઉદ્‌ગારો છતાં, એ નમાલી પણ લાગે છે! હા, એ વિશ્વાસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાતે આગળ વધવાનું જે બળ પ્રેર્યું, એ મહા મૂલ્યવાન હતું ખરું.

એમ તો આ ફેંકી દીધેલા કાગળો જોઈને મને એક નવી નવાઈની વાત સૂઝી. આમાંથી કાંઈ જ ફેંકી દેવા જેવું નથી, અને આમાંથી કાંઈ જ રાખવા જેવું પણ નથી. જાણે કે આ ફેંકી દીધેલા કાગળો, આપણે સાચવેલા ને પીળા પડી ગયેલા આપણા જૂના ફોટાઓની જેમ, આપણને આપણાપણું ક્યાં રહ્યું હતું ને શી રીતે એ ગુમાવવાનું થતું હતું, એની એક અમૂલ્ય નકશાપોથી આપી જાય છે!

આ ફેંકી દીધેલા કાગળોને ફરીને તપાસ્યા તો આટલી બધી નવી વાતો મને સૂઝી આવી. એ દૃષ્ટિએ જોતાં આપણી વીતી ગયેલી પળોનો, આપણે આપણી સંસ્મરણોની દુનિયામાં કોઈ કોઇ વખત મેળો ભરીને બેસીએ, તો એ મેળો આનંદ અને ઉત્સાહ તો આપે જ, પણ સાથે સાથે અનેક સુંદર વાતો પણ પ્રગટ કરે!

આપણને માણસને ફરી ફરીને બધું યાદ કરવાની જે શક્તિ મળી છે તે શું આટલા માટે ન હોય? એટલે ઘણી વખત હું મારા મિત્રોને કહું છું કે ભાઈઓ, તમારી પાસે તો ખજાનામાં જ રત્નો પડ્યાં છે, અને તમે બીજા ઉપર કાં આધાર રાખો? એ રત્નમાંથી એકાદું વટાવી કાઢો ને! તમારી મુશ્કેલીઓનો અંત લાવી દેશે, અને એમાંથી રસ્તો પણ બતાવશે, નહિતર નવીન પ્રકાશ આપી જશે!

આ જાણ્યા પછી ફેંકી દીધેલા કાગળોને હું સાત વખત ફરી ફરીને વીણવા જાઉં છું. વખત છે ને એમાં કાંઈક ચાલ્યું જતું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૯]

નામ રૂપ જૂજવાં!

નામ બન્નેનાં એક હતાં, એ સાંભળીને મને પ્રથમ તો આનંદ થયો. જનાર પણ ગલાજી હતા, આવનાર પણ ગલાજી. અને વળી એક બીજી નવી નવાઈની વાત હતી. બન્નેને ત્યાં વહુઓ પણ ગુલાબવહુઓ જ હતી.

એક નાની સરખી ભાગ્યે જ આઠ દસની ઓરડી, એની મોઢા આગળ, હાથેથી તૈયાર કરી લીધેલી અને ગુણિયાપાટ ને વાંસડાથી રક્ષિત બનાવેલી, એક નાનકડી ઓશરી. ઓશરીની આસપાસ થોડા ફૂલછોડ અને ઓરડીની પાછળ કાંટાની વાડથી બનાવેલો એક નાનો વાડો. રેલ્વે ક્રોસીંગને માટે વગડામાં ઊભેલી સાંધાવાળાની આ ઓરડી મને કેટલીક વખત, એક સુંદર આરામગાહની યાદ આપી જતી. એમાં પણ વહેલી પ્રભાતે ત્યાં જઈ ચડીએ, તો ઓશરીમાં રચેલા માટીના એક ચૂલા ઉપર, ચાની તપેલી મૂકાઈ ગઈ હોય, અને ગલાજી તથા ગુલાબવહુ ત્યાં રકેબી પ્યાલા મૂકીને, ચા તયાર થવાની રાહ જોતાં ધીમી શાંત વિશ્રમ્ભ કથાઓ ચલાવતાં હોય! ત્યારે તો લાગે કે આ આટલો ખૂણો, દુનિયામાં છતાં, દુનિયાથી ઠીક અલિપ્ત રહીને, બે પ્રેમભીની વ્યક્તિઓની સંસાર-કવિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણે કે આલેખી રહેલ છે!

જે ગલાજી ગયા અને જે ગુલાબ વહુ ગયાં, તે બન્નેને એવી રીતે ત્યાં બેસીને શાંતિથી ચા પીતાં, મેં અનેક વખત જોયાં હતાં. એવી એમની એ શાંતિ, એમના જીવનની દ્યોતક હતી. ગુલાબ વહુ ત્યાં ઉત્સાહથી ફરતી હોય અને ફળીને વાળી ચોળીને સાફ રાખતી હોય, વાડામાં થોડા વેલા છોડવા હતા તેને પાણી પાતી હોય, પોતાની બકરીને પ્રેમથી બોલાવતી હોય, એક કૂતરું હેળવ્યું હતું તેને માયાથી રોટલાનું બટકું આપતી હોય, અને એક નાની સરખી ઢોલણી જેવી ખાટલીમાં બેસીને, બપોર પછી, ભરત ભરતી હોય!

જ્યારે જુઓ ત્યારે એ કામમાં હોય, અને એના કામમાં ઉત્સાહ હોય. થોડો વખત ગાળવાનો હોય છતાં, જે ઉત્સાહભર્યા શ્રમથી, ખાખી બાવાઓ કોઈ વૃક્ષની નીચે સ્વચ્છ મુકામ કરી દે છે, એવી, આ ગુલાબ વહુની જીવનરીતિ હતી. એને પણ આ સાંધેથી ક્યારે બીજે મોકલશે એ અનિશ્ચિત હતું. મોકલશે એટલું નિશ્ચિત હતું. છતાં જેટલો વખત પોતાને આંહીં મળ્યો તેટલો વખત, જાણે આ નાનકડી ઓરડીને ને આસપાસની જમીનને શણગારી કાઢવા માટે જ મળ્યો હોય તેમ, ગુલાબવહુ જે થોડો વખત ત્યાં રહી, એમાં એણે જમીનને હસતી બનાવી દીધી હતી! ત્યાંથી નીકળનારને લાગે કે આ ધરતી હમણાં હસી પડશે!

પણ ત્યાર પછી આ ગલાજીની બદલી થઈ. એટલે એનાં આ ગુલાબવહુ પણ ગયાં. બીજી જગ્યાએ બીજી ઓરડીને એ જ પ્રમાણે શણગારવા માટે ગયાં. આ બીજા આવ્યા એ પણ નામે ગલાજી હતા, અને એમનાં વહુ પણ ગુલાબ વહુ જ હતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ બન્ને ત્યાં આવ્યાં પછી મેં નવી નવાઈની વાત દીઠી!

સવારમાં સાડા આઠ સુધી ત્યાં ખાટલામાં નીચે ગોદડું લટકતું પડયું હોય! વાડામાં પૂરાયલી બકરીઓ બેં બેં કરતી દોવા માટે અધીરી થતી હોય, અને ગુલાબવહુ તો હજી બહાર જ નીકળ્યાં ન હોય! બહાર નીકળીને નિરર્થક આંટા મારતા ગલાજી, રેલ્વેવાળાઓને પાંચ દીએ ને પંદર દીએ ફેરબદલી કરવા માટે ગાળો દેતા હોય! અને એમાં પેલું કૂતરું આવી ચડે તો, 'રાંડનું આ અપશુકનિયાળ અ'તારમાં મંડાણું!' કરીને એને મારવા માટે ડંડિકો શોધતા હોય!

મને ઘણી વખત નવાઈ લાગતી કે આ ગલાજીને પણ, પેલા જે ગલાજી ગયા, એમના જેટલી જ સગવડતા મળી હતી. અને પેલા માથે લટકતી તેમ આને માથે પણ, ફેરબદલીની તલવાર લટકતી હતી. છતાં બન્નેની જીવનરીતિમાં એટલો બધો ફેર હતો. કે પેલી ગુલાબવહુએ ધરતીને હસતી બનાવી મૂકી હતી, જ્યારે આ ગુલાબવહુએ એ જ ધરતીને રડતી કરી દીધી હતી!

એક જ નામરૂપની આ જૂજવી માયા જોઈને ઘણી વખત મને થતું કે આ બન્નેને પેલી લીટી સંભળાવું,

'અંતે તો હેમનું હેમ હોયે!'

પણ કોણ જાણે કેમ એ સંભળાવવાનું બન્યું જ નહિ, એકાદ મહિનામાં તો આ ગલાજી ને ગુલાબવહુ પણ ફરી ગયાં ને ધરતીએ ત્રીજી જ માયા નિહાળવા માંડી!

પણ ત્યારથી મને ઘણી વખત વિચાર આવ્યા કરે છે કે, ધરતી ને માણસ બન્નેની વચ્ચે જો સાચી પ્રીતિ જાગે તો તો એક નાનકડા કકડામાં સામ્રાજ્ય આવીને વસે, ને પ્રીતિ ન જ જાગે તો તો સામ્રાજ્યના ટુકડાઓમાં પણ ધૂળ જ રહે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૦]

કેટલાક પ્રસંગો

સમુદ્રને મેઘબિંદુએ કહ્યું : 'આપણા બેમાં મોટું કોણ ?'

સમુદ્રે હસીને જવાબ વાળ્યો : 'આખી દુનિયા જે જાણે છે તે શું તું જાણતું નથી ? નવી નવાઈની વાત ! દુનિયા આખી જાણે છે કે સમુદ્ર તે સમુદ્ર, ને જલબિંદુ તે જલબિંદુ ! તેં મને આ પ્રશ્ન કર્યો એ જોઈને જ મને તો હસવું આવ્યું. આપણા બેમાં મોટું કોણ ? આ સવાલ ઊભો જ ક્યાં થાય છે ? ક્યાં તું ને ક્યાં હું !'

મેઘબિન્દુએ જવાબ વાળ્યો : 'આપણી પાસે જેટલું જ્ઞાન હોય એના કરતાં વધારે જ્ઞાન દુનિયા પાસે હોવાનું આપણે માની શકતા નથી, એનો જ આ બધો પ્રતાપ છે ! બાકી દુનિયા તો સમજે છે કે, સમુદ્ર તે સમુદ્ર ખરો, પણ મેઘબિંદુ તે મેઘબિંદુ ! એની તોલે કોઈ ન આવે. આ વિષે મેં એક પ્રાચીન કથા સાંભળી છે તે તમને કહું ?'

સમુદ્રે ગર્વથી કહ્યું : 'હા કહે ને ! ગમે તેટલી પ્રાચીન કથા હશે તો પણ મારાથી પ્રાચીન તો હોવાની નથી. ભલે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ધ્યાનમાં નથી!'

મેઘબિંદુએ ઉત્તર વાળ્યો. 'પ્રાચીન સમયમાં એક વખત એક રેતકણને અને મહાન ગિરિરાજને તકરાર થઈ પડી. રેત-કણ કહે, હું મોટું. ગિરિરાજ કહે, હું મોટો. બન્નેની તકરાર વધી પડી. છેવટે એ બન્ને સર્વસૃષ્ટિના સર્જક પાસે એનો ખુલાસો લેવા ગયા. સર્જકસૃષ્ટાએ કહ્યું : 'તમારા બેમાંથી કોઈ મોટું નથી. કોઇ નાનું નથી. જાઓ, તકરાર છોડો!'

ગિરિરાજે ધુંઆપુંઆ થતાં કહ્યું. 'અરે, શી વાત છે સર્જકજી? હું છેક આકાશે માથું રાખું છું, અને પૃથ્વી ઉપર પગ રાખું છું, છતાં, આ રેતકણની સાથે મારી ગણના? એને તો પવનની એક નાની લેરખી ઉપાડીને ગમે ત્યાં ફેંકી દઈ શકે તેમ છે.'

સૃષ્ટાએ જવાબ વાળ્યો : 'પણ ભાઈ! તું ભૂલી જાય છે કે એ છે, તો તું છે. તું છે, તો એ છે, એમ નથી. તું પોતે રેતકણ વિના ક્યાં હોત?'

'કેમ ક્યાં હોત?' ગિરિરાજે ગર્વથી કહ્યું.

સૃષ્ટાએ શૂન્યતા તરફ દૃષ્ટિ કરીને કહ્યું : 'જો ત્યાં, જ્યાં કાંઈ નથી . . . ત્યાં.'

આ પ્રાચીન વાત મેં સાંભળી છે, અને તે તમારે સાંભળવા જેવી છે.

મેઘબિન્દુના શબ્દનો ધ્વનિ પકડાતાં ગર્જન કરતો સમુદ્ર શાંત બની ગયો.

આ જોઈને એક નાનકડી ક્ષણે, મહા સમુદ્ર જેમ વહેતા **કાલઉદધિને** કહ્યું : 'આપણી લીલા પણ આવી જ છે નાં? પણ હું તો મારી એક નાનકડી નૌકા લઈને તમારામાં વિહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા નીકળી પડું છું ને મને યાદ પણ રહેતું નથી કે આપણે એ જૂદાં છીએ!'

કાલ મહોદધિએ કહ્યું: 'પણ જેમને જૂદાઈની યાદી નથી, તેમને વળી માપવાનું માપ જ ક્યાં છે?'

[૨]

એક ગામમાં એક ન્યાયાધીશ હતો. આખા ગામે ભેગા થઈને એને ન્યાય કરવા માટે નીમ્યો હતો. પણ એ ન્યાયાધીશ નીમાયો, પછી નીમનારાં માણસોને તદ્દન ભૂલી ગયો. એના મનમાં એમ થયું કે મને નીમતી વખતે સૌ એક થઈ શક્યાં હતાં, કારણ કે સૌને પોતપોતાનાં દુઃખમાંથી મુક્તિ મેળવવા માટે બીજા ઉપર આધાર રાખવાનું જરૂરી જણાયું હતું.

પણ હવે મને કાઢી મૂકવા માટે સૌ એક થઈ શકવાનાં નથી. કારણ કે દરેકને પોતાનું દુઃખ છે. અને એ દુઃખને લીધે એને બીજાનું દુઃખ નાનું લાગે છે. એટલું જ નહિ, બીજાને લીધે જ પોતાનું દુઃખ છે, એમ પણ એ માને છે. એટલે એક જણો જે કહેશે તે બીજો કબૂલ નહિ કરે.

અને ખરેખર તેમ જ બન્યું. પછી તો એ ન્યાયાધીશ ઈશ્વરથી પણ ન ડરે, ને માણસથી પણ ન ડરે, એવું થઈ ગયું.

એક વખત એક માણસને કાંઈક અન્યાય થયો હશે, એટલે એ એની પાસે ગયો. જઈને એને કહ્યું: 'ભલા ન્યાયાધીશ! મને મારા એક પાડોશીએ આ પ્રમાણે અન્યાય આપ્યો છે, તો તું ઈશ્વરની ખાતર મને ન્યાય આપ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ન્યાયાધીશે કહ્યું: 'તું નિરર્થક વાતો કરે છે, જા! ઈશ્વરની ખાતર કોઈ કોઈને ન્યાય આપી શકતું નથી!'

પેલો માણસ તો દિલગીર થઈને પોતાને ઘેર ગયો. તેણે પોતાના એક ડાહ્યા મિત્રને આ વાત કરી. મિત્રે વિચાર કરીને જવાબ વાળ્યો: 'તું એમ કર ભાઈ! જઈને ન્યાયાધીશને ફરીને વિનતી કર!'

'પણ ફરીને એનો એ જ જવાબ વાળશે.'

'પણ તું આ વખતે કહેજે કે માણસોએ તારામાં વિશ્વાસ મૂક્યો છે, માટે તું માણસોની ખાતર ન્યાય આપ!'

અને તેણે બીજે દિવસે જઈને ન્યાયાધીશને એ પ્રમાણે કહ્યું. પણ ન્યાયાધીશે તો એ જ ઉત્તર વાળ્યો: 'તું નિરર્થક વાતો કરે છે. જા! માણસની ખાતર કોઈ માણસ ન્યાય જોખવા બેસતું નથી.'

પેલા માણસે પોતાના મિત્રને જઈને વાત કરી કે એ તો માણસની ખાતર કોઈ માણસ ન્યાય આપે એમ માનતો નથી.

મિત્રે કહ્યું: 'ત્યારે તો એ કેવળ જડતાની ખાતર ન્યાય આપવાનો. તું એને ત્યાં જઈને એને હમેશાં કંટાળો આપવા માંડ. જેણે ઈશ્વરની ખાતર ન્યાય આપ્યો નથી, જેણે માણસની ખાતર પણ ન્યાય આપવાની તૈયારી બતાવી નથી, એ હવે તારાથી કંટાળીને તને ન્યાય આપવાનો છે! જેને ધર્મની પડી નથી, ઈશ્વરની પડી નથી, એવાઓને પણ પોતાની તો પડી હોય છે! પોતાનો કંટાળો અટકાવવા માટે એ તને ન્યાય આપવા પ્રયત્ન કરશે, જા.'

અને પેલા માણસને ખરેખર નવાઈ લાગી. પોતે આપેલા કંટાળાથી કંટાળીને, એક દિવસ એ ન્યાય આપવા તૈયાર થયો ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩]

એક શિયાળ એક તળાવ ઉપર રહે. ત્યાં એક હાથી હમેશાં પાણી પીવા આવે. એ તો પાણીમાં ઊતરીને આઘે જઈને ઊંડામાં પાણી પીએ. પછી ત્યાં ઊગેલી કમળોની કુંજમાં એ રમત કરવા માંડે! અને પછી ધીમે ધીમે પાછો ચાલ્યો જાય.

શિયાળ હમેશાં આ જુએ. એના મનમાં એમ થાય કે આ હાથી પોતાની મોટાઈ બતાવવા માટે આ પ્રમાણે કરે છે, પણ એક વખત એની એ મોટાઈનો ફાંકો આપણે કાઢી નાખવો છે. પછી એક વખત જેવો હાથી પાણીમાં પ્રવેશ કરતો હતો, તેવો જ એ હાથી પાસે પહોંચી ગયો. જઈને એને કહ્યું: 'આ તળાવડામાં તો અમારાં શિયાળિયાં પણ પાણી પી જાય છે, ને કમળની કુંજોમાં તો બગલાં પણ ફરી આવે છે! એમાં તો કાંઈ નવી નવાઈની વાત નથી. પણ હું તમને એક સ્થળ એવું બતાવું, જ્યાં કોઈ પાણી પી શકતું નથી. ત્યાં જો તમે પાણી પી આવો તો હું તમને ખરા કહું!'

હાથીને એમ થયું કે પોતે જલના મહાસાગરને પણ જોયેલા છે, તો આ શિયાળિયો એવો કેવો મહાસાગર બતાવી નાખવાનો હતો કે, પોતે એમાં ઊતરીને પાણી નહિ પી શકે? એટલે એણે હસતાં હસતાં કહ્યું: 'ચાલ, તું મોઢા આગળ થા. હું તને આજે ખાત્રી કરાવી દઉં કે મેં આના કરતાં પણ મોટાં જળાશયો જોયાં છે!'

પછી શિયાળ આગળ ચાલ્યો, અને હાથી એની પાછળ પાછળ ચાલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલેક દૂર ગયા, પણ કોઈ મહાન જળાશય નજરે પડયું નહિ, એટલે હાથીએ પૂછયું: 'તમારું જળાશય બહુ દૂર છે કે શું?'

શિયાળે પડખેનો એક પાણીનો ખાડો બતાવીને કહ્યું: 'મારું જળાશય તો આ રહ્યું! પણ તમારી તાકાત નથી કે તમે એમાં પ્રવેશ કરી શકો!'

ખાડો જોઈ ને અને એમાં માંડ ગોઠણભર પાણી જોઈ ને હાથી ત્યાંથી પાછો ફરી ગયો.

પણ હાથી પાછો ફર્યો કે તરત શિયાળિયાએ બૂમાબૂમ કરી મૂકી કે હાથી મારું જલાશય ઊતરી ન શકયો! મારું જલાશય ઊતરી ન શકયો! અને એના અનેક જાતભાઈઓએ આ બૂમાબૂમ ઉપાડી લીધી!

એ જોઈ ને હાથીના ગુસ્સાનો પાર રહ્યો નહિ. એણે પોતાની સૂંઢનો સપાટો દેખાડવાનો નિર્ણય કર્યો. પણ એ જોઈ ને ત્યાં બેઠેલા એક ડાહ્યા પંખીએ એને કહ્યું: 'તમે શિયાળ સાથે ચાલ્યા ત્યારે જ તમારું ગૌરવ ગયું હતું, પણ હવે એની સાથે લડાઈ કરવા બેસશો ત્યારે તો હદ થઈ જશે!

'અને એ લડાઈમાં શિયાળને કાંઈ હારવાપણું નહિ હોય! માટે સારો રસ્તો એ છે કે હવે જે રસ્તે આવ્યા હતા, એ જ રસ્તે શાંતિથી પાછા ફરી જાઓ. શિયાળિયાં જાણશે કે કોઈ બોલતું નથી એટલે એ પોતાના બોલથી પોતે લજાશે! કારણ કે એને, એના બોલનો પડઘો ઊઠશે, એ લજાવશે! તમારો ગમે તેવો પ્રત્યુત્તર હશે એ તો એને ગૌરવ આપશે!'

હાથી એ સાંભળીને સમજી ગયો કે પોતે શિયાળની પાછળ પાછળ જવામાં જ ભૂલ કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૧]

કલાનો પ્રકાશ !

એક વખત એક રાજદરબારમાં સંગીતકારોની મહેફિલ જામી. એમની વચ્ચે અનેક રાગરાગણીની અને ગાનતાનની હરીફાઈ ચાલી. એમ કરતાં કરતાં વાત તંતુવાદ્યો ઉપર આવી ચડી. અવનવાં તંતુવાદ્યો નીકળવા મંડયાં. કોઈએ બાર પંદર તારનું તંતુવાદ્ય કાઢીને રમ્ય સૂરાવલિ ઊભી કરી, તો બીજાએ એવી જ રમ્ય સૂરાવલિ, પાંચ સાત તારના તંતુવાદ્યમાંથી ઊભી કરી. ત્રીજાએ એ જ અસર ત્રણ તારમાંથી આણી ! સ્પર્ધા આગળ વધતી ગઈ, તેમ તેમ અનેક વાદ્યકારો પોતપોતાની કલા બતાવવા માટે આગળ આવતા ગયા !

અંતે એક કલાકાર એવો આવ્યો કે જેણે કેવળ એક જ તાર ઉપર રમીને અનેક રમ્ય સૂરાવલિ ઊભી કરી ! આખી સભાને એણે દિંગ કરી દીધી !

તાર એક જ, પણ એનો પોતાના આંગળા ઉપર, અને તારના સ્થાન ઉપર, એવો અજબ કાબુ કે, એ એકમાંથી ધાર્યા રાગ ઊભા કરે ! એવું નહિ, જાણે કે એ તંતુવાદ્ય સાથે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જન્મ્યો હોય તેમ, એના સ્થાનના, એક નાનકડા અંગુલી જેટલા ભાગમાંથી તો એ અવનવા રસના સાગર છલકાવી દે! આનંદની હેલી વરસી રહી હોય, અને એ પોતાની અંગુલીને જરાક જ આઘેપાછે ફેરવીને, તંતુને સ્પર્શે અને એક જ પળમાં કરુણતાની પરિસીમા દેખાય! એની આ અજબ શક્તિ જોઈને ત્યાં સૌના મોંમાંથી 'વાહ! વાહ!' નીકળી ગયું.

એને શ્રેષ્ઠતમ તંતુવાદ્યવીર ગણીને મૂલ્યવાન પારિતોષિક આપવાની તૈયારી થવા માંડી, પણ ત્યાં તો બધાના આશ્ચર્ય વચ્ચે એ ખડખડાટ હસી પડ્યો!

એનું આવું વર્તન જોઈને ઘણાને નવાઈ લાગી. તો કેટલાકને માઠું લાગ્યું. જે વધારે બાળી ચામડીના હતા એમને તો આમાં રાજદરબારનું અપમાન જણાયું!

એક મંત્રીએ ઊભા થઈને કહ્યું પણ ખરું કે 'હે તંતુવાદ્યવીર! અમે તારી કલાની યથાશક્તિ કદર કરવાની તૈયારી કરી રહ્યા હતા, તેમાં આ તારું મશ્કરી જેવું અટ્ટહાસ્ય અસ્થાને જણાયું છે. અમે બહુ સમજદાર નહિ હોઈએ એ બરાબર છે, પણ યથાશક્તિ સમજણ બતાવી રહ્યા હતા એ તો તું પણ કબૂલ કરશે!'

તંતુવાદ્યવીરે હાથ જોડીને કહ્યું: 'મંત્રીરાજ! આ આખી સભામાંથી જો એક જ માણસે સાચી સમજણ બતાવી હોત તો હું મારી જાતને ધન્ય ગણત. કદર થવી ન થવી એ વસ્તુ તો ભાગ્યાધીન છે, પણ સમજદાર માણસની મૈત્રી મળી જવી, એ વસ્તુ અમારા જેવા માટે ઘણી વધારે મહત્ત્વની છે! મને દિલગીરી આ વસ્તુની થઈ આવી કે આંહીં જે ખરેખરા તંતુવાદ્યવીરો છે તેમને તમે [illegible] [illegible] અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું, જે કેવળ લાંબા સમયનો અભ્યાસ બતાવી રહ્યો છું, એને તમે મહત્ત્વ આપ્યું! મને માન મળે, એ મને ન ગમે એમ તો તમે પણ માનતા નહિ હો. પણ મેં એમ સાંભળ્યું છે કે સભામાં યોગ્યની ઉપેક્ષા થતી જે જોઈ રહે છે, એને દેવો પણ માનવ ગણવાની ના પાડે છે! તો કલાકાર ગણવાની તો વાત જ ક્યાં રહી?'

એનો આવો જવાબ સાંભળીને ઘડીભર તો સૌ લેવાઈ ગયા. પણ પછી એક જણાએ હિમ્મતથી તેને પૂછ્યું: 'હે તંતુવાદ્યવીર! તમારી સત્યપ્રિયતા અમને આશ્ચર્યમાં નાખી દે છે. પણ કેવળ એક જ તંતુ ઉપર તમે અનેક વસ્તુઓ બતાવી અને તેથી અમે તમને શ્રેષ્ઠ માન્યા એ અમારી માન્યતામાં ભૂલ હોવાની વાત તો હજી પણ અમારે ગળે ઊતરતી નથીં, એનું શું?'

તંતુવાદ્યવીરે અભિવાદન કરીને જવાબ વાળ્યો: 'પરિષદના હે જાણકાર જનો! મેં એક તંતુ ઉપર જે સૂરાવલિ ઊભી કરી, એમાં જોવાનું આ હતું કે એમાં મારો સતત **અભ્યાસ** કામ કરી રહ્યો હતો. પણ જે તંતુવાદ્યવીરે અનેક તંતુઓને સંવાદી બનાવીને, એમાંથી સૂરાવલિ ઊભી કરી, તેણે એ પરિણામ લાવવામાં, સતત **જાગ્રતિ** બતાવી હતી. એક પણ તંતુ બંડ કરી ન બેસે, માટે એણે દરેકે દરેક તંતુના વ્યક્તિત્વને પહેલાં પિછાનવાનું હતું, અને પછી એ વ્યક્તિત્વને ઝાંખુ પાડયા વિના, એક સંવાદી વસ્તુ ઊભી કરવાની હતી. એ સતત જાગ્રતિમાં જે કલા રહી છે, તે સતત અભ્યાસમાં રહી નથી. સતત અભ્યાસ તો શ્રમ કરવાની શક્તિ બતાવે છે; પણ સતત જાગ્રતિ તો સંયમ પાળવાની શક્તિ બતાવે છે. અં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો તમે ભવિષ્યમાં મારા જેવાને મહાન માનીને, ખરા મહાનને ઉપેક્ષિત કરી ન બેસો, માટે મેં તમને આટલો સ્ફોટ પાડ્યો છે. હવે તમે જેને યોગ્ય માનો તેને પારિતોષિક આપો . . .'

એટલું બોલીને તંતુવાદ્યવીરે સભાને અભિવાદન કરીને ચાલવા માટે પગ ઉપાડ્યો. પણ ત્યાં તો રાજા પોતે જ સિંહાસન ઉપરથી ઊઠીને તેની ડોકમાં મૌક્તિક માળા પધરાવવા આગળ વધ્યો ! તેણે તેની ડોકમાં મોતીની માળા નાખતાં કહ્યું: 'પોતાને મળતું બહુમાન ખરી રીતે બીજાનું છે માટે તેને મળવું જોઈએ, એમ જાણવામાં ને એ પ્રમાણે વર્તવામાં, તો તમામ કલાની અવધિ રહી છે. એટલે તમને આ બહુમાન અમે એટલા માટે આપીએ છીએ. કલા તો ઘણા પ્રગટ કરે છે, પણ પ્રકાશ કોઈક જ. માટે હે પ્રકાશના લાવનારા ! તમારે આ અમારા બહુમાનને એ રીતે જોવું રહ્યું !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૨]

રાજભવનની સ્વચ્છતા !

એક વખત ભગવાન તથાગત બિમ્બિસાર રાજાના રાજ-ભવનમાં આવવાના હતા.

રાજા બિમ્બિસારને એમ થયું કે મારા રાજભવનનો મુખ્ય ખંડ હું ભગવાનને પહેલો બતાવું કે જેથી એમની નજરે સર્વોત્તમ વસ્તુઓ સર્વોત્તમ રૂપે ગોઠવાયલી દૃષ્ટિએ પડે. એ વાતને મનમાં રાખીને એણે ભગવાનને બે હાથ જોડીને અભિવાદન કર્યું. અને એ પ્રમાણે રાજભવનમાં પ્રવેશ થાય એવી વિજ્ઞપ્તિ ભગવાન પાસે મૂકી.

ભગવાન તથાગતે મૌન રાખીને એ વાતને અનુમતિ આપી.

પછી ભગવાનનો એ પ્રમાણે રાજભવનમાં પ્રવેશ થયો. પોતાના શ્રેષ્ઠ ખંડની સર્વોત્તમ વસ્તુઓ ભગવાનને નજરે કરવાથી રાજાને આનંદ થયો. પણ એટલામાં ભગવાન તથાગતે કહ્યું: 'માણસની સ્વચ્છતાનો કે સૌન્દર્ય દૃષ્ટિનો ખ્યાલ લેવા માટે, એના મુખ્ય ખંડને જોવો એ ન જોવા બરાબર છે. હરકોઈ એને સ્વચ્છ રાખવા મથે છે. પણ માણસનો શયનખંડ, અને એથી પણ વધારે તો એનું રસોડું, અને એનું સ્નાનાગાર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જોવાથી જ માણસ, સ્વચ્છતા વિષે કેવો સાચો ખ્યાલ ધરાવે છે તે ખબર પડે. અને આટલી આ સાદી વાતને જીવનના બીજા વર્તનમાં પણ લાગુ પાડવી ઘટે!'

રાજાએ અભિવાદન કરતાં કહ્યું: 'ભદંત! જીવનના બીજા વર્તન વિષે આમાંથી શું મળે?'

ભગવાને કહ્યું: 'શયનખંડ, સ્નાનાગાર અને રસોડું એમની સ્વચ્છતા એમ દર્શાવે છે કે, માણસ વસ્તુનું સાચું રહસ્ય પામી ગયો છે અને એ રહસ્યને ખરેખર મૂલ્યવાન માને છે. પણ મુખ્ય ખંડ, એની સ્વચ્છતા, એમ બતાવે છે કે, માણસ, એને સ્વચ્છ રાખવાની જરૂરિયાત પ્રત્યે સભાન છે. એનો અર્થ એ કે વસ્તુનું રહસ્ય એ પામ્યો નથી. મંત્રીઓમાં જેમ તમારી સાથે હા એ હા કરનારા, અને તમારી વાતને સમજનારા એવા બે વર્ગ હમેશાં રહે છે, એના જેવું જ આ છે. જે તમારી વાત કબૂલી લે છે, તે એ વાતને, જીવનમાં પણ ઉપયોગી માને છે, એમ સમજવાનું નથી. એ વાતને કબૂલી લે છે, એની પ્રશંસા કરે છે, પણ એની અનિવાર્યતા એ ભાગ્યે જ જોઈ શકે છે.

"જ્યારે તમારી સાથે જે એકદૃષ્ટિ રાખે છે, તે તો તમારી વાતની અનિવાર્યતા જોઈને એને મૂલવે છે અને તેઓ એને પોતાના જીવનમાંથી પણ પ્રગટવા દે છે. હા એ હા ભણનારા, લીલાંછમ દેખાતા, પણ ફળ વિનાના જંગલ જેવા છે. જ્યારે તમારી દૃષ્ટિ સાથે એકદૃષ્ટિ થનારા, બહુ થોડા હોય, પણ એ ફળવાળા વૃક્ષો જેવા છે. તેમણે આકાશી વાદળીની જેમ જ્ઞાન ભરી લીધું છે. એટલે એનું વર્ષણ અનિવાર્ય છે. જે તમારી સાથે તત્કાલ 'હા' ભણવાની તૈયારી બતાવે છે, તેમના વિષે બહુ આશા રાખવાથી, નિરાશા મળવાનો સંભવ છે. જે વસ્તુનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહસ્ય પામ્યો છે, અને માત્ર 'હા' ભણવામાં રોકાયો નથી, તે પોતાની પરીક્ષા આ રીતે આપી દેશે કે, એ વાતને શરૂ કરશે. શરૂઆત બતાવે છે કે એણે રહસ્ય મેળવ્યું છે. પ્રદર્શન બતાવે છે કે એ તમારી સાથે વ્યવહાર પૂરતો સમાધાનીને પંથે વળ્યો છે, અને રહસ્ય મેળવવાથી તો એ એટલે ને એટલે જ દૂર રહ્યો છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૩]

મારું ઘર !

આજે મને અચાનક સાંભર્યું કે મારું ઘર એ મારું છે ખરું, પણ એમાં ખરી રીતે મારાપણું કોઈ ઠેકાણે નથી. મને કેટલાંક ઘર એની નીચી બાંધણી માટે ગમે છે, તો કેટલાંક એમની ઊંચી બાંધણી માટે ગમે છે. કેટલાંક પ્રકાશ અને પડછાયાને જાળવવાથી સુંદર દેખાય છે, તો કેટલાંક, બહારનાં દૃશ્યોને અંદર લાવવાની એમની સગવડતાને લીધે, સુંદર લાગતાં હોય છે.

પણ મારે કહેવાનું જૂદું જ છે. બહુ થોડાં ઘર આપણી માનસિક વૃત્તિના તાલ સાથે તાલ મેળવી શકે તેવાં બને છે. એટલે જ મેં કહ્યું કે મારું ઘર મને ઘણી વખત જુદા જ આદમી માટે બંધાયું હોય તેવું લાગે છે!

કેટલીક જૂની બાંધણીનાં ઘર હું જોઉં છું ત્યારે મને એક વસ્તુ બહુ આકર્ષક લાગે છે. એમાં માણસને બોલવું ન હોય તો આઠ દિવસ સુધી ન બોલે તો ચાલે, એવી કોઈ ને કોઈ જગ્યા એમાં હોય છે. પણ આધુનિક ઘર માણસને બોલવું ન હોય તો પણ બોલવું જ પડે એ ઢબ ઉપર રચાયલાં હોય છે. એટલે એ ઘરમાં અવાજ કરતાં વધુ જોર પડઘાનું હોય છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી આધુનિક ઘરને સંસ્મરણોની દુનિયા સાથે નૈસર્ગિક વેર લાગે છે. માણસ ઘરમાં બેઠો હોય, છતાં જાણે કોઈ વૃક્ષ નીચે બેઠો બેઠો પોતાની સંસ્મરણની દુનિયામાં લુપ્ત થવા ધારે તો એ લુપ્ત થઈ જાય, એવી કોઈ જ વ્યવસ્થા આધુનિક ઘરમાં નહિ મળે! મેં એમ સાંભળ્યું હતું કે ઘર એ માણસના ભૂત-કાળને વર્તમાન કાળ સાથે જોડનારી સાંકળ છે. એ વાત આધુ-નિક ઘર રચના માટે ગલત છે. આપણાં ઘર ભૂતકાળને સંઘર વાની શક્તિ ધરાવતાં નથી. વર્તમાનમાં એ જીવતાં નથી. અને ભવિષ્ય તો એમને માટે બહુ શંકા ભરેલું છે! બહુ જ થોડાં ઘર એવાં હોય છે જેમાં તમને પરંપરાની હવા ફરતી લાગે!

મને તો ઘણી વખત, જે ઠેકાણે હું વાંચવા બેસતો, એ કોઈકનું ઘર સાંભરી આવે છે અને હજી પણ જાણે એ બોલાવતું લાગે છે. ઘર માણસને બોલાવે, એ ઘરની જેવી તેવી સિદ્ધિ ન કહેવાય. અત્યારે તો બધા ઘર તરફ ઝટ ઝટ થાક્યા પાક્યા પાછા ફરે છે એ ખરું, પણ તેમાંનો કોઈ એમ બોલતો જણાતો નથી કે એનું ઘર એને બોલાવે છે!

કારણ કે એવાં બોલાવવાવાળાં ઘર આપણે કદાચ ગુમાવી રહ્યા છીએ. આપણે બંગલા બાંધવાના મોહમાં ઘણી વખત ઘરને તો ભૂલી જ ગયા છીએ. માણસને બોલાવે, ગમે ત્યાં એ ફરતો હોય ત્યાંથી એને બોલાવે, એવાં નવી ઢબનાં ઘર આપણે ક્યારે કરી શકીશું? આખી ધરતીનુ અમી ઘરમાં આવી ને વસે એવું આપણે ક્યારે કરી શકીશું?

નાજુક, નાનાં, આકર્ષક, સુવ્યવસ્થાવાળાં, પણ મનના તરંગ સાથે મેળ લઈ શકે તેવાં ઘર, જે માણસ આપણને રચી આપશે, એ માણસ આપણને [illegible] બોલાવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૪

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ તો ત્યારે જ શક્ય બનશે, જ્યારે માણસ ઘરને બંગલા રૂપે કે ઑફીસ રૂપે કે આલીશાન મહાલય રૂપે કે ભભકાભર્યા દેખાવ રૂપે જોવાને બદલે, જ્યારે ઘર રૂપે જોવાનું શરૂ કરશે !

અત્યારે તો આપણે ઘરનો વિચાર જન્માવવા માટે પણ પ્રયત્ન કરવો પડે તેમ છે.

ઘણાને આ વાત નવાઈ ભરી લાગશે કે ઘર વિષે વિચાર કરવાનો ?

પણ જેમ દેહ વિષે વિચાર કરવાનો હોય છે, તેટલો જ ઘર વિષે વિચાર કરવાનો હોય છે.

ઘર આપણને માણસ બનાવી શકે. હેવાન બનાવી શકે. કેવળ અવાજ કરનારું રાડિયું યંત્ર બનાવી શકે. કેવળ ખીખી હસનાર જંગલી પણ બનાવી શકે.

ઘરનો આ રીતે આપણે વિચાર કરવો જોઈએ.

આપણું ઘર બીજાના ઘરનો પડઘો પાડે કે બીજા ઘરનો પડછાયો પ્રગટાવે એમાં જ એ આપણાપણું ગુમાવી દે છે !

એમ તો ઘર વિષે ઘણું કહી શકાય. પણ દરેક ઘરમાં એક નાનકડો સ્વસ્થ બેસવાનો ખૂણો હોય તો પણ ઘણું !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૪]

સ્વતંત્રતા ક્યાં રહે છે?

લોકો સ્વતંત્રતાની વાતો કરે છે પણ એમને ખબર હોતી નથી કે સ્વતંત્રતા જીવનમાં ખરી રીતે ત્યારે ઊતરે છે, જ્યારે માણસ કોઈને પણ પરતંત્ર દેખી શકતો નથી! એ માણસે સ્વતંત્રતાને જાણી કહેવાય.

કોઈને પણ પરતંત્ર ન દેખવું એ વાત જેવી તેવી નથી. એક ઉદાહરણ લઈએ. એક માણસ આપણી પાસે આવ્યો. એના પોતાના અજ્ઞાનને લીધે એ માણસ છેતરાતો હોય એવું આપણને જોવામાં આવે, તો આપણે શું કરીશું? આપણે એનો લાભ ઉઠાવીશું. પણ જેણે સ્વતંત્રતાને ખરા અર્થમાં જાણી છે તે એને પ્રથમ જ્ઞાન આપશે. જ્ઞાનના પ્રકાશ વડે એ પોતાનો માર્ગ જોઈ શકે તેવું શક્ય બનાવશે. સ્વતંત્રતા સૌથી વધારે આ વાતથી ભડકે. સત્તાના શોખથી. પછી એ સત્તા, કંચનથી મળતી હોય, પરિસ્થિતિથી આવતી હોય, જ્ઞાનના અપ્રમાણને લીધે પ્રાપ્ત થતી હોય, કે કેવળ બળના ઉપયોગથી આવતી હોય. પણ સત્તાના શોખને અને સાચી સ્વતંત્રતાના ભાનને એ બન્નેને મેળ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જિબ્રાને આ સંબંધમાં એક સુંદર વાત લખી છે. એણે લખ્યું છે મેં સ્વતંત્રતાને કેવળ પડછાયાઓની ખીણમાં દીઠી છે!

મેં તો દુનિયામાં ઝુંપડીઓથી માંડીને મહેલો સુધી એકજ વસ્તુ દીઠી છે. ગુલામી! મેં એક જગ્યાએ મૂંગી ગુલામી દીઠી. એમાં પતિ પત્ની એક બીજાને ધિક્કારે છે, છતાં મૂંગાં મૂંગાં જીવન ખેંચ્યા જ કરે છે! એક ઠેકાણે મેં માણસોને આસપાસની પરિસ્થિતિના પોતે કેવળ પડઘા હોય તેમ વરતતા જોયા! જિબ્રાન લખે છે, હું આગળ ચાલ્યો, મારે સાચી સ્વતંત્રતા ક્યાં વસે છે તે જોવું હતું. પણ મેં તો એવા નિર્બળ મનના માનવીઓ દીઠા કે જેમને પોતાની ઈચ્છા જેવું કાંઈ જ ન હતું! એમને શું જોઈએ છીએ એ વાત પણ એમને બીજા કહે ત્યારે સમજાતી હતી!

વળી મેં એવું જોયું કે માણસના મનમાં કાંઈ હોય, એ મોંએથી કાંઈ બોલતો હોય, વર્તનમાં વળી ત્રીજી જ વાત ચાલતી હોય, દેખાવ ચોથી વાતનો કરતો હોય, જાહેરમાં પાંચમી વાત કહેતો હોય—અને છતાં નવાઈની વાત આ હતી, આ બધા પણ સુખની, સ્વતંત્રતાની, મુક્ત જીવનની વાતો કરી રહ્યા હતા! કેવળ વાતો!

રાજાનો છોકરો રાજા થાય, અને અને ભિખારીનો છોકરો ભિખારી જ રહે, એ જેવી ગુલામી હતી, તેવી જ ગુલામી મેં આ પરિસ્થિતિમાં જોઈ કે, બુદ્ધિ અને જ્ઞાન, એ પણ જાણે વંશપરંપરા મળતાં હોય તેમ, પેઢી દરપેઢી અભિમાનપૂર્વક સચવાતાં જોયાં! અને એ સચવાતાં હોય તો તો ઠીક, આ તો અશક્તોને કેવળ પૈસાના બળે, જાણે શક્તિવાનની છાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેળવી લેતા જોયા!

ગુલામીનાં આવાં અસંખ્ય રૂપોથી કંટાળીને એક દિવસ હું ડુંગરાઓની ખીણ તરફ ચાલ્યો ગયો!

એ ખીણનું નામ અજબ જેવું હતું. એ પડછાયાઓની ખીણ કહેવાતી. ત્યાં માણસોની વસ્તી ન હતી. પણ ત્યાં એક નવી નવાઈની વસ્તી હતી. જે જે માણસો સંસારમાં રહીને વ્યવહાર ચલાવી રહ્યા હતા, તે તમામના પડછાયાઓ આંહીં રહેતા હતા! આંહીં એમના પડછાયાઓ ભેગા થયા હતા!

અને આ પડછાયા સાચા હતા. જ્યારે પેલા માણસો ખોટા હતા. એટલે માણસ જાતની સાચી વાત મેળવવા હું પડછાયાઓની ખીણ તરફ ગયો.

ત્યાં ગહન સ્થળોમાં ફરતાં ફરતાં એક દિવસ મેં એક સ્ત્રીને જોઈ.

મેં તેને પૂછ્યું: 'તારું નામ શું છે?'

તેણે કહ્યું: 'મારું નામ સ્વતંત્રતા!'

'અરે!' હું તો નવાઈ પામીને તેની સામે જ જોઈ રહ્યો. સ્વતંત્રતામાં કેટલું તેજ હોય? અને આ તો જાણે કોઈ મુડદાની છાયા બોલતી હોય તેવું લાગતું હતું!

મેં કહ્યું: 'અરે! તારા નામનો તો માણસો ત્યાં જાપ જપે છે અને તું આંહીં કેમ રખડે છે? તું ત્યાં જા, ત્યાં જા, ત્યાં માણસો તને ફૂલોના ઢગલામાં ઢાંકી દેશે! તારી પૂજા કરશે! તને દેવ જેવું માનપાન આપશે!'

તેણે ફિક્કું હસીને કહ્યું: 'જ્યાં એક પાંચ વરસના શિશુને પણ સાચી સ્વતંત્રતા નથી, એને પણ જ્ઞાનદીપ આપવાને બદલે માણસો પોતાના 'વિધિ' 'નિષેધ' આપ્યા કરે છે, 'આ કર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને આ ન કર ' અને શા માટે એમ તો કોઈ સમજાવતું નથી, ત્યાં મારી કોઈ પૂજા કરે એ તું કહે તો પણ હું કેમ માનું ?'

મેં કહ્યું : ' અરે ! હું ત્યાં જોઈને આવું છું. ત્યાં તો લોકો ' સ્વતંત્રતા.' ' સ્વતંત્રતા !' એમ તાલીઓ પાડે છે.'

તેણે જવાબ વાળ્યો : ' તાલીઓ તો એ હજારો વર્ષથી પાડે છે, પણ મારા જે ખરા પૂજનારા હોય છે, તેના શું હાલ તેઓ કરે છે, એ તારે જોવું છે ? જોવું હોય તો પેલા ડુંગરા ઉપર જો ! મને ચાહનારા ત્યાં છે !'

મેં પાછળ ડુંગરા ઉપર દૃષ્ટિ કરી અને હું થંભી જ ગયો ! ત્યાં માત્ર ત્રણ જ માણસો હતાં, પણ તેમાંથી એક શૂળી ઉપર હતો, બીજો દિવાનો લાગતો હતો, ત્રીજો લટકતી તલવાર નીચે હતો !

મેં પાછું સ્વતંત્રતા તરફ જોયું તો એની આંખમાં આંસુ દીઠાં. તેણે ફિક્કા ધીમા નબળા અવાજે કહ્યું : ' તાળોટા પાડીને સ્વતંત્રતા વિષે, લોકો, બે પાંચ હજાર વરસથી વાતો કરતા આવ્યા છે, પણ એમને એ જોઈતી નથી. એનો ખપ નથી. જો કોઈ મારો સાચો પૂજારી નીકળે છે, તો એ કાં શૂળી ઉપર જાય છે, કાં દીવાનો થાય છે, કાં મરણની સન્મુખ જીવે છે. મારું ખરું સ્થાન આંહીં જ છે. આ ' પડછાયાઓમાં !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૪]

તેજબિન્દુ

કોન્ફ્યુશ્યસ પાસે પ્રશ્ન આવ્યો: 'પાંચ એવી કઈ વસ્તુઓ છે જેમના પાલન વડે માણસને સદ્ગુણી કહી શકાય?'

કોન્ફ્યુશ્યસે જવાબ વાળ્યો: 'ગંભીરતા—માણસ જે કાંઈ કરે કે બોલે તેના વિષે ગંભીરતાથી વિચાર કરે. અને શબ્દ બોલતાં પહેલાં તુલના કરે.'

'બીજી વસ્તુ: આત્માની ઉદારતા. ક્ષુલ્લક વસ્તુઓના મોહમાં એ પડે જ નહિ. ત્રીજી વસ્તુ: હેતુની સચ્ચાઈ. પોતે જે જે બોલે તે જ જેના દિલમાં પણ હોય. એ માણસ વહેલે મોડે સદ્ગુણની પ્રતિષ્ઠા સ્થાપે જ. ઉપાસના: પોતાના પ્રાપ્ત કર્તવ્યને જે ઉપાસનાની દૃષ્ટિએ જુએ છે, તે માણસ વિજય પ્રાપ્ત કરે કે ન કરે, પણ કટ્ટર નિરાશા તો પ્રાપ્ત નહિ જ કરે. અને સહાનુભૂતિ.

'જે સત્તાધીશ ગંભીર છે તે માન પ્રાપ્ત કરશે. સચ્ચાઈ લોકનો વિશ્વાસ મેળવશે. કર્તવ્યપાલન ઘણી જ પ્રગતિ કરી દેખાડશે, અને સહાનુભૂતિ ઘણાંનો પ્રેમ જીતશે. જે શાસનકર્તામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પાંચ ગુણ હશે, તે માત્ર લોકપ્રિય જ નહિ નીવડે. ખરા અર્થમાં એ લોકકલ્યાણ પણ સાધી શકશે.'

[૨]

કોઇએ એને શાસનકલા વિષે પૂછ્યું અને તેણે જવાબ વાળ્યો: 'શાસનમાં જો માણસો હશે તો શાસનનો વિજય થશે. પણ જો માણસો જ નહિ હોય, તો ગમે તેવું સુશાસન પણ કરમાઈ જશે ને ગેરવ્યવસ્થા પ્રવર્તશે. એટલા માટે સુશાસનનો ખરો વિજય જેટલો કાયદા કરવામાં રહ્યો છે, તેના કરતાં પણ વિશેષ યોગ્ય માણસો મેળવવામાં રહ્યો છે. આવા માણસો જન્મતા નથી કે મેળવાતા નથી. એ તો પ્રધાન પુરુષોના પોતાના ખરેખરા મહાન ગુણોમાંથી ઊભા થાય છે. શાસનકર્તાઓના શીલમાંથી જ એક હવા ઊભી થાય છે. આવી હવા સુશાસનને સ્થિર કરી શકે છે. ત્રણ સદ્‌ગુણો એવા છે જે વ્યાપક રીતે શાસિત પ્રજાને પ્રેમબંધનમાં મૂકે છે. એક તો શાસનકર્તાઓની વિદ્વત્તા. એટલે જે વસ્તુ એમને કરવાની છે એ વિષેનું સંપૂર્ણ જ્ઞાન. બીજો સદ્‌ગુણ, ભવ્યતા, એટલે કે ક્ષુલ્લક કે નાની વસ્તુઓને મહત્ત્વ આપે નહિ. અને ત્રીજો સદ્‌ગુણ: શક્તિ: એટલે શાસન, એ પહેલું લોકરક્ષણ માટે. વ્યવસ્થા માટે, સમાજને સુરક્ષિત રાખવા માટે છે, એવી ઊંડી શ્રદ્ધા.

જે વસ્તુ પોતાને લોકકલ્યાણ માટે વ્યવહારમાં મૂકવાની છે તે વસ્તુની તમામ આંટીઘૂંટી જાણનાર માણસ વિદ્વાન છે. જે આ વ્યવહારને વ્યવસ્થિત કરી મૂકે છે તે ભવ્ય છે. અને જેને ગેરવ્યવસ્થાની શરમ આવે છે, તે માણસ શક્તિશાળી છે.

ખરો શાસનઅધિકારી, સમજ્યા વિના કોઈ વસ્તુની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યવસ્થા કરવામાં પોતાની શક્તિ વેડફશે નહિ. પોતે જે વસ્તુમાં સ્પષ્ટ નથી એવી અસ્પષ્ટ વસ્તુઓને પ્રજામાં વહેતી મૂકશે નહિ. સચ્ચાઈનો અર્થ જ એ કે, એ પોતે પોતાની જાતને પહેલવહેલાં તોળ્યા પછી જ કાયદા કરશે. ને એમની વ્યવહારુ બાજુ જોતો રહેશે.'

[૩]

મેન્શ્યસ એક વખત સમ્રાટને મળવા ગયો. રાજાએ તેને પૂછ્યું: 'તમે એટલે બધે દૂરથી આવ્યા છો ત્યારે, અમારા રાજ માટે કંઈક ફાયદાકારક બે વાત કહેતા જાઓ.'

મેન્શ્યસે જવાબ વાળ્યો: 'તમારે અમારું રાજ એમ કહેવાને બદલે હમેશાં આપણું રાજ એમ કહેવાનો અભ્યાસ કેળવવો જોઈએ. વળી રાજને માટે કોઈ વસ્તુ નફા–નુકસાનની દૃષ્ટિએ તમે ગણતા રહેશો ત્યાંસુધી તમે એ નફા–નુકસાનમાં એટલા ગૂંચવાયલા રહેશો કે લોકના કલ્યાણ–અકલ્યાણનો તમારો ખ્યાલ સ્પષ્ટ નહિ હોય. માટે રાજને નફા–નુકસાનથી ન સંબોધો. પણ લોકકલ્યાણ–અકલ્યાણની વાત કરો.'

રાજાએ જવાબ વાળ્યો: 'મારી શક્તિ ઘણી મર્યાદિત છે એ હું જાણું છું. પણ મારી એ મર્યાદિત શક્તિને શું કરવાથી હું વધારે લોકોપયોગી બનાવી શકું એ મારે જાણવું છે.'

મેન્શ્યસે જવાબ વાળ્યો: 'માણસને તલવારથી મારી નાખો કે લાકડીથી મારી નાખો, એમાં તમે કાંઈ તફાવત જુઓ છો?'

રાજાએ કહ્યું: 'ના, એ તો બન્ને વાત સરખી છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેન્શ્યસે કહ્યુ: ‘ તો એ જ પ્રમાણે, માણસોને તલવારથી હણો કે કુશાસન ને ગેરવ્યવસ્થાથી હણો, એમાં કાંઈ પણ તફાવત નથી. તમારું પોતાનું શાસન–ખર્ચ વધતું રહે, તો કુદરતી રીતે જ એ ખર્ચ પૂરું પાડવા લોકોને ભૂખે મરવું જ પડે. આનો અર્થ સ્પષ્ટ જ છે. આનો અર્થ એટલો જ થાય કે માણસને હણવાની આ પણ એક રીત છે. એમાં તફાવત રીતનો છે. વસ્તુ એ ની એ છે. ’

રાજાએ અચાનક જ વચ્ચે પૂછ્યુ: ‘પણ દેશમાં વ્યવસ્થા શી રીતે સ્થાપી શકાય ? ’

મેન્શ્યસે જવાબ વાળ્યો: ‘ બધાને એક મનના કરવાથી. ’

‘ બધા એકમનના થાય, એ તો શી રીતે બને ? ’

‘ જેને માણસો પ્રત્યે પ્રેમ છે--એ માણસ, એ કરી શકે. ’

‘ પણ એ વસ્તુની પ્રાપ્તિ શી રીતે થાય ? ’

મેન્શ્યસે કહ્યું: ‘ લોક પ્રત્યેનો પ્રેમ, લોક સ્થિર કેમ થાય અને શાંતિ કેમ મેળવે એ વિચાર તરફ તમને દોરે તો એ બને. લોકને સ્થિર કરવાનો સાચો વિચાર કરનાર શાસક એ વસ્તુ વહેલેમોડે મેળવે જ મેળવે.

પણ આ ઉપરાંત બીજી થોડી વસ્તુઓ જાણી લેવી જોઈએ. એકલા સદ્‌ગુણોથી જ રાજ્યો ચાલતાં નથી. તેમ જ એકલા કાયદાઓથી પણ રાજ્યો ચાલી શકતાં નથી. બન્નેના સમન્વયથી રાજ્યો ચાલે છે. એટલે કે કેવળ તમે સારા કાયદા ઘડો, તેનાથી સારું રાજ્ય સ્થાપી શકાય નહિ. એ કાયદાઓનો અમલ જેમના હાથમાં છે, તે અધિકારીઓ યોગ્ય ન હોય તો ગમે તેવા સારા કાયદાઓને પણ એ નેવે મૂકી દેવાના ! એટલું જ નહિ, સારામાં સારા કાયદાઓ ખરાબ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું પણ એ લોકોને ઠસાવાના ! માટે તમે જેને પાયો કહોછો– એ પાયામાં, માણસો મૂકો. માણસો વિના કોઈ તંત્ર સફળ થવાનું નથી.'

[૪]

'કોન્ફ્યુશ્યસે ઉમેર્યું: 'વળી કાયદાનું વિવેક વિના બહુ કડક પાલન કરવાથી ખરી રીતે કાયદાનો અર્થ જ માર્યો જાય છે. અને છતાં અધિકારીઓ તો એમનું પાલન એમને ઠીક લાગશે તેમ કરશે. માટે રાજાએ વારંવાર એ પાલન વિષે તપાસ કરવી ઘટે છે. અતિશય કડક કાયદાઓ છેવટે કાયદા કરનારને ભારે પડે છે. અતિશય ઢીલા કાયદાઓ લુચ્ચા લોકોને છટક-બારી શોધી આપે છે. કાયદાઓ બનતા સુધી 'આંધળા' હોય છે, અને પછી 'ક્રૂર' હોય છે. એટલે સુશાસનની સઘળી સુંદરતા કેવળ માણસાઈને જ આભારી છે. રાજાઓએ જોવું જોઈએ કે સમિતિમાં માણસો તો છે, પણ એ સમિતિના માણસોમાં 'માણસાઈ' છે ? આ જે વારંવાર જુએ છે તે સુશાસન સ્થાપે છે.'

મેન્શ્યસ બોલ્યો: 'મને તો એક લોકોક્તિમાં સુશાસનનું રહસ્ય પડેલું જણાય છે. તે લોકોક્તિ આ પ્રમાણે છે 'સામ્રાજ્ય, વિભાગી રાજ્ય, અને કુટુંબ.' એ ત્રણેનો જ્યાં મેળ મળી જતો હોય, ઘર્ષણ થયા વિના જ્યાં કુટુંબો, વિભાગી રાજ્યને સાચું માન આપવા જેટલી હૃદયેચ્છા રાખતાં હોય, અને જ્યાં વિભાગી રાજ્યો, સામ્રાજ્યને વફાદાર રહી, પોતાનો મિથ્યા આડંબર વારંવાર આગળ ધરતાં ન હોય, ત્યાં અને માત્ર ત્યાં, જ, સુશાસનનો વિજય થાય છે જાઓ. આ એક રખડુ છોકરો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીત ગાય છે તે સાંભળોઃ

'જ્યારે નદીનું પાણી ચોખ્ખું હોય છે ત્યારે હું મારા હાથ ધોઉં છું.

'પણ જ્યારે એ ડોળું હોય છે, ત્યારે મારા પગ માત્ર એમાં બોળું છું.'

કોન્ફ્યુશ્યસે કહ્યું: 'એણે ગાયું એમાં લોકોએ કેટલું બધું હૃદય ઠાલવ્યું છે! જ્યારે પાણી ચોખ્ખું હોય ત્યારે તો એ પોતાના હાથ એમાં ધૂએ છે. પણ જ્યારે મેલું હોય ત્યારે એ પગ ધોવાના કામમાં પણ આવતું નથી. એટલે કેવળ પગ બોળવાના રહે છે! પાણીની આ અવસ્થા એ રાજની અવસ્થા છે. ચોખ્ખી વ્યવસ્થા હોય તો લોકો એને પતિતપાવન પ્રવાહ માને છે. એમને પણ એમનામાંથી પ્રેરણા મેળવીને પવિત્ર થવાનું મન થઈ આવે છે. પણ એ જ પ્રવાહ ડોળો હોય તો લોકો એને પગવડે ખૂંદે છે ને માને છે કે એમાંથી એમને કાંઈ મળે તેમ નથી. માણસ નાશ પામે છે–એટલે કે એક માણસ 'માણસાઈ' ખોઈ બેસે છે ત્યારે કુટુંબ નાશ પામે છે. કુટુંબો નાશ પામે છે, ત્યારે એમાંથી વિભાગીય સત્તા નાશ પામે છે. વિભાગીય સત્તા નાશ પામે છે તેમાંથી સામ્રાજ્ય નાશ પામે છે. માટે સામ્રાજ્યને મહાન અને એક રાખનારું જે મહાન એકમ છે તે, માણસ છે. જે સત્તા એક 'માણસ'ને પણ ખૂએ છે, માણસ જેવો માણસ, માણસ આળસી જાય, એવું જે તંત્ર ચલાવે છે, તે સત્તા વહેલે મોડે લોકશાપિત થઈને પોતે જ નાશ પામે છે.'

મેન્શ્યસ બોલ્યો : 'જે માણસો પોતાની જાતને ગમે તેમ ફેંકી દે છે, એ માણસને માટે તમે કહી શકો કે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો પોતાના પ્રત્યે જ જુલમ કરી રહ્યા છે. જે માણસો પોતાના પ્રત્યે જ જુલમ આદરે છે, એમને તો કોઈ રાજ સંઘરી શકતું નથી કે એમને માણસ બનાવી શકતું નથી. પોતાની વાતચીત અને વર્તનમાં જે પ્રમાણભાન રાખતા નથી, તેમને હું 'પોતાની જાતને ગમે તેમ ફેંકી દેનારા' માનું છું. તેમને, જે સદ્‌વર્તનના પંથને સમજવા જ માગતા નથી તેમને, 'પોતાના પ્રત્યે જુલમ કરનારા' ગણું છું. આ બે વર્ગ સિવાય બીજા તમામને, તમે કહ્યું તેમ રાજનો સ્વચ્છ પ્રવાહ સ્વચ્છ બનાવી શકે એમ મારું માનવું છે. જો માણસ સદ્‌અસદ્‌નો વિવેક જ ગુમાવે તો એ જેમ કુટુંબને છિન્નભિન્ન કરે છે, તેમ સમાજને પણ નુકસાન કરે છે. એટલે માણસની પોતાની જાતશુદ્ધિ એ જ સાચી રીતે રાજનો પાયો છે.

માણસ, એકલો અટુલો એક જ 'માણસ,' એ ખરી રીતે સમાજનો આંખની કીકી સમાન છે.

આંખની કીકી માણસની દુર્જનતાને છુપાવવા ધારે તો પણ છુપાવી શકતી નથી. તે જ પ્રમાણે 'રાજની કીકી' એક એક 'માણસ' છે. એક એક માણસ દેશનું ગૌરવ કે દેશનો ગુણ પ્રગટ કરે છે. માણસની વાણી અને વર્તન પવિત્ર રહી શકે એવું જ્યાં શાસનનું નિયંત્રણ બળ હશે, ત્યાં જ આ કીકી સ્વચ્છ માલુમ પડશે. બીજે તો ચોખ્ખી ઉચ્છંખલતા રાજ કરતી હશે. આ પ્રમાણે મને તો શાસનનું રહસ્ય, એની પવિત્રતા, કે એનો વિજય, એ એક એક માણસના સંસ્કારી બળમાં રહેલો નજરે પડે છે.

વળી એ સંસ્કાર પણ મને તો આ રીતે ફેલાતો માલુમ પડે છે, કે એ જેમ ઉપરથી નીચે આવે છે, તેમ નીચેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર પણ જાય છે. મારું કહેવાનું હું વધારે સ્પષ્ટ કરું.

જો શાસન અધિકારી પોતે પવિત્ર ને ન્યાયી હશે, તો એ એક પ્રકારની એવી જ હવા સ્થાપી શકશે. જો એ પવિત્ર નહિ હોય, પણ પવિત્રતાની સફાઈ કરતો હશે, તો લોકોમાં પણ પવિત્રતા વિષેની વાચાળતા માત્ર ફેલાવશે. અને જો એ અપવિત્ર જ હશે તો તો એ કેવળ અસ્વચ્છ હવા જ ફેલાવશે.

આ જ નિયમ શાસિત પ્રજાને પણ લાગુ પડે છે. જેમની પાસે શક્તિ છે, તે પોતાથી ઓછી શક્તિવાળાઓને જો લૂંટશે, તો કેવળ માણસ માણસ વચ્ચે ધિક્કાર જ ફેલાશે. ને કોઈ શાસન એ ધિક્કારને મીટાવી શકશે નહિ. પણ પોતાથી ઓછી સમજણ કે ઓછી શક્તિ એ ગુન્હો ન ગણતાં, જો માણસ એ પરિસ્થિતિને પોતાની કાર્યભૂમિકા ગણશે, એટલે કે વધારે સમજણવાળો, ઓછી સમજણવાળાને સમજણ આપશે, તો માણસ માણસની સમજણ ને શક્તિ વચ્ચેનું અંતર ઘટી જશે અને શાંતિ સ્થપાશે.

માણસોએ પોતે શું કરવા જેવું નથી એ પહેલું જાણી લેવું જોઈએ. એ જાણવાથી શું કરવા જેવું છે એનું એમને નિદર્શન મળશે જ. મને તો આમાં સુશાસનનાં બીજ દેખાય છે.

[૫]

જૂના વખતની એક વાત છે. લોકોની રાજા માટેની વિજ્ઞપ્તિ સાંભળીને બ્રહ્માએ મનુને તેડાવ્યો, અને એને કહ્યું : ‘ આ લોકો તને એમનો શાસનકર્તા નીમવા માગે છે. તો તું એમની સાથે જા. અને સારી રીતે શાસન કર. ’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુએ બે હાથ જોડીને કહ્યું : 'હે બ્રહ્મદેવ! મને મોટામાં મોટો ભય આ છે કે હું, એ સ્થાન મેળવ્યા પછી, મારી જાતને ખોઈ બેસું તો? શાસન શાસનને ઠેકાણે રહે અને મારાથી ખોટું કામ થાય. અને ખોટી રીત ચલાવાય. તપ કરવા કરતાં પણ ઘણું વધારે અઘરું કામ, શાસન કરવાનું છે. માણસોને સત્ય અને ન્યાયને પંથે જતા કરવા એ વાત જેવી તેવી નથી.'

એ સાંભળી લોકોએ મનુને કહ્યું : 'હે મનુ મહારાજ! તમે એમ ભય પામો માં. તમને અમે પાપપંથે દોરીશું નહિ. અમે અમારે આપવાનો જે યોગ્ય હિસ્સો, તે વગર ચોરીએ તમને આપતા રહીશું. એમાં અમે પશુઓ આપીશું. સુવર્ણ આપીશું. ધાન્ય આપીશું. અને અમારી જાતે જ હથિયાર ધારીને તમારી સાથે ચાલીશું. તમને અમે શક્તિસંપન્ન બનાવીશું. કારણ કે તમારી શક્તિ વડે જ અમે પણ શક્તિ-સંપન્ન બનીશું.'

મનુએ કહ્યું : 'તમારી વાત તો સાચી છે. પણ એકલા ધન, ધાન્ય અને ભંડારથી હું શાસન ચલાવી શકું એમ નથી.'

લોકો તો મનુની વાત સાંભળીને વિચારમાં પડી ગયા. તમામ સત્તા, ધન ધાન્ય, પશુ, સુવર્ણ, બધું આપ્યા પછી એમની પાસે એવું શું રહેતું હતું કે હજી મનુને શાસન ચલાવવામાં કાંઈક ઉણપ જેવું જણાતું હતું?

એમને કાંઈ સૂઝ્યું નહિ. ત્યારે એમણે બ્રહ્માની સામે જોયું. બ્રહ્માએ કહ્યું : 'હું તો તમારે માટે થઈ ને, મનુને ત્યાં પૃથ્વી ઉપર મોકલવા તૈયાર થયો છું. ગૂંચ ક્યાં છે એ તમે જ શોધી કાઢો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુએ કહ્યું: ' મહારાજ! સુશાસન, કેવળ ધનધાન્ય સંપત્તિનો મેળવેલો સંગ્રહ નથી. તો તો એમનો ઢગલો કરીને હરકોઈ સુશાસનનો વિજય પોકારી શકે! પણ મારે તો જે જોઈએ છે, તે એમની પાસેની ખરી સમૃદ્ધિનો ભાગ જોઈએ છે. એમની સત્યપરાયણતા, એમની નીતિ, એમનો ધર્મપ્રેમ, એમાંથી જો મને ભાગ મળે, તો જ આ બીજી સમૃદ્ધિ અર્થવાળી બને. નહિતર તો આવતી કાલે જ સમૃદ્ધિ નાશ પામે. લોકો પોતાના ભાવિ પુણ્યપંથ માટે જે કાંઈ કરી રહ્યા હોય, તેમાં પણ જો મને સંભારે તો જ હું ખરું શાસન ચલાવી શકું. દરેકે દરેક મને સંભારે તો જ હું દરેકે દરેકને સંભાળવાનું સાચું શાસન સ્થાપી શકું. રાજા પ્રજા વચ્ચેના આવા અત્યંત નિકટના સંબંધ વિના તો શાસનનો કાંઈ અર્થ જ નથી!'

લોકોએ સમજી જઈને તરત કહ્યું: ' અમે સત્ય, ન્યાય અને ધર્મના ભાગમાંથી પણ ચોથો ભાગ રાજને આપવાનું ઠરાવીએ છીએ!'

મનુએ કહ્યું: ' તમારી નીતિના બળ વડે હું નીતિવાન બનું. તમારા ધર્મ વડે હું ધાર્મિક બનું. તમારી સત્યપ્રિયતા વડે હું સત્યપ્રિય રહું. તમારે આપવાનો આ રાજભાગ, કોઇપણ દિવસ આવતો બંધ ન પડો! સુશાસનનો એ અવિચળ નિયમ થઈ રહો.'

અને ત્યાર પછી સુશોભિત રથમાં બેસીને મનુ પૃથ્વી ઉપર જવા માટે નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૫]

પંખીની માનવતા

'એક પંખીની માનવતા' એ વિષે દિવસો પહેલાં એક નવલિકા વાંચી. આજ દિવસ સુધી એની અસર ગઇ નથી. એ આખી નવલિકા આ પ્રમાણે છે:

'એક વખત રખડતાં રખડતાં જંગલમાંથી મને એક અદ્‌ભુત પંખી મળ્યું. એ મેનાનું બચ્ચું હતું. એને મેં કેળવણી આપી. એ મોટું થયું. એનો કંઠ એવો સરસ હતો કે ન પૂછો વાત! મેં ઘણાં પોપટ મેનાં જોયાં છે. કેટલાંક પાળ્યાં પણ છે. કેટલાંક સાથે તો મારી પ્રીતિ માનવમૈત્રી જેવી હતી. પણ આ મેના અદ્‌ભુત હતી.

એના કંઠમાં કોણ જાણે ક્યાંથી માનવની અસલી વાણી આવીને બેસી ગઈ હતી.

એ બોલતી, ત્યારે એમ ન લાગે કે પંખી બોલે છે. લાગે કે માણસ જ બોલે છે. એ જ અવાજ, એ જ રણકો, એ જ શબ્દનો આરોહ–અવરોહ, એ જ સ્વરાંકનની સ્પષ્ટ મધુરતા! જાણે કે એ માનવના મહામેળામાંથી પંખીમાં વસવા માટે ઊડી ગઈ હોય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઉપરાંત, એને ગમે તે વાત શિખવાડો, એ ઝપાટાબંધ શીખી લે. એક વખત મેં એને 'વાસાંસિ જીર્ણાનિ' શિખવાડયું. શું ગૌરવથી એણે એ ગીતાના શ્લોકો બોલવા માંડયા છે!

કોઈની મૃત્યુશય્યા પાસે જઈને એ બોલે તો માણસનો આત્મા આનંદ આનંદ આનંદ પામે! એવી એની વાણીમાં મીઠાશ!

મેં એને 'Lead O' kindly light! 'પ્રેમલ જ્યોતિ તારો દાખવી' એ શિખવાડયું. શું સ્વચ્છ ઉચ્ચારણથી મેનાં એ બોલી છે! અને ઉચ્ચારણ તો ઠીક, પણ જાણે કે એનો નાનકડો પંખીઆત્મા, એનો અર્થ સમજતો હોય તેમ, ઘડીભર એ આનંદ–ઉદધિમાં પડી જતી લાગે!

મારી મેનાંની આ કીર્તિએ ઠેકાણે ઠેકાણે મને પણ કીર્તિ અપાવી!

એક વખત એવું બન્યું કે અરધી રાત્રે એક 'ફોન' આવ્યો.

હું સફાળો જાગી ઊઠયો. કોઈ અજાણ્યા માણસનો 'ફોન' હતો. એની પડખે એક સામાન્ય કુટુંબનો કોઈ તેજસ્વી છોકરો મૃત્યુશય્યા ઉપર પડયો હતો. એની અંતિમ ઈચ્છા મારી મેનાંને બોલતી સાંભળવાની હતી!

પહેલાં તો થયું કે કહી દઉં કે ભાઈ! આ કાંઈ ભાડૂતી, સરકસની મેના નથી! પણ પછી વળી થયું કે ના ના, જવા દે! એક કિશોરની અંતિમ ઈચ્છા છે તો ભલે એ સાંભળે.

અથડાતાં કુટાતાં માંડમાંડ ઘર શોધી કાઢયું.

હું અંદરના ખંડમાં ગયો. એક તરફ ખાટલા ઉપર એક જુવાન છોકરો અંતિમ દશામાં હોય તેમ પડયો હતો. એના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોઠ ફિક્કા હતા. ચહેરો પીળો હતો. એના શરીરમાં કેવળ હાડકાં રહ્યાં હતાં. એને શ્વાસોચ્છવાસમાં પણ કાંઈક મુશ્કેલી જણાતી હોય તેમ લાગ્યું. પણ તેના નાકમાંથી લાંબી મૂકેલી રબ્બરની નળી જોઈને હું ભડકી ગયો.

પંખી બધાં જ સર્પથી ધ્રુજી ઊઠે છે. આ રબ્બરની નળીમાં મેનાંને એ જ ભ્રાંતિ થવાની! ને બોલવાનું તો બોલવાને ઠેકાણે રહેશે, પણ એ ભયથી ચીસાચીસ કરી મૂકશે!

મારા મનમાં આ ભીતિ આવી ગઈ.

મને જોઈને છોકરાની મા આગળ આવી: તે ધીમેથી બોલી: 'અમારા અનિલે વેન લીધું છે, એટલે તમને અત્યારે હેરાન કર્યા છે. પણ એની આ છેલ્લી ઈચ્છા...' એ વધુ બોલી શકી નહિ. એનો કંઠ રુંધાઈ જતો હતો.

પણ મને તો મોટામાં મોટી બીક પેલી નળીની હતી. એ નળીથી ભડકીને એક વખત મેનાંને મોટેથી ચીસાચીસ કરી મૂકતી મેં જોઈ હતી. મેં મારી મેનાંનાં પીંછાં ઉપર પ્રેમથી હાથ ફેરવ્યો. તે શાંત હોય તેમ લાગ્યું.

પણ જાણે કે પોતે આંહીં શા માટે આવી છે, એ એ જાણતી હોય તેમ, દર્દીની પથારી ઉપર જઈને લોઢાના પલંગને સળિયે એ બેસી ગઈ! પેલી રબ્બરની નળીની બીકને એ ઘોળીને પી ગઈ હોય તેમ લાગ્યું! મારી ભીતિ હવે ગઈ.

એને આવેલી જોઈને પેલા મરણોન્મુખ કિશોરના ચહેરા ઉપર આનંદ આવી ગયો હતો. એને બોલતી સાંભળીને એનો જીવનનો સ્રોત જાણે પાછો વધુ વેગવાન બનતો જણાયો.

અને પછી જ્યારે મેનાંએ 'Lead O'! kindly light' એ ગાયું ત્યારે ત્યાં ઊભેલા તમામની આંખમાંથી આંસુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળી પડયાં! એ નાનકડા પંખીના ગળામાંથી માનવતાનો શું અવાજ આવી રહ્યો હતો! સૌને થઈ ગયું અદ્‌ભુત! અદ્‌ભુત!

—અને એ ગીતની ઊર્મિના તરંગેતરંગ સાથે, જાણે કે આ જીવનના દ્વારને પોતે વટાવી જતો હોય તેમ, પેલો સાંદો કિશોર પણ આંખો મીંચીને શાંત રીતે એના કંઠનું અમૃત પી રહ્યો હતો.

—એમ ને એમ શાંતિથી એણે ક્યારે દેહ છોડી દીધો, એ ખબર પણ પડી નહિ!

અમારી સૌની આંખમાંથી ખર ખર આંસુ વહેવા માંડયાં.

અંગ્રેજી ઉપરથી.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૬]

માણસ, ઘોડાં ને ગધેડાં !

માણસ જ્યાં સુધી ગાયો પાળતો અને બળદો રાખતો, ત્યાં સુધી એ સુખી હતો. બળદિયા જોડીને એ ખેતર ખેડતો. એને ઘેર રેંટિયો ચાલતો. એમાંથી એ વસ્ત્રો મેળવતો. ગામની વનસ્પતિ એને દવા આપતી. કાગળની નોટોને બદલે ને સોના-રૂપાના સિક્કાને બદલે, મઠ આપીને એ તલ લેતો, ને અડદ આપીને મગ મેળવતો ! જેવી એની જરૂરિયાત. એ પ્રમાણે વસ્તુવિનિમયના વ્યવહારમાં એક પ્રકારની માનવ–મીઠાશનો મહેરામણ છલકાતો હતો !

જહાંગીર બાદશાહના વખતમાં રાજા મહારાજાને માંડ ઘડિયાળ મળતી. તો એમને એની જરૂરિયાત પણ જણાતી ન હતી. સૂર્ય ચંદ્ર તારા અને પડછાયા બસ હતા ! કહેવાય છે કે બિલાડીની આંખની કીકી દિવસના સૂર્યના ક્રમ પ્રમાણે નાની મોટી થાય છે. ચીન દેશમાં એવાં હોંશિયાર માણસો પડ્યાં હતાં કે જે, બિલાડીના ડોળા ઉપરથી કેટલા વાગ્યા છે તે કહી શકતાં ! એમાં ફેર પડતો તો બહુ બહુ પા કલાક કે વીસ મિનિટનો ! પણ આ જ એમની ઘડિયાળ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આ ઉપરથી એમ લાગે છે કે માણસ જેમ જરૂરિયાત વધારે છે, તેમ એ પોતે પોતાનો ગુલામ થતો જાય છે. ગુલામ કાંઈ લડાઈમાં પકડાવાથી થાય છે તેવું નથી. પોતાના વ્યસનમાં પોતે સપડાયા હોય તે તમામ બંદીવાન!

હવે આ પ્રમાણે એ જમાનામાં માણસ સુખી હતો, અને બધા સુખી હતા. ખાતા, પીતા ને મજા કરતા. નાચતા, ગાતા ને સૂઈ જતા. આખો દિવસ કામ કરતા. રાત્રે વાતો કરતા. ભેગા બેસીને મિજબાની ઉડાવતા. બીજી કોઈ ચિંતા હતી નહિ. કોઈ કોઈને દુશ્મનાવટ થતી નહિ.

એવામાં એક દિવસ માણસની નજરે ઘોડો ચડ્યો. એ ક્યાંથી આવ્યો તે ભગવાન જાણે. પણ માણસે હળ ખેડતાં ખેડતાં એને જોયો. ઘાસના મેદાનમાં એ ચરતો હતો અને હણહણતો આમથી તેમ દોડી રહ્યો હતો! એને દોડતો જોઈને માણસને વિચાર આવ્યો કે આના ઉપર બેઠા હોઈએ તો? ઝપાટાબંધ ઘેર જવાય! ઝપાટાબંધ પરગામ જવાય. ઝપાટાબંધ ખેતરે અવાય! એ વખતે એને ખ્યાલ નહિ કે આ 'ઝપાટાબંધ' એનું નિકંદન કાઢી નાખશે!

માણસને ગતિનો મોહ થયો. એટલે એણે કાલ ભગવાનને માપવાનું શરૂ કર્યું. માણસ જ્યારથી વખતને માપવા મંડ્યો, કામની ખૂબી જોવાને બદલે, 'ઝટ કરો' 'વખત જાય છે' એમ બોલવા મંડ્યો, ત્યારથી એ હેરાન હરાન થઈ ગયો છે. ગામડા કરતાં શહેરનાં લોકને વખતનો સવાલ કેવો મારી નાખી રહ્યો છે, એ તો મુંબઈના પરામાં રહેનારા ગમે તેને પૂછો ને!

આ પ્રમાણે 'ઝપાટાબંધ વખત'નો વિચાર કરીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસે ઘોડો પાળ્યો. પણ ત્યારથી એની અવદશા બેઠી ! એણે ઘોડાને ગુલામ બનાવ્યો. અને એણે એમ માન્યું કે એ ઘોડાનો સ્વામી થયો, પણ પરિણામ ઊંધું જ આવ્યું. ઘોડો એનો સ્વામી થઈ બેઠો.

ઘોડાની ગતિ જોઈને માણસને બીજાનો માલ ઉપાડવાનું મન થવા માંડયું. એને જે સારું લાગ્યું તે એ ઉપાડી જવા મંડયો. કારણ કે, એની પાસે ગતિવાળું પ્રાણી હતું. બીજા પાસે એ ન હતું. થઈ રહ્યું. સાધનની આ સરસાઈ થઈ, ત્યારથી બીજાનું ઉપાડી લેવાની વૃત્તિ એનામાં બળવાન બનતી ગઈ. ઘોડો એ સત્તાનું પ્રતીક બન્યો. ગતિ હોય તે મેદાન મારી જાય તેવી વાત થઈ !

એક જગ્યાએ વાંચ્યું હતું કે ઈ. સ. ૧૯૮૬માં એક કુમારિકા ઈંગ્લંડથી અમેરિકા જવા ઊપડી. ત્યારે એને એ મુસાફરીમાં ચૌદ દિવસ લાગ્યા. પછી એ ની એ કુમારિકા વૃદ્ધ થઈને પાછી અમેરિકાથી ઈંગ્લેંડ આવવા નીકળી, ત્યારે એને ચૌદ મિનિટ લાગી ! પણ ગતિ આ પ્રમાણે વધી હતી, તો બોમ્બ નાખીને ભાગી જનારા પણ વધ્યા હતા !

બરાબર એ જ દશા, એ જમાનામાં આ ઘોડાવાળાઓની થઈ. ઘોડો આવતાં માણસ પાસે સત્તા આવી. એની ગતિ વધી. એનો વેગ વધ્યો. એનો કાર્યપ્રદેશ વધ્યો. એની અશાંતિ વધી. એનો લોભ વધ્યો. બધાને કાઢી મૂકીને ક્ષેત્રના એકલા સ્વામી થઈ જવાનું એને મન થયું. પરિણામે કુસંપ, કંકાસ ને કર્કશતા આવ્યાં.

આ પ્રમાણે માણસે પોતાના સાદા બળદ કરતાં ઘોડાને વધારે મહત્ત્વનો માન્યો, ત્યારથી એની શાંત ખેતી પણ અશાંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બની. એને લાગેલા સત્તાના શોખે એને નીતિની બાબતમાં એક કોડીનો બનાવી દીધો ! મારાં સાધન વધે, તો મારી સત્તા વધે, એ એનું ધ્યેય થઈ પડયું !

આ જોઈને બ્રહ્માને મન થયું કે માણસને સાનમાં સમજાવવાની જરૂર છે, કે ભાઈ! તું બહુ દોડશે તો પડશે. એટલે બ્રહ્માએ એક ગધેડો બનાવીને માણસને ભેટમાં મોકલ્યો.

પણ ગધેડાને જોઈને માણસને બીજી કાંઈ સમજણ પડી નહિ. સત્તાના ખ્યાલથી એ તો આંધળોભીંત થઈ ગયેલો. એણે માન્યું કે આપણને આ ગધેડો પણ ઠીક કામ લાગશે !

એ ગધેડા ઉપર ચડયો. પણ ત્યાં ગધેડો તો ભૂંકવા માંડયો !

એ જોઈને માણસ ભડકયો. એટલે એની સવારી કરવી એણે એ વખતે તો છોડી દીધી !

પણ ત્યારથી એમ કહેવાય છે કે, માણસ ઘોડાને પકડવા ગયો અને ગધેડો બન્યો ! અને બીજા લોકો વળી એમ કહે છે કે, માણસે ગધેડાને તજી દીધો, ત્યારથી ગધેડો હમેશાં એની મશ્કરી કરે છે કે, હું તો તને ચેતવવા આવ્યો હતો છતાં તું ચેત્યો નહિ! માટે હવે તું મારો મિત્ર ને હું તારો દોસ્ત ! આપણે બન્ને સરખા ગધેડા ! ને સ્વામી તો પેલો ઘોડો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૭]

ઉપાસના

માણસ ગમે ત્યાંનો હોય અને ગમે તે નામનો હોય પણ જો એના જીવનમાંથી આપણને કાંઈક જાણવાનું મળતું હોય તો આપણે એનું નામ ને કામ યાદ રાખી લેવું જોઈએ. આપણે એનો દાખલો જીવનમાં ઉપયોગી માનવો જોઈએ. એમાંથી ઉત્સાહ મેળવવો જોઈએ. આવું યાદ રાખવા જેવું એક નામ છે. ચિત્રકાર ટર્નર!

એ ચિત્રકાર ઈંગ્લેન્ડનો હતો. એના વિષે રસ્કીને પણ લખ્યું છે. રસ્કીનના 'અન ટુ ધ લાસ્ટ' એ પુસ્તક ઉપરથી તો ગાંધીજીનો સર્વોદયનો સિદ્ધાંત ઘડાયો છે. આ રસ્કીને આ ચિત્રકાર ટર્નર ઉપર અનેક પુસ્તકો લખ્યાં છે. એ ઉપરથી એની મહત્તા સમજાશે.

એની જીવનકથાના કેટલાક અંશાશો ઘણા જ પ્રેરક છે.

આજથી સો વર્ષ પહેલાં એક વહાણ દુનિયાની મુસાફરીએ નીકળ્યું. પણ મુસાફરીએ નીકળ્યું અને તરત જ એને તોફાન નડ્યું. દરિયાનાં ડુંગર ડુંગર જેવડાં મોજાંમાં વહાણ બચશે કે નહિ એ સવાલ થઈ પડ્યો. પવનના ઝપાટાનો, કૂવાથંભ ઉપરનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારો, ભયંકર હતો.

એ વખતે એક નાજુક વૃદ્ધ માણસ ઊભો થયો. તેણે ખલાસીઓને કહ્યું કે પવનના તોફાનનો કૂવાથંભ ઉપરનો વેગ ભાંગી નાખવા માટે, તમે મને જ કૂવાથંભ જોડે બાંધી દો. બે ચાર કલાક તોફાન ચાલ્યું ત્યાં સુધી એ કૂવાથંભ જોડે બાંધેલો રહ્યો.

આ માણસ બીજો કોઈ નહિ, પણ પ્રખ્યાત ચિત્રકાર ટર્નર પોતે!

એણે કૂવાથંભ જોડે પોતાની જાતને બાંધવાનું કહ્યું, એમાં એનો એક હેતુ—વિચિત્ર લાગે તેવો આશ્ચર્યકારક હેતુ હતો. ટર્નર કુદરતનાં તમામ રૂપોનો ચિત્રકાર હતો. પવનનાં તોફાન—મોજાંને ચીતરવા માટે જે અનુભવની જરૂર પડે, તે અનુભવ મેળવવાની ઈચ્છા, આ વિચિત્ર માગણીમાં કારણરૂપ હતી!

એનું એક પ્રખ્યાત ચિત્ર 'બરફનાં તોફાન' આજ પણ ચિત્ર ગેલેરીમાં જોવા મળે છે. આ ચિત્રનો જન્મ આ અનુભવમાંથી થયો હતો! જીવનધ્યેય માટે કેટલી સતત જાગ્રતિ!

ટર્નરનો પિતા હજામ હતો. પણ ટર્નરને ચિત્રોની લગની લાગી. અને એના હજામ પિતાએ પોતાના પુત્રને ઉત્તેજન આપ્યું. એ વખતે ટર્નર બે આનાનું એક ચિત્ર વેચતો.

ધીમે ધીમે એના પિતાનો હજામતનો સલૂન એ જ એની ચિત્રશાળા બની ગયો. ત્યાં ચારે તરફ ટર્નરનાં ચિત્રો ટીંગાતાં, ને એક પાવલીથી દોઢ પાવલીના ભાવે એ વેચાતાં!

પણ કુદરતના આશક જેવા આ ચિત્રકારનાં કેટલાંક દૃશ્યોએ સારા માણસોનું ધ્યાન ખેંચ્યું. ને ટર્નરનો સિતારો ફર્યો. એ જ ટર્નરનું ચિત્ર પછી અમૂલ્ય ગણાવા માંડ્યું. બે આનામાં ચિત્રો વેચનારો ટર્નર [illegible]માં દોઢ લાખ [illegible] કમાઈ ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટર્નરને પણ વિવેચકોએ જેવોતેવો ઉધડો લીધો ન હતો. પણ આ સર્જકે તો દરેક વિવેચકને પોતાની કૃતિથી જવાબ આપ્યો. અને જ્યારે ચિત્ર ગેલેરીમાં એનાં ચિત્રો નાપસંદગી પામ્યાં ત્યારે એણે એમને ઘરઆંગણે લટકાવવા માંડયાં.

પણ એવા મુશ્કેલ સમયમાં ને જ્યારે વિવેચકોના તીક્ષ્ણ વિવેચનથી એની કીર્તિને ઝાંખપ લાગવા માંડી ત્યારે પણ, એના પિતાએ પોતાના પુત્ર માટેની શ્રદ્ધા ગુમાવી ન હતી! ટર્નરનું બધું બહારનું વ્યવહારુ કામકાજ એ સંભાળ્યા કરતો.

દરેક કલાકારને થોડી વિશિષ્ટ વિચિત્રતાઓ જાણે કે કુદરત ભેટ રૂપે આપતી લાગે છે. એની ચિત્રકલાએ એને કેવી વિચિત્રતા આપી હતી, એની એક વાત છે. એક વખત ટર્નર મુસાફરી કરતો હતો. તે વખતે સૂર્યોદયનું અદ્‌ભુત દૃશ્ય જોઈને તે ચીતરી લેવાનું ટર્નરને મન થયું. એ મુખ્યત્વે તો કુદરતનાં દૃશ્યોનો જ ચિતારો હતો. ને કુદરતી દૃશ્યો એને માટે રાહ જોઈને બેસે તેમ ન હતાં. એ તો જ્યારે દેખાય ત્યારે ઝડપી લેવાં જોઈએ. પણ ગાડીવાળો અજડ હતો. એણે એને જંગલ વચ્ચોવચ્ચ ઊતરી જવાનું કહ્યું, બાકી ગાડી થોભાવવાની ના પાડી.

ટર્નરે એક જુક્તિ કરી. એણે સિફતથી પૈડાનો ખીલો કાઢી લીધો. પછી ગાડીવાળો બે કલાક મહેનત કરતો રહ્યો, ત્યાં ટર્નરે સૂર્યોદયનું પેલું દૃશ્ય ઝડપી લીધું! એ સૂર્યોદય, જેણે સેંકડો માણસોને પાછળથી મંત્રમુગ્ધ બનાવી દીધાં! એણે એ દૃશ્ય લીધું ન હોત તો એ હમેશને માટે ખોયું હોત!

ટર્નરના જમાનામાં પણ નવી શ્રીમંતોની પેઢી આવી રહી હતી. એ પેઢી 'ફેશન'ની ખાતર ચિત્રો ખરીદતી. એ વખતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીવાનખંડમાં 'ટર્નર' ન હોવો, એ અપ્રગતિશીલતા મનાતી! પણ ટર્નરને આવું સમજણ વિનાનું ઉત્તેજન હંમેશા ખૂંચ્યા કરતું.

એક વખત એક કારીગરે ટર્નરને ફરિયાદ કરી: 'મારે અગિયાર અગિયાર કલાક કામ કરવું પડે છે!'

ટર્નરે જવાબ વાળ્યો: 'અરે ભલા માણસ! મેં અઢાર અઢાર કલાક કામ કર્યું છે! અને તે પણ અઠવાડિયાના સાતે દિવસ! કામથી થાકનારો માણસ જીવનથી થાકી ગયો છે એમ જાણવું.' પછી એણે એને પાંચ ગીની આપી અને કહ્યું: 'જા, અગિયાર કલાક નહિ, અઢાર કલાક કામ કરતો થા. વિજય એવી રીતે જ આવે છે!'

આ ચિત્રકાર જીવનભર એકલો રહ્યો હતો. પોતાના પિતાના મૃત્યુ પછી એને એની એકલતા સાલવા માંડી. એ ગામડામાં રહેવા ચાલ્યો ગયો. ત્યાં એણે પોતાના ઝૂંપડા ઉપર અગાશી બાંધી. અને ત્યાંથી 'ટેમ્સ' નદીનાં દૃશ્યો ઉપર નજર રાખી! જીવનનાં છેલ્લાં વર્ષોમાં તો એણે પોતાના નામને વળગેલો કીર્તિનો અંચળો ફેંકી દેવા માટે, પોતાનું નામ જ બદલાવી નાખ્યું. એ ટર્નર મટીને 'બુથ' બની ગયો! અને પછી તો કોઈને મળતો પણ નહિ! એટલો બધો કુદરતના રંગમાં એ રંગાઈ ગયો!

આજે દુનિયાની કોઈ પણ 'ચિત્રગેલેરી' ટર્નરના ચિત્ર વિના અધૂરી મનાય છે. એણે પાછળ મૂકેલો કુદરતનો વૈભવ આજ પણ જાણે નજર સામે ખડો થઈ જાય છે! અને કુદરતને નિહાળવાની, આપણી દૃષ્ટિને જાણે દૃષ્ટિ આપે છે!

વર્ષો સુધી હર ક્ષણે અને હર પળે કુદરતને એના વિવિધ રૂપમાં જોનારો આ ચિત્રકાર, સો વરસ પહેલાં શાંત થઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૮]

અજિત કિલ્લા અને અજિત માનવી !

સોળમી સદીનો સમય હતો. એ વખતે ચિતોડનો રાણો સંગ રજપૂતોનો શિરોમણિ ગણાતો હતો. જે કોઈ અન્યાય પામે તે ચિતોડ તરફ દૃષ્ટિ કરે. રાણા સંગને ત્યાં ન્યાયની તુલા હતી. બધાની નજર ત્યાં પડતી.

રાજસ્થાનમાં ઇડરનો રાવ ભાણ મરણ પામ્યો. રાવને બે પુત્ર—સૂર્યમલ્લ અને ભીમ. સૂર્યમલ્લ પણ પિતા પછવાડે ગયો. એટલે એનો દીકરો રાયમલ્લ ગાદીએ આવ્યો.

પણ નાનકડા ભત્રીજાને કાઢીને, એનો કાકો ભીમ રાજા થઈ બેઠો. અને ભીમ મરણ પામતાં એનો પુત્ર ભારમલ્લ ગાદીએ ચડી બેઠો. જ્યારે ગાદીનો ખરો હક્કદાર રાયમલ્લ, રાણા સંગના દરબારમાં રખડતો રહ્યો. એ રજપૂતોના શિરોમણિ રાજાને ત્યાં ન્યાય લેવા ગયો હતો.

એક વખતે રાણા સંગને આ વાતની ખબર પડી. પોતાને ત્યાં ન્યાય માગવા આવેલો રજપૂત રાજા આટલું રખડયો, એનો એને પશ્ચાત્તાપ થયો. પોતાની કુંવરી એને પરણાવી. લાવ-લશ્કર એને આપ્યું. જઈને ઈડરની ગાદી ઉપર એને બેસાર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ગુજરાતના સુલતાન મુઝફ્ફરશાહને એ વાત ગમી નહિ. ઈડરગઢ સુધી રાણો સંગ સત્તા ચલાવી જાય એ એનાથી સંખાયું નહિ. એણે હુકમ કર્યો: ' રાયમલ્લને ગાદીએથી ઉઠાડી મૂકો! ભારમલ્લને ઈડરનો ગઢ સોંપી દો! '

તરત ગુજરાતની બાદશાહી સેના ઊપડી. દરમજલ કરતો મલિક હુસેન બહમની, જે નિઝામ–ઉલ–મુલ્કનો અધિકાર ધરાવતો હતો, તે ઈડર ઉપર આવ્યો. અને ઈડરનો એ જ માલિક થઈને રહ્યો. ભારમલ્લ ને રાયમલ્લ બન્ને રખડી પડ્યા. એની લડાઈમાં ત્રીજો ફાવે એવો તાલ થઈ ગયો.

રાણા સંગને એ ખબર પડી. એક મોટું લશ્કર લઈને એ પોતે ઈડર ઉપર આવ્યો. રાણાનું મોટું સૈન્ય આવી રહ્યું છે, એ સાંભળીને નિઝામ–ઉલ–મુલ્ક પાસેના અહમદનગરના કિલ્લામાં ભરાઈ ગયો. અને સુલતાન મદદે આવે ત્યાં સુધી કિલ્લો કેમ ટકાવી રાખવો એની જુક્તિ કરવા મંડ્યો.

એને થોડા દિવસ કિલ્લો ટકાવી રાખવો હતો. અને રાણાને કિલ્લો તાત્કાલિક લેવો હતો. લડાઈની આ મહત્ત્વની ચાલ હતી.

કિલ્લો ન પડે ને સુલતાનની વહાર આવી ચડે, તો થઈ રહ્યું. બે સેના વચ્ચે ઘેરાવાનો પ્રસંગ ઊભો થાય. એટલે રાણાને તો કોઈ પણ હિસાબે કિલ્લો તાત્કાલિક લેવાનો હતો. એટલા માટે એ રાતદિવસ મથી રહ્યો હતો.

પણ આ બધા કિલ્લા તો વજ્જરના હતા. એટલે અહમદ-નગરના દરવાજા બંધ થઈ ગયા. લડાઈ શરૂ થઈ. અને પછી તો એક એક ઇંચ જમીન માટે સો સો માથાનો લાગો આપવો પડે એવું ઘોર યુદ્ધ મચ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ યુદ્ધમાં એક સરદારે હદ કરી. એનું નામ ડુંગરશી ચૌહાણ. મૂળ રહેવાશી એ વાગડનો. રાણાજીએ હાથ ઝાલેલો. આજે તક હતી એટલે રાણાજીનું ઋણ ચૂકવતાં પાછું વાળીને ન જોયું! ભાઈ, ભત્રીજા, દીકરા બધાને હોમ્યા. પોતે પણ દરવાજા પાસે પડ્યો.

પણ દરવાજો ન ડગ્યો કે ન હલ્યો. ત્યાં માથાના ઢગલા થવા માંડ્યા. એ સમયે પળપળની કીમત હતી. આ દરવાજો હવે દરવાજો રહ્યો ન હતો. એ જીવનમરણનો ખેલ બની ગયો હતો. મુઝફ્ફર સુલતાન ગમે તે ક્ષણે દેખા દે તેમ હતું. દરવાજો તૂટવો જ જોઈએ. અને તે પણ તત્કાલ! આ વાત હતી.

પણ દરવાજામાં લોહના ખીલા હતા. હાથીની ટક્કર કામ લાગતી ન હતી. ઊંટ ખોળતાં તો જુગના જુગ વીતી જાય! એક ઊંટિયાની ખામી અત્યારે સૌને સાલી રહી! પણ હવે શું થાય? કોઈકે ભૂલ કરી નાખી હતી અને એક ઊંટ માટે દરવાજો ખોવાતો હતો! દરવાજો શું—લડાઈ ખોવાતી હતી! નામોશીભરી પીછેહઠ થતી હતી!

મહાવત પણ ચિંતામાં હતો. ભલેને ગમે તેટલા હાથી મરે પણ દરવાજો તો ન તૂટે તે ન જ તૂટે—એવી કટોકટી આવીને ઊભી હતી. હવે શું થાય? વખત તો પાણીની પેઠે વહી રહ્યો હતો. હમણાં ગુજરાતનું સૈન્ય દેખાય એટલી જ વાર!

એ વખતે એક જુવાન ત્યાં દેખાયો. એનો ઊંચો, પડછંદ અને કદાવર દેહ સૌ જોઈ રહ્યા. એની અણીશુદ્ધ રજપૂતી ઉપર ફણીધર બેઠા હોય તેવું તેજ ત્યાં લખલખી રહ્યું હતું. તેણે આવીને પોતાનાં હથિયાર એક તરફ મૂકી દીધાં. ભાલો ઢાળી દીધો. તે અદબ વાળીને ત્યાં હાથી સામે ઊભો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવત તેની સામે જોઇ રહ્યો: ‘ શું છે ભાઈ? તું કોણ છે?’

‘ તમારે દરવાજો તોડવા કાંઈક આડશની જરૂર છે નાં? આડશ ઘણી આઘે રહી છે કાં? તો હું આડો ઊભો રહીશ. ટક્કર લગાવો!’

મહાવત હેબતાઈ ગયો.

‘ તું આડો ઊભો રહીશ? તને ખબર છે, તારું શરીર ચાળણી જેમ વીંધાઈ જશે?’

‘ રજપૂતને એવી વાત તમારે શું કરવા કહેવી પડે છે, મહાવતજી? મેં શું એનો વિચાર નહિ કર્યો હોય?’

‘ તું દરવાજા આડે ઊભો રહે ને હાથી ટક્કર લગાવે એટલે દરવાજો તો તૂટ્યો જ સમજજે. આ તો ગજાધિપતિ ગજરાજ છે. આડશ નથી એટલે એની કારી લાગતી નથી. દરવાજો તૂટશે જ, પણ એ જોવા માટે તું જીવતો નહિ રહે! તેં એ વિચાર કર્યો છે? આ લોઢાના ચણા છે! પણ તું છે કોણ, ભાઇ?’

‘ આ દરવાજા પાસે પડેલ છે, ડુંગરશી ચૌહાણ, અને એનાં તમામ કુટુંબીજનો-એનો છેલ્લો વારસ હું! એનો દીકરો છું. મારું નામ કાન્હ. હવે તું વાતોમાં વખત કાઢ મા. મને ગુજરાતના સૈન્યના ઘોડાના ડાબડા સંભળાય છે!’

આખી મેદની ડુંગરસિંહના આ વીર પુત્ર કાન્હ તરફ જોઈ રહી.

પણ કાન્હ ત્યાં દરવાજા આડે અડગપણે ઊભો રહી ગયો હતો અને મોટેથી મહાવતને કહી રહ્યો હતો: ‘ હક્કા કરો! મહાવતજી! હક્કા કરો! વખત જાય છે! હક્કા કરો!’

એક પળ પછી ગજરાજે ટક્કર લગાવી. પણ એક તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉંહકારો મોંમાંથી નીકળ્યો ! કાન્હનો ઉંહકારો કોઈએ સાંભળ્યો નહિ !

કડડભૂસ કરતો દરવાજો હેઠે આવ્યો. એકલિંગજીની જય પોકારતું મેવાડી સેન ગઢમાં પેઠું. અને ગઢમાં પેઠું એટલે લડાઈ જીતી જ બેઠું . . . પણ જ્યારે સેન હડુડુ કરતું ગઢમાં પેસી રહ્યું હતું, એ વખતે ચાળણીની જેમ વીંધાઈને નીચે પડેલા કાન્હના દેહને, બહુમાન આપવા માટે ગજાધિપતિ ગજરાજ પોતે નીચે નમી રહ્યો હતો !

અજિતવીરને એ અંજલિ અર્પી રહ્યો હતો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૧૯]

માનવી અને પડછાયો

એક વખત એક વિચિત્ર બનાવ બન્યો. માણસ પોતાના પડછાયા સાથે લડી પડચો. માણસ કહે હું મોટો. પડછાયો કહે હું મોટો. હવે એનો ન્યાય કોણ કરે? એ ન્યાય કરાવવા માટે બન્ને એક મંદિરમાં ગયા.

મંદિરમાં દ્વાર પાસે જઈને એનાં બારણાં ઊઘડવાની રાહ જોતા એ ત્યાં ઊભા. એ વખતે પણ માણસ હજી પોતાના પડછાયાને સમજાવી રહ્યો હતો: 'આપણે આંહીં ન્યાય લેવા આવ્યા છીએ, પણ જો તું હજી સમજી જાય, તો આપણે આંહીંથી જ પાછા વળી જઈએ. આખી દુનિયા જાણે છે, કે માણસ હોઇને પડછાયો છે! માણસ તે માણસ, ને પડછાયો તે પડછાયો!'

પડછાયાએ હસીને જવાબ વાળ્યો: 'હું પણ તમને એ જ કહું છું. માણસ તે માણસ, અને એનો પડછાયો, એ તો પડછાયો! પડછાયાની તોલે માણસ પોતે પણ ન આવે. આ મંદિરને દ્વારે આવીને આપણે ઊભા છીએ, પણ એમાં પ્રવેશ કરીને ન્યાય લેવા જતાં તમને છેવટે પસ્તાવો થશે! અત્યારે તો ઠીક છે, કે હું તમને [illegible] દઉં છું, પણ પછી તો એ [illegible] નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે! ન્યાયાસન પાસેથી આ ન્યાય આવવાનો છે: "હે માણસ! તું મોટો છે એ ખરું, પણ તું વિચારી જો, તારો પડછાયો તારા કરતાં મોટો છે!" આ ન્યાય આવવાનો છે!'

'પણ મારા વિના તારું અસ્તિત્વ ક્યાં છે એ તું કહેને?'

'હું પણ એ જ કહું છું મહેરબાન!' પડછાયાએ જવાબ વાળ્યો: 'તમારી આસપાસ હું ફર્યા કરું છું, એમાં તો તમે મોટા ભા થઈને ફરો છો. પણ હું ન હોઉં તો ખરી રીતે તમે ક્યાં હો? બોલો? તમારું સ્થાન પછી ક્યાં?'

માણસે ગુસ્સે થઈને કહ્યું: 'આવી નવી નવાઈની વાત તો આજે જ સાંભળી! માણસ કરતાં એનો પડછાયો મોટો? એમ? આ તો ઘરધણી શિયાળિયાં જેવી વાત થઈ! બે ઘડી મારે પડખે તને ચાલવા દીધો, એટલામાં તું મારો માલિક થઈ પડ્યો! મારી પડખે રહેનારો તું, મારા કરતાં પણ મોટો?'

પડછાયો કાંઈ પ્રત્યુત્તર વાળે તે પહેલાં મંદિરનું દ્વાર એની મેળે ખુલ્લી ગયું. બન્ને જણાએ અંદર દૃષ્ટિ કરી. ત્યાં કોઈ હતું નહિ. મંદિરમાં કોઈ પૂજારી ન હતો. ત્યાં પ્રત્યુત્તરમાં પડઘા આવતા!

બન્ને જણા અંદર ગયા.

અંદર જઈને એક બાજુ ઉપર ઊભા રહ્યા.

પહેલાં પેલો માણસ બોલ્યો: 'હે દેવાધિદેવ! હું આંહીં એક ન્યાય લેવા આવ્યો છું. મારા પડછાયાએ મને હેરાન હેરાન કરી નાખ્યો છે. જાણે કે હું કાંઈ જ હિસાબમાં ન હોઉં, એમ એ વર્તે છે. એ જ મોટો થઈ પડ્યો છે! ને હું, હું તો એનો દાસાનુદાસ બની ગયો છું. માટે હે દેવાધિદેવ! તમે સાચો ન્યાય આપો. અમારા બેમાં મોટું કોણ? હું માણસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો કે સારો પડછાયો મોટો ?'

પછી પડછાયો આગળ આવ્યો: તે બે હાથ જોડીને બોલ્યો: 'હે દેવાધિદેવ ! તમે ખરો ન્યાય આપજો. આ માણસને આધારે હું છું એ ખરું, પણ હું તો એના શરીરના આધારે છું. જ્યારે એ તો, તમામ રીતે, કેવળ મારે જ આધારે છે ! હું ન હોઉં તો એની સિકલ જ બદલાઈ જાય ! હું એનું સર્જન છું. પણ એ તો કેવળ મારું જ સર્જન છે, એ એ ભૂલી ગયેલ છે.

'મારે આધારે એ હરે છે, ફરે છે, રૂપાળો લાગે છે, જીવે છે, મોટો ભા થઈને ફરે છે. અને એથી એને દુનિયા સુંદર દેખાય છે. દુનિયાને મન પણ એ કાંઈ નો કાંઈ લાગે છે. પણ હું એનો પડછાયો, જો બે ઘડી અદૃશ્ય થઈ જાઉં, તો એ પોતે ક્યાં હશે ? હશે ખરો ? હે દેવાધિદેવ ! આપ જ આનો સાચો ન્યાય આપજો ! હું રહું કે ન રહું, એ મહત્ત્વનો સવાલ નથી, પણ પોતે જેને આધારે છે એ આધાર, આ માણસ છોડી દેવા માગે છે તો પછી એનું અસ્તિત્વ હશે ? તમે જ કહો !'

થોડીવાર મંદિરમાં શાંતિ વ્યાપી ગઈ. પછી પડઘા જેવા અવાજમાં પ્રત્યુત્તર આવતો જણાયો.

'તમે બન્ને આંહીં થોડીવાર થોભો. તમારી મેળે જ તમે તમારો પ્રત્યુત્તર સમજી જશો. એક તરફ ગુપ્તપણે ઊભા રહો. જુઓ, આ કોઈ પાગલ જેવો માણસ આવતો દેખાય છે. એની વાત પણ એવી જ છે.'

બન્ને જણા એક ખૂણામાં લપાઈ છૂપાઈ ગયા. થોડી-વારમાં જ એક પાગલ જેવો માણસ આવતો દેખાયો. તેની આંખો ચકળવકળ થતી હતી. એના પગમાં અસ્થિરતા હતી. મોં ઉપર દુઃખદર્દનો કોઈ પાર ન હતો. તેણે રસ્તે આવતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેંત જ ચારે તરફ એક દૃષ્ટિ કરી. કોઈ દેખાતું નથી એ જોઈને, બે હાથ જોડીને એ આર્તનાદે બોલ્યો: 'હે દેવાધિદેવ! તારી સૃષ્ટિમાં આ કેવો ન્યાય છે? હું માણસ કાંઈ નહિ, અને મારો પડછાયો જ સર્વસ્વ એમ? ગઈ કાલ સુધી હું કરોડોનો સ્વામી હતો. મારાં સગાંવહાલાં, મિત્રો, સ્વજનો પરજનો, સૌ મને મોટો માનતાં. મને બુદ્ધિશાળી ગણતાં. હું બુદ્ધિશાળી હતો. મને પણ લાગતું કે હું બુદ્ધિશાળી છું. પણ એક રાતમાં મારું નસીબ ફરી ગયું. એમાં કાંઈ મારો વાંક ન હતો. હું બધું ખોઈ બેઠો. અને આજે? આજે તો કોઈ મારી સામે પણ જોતું નથી! ગજબની વાત છે નાં? આ શું? એનો અર્થ તો એ થયો કે હું કાંઈ જ ન હતો; મારો પડછાયો, કેવળ જે મારો પડછાયો હતો, પૈસો, એ મારા કરતાં મોટો હતો! હું કાંઈ નહિ ને મારો પડછાયો સર્વસ્વ એમ? આ સૃષ્ટિ ક્યાંની? આ નીતિ ક્યાંની? આ ન્યાય ક્યાંનો?'

મંદિરમાંથી વળી પ્રત્યુત્તર આવ્યો: 'તારે વાત સમજવી હોય તો તું એક તરફ ઊભો રહે. એક બાજુ ગુપચુપ થઈ જા. સામેથી કોઈ બીજું આવી રહ્યું છે, તે તને પ્રત્યુત્તર આપશે!'

પેલો માણસ પણ ગુપચુપ એક તરફ ઊભો રહી ગયો.

એટલામાં ધુંઆપુંઆ થતો કોઈ આદમી રોફમાં અંદર આવ્યો: તેણે તો આવતાં વેંત જ ફરિયાદ રજૂ કરી: 'અરે! સાલી, આ તે કાંઇ દુનિયા છે? ગઈ કાલ સુધી જે મને નીચા વળીને સલામ કરતા હતા, તે જાણે આજે મને ઓળખતા જ નથી! શી વાત છે? હજી તો અધિકાર છોડયાં પૂરો એક દિવસ પણ થયો નથી! ત્યાં આટલો ફેરફાર? ત્યારે તો અમારે એમ સમજવું કે અમે માણસ કાંઈ નહિ, પણ અમને વળગેલું પેલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડછાયા જેવું તૂત—અધિકાર, એ જ બધું! માણસની કાંઈ જ કિમ્મત નહિ? પડછાયાની જ કિમ્મત? આવી વાત આંહીં ચાલે છે?'

પણ મંદિરમાંથી પ્રત્યુત્તર આવે તે પહેલાં કોઈ લોકપ્રિય માણસ આવતો જણાયો. એની પાછળ માણસનું મોટું ટોળું આવતું હતું. એ જોઈ ને આ અધિકારી પણ આઘોપાછો થઈ ગયો. પેલા માણસ સાથે આવેલું ટોળું ત્યાં દ્વાર પાસે જ અટકી ગયું. પેલા લોકનેતા જેવા માણસ આગળ આવ્યા. તેણે આવીને મંદિરમાં દર્શન કરી બે હાથ જોડ્યા. એના મનમાં મોટેથી પ્રાર્થના ચાલી રહી હતી: 'હે દેવાધિદેવ! હવે થોડાં વર્ષો છે. તેમાં અમારો વેષ નભાવી રાખજો. મારા દેવ! બીજું કંઈ નહિ, પછી લોક, કોઈનામાં શ્રદ્ધા નહિ મૂકે. હે દેવાધિદેવ! થોડો વખત અમારા પડછાયાને નભાવી રાખજો, મારા નાથ! દોષ કોનામાં નથી? પણ જે દેખાતા નથી તે બધા ગુણ થઈ રહે છે. માટે એ પ્રમાણે નભાવજો મારા નાથ!' અને તેણે ખણણ કરતો એક રૂપિયો પણ દેવાધિદેવને ચરણે ધર્યો.

પણ એ ગયા ન ગયા, ને તરત આખા મંદિરમાંથી જાણે પડઘા ઊઠ્યા: 'હે માનવ બાલકો! તમે આ જોયું? તમે તમારા પડછાયાને એટલો મોટો વ્યાપક બનાવ્યો છે કે એનો નાશ કરતાં તમે પોતે જ હવે નહિ રહો! માણસ જાત જ જાણે, કેવળ પડછાયાને આધારે જીવે છે, ને પડછાયો જ એમનું સર્વસ્વ છે! પડછાયો લઈ લેતાં તો એ જ ન રહે એવી વાત છે!'

'પણ અમારે પડછાયાને મહાન રહેવા દેવો નથી, એનું શું?' સૌથી પહેલો આવ્યો હતો તે બોલી ઊઠ્યો.

'એમ કરવું હોય, તો તો તમારે છેક એકડે એકથી શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું પડે ! પડછાયાનો આખો મહેલ તોડતાં પહેલાં તો જાણે અંધકાર વ્યાપી જશે ને સૌ પ્રકાશ ખોઇ બેઠા છે તેવું લાગશે. તેનું શું ? એને માટે કોણ તૈયાર છે ? અંધકાર ભરેલી ખીણને અંતે પ્રકાશ છે એ ખરું, પણ અંધકારમાં જવા કોણ તૈયાર છે ?

The man who came out from the cave, was different from the man, who went in–અંધકારમાં જવા કોણ તૈયાર છે ? તમારામાંથી કોણ તૈયાર છે ? બોલો !'

કાંઈ પ્રત્યુત્તર આવ્યો નહિ. કોઈએ કાંઈ પ્રત્યુત્તર વાળ્યો નહિ. તરત પડઘાઓ હસી પડીને બોલી ઊઠ્યા: ' પડછાયાઓ ! તમે અને અમે–અત્યારની સૃષ્ટિમાં આપણે બે જ રહેવાના છીએ ! બે જ રહી શકીએ તેમ છીએ. પડઘાઓ ને પડછાયાઓ !'

અને પડછાયાએ હસીને પ્રત્યુત્તર વાળ્યો: ' ત્યારે હું આ માનવને એ જ કહી રહ્યો હતો. અમારા વડે માનવ છે !'

' અને એ જ સાચું છે ! ' પડઘાએ પ્રત્યુત્તર વાળ્યો.

' એવો પ્રશ્ન પણ ભવિષ્યમાં ઊઠશે, કોણ મહાન ? પડઘા કે પડછાયા ?

' અવાજ કરનારા કે અંધકાર ફેલાવનારા ?

' કારણકે, અત્યારની દુનિયામાં બે જ રહી શકે તેમ છે : પડઘા અને પડછાયા ! ત્રીજું કોઈ જ નહિ, ત્રીજું કોઈ જ નહિ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૦]

વાણીની મર્યાદા !

વારાણસી નગરીનો રાજા બ્રહ્મદત્ત વૃદ્ધ થયો, પણ એની ચિંતાનો પાર ન મળે ! મોટામાં મોટો પ્રશ્ન એ હતો કે ગાદીનો વારસ કોને કરવો ?

કારણ કે એને એકનો એક પુત્ર હતો, પણ તે કાંઈ બોલતો નહિ. મૂંગા જેવો હતો. પ્રધાનનો પુત્ર ઘણો હોંશિયાર હતો. પણ પોતાના પુત્રને મૂકીને પ્રધાનપુત્રને રાજ સોંપવાનું રાજાને ગમે નહિ. અને પોતાના આવા અપંગ પુત્રને રાજા બનાવવો એ પણ એને ઠીક લાગે નહિ. આ બે સિવાય બીજો કોઈ યોગ્ય વારસ હતો નહિ.

એટલે રાજાને સૂડી વચ્ચે સોપારી જેવું થયું. એને હમેશાં આ વાતની ચિંતા મનમાં રહ્યા કરે. એનો પુત્ર જો બોલતો થાય, તો તો રાજ કરવા માટે યોગ્ય તો એ જ કહેવાય.

એવામાં એને ત્યાં ફરતા ફરતા એક સાધુ આવ્યા. આ સાધુ ભિષગ્વર પણ હતા. રાજાએ એમની આ બાબતમાં સલાહ લીધી.

ભિષગ્વરે કહ્યું કે તમારા પુત્રને કાંઈ બીજી ખોડ તો જણાતી નથી. એટલે એને કાંઈક ભય બતાવો. વખતે વાચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટશે, ને તો પછી બોલવા માંડશે.

રાજાએ કેટલાક શિકારીઓને બોલાવ્યા. કુમારના દેખતાં જ એમને કહ્યું કે આ રાજકુમારને તમે ભયાનક જંગલોની પેલી મેર અવાવરુ ખંડેરોમાં મૂકી આવો. એ ત્યાં રહેવા માટે લાયક છે. આંહીં માણસોમાં રહેવા માટેની એની લાયકાત જણાતી નથી. એને ખંડેરોમાં લઈ જાઓ.

કુમારે આ સાંભળ્યું. એણે ટગર ટગર જોયા કર્યું, પણ એ કાંઈ બોલ્યો નહિ.

શિકારીઓ તો રાજાના હુકમ પ્રમાણે કુમારને લઈને ચાલ્યા. રાજા કુમારને ખંડેરોમાં વસવા માટે મોકલી દે છે, એ વાત સાંભળીને, હજારો માણસો નગરના રસ્તામાં ભેગા થઈ ગયા હતા. પછી રાજાના હુકમ પ્રમાણે શિકારીઓ ભયાનક જંગલની પેલી મેર ખંડેરોમાં એને લઈ ગયા.

પણ શિકારીઓને રાજાએ કહ્યું હતું કે કુમારને માત્ર ખોટો ભય બતાવવાનો છે, અને એમાં જો કાંઈ બોલી ઊઠે કે તરત જ એને આંહીં પાછો રજૂ કરી દેજો. અને નહિતર ભય બતાવીને પછી લઈ આવજો.

શિકારીઓ સાથે રાજકુમાર ખંડેરો તરફ ચાલ્યો. આ ખંડેરો એવાં એકલડોકલ ભયાનક રીતે ઊભાં હતાં કે ગમે તેવાની છાતી પણ, ત્યાં વસવાની વાત સાંભળીને બેસી જાય!

રાજાનો કુમાર આ ખંડેરો જોઈને બોલી ઊઠ્યો:

'આપણે જેમાં થઈને આવ્યા, એ ખંડેરો ન હતાં?'

શિકારીઓ એની વાતમાં કાંઈ સમજ્યા નહિ, પણ એ બોલ્યો એ સાંભળીને એ ખુશ ખુશ થઈ ગયા. ઉતાવળે ઉતાવળે રાજાના કુમારને એમણે વારાણસી નગરીમાં પાછો આણ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રાજકુમાર નગરીમાં આવ્યો એટલે પાછો હતો તેવો થઈ ગયો. એક પણ વેણ બોલે કે કારવે! ટગર ટગર બધું જુએ, સાંભળે, મોં મલકાવે, પણ બોલવાની વાત નહિ!

રાજાએ વળી ફરીવાર હુકમ કર્યો: 'આ વખતે આ રાજકુમારને ભયાનક ખીણમાં હિંસક પશુઓની વચ્ચે મૂકી આવો, જાઓ!'

શિકારીઓ રાજકુમારને ફરીને લઈ ચાલ્યા. પણ રાજાના પિતૃદિલમાં દયાનો સતત સ્રોત વહી રહ્યો હતો. એણે ખાનગીમાં કહ્યું હતું કે જો જો, કુમારને શરીરે જરા પણ અડચણ આવે નહિ. અને આટલી જાગ્રતિ રાખજો કે જેવો કુમાર કાંઈક પણ બોલે કે તરત એને આંહીં લાવજો!

શિકારીઓ, રાજકુમારને લઈ જતા હતા એટલામાં નગર બહાર જતાં જ કોઈનું મડદું સામે મળ્યું.

રાજકુમારે એ જોઈને પેલા શિકારીઓને પૂછ્યું: 'આ કોઈ જીવતાનું મડદું લઈ જાય છે કે મરેલાનું મડદું લઈ જાય છે?'

શિકારીઓ રાજકુમારના સવાલને સમજ્યા નહિ. પણ રાજકુમારને તરત જ પાછો રાજમહાલયમાં લઈ ગયા. અને રાજકુમારે જે પ્રશ્ન પૂછ્યો હતો તેની વાત કહી.

પણ રાજકુમારને કોણ જાણે શું થયું હતું. જેવો એ નગરીમાં પ્રવેશ કરે કે પાછો મૂંગો થઇ જાય!

એટલે રાજાએ ત્રીજી વખત કૃત્રિમ ક્રોધ કરીને શિકારીઓને કહ્યું કે આ વખતે એને ક્યાંય મૂકવા જવાનું નથી. નગરબહાર લઇ જઈને એને હણી નાખો. તો જ એની સાન ઠેકાણે આવશે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકારીઓ તો વળી ચાલ્યા. જો કે રાજકુમારને લેશ પણ ઈજા નહિ કરવાની એમને સૂચના હતી જ.

આ વખતે એક નવી નવાઈની વાત બની. શિકારીઓ ઉઘાડી તલવાર રાખીને એને ભય બતાવવા માટે ખેતરોમાંથી લઈ જતા હતા, ત્યાં દાણાનો મોટો ઢગલો જોઈને રાજકુમાર બોલી ઊઠ્યો : 'આ ઢગલાના દાણા મૂળમાંથી ખાવા મંડશે તો તો થોડા વખતમાં થઈ રહેશે ! ટોચેથી ખાવા માટે લે તો ઢગલો વધતો રહે !'

રાજકુમારની આ વાણી સાંભળતાં શિકારીઓ આગળ જતા અટકી ગયા. રાજકુમાર તો બોલીને પછી બંધ થઈ જતો હતો, તેમ જ આ વખતે પણ, બોલ્યા પછી બોલતો બંધ થઈ ગયો. પણ શિકારીઓને તો રાજાની આજ્ઞા હતી એટલે વળી એને પાછો લઈ ચાલ્યા.

પણ આ વખતે રાજકુમારે રાજાને કહ્યું : 'હે રાજા ! જો વેણ પાળો તો મારી વાણી મને પાછી મળે !'

રાજાએ ગંગાજળ લઈને પ્રતિજ્ઞા કરી કે જે વેણ એ બોલશે તે રાજા પાળશે જ પાળશે.

ત્યારે રાજકુમારે કહ્યું : 'હે રાજા ! હું તો મૂંગો એમ થઈ ગયો છું કે તમે આ રાજનો વિલાસ મને સોંપવા માગો છો ને માનો છો કે મેં પુત્રને કાંઈનો કાંઇ વારસો આપ્યો. બધા આમ જ વારસો આપ્યા કરશે તો માનવ જાત માટેનો વારસો ક્યાં રહેશે ? માટે મને મારા જીવનધ્યેય પ્રમાણે જીવવા દો. તમારી વારસાની માન્યતા પ્રમાણે નહિ. તો મને વાણી પાછી મળે તેમ છે !'

રાજાને એ સાંભળીને અપાર શોક થયો. પણ રાજકુમારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચી ભાવના જોઈને હર્ષ પણ થયો. તેણે પોતાનું વેણ પાળવાની તયારી બતાવી. અને રાજકુમારને પોતાને ઠીક પડે તે માર્ગે જીવન જીવવા દેવાની વાત કબૂલ કરી.

પછી એણે રાજકુમારને પૂછયું: 'હે કુમાર! તું ત્રણ વખત ત્રણ વાકયો બોલ્યો, પણ એનો કોઈ અર્થ નથી. તો એમાં શું રહસ્ય છે? પહેલું તેં એમ કહ્યું કે 'આપણે જેમાં થઈને આવ્યા તે ખંડેરો ન હતાં? એનો શું અર્થ?'

રાજકુમારે કહ્યું: 'હે મહારાજ! માણસો વસે તે મકાન ગણાય. પણ જ્યાં માણસો ન હોય એ બધાં તો ખંડેરો ગણાય. હું આપનો એકનો એક પુત્ર હતો. મેં કાંઈ અપકૃત્ય કર્યું ન હતું. ખોડ એ કોઈ દોષ નથી. છતાં મને અન્યાય આપીને તમે જંગલમાં મોકલો છો એ વાત સાંભળવા છતાં, હજારો માણસોમાંથી એક પણ માણસે ઊંચી આંગળી કરીને આ અન્યાય સામે એક હરફ કાઢયો નહિ, એટલે નગરી આખીમાં માણસ તો કોઈ હતો નહિ! પછી બાકી રહ્યાં મકાન . . એ તો ખંડેરો જ કહેવાય! એટલા માટે મેં કહ્યું કે, આપણે જેમાં થઈને આવ્યા તે ખંડેરો ન હતાં?'

રાજા આ રહસ્ય પામીને આનંદિત થઈ ગયો. તેણે પૂછયું: 'પણ તેં બીજી વખત મડદું જોઈને એમ કેમ કહ્યું કે મરેલાનું મડદું છે કે જીવતાનું મડદું છે?'

'હે મહારાજ!' રાજકુમાર બોલ્યો: 'જે માણસને જીવન જીવતાં આવડયું હોય, એનું મૃત્યુ થાય તો એ જીવતાનું જ મડદું ગણાય; પણ જેને જીવતાં જ આવડયું ન હોય એનું મૃત્યુ, એ તો મડદાનું જ મડદું. એમ જ કહેવાય ના? કારણ કે એ તો જીવતાં પણ મડદું હતો!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાને આ વાત સાંભળીને વધારે હર્ષ થયો. એને લાગ્યું કે પોતે જે કુમાર સામે વાત કરે છે તેની પાસે જ્ઞાનનો તો સમુદ્ર ભર્યો છે.

એણે ફરીને પૂછયું: 'પણ તારા ત્રીજી વખતના વાકયનો શું અર્થ હતો? ટોચેથી ખાતાં દાણા ન ખૂટે, ને મૂળમાંથી ખાતાં ખૂટે એ શી રીતે થાય?'

'મહારાજ! મૂળમાંથી ખાવું એટલે નવી કમાણી કર્યા વિના જીવવું એવો અર્થ છે. નવી કમાણી માણસ ન કરે, ને જે મૂડી હોય તેના ઉપર જ જીવવા મંડે, તો એનો એ ભંડાર કેટલા દી પહોંચે? માટે મેં એમ કહ્યું કે જે વારસો મળ્યો છે, તે મૂળ છે, તેમાં કાંઈક નવું ઉમેરીને ટોચ કરે ને ટોચેથી જો ખાતો રહે તો એનો ભંડાર અખૂટ હોય!'

રાજકુમારની આ વાણીથી સૌ પ્રસન્ન પ્રસન્ન થઈ ગયા.

આ રાજકુમાર પાછળથી મૌની મહારાજ તરીકે પ્રસિદ્ધ થયો. તેણે વાણીથી નહિ–પણ પોતાના દાખલાથી જ સૌને એવા દોર્યા કે એના મૃત્યુ પછી પણ મૌનનો મહિમા એ પ્રદેશમાં વધતો રહ્યો. એણે ઉપદેશ આપ્યો કે વાણીનો મહિમા વર્તનમાં છે. વર્તન વિનાની વાણી એની મોટી મર્યાદા છે! ડાબો હાથ જાણે નહિ કે જમણો હાથ દે છે. લોકમાં જેમ એ દાનનો મોટામાં મોટો મહિમા મનાય છે, તેમ સત્કાર્યનો મહિમા, બોલ્યા વિના માત્ર કાર્ય કરવામાં જ રહ્યો છે!'

વર્તન એ વાણીનો રાજમુગટ છે: વર્તન વિનાની વાણી એ તો ગળે લટકાવેલી મોટામાં મોટી શિલા છે. એટલે ઓછામાં ઓછી વાણી બોલો. અને બને તો માત્ર કાર્યપરાયણ રહો. હાથને, પગને, એ બધાંને બોલવા દ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૧]

પળ પળ ગણો !

એક શિલ્પીએ એક વખત ઉપાસના એટલે શું એનો એવો પ્રત્યક્ષ પાઠ આપ્યો, કે ભલભલા એની આ સિદ્ધિ જોઈને મોંમાં આંગળાં નાખી ગયા !

એને કુદરતી બક્ષિસ તો મળી હતી. પણ એણે જાતમહેનતથી એમાં એવો અભિનવ રંગ પૂર્યો કે એની વાત સાંભળીને ચકિત થઈ જવાય !

મુખ્યત્વે એ માણસોના ચહેરામહોરાનો શિલ્પી હતો. પણ માણસની ખાલી ખોપરી એના હાથમાં પડે તો એમાંથી એ આબેહૂબ પ્રતિકૃતિ ઊભી કરી દેતો. કદાચ એ માણસનો પણ, ચહેરો મળી આવે, તો બરાબર આ શિલ્પીએ સરજેલા ચહેરા જેવો જ એ હોય! આટલી બધી સિદ્ધિ એણે મેળવેલી.

એનું આ કામ અઘરું હતું છતાં, એની સિદ્ધિનું ખરું માપ કાઢવાનુ કામ વધારે અઘરું હતું. કારણ કે રખડતી ખોપરીઓમાંથી એ ચહેરા ઊભા કરે, પણ એ સાચા છે કે ખોટા એ કોણ કહી શકે? શી રીતે કહી શકે? એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિદ્ધિનું માપ એકદમ કોઈનાથી અપાય તેમ ન હતું.

પણ એણે પોતે તો આ કલા સિદ્ધ કરવા માટે જીવનનાં સર્વોત્તમ પચીસ વર્ષ એની આ કલાને આપ્યાં હતાં. એણે કાંઈ અગિયારથી પાંચ 'ટેબલ' ઉપર બેસીને કામ કર્યું હતું એમ ન હતું. એ તો રાત દિવસ, સવાર સાંજ, બપોર મધરાત, વહેલી પ્રભાત, જ્યારે વખત મળે ત્યારે, એના આ કામની પાછળ જ હોય ! જાણે કે બહારની બીજી સૃષ્ટિનું એ અસ્તિત્વ જ ભૂલી ગયો હતો ! ઉપાસના અને મહેનતની વચ્ચે તફાવત જ એ છે.

હવે એક વખત એવું બન્યું કે એક માણસની જુવાન સ્ત્રી અલોપ થઈ ગઈ. એ રાતોરાત અલોપ થઈ ગઈ ને બીજી કોઈ શંકાને સ્થાન ન હતું, એટલે એના પતિને પકડવામાં આવ્યો. પણ એની વિરુદ્ધ કાંઈ વાત હતી નહિ, એટલે એ છૂટી ગયો.

થોડો વખત ગયો ને એક સ્ત્રીનું શબ મળી આવ્યું.

એ શબ પેલી ગુમ થયેલી સ્ત્રીનું હશે એમ માનીને એને ફરી પકડવામાં આવ્યો. પણ એ ફરી છૂટી ગયો. કારણ કે આ શબ કઈ સ્ત્રીનું છે એ જ નક્કી થાય તેમ ન હતું.

છેવટે એ સ્ત્રીની ખોપરી આ શિલ્પીને ત્યાં મોકલવામાં આવી. એ ખોપરીમાં વસનાર ચહેરાનું સર્જન કરવા એને વિજ્ઞપ્તિ કરાઈ.

શિલ્પીએ એ ખોપરી ઉપરથી એક ચહેરો સરજાવ્યો. આબેહૂબ એક સ્ત્રીનો ! પણ એ સ્ત્રી કોણ હતી એ કોણ કહી શકે ?

એટલામાં ભોગજોગે પેલી ગુમ થયેલી સ્ત્રીનો ફોટો હાથ પડ્યો !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એને જોતાં જ સૌ આશ્ચર્યમાં દિંગ થઈ ગયા. શિલ્પીએ સરજેલી આકૃતિ આ સ્ત્રીના ફોટા સાથે આબેહૂબ મળતી હતી!

પણ શિલ્પીની ઉપાસનાની સિદ્ધિનું અંતિમ શિખર હજી આ ન હતું.

એણે ઉપજાવેલી મુખાકૃતિ, પેલા ફોટાની સ્ત્રી કરતાં પાંચ છ વર્ષનો તફાવત બતાવતી હતી, એટલી એ વધારે વૃદ્ધ જણાતી હતી!

એનું કારણ મળી આવ્યું. પેલો ફોટો પાંચ છ વર્ષ પહેલાંનો હતો!

અને આ અદ્ભુત શિલ્પીની કલાનો ખરો લાભ તો આથી પણ વધુ છે. પ્રાચીન સમયની કોઈ ખોપરીમાંથી જ્યારે એ માણસને ઊભો કરશે ત્યારે આપણને વર્ષો પહેલાંનો ઈતિહાસ-પુરુષ જોવા મળશે!

પણ એની આ સિદ્ધિ આવી ક્યાંથી? ઘણા એને પ્રશ્ન કરે છે, આવી સિદ્ધિ મળી ક્યાંથી? એ પ્રશ્નના ઉત્તરમાં એને એક જ વાત કહેવાની છે. માણસ નાનકડી પળનો હિસાબ રાખતો નથી, એટલે જ એ આગળ વધી શકતો નથી!

પળ પળની ગણતરી રાખો. કાંઈક અદ્ભુત જોવા મળશે. જંઈ જંઈની ગણતરી કરતાં એ વધુ સ્થાયી છે, વધુ ઉપકારક છે, વધુ આનંદદાયી છે. અને વળી એ જ વધુ સાચો હિસાબ છે! જંઈ જંઈ નહિ, પળ પળ! સોનું નહિ, સમય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૨]

રહસ્ય માટે મથો!

એક વિદ્વાન વારંવાર ઉપદેશ કરે : ‘ ભાઈઓ ! જંગલનો અભ્યાસ કરો. જંગલમાં જનમંગલ વસે છે ! ’

એ ઉપદેશ સાંભળે બધા, પણ સમજે કોઈક. અને જે કોઈક સમજે તે પણ પોતપોતાની રીતે સમજે.

એક દિવસ એણે પોતાના શ્રોતાઓને એનો અર્થ પૂછ્યો.

—અને એને નવાઈ લાગી. એમાંના કોઈ એમ સમજ્યા હતા કે જંગલનો અભ્યાસ કરો એટલે જંગલમાં જઈને વસો.

બીજા થોડા વધુ આગળ ગયેલા હતા, તે એમ સમજ્યા હતા કે જંગલની વનસ્પતિઓનું સંશોધન કરો.

કોઈક વળી જુદી જ વાત સમજ્યા હતા. એમના મત પ્રમાણે એનો અર્થ એવો હતો કે જેમ બને તેમ શહેરોનો નાશ કરો !

પેલા વિદ્વાનને નવાઈ લાગી. પોતે આમાંનું કાંઈ કહેવા માગતો ન હતો. પછી તેણે ધીમેથી કહ્યું : ‘ જુઓ ભાઈઓ ! કોઈ વસ્તુનો અભ્યાસ કરવો, એનો અર્થ એ છે કે, એ વસ્તુને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધી રીતે જોવી. જંગલનો અભ્યાસ જનસંગલ માટે કરવાનો છે. પણ જનમંગલ માટેનો આધાર જનવૃત્તિ ઉપર છે. એટલે એ દૃષ્ટિએ આપણે જંગલને જોવું ઘટે.

'જંગલમાં ઉપયોગી બિનઉપયોગી ઘણાં વૃક્ષો છે. એમાં હિંસક પશુઓ રહે છે. અહિંસક પણ રહે છે. એમાં રૂપ રહે છે. ભવ્યતા વસે છે. ભયાનકતાનું પણ ત્યાં ધામ છે. એમાં સુંદર, કુરૂપ, ડાહ્યાં, લુચ્ચાં, મૂરખાં તમામ પ્રાણી પાસે પાસે રહે છે. એક બીજાને દેખે નહિ, ત્યાં સુધી સૌ સંપીને રહે છે.

'માણસનું પોતાનું મન આ જંગલ જેવું છે. એમાં કાંઈ થોડી ઘણી વસ્તી નથી. એની તમામ વસ્તીને જો બહાર કાઢો તો આખી દુનિયા વસી જાય. એમાં સંખ્યાબંધ સુંદર રૂપો, આકારો, વૃત્તિઓ, તરંગો, વિચારો, લાગણીઓ, ભાવનાઓ, કલ્પનાઓ, આશાઓ, ઇચ્છાઓ, વેદનાઓ—અને શું શું નથી વસતું ?

'એક માણસનું મન એક દુનિયા જેટલી વસ્તી ધરાવે છે. એ બધી જ વસ્તી એની નાનકડી મનોસૃષ્ટિમાં પાસે પાસે વસી રહી છે. એ બહાર નીકળે છે, ને એક બીજાને મળે છે, તો તોફાન કરી મૂકે છે! આશા બહાર નીકળી અને એણે નિરાશાને જોઈ કે તરત તોફાન! અશાંતિ ને શાંતિ બે ભેગાં થાય તેટલી જ વાર! આમ તો બન્ન સગી બહેનો છે. બન્નેનો હૃદયમાં જ વાસ છે. પણ એક બીજાને દેખે એટલી વાર! તરત યુદ્ધ થાય!

'ત્યારે આનું નામ જંગલનો અભ્યાસ કરો. એનો આ અર્થ છે.

'એક પળે તમારું હૃદય કૌમુદીને શરમાવે એવી શુભ્રતા ધારણ કરે છે. બીજી જ પળે કાળી ચૌદશની રાત્રિ કંપી ઊઠે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું ભયાનક રૂપ એમાં આવે છે

'પણ તમે જાણો તો છો કે જે ઘોડો જંગલી હતો, તેને તમે કેળવ્યો, અને એ કેટલો સુંદર બની ગયો! તો તમારું મન જે જંગલ જાળવી રહે છે, તે મનનો તમે જંગલની રીતે અભ્યાસ કરો, તો કેટલી સુંદરતા બતાવે!

'એનો અર્થ એ છે કે જે કાંઈ દેખો, સાંભળો, વાંચો, મેળવો, તમાસનું રહસ્ય પ્રાપ્ત કરવા મથો. તે વિના એ બધું તમારે માટે નકામું છે. ને તમે એને માટે નકામા છો. જેવી રીતે સોનામાં તાંબુ છે, છતાં એ સોનું જ કહેવાય છે, ને તાંબુ સોનાને નામે જાય છે, તેમ જંગલમાં એક ચંદનનું વૃક્ષ હોય, તો પણ એ ચંદનનું જંગલ મનાય છે. કારણ કે મહિમા ચંદનના વૃક્ષનો છે. એ જ રીતે તમારી પાસે ભલે ને એક જ સુવિચાર હોય, તો એ વિચાર વિષે વિચાર કરીને, તમે એનું જ આખું વન ઊભું કરી શકશો. અને પછી થોડી ઘણી આડીઅવળી વાતો ક્યાંક છૂપાઈ બેઠી હશે, છતાં પેલો વિચાર જ પ્રધાનપણે આગળ આવતો રહેશે.

'જંગલનો અભ્યાસ કરવો એટલે આ રીતે અભ્યાસ કરવો. જંગલની સંસ્કૃતિ એનો અર્થ પણ આ. એ સંસ્કૃતિ, માણસને માણસ રહેવા માટેનો, પ્રયત્ન માર્ગ બતાવી રહે છે!

'એક બીજા વિદ્વાને લખ્યું છે: 'સૃષ્ટિનું રૂપ એવી રીતે નિહાળવું કે, એ રૂપ પ્રત્યક્ષ ન હોય ત્યારે પણ, એ રૂપ તમારી પાસે હોય! એટલે કે રૂપ ને મન એક થઈ ગયાં હોય! મન ધારે ત્યારે રૂપ પ્રગટાવે!

'એ જ રીત સર્વ તત્ત્વ મેળવવા માટેની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સઘળી વાતમાં રહસ્ય શોધવા માટે મથો!

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૩]

કુતૂહલ અને જ્ઞાનભૂખ

સોલોમનને કોઈકે પૂછ્યું: ‘માણસ જાતને સુધારવા માટે શું કરવું જરૂરી છે?’ સોલોમને તે વખતે જવાબ ન દીધો. થોડા દિવસ પછી પાછો એ જ પ્રશ્ન ફરીને એને પુછાયો.

આ વખતે તેણે પૂછનારને કહ્યું: ‘મારી સાથે ચાલો!’

આગળ સોલોમન ને પાછળ પૂછનાર, એમ બન્નેં જણા ચાલ્યા. થોડેક દૂર ગયા ત્યાં કોઈ ત્રીજો માણસ એમની સાથે થઈ ગયો.

એ માણસ દેખીતી રીતે અતિ ડાહ્યો લાગતો હતો. ચારે તરફ તે બધું જોયા કરતો હતો. ગાઢ જંગલની કેડીએ ત્રણે જણા બોલ્યાચાલ્યા વિના ચાલ્યા જતા હતા. પેલા પ્રશ્ન પૂછનારને ચટપટી લાગી હતી કે, જવાબ આપવાને બદલે સોલોમન તો એને જંગલકેડીને લાંબે લાંબે માર્ગે દોરી જાય છે! શું જંગલમાં એના પ્રશ્નનો જવાબ હશે? કે પછી એમ ને એમ પોતે થાકી જાય, એટલે જવાબ મેળવવાની ઇચ્છા જ તજી દે એવી આ જુક્તિ હશે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

વાહ, રે! તો તો જે ડાહ્યામાં ડાહ્યો ગણાય છે, તેનો જવાબ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાની આ કેવી વિચિત્ર રીત! જવાબ આપવો નહિ, અને છતાં સામો માણસ થાકીને કહે કે, મને જવાબ મળી ગયો!

મનમાં ને મનમાં એ મૂંઝાતો હતો, ત્યાં એની નજર એના પેલા ત્રીજા સાથી ઉપર પડી. અત્યાર સુધી એ બોલ્યા ચાલ્યા વિના ચાલતો હતો. અને ઘણો ડાહ્યો દેખાતો હતો. પણ હવે એ અચાનક રાજા સોલોમનને સવાલ પૂછવા મંડયો હતો. સવાલ નહિ, જાણે કે સવાલો પૂછવા મંડયો હતો.

કાંઈક રસ્તે દેખાય ને પૂછે: 'આ શું?' જરાક નવાઈ જેવું લાગે કે ઊભો રહી જાય અને પૂછે: 'આ શું?'

'આ શું?' 'તે શું?' ને 'પેલું શું?' એના જાણે કે પડઘાઓ હવામાંથી ઊઠતા લાગ્યા! પેલો માણસ પૂછતાં થાકતો ન હતો. એ જાણે કે આજે જ જન્મ્યો હોય એટલી બધી વ્યર્થ કુતૂહલતા એનામાંથી ઊભી થતી હતી! પણ એના પ્રશ્નોનો જો અંત ન હતો, તો રાજા સોલોમનના મૌનનો પણ અંત ન હતો. પૂછનારે અસંખ્ય નકામા સવાલો એટલીવારમાં પૂછી કાઢયા હતા! પણ એના એકે પ્રશ્નનો, વાણીથી કે નિશાનીથી, કોઈ રીતે રાજાએ જવાબ વાળ્યો ન હતો!

અને એક બીજી નવી નવાઈની વાત હતી. અત્યાર સુધી એ ડાહ્યામાં ડાહ્યો લાગતો હતો. પણ હવે જાણે કે એ મૂરખમાં મૂરખ જણાવા મંડયો!

કારણ કે એને કોઈ જવાબ આપે કે ન આપે, એની જાણે એને પડી જ ન હોય, તેમ એના પ્રશ્નો વરસી જ રહ્યા હતા! બધા જ નકામા—અને કેવળ આળસુ કુતૂહલતા [idle curiocity]માંથી પ્રગટેલા! આ શું? પેલું શું? તે શું? ત્યાં શું? વ્યર્થ કુતૂહલતાની [illegible] મણકા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવામાં એક મોટો ધોરી માર્ગ દેખાયો. આ માર્ગે અસંખ્ય માણસોની ને વાહનવ્યવહારની ધમાલ ચાલી રહી હતી. ત્યાં ચાર રસ્તા મળતા હતા. ઘેટાં, ગધેડાં, ખચ્ચર, ઊંટ, ઘોડાં, ગાડી, ગાડાં, માણસ, બકરાં અસંખ્યોની ત્યાં આવજાવની ધમાલ ચાલી રહી હતી.

રાજા સોલોમન ત્યાં આવીને ઊભો રહી ગયો. તેણે પેલા અસંખ્ય પ્રશ્નો પૂછનારને એક જગ્યા બતાવી. પછી એને કહ્યું: 'તું ત્યાં જઈને ઊભો રહે! ત્યાંથી તારી નજર બન્ને બાજુના ચારે રસ્તા ઉપર પહોંચશે!'

પેલો માણસ ત્યાં ઊભો રહ્યો. ને તેણે બન્ને તરફ દૃષ્ટિ કરી તો એ ઘેલા જેવો થઈ ગયો. ચારે બાજુથી સંખ્યાબંધ માણસો, પ્રાણીઓ અને વાહનો આવી રહ્યાં હતાં! અને એ જોઈને એના મનમાં એકી સાથે સંખ્યાબંધ કુતૂહલતા ભરેલા પ્રશ્નો જન્મતા હતા: 'આ શું છે? પેલું શું છે? ત્યાં શું છે? પણે શું છે?' એવા એવા.

પણ આ પ્રમાણે અસંખ્ય વ્યર્થ કુતૂહલતાઓના ભાર નીચે તો એ ઘેલો બની જાય તેવું હતું!

રાજા સોલોમને આ જોયું. એના ચહેરા ઉપર આવી ગયેલા સેંકડો નકામા પ્રશ્નો પણ જોયા. તેણે કહ્યું: 'તું ત્યાં ઊભો રહે, અને તારા બધા પ્રશ્નો શમી જશે. તું જે જગ્યાએ ઊભો છે, તે જગ્યાનો પ્રતાપ એવો છે કે, તું મૂંગો થઈ જશે! તેમ જ ત્યાં તું અચલ બની જશે, ખસી શકશે નહિ અને એમાંથી તારા તમામ પ્રશ્નોના પ્રત્યુત્તરો પણ મળી રહેશે!'

પછી તેણે પહેલા પ્રશ્ન કરનાર તરફ ફરીને કહ્યું: 'તમને પણ મારે આ જ જવાબ આપવાનો હતો. એટલા માટે હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમને આંહીં લાવ્યો હતો. માણસ જ્યારે પર્વતશૃંગ ઉપર ઊભો રહીને દૂર દૂર જતા આવતા વ્યવહારને, દ્રષ્ટા બનીને જુએ છે, ત્યારે એક તો, એને એ વ્યવહાર સુંદર લાગે છે, અને બીજું, એ વ્યવહાર, વ્યર્થ કુતૂહલતા ઊભી કરવાને બદલે, એને આનંદ આપીને અંતર્મુખ થવા પ્રેરે છે. 'આ શું?' એવી ખોટી કુતૂહલતાનો પ્રશ્ન અટકી જઈને, એનું અંતર 'ઓ હો! આવું?' એવા પ્રશ્નમાં શમે છે! એમાંથી એ પોતાની અને દુનિયાની બન્નેની પારના પ્રશ્નને જોતો થશે. માણસ જાતને સુધારવા માટે શું કરવું જરૂરી છે? એ તમારા પ્રશ્નનો આ જવાબ છે.

માણસ જાત તો સુધરે, જો બીજા વિષે વધારે પડતું જાણવાનું છોડીને, એ પોતાના વિષે વધારે પડતું જાણવા મથે તો.

તેમ જ તમારા પ્રશ્નનો આ બીજો પ્રત્યુત્તર છે. મૂર્ખનું નહિ, પ્રાજ્ઞનું મૌન રાખો. એમાંથી અનેક નવા દૃષ્ટિકોણ મળશે. અને દૃષ્ટિપંથ દેખાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૪]

અખૂટ ભંડારની શોધ!

એક ગામમાં પ્રાચીન સમયથી એક પરંપરા ચાલી આવે. એક આગમવાણી પ્રમાણે એક દિવસ આ ગામમાં આકાશ-વાણી સંભળાવાની હતી.

પણ તે દિવસ કયો, તે કોઈને ખબર ન હતી.

પણ એટલી ખબર હતી કે એ આકાશીવાણી દ્વારા, માનવજાત ભલે ખર્ચ્યા કરે, પણ કોઈ દિવસ ખૂટે જ નહિ, એવા એક અખૂટ ભંડારના સ્થાન વિષેની માહિતી મળવાની હતી. એ સ્થાનમાં આખી દુનિયાનો જાણે કે અખૂટ ભંડાર ભર્યો હતો. એટલી બધી સમૃદ્ધિ ત્યાંથી નીકળવાની હતી.

હવે આ અખૂટ ભંડાર વિષે દરેક માણસ પોતપોતાની સમજણ પ્રમાણે કલ્પના કરતો હતો. કેટલાકને મન ત્યાં નર્યા સોનાનો ઢગલો હોવાનો સંભવ હતો. બીજા માનતા હતા કે સોનું નહિ, પણ હીરા માણેક મોતી ત્યાં હોવાં જોઈએ.

એક વૃદ્ધ ડાહ્યાએ કહ્યું: 'ભલા માણસ! હીરા માણેક મોતી ગમે તેટલાં હોય, તો પણ એનો અંત આવી જાય. પારસમણિ નીકળે તો એ અખૂટ ભંડાર કહેવાય! કારણ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ હમેશને માટે તમામ ચીજોને સુવર્ણમય કરી મૂકે! એટલે અખૂટ ભંડારમાં પારસમણિ નીકળવો જોઈએ!'

આ પ્રમાણે દરેકની કલ્પના જુદી જુદી રીતે આ અખૂટ ભંડારને જોઈ રહી હતી!

પણ દિવસો ઉપર દિવસો વીતતા ગયા અને છતાં એ અખૂટ ભંડાર વિષે કાંઈ વાત મળી નહિ, કે ભંડાર દેખાણો નહિ કે કોઈ આકાશવાણી પણ સંભળાણી નહિ!

પછી એક દિવસ એ આખું ગામ બહારગામના મેળા બજારે જવા માટે ઊપડયું.

ત્યાં મેળા બજારમાં ભાત ભાતની ચીજો વેચાવા આવતી. ત્યાં સમુદ્રપારનાં કાળાં મોતી આવતાં. અનુપમ હાથીદાંત આવતો. જંગલ આખું મઘમઘી ઊઠે એવું ચંદન આવતું. હીરા આવતા. અણમોલ રત્નો આવતાં. એક એક કોટી દ્રમ્મની રત્નમાણિક્યખચિત શૃંગાર સાડી આવતી. ત્યાં જે ફૂલ આવતાં તે દુનિયામાં ક્યાંય દેખવા પણ મળતાં નહિ! અત્તર એવું આવતું કે એની સુગંધ હવા તજી શકતી નહિ! ત્યાં નવી નવાઈનાં પંખી આવતાં. ત્યાં એવાં મેનાં પોપટ આવતાં કે જે તમને જાણતાં હોય તેમ તમારી સાથે વાતો કરે! અને પોતે જે સ્વર્ગમાંથી આવ્યા છે તે સ્વર્ગનું એવું વર્ણન આપે કે માણસ બે ઘડી આ દુનિયા ભૂલી જાય!

આવું આ બજાર બાર વર્ષે એક વખત ભરાતું. માણસ જો એ ચૂકે તો થઈ રહ્યું. બીજાં બાર વરસ રાહ જોયા કરે.

આથી આખું ગામ સંચર્યું ને ઊપડયું. સૌએ નક્કી કર્યું હતું કે માત્ર કોઈ એક વિશ્વાસુ માણસને આપણે આંહીં બાકી રહેવા દેવો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ વખત છે ને પાછળથી પેલી આકાશવાણી પ્રગટે તો કંચન વિષેની એ માણસ ભાળ તો રાખી લે!

પછી એમણે ખૂણેખાંચરે તપાસ માંડી કે બીજો કોઈ પાછળ રહી ગયો હોય નહિ. બીજો કોઈ ક્યાંય રહી ગયો નથી તેની બરાબર શોધ કરી. કારણ કે નહિતર એને દગો કરવાનું મન થાય!

બીજો કોઈ નથી રહી ગયો એ વાતની ખાત્રી કરીને, પછી એ બધા પેલું મેળા બજાર જોવા ગયા! પણ જોવા ગયા તેવા જ એમાં તલ્લીન થઈ ગયા! ત્યાં તો એવી એવી ચીજો હતી કે એક જૂએ ને બીજી ભૂલે! એ બધા તો ત્યાં જ ધામા નાખીને પડચા.

આવું બજાર તો બાર વરસે ભરાય, એટલે ચાલે પણ ઠીક ઠીક. આખું ગામ ત્યાં રંગદર્શી જીવનની છાયામાં અટવાઈ ગયું.

પણ હવે જે માણસ ગામમાં હતો તેણે વિચાર કર્યો કે જો આકાશવાણી સંભળાશે, અને આંહીં તો કોઈ નથી, એટલે એ જો ધ્યાન નહિ રાખે—તો, ગામને ઘણું મોટું નુકસાન થશે.

એ આકાશવાણીની વાત તો ખોશે, પણ હજી એ વાત આવી નથી એમ ધારીને, આશામાં ને આશામાં સૌ રાહ જોયા કરશે! ને છેવટે નિરાશા સાંપડતાં ગામ શ્રદ્ધા જ ખોઈ બેસશે, ને અમૂલ્ય ભંડાર ગુમાવશે!

એટલે એ તો રાતદિવસનો ઉજાગરો ખેંચવા માંડચો. ને વખત કાઢવા આમ તેમ ફરવા માંડચો.

એ એકલો ગામમાં ફરવા નીકળ્યો, પણ ક્યાંય કોઈ કહેતાં કોઈ મળે જ નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર ઘેર તાળાં !

એને ફરતાં ફરતાં એક નવી નવાઈની વાત મળી. તમામ ઘેર બરાબર સંભળાય, તેમ આકાશવાણીના ભણકારા જાણે હવે આવી રહ્યા હતા ! હવે—જ્યારે ગામમાં કોઈ ન હતું ત્યારે !

એટલે એણે આકાશવાણી સાંભળવા કાન સરવા કર્યા. તો એમાં એમ આવ્યું કે 'હે જનો ! હું તમને ખરી વાત કહેવા કાલે આવવાનો છું ! કાલે તમે તૈયાર રહેજો !'

બીજે દિવસે આ માણસ તૈયાર થઈને બેઠો. કોણ બોલવાનું હતું એ તો એ જાણતો ન હતો. ત્યાં આકાશવાણી આવી.

પેલો અમૂલ્ય ભંડાર ક્યાં છે તેની વાત સાંભળવા માટે આ ભાઈ તલપાપડ થઈ રહ્યા !

પણ વાત સાંભળતાં જ એના રામ રમી ગયા ! એમાં તો બીજી જ વાત નીકળી ! 'જે ભંડાર તારી પાસે છે તે ક્યાંય નથી. ને જે ક્યાંય નથી, તે તારી પાસે છે !' એમાં તો આવી વાત આવી !

પેલા માણસે બે હાથ જોડીને કહ્યું : 'પણ હે દેવાધિદેવ ! એક અખૂટ ભંડાર હોવાની આગાહી આ ગામમાં અનેક વર્ષોથી ચાલી આવે છે, તે અખૂટ ભંડાર છે ક્યાં ? એ ભંડારની વાત જાણવા માટે તો ગામ આખું મને આંહીં મૂકતું ગયું છે !'

જવાબ મળ્યો :

'પણ ગામ આખું બહાર નીકળી પડ્યું છે, એટલે એ જાણે છે કે, અખૂટ ભંડારમાં પણ પેલા મેળા બજાર કરતાં વધારે કિમતી કાંઈ નહિ હોય ! નહિતર તો એમાંનો એક પણ આંહીંથી ખસત જ નહિ !'

પેલો માણસ હવે રડવા જેવો થઈ ગયો. એને થયું કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ આવી વાત કરશે તો કોઈ માનશે નહિ. સૌ ધારશે કે એણે અખૂટ ભંડારની વાત સાંભળી લીધી છે, પણ ભાઈને એકલાને ભોગવવો છે એટલે કહેતા નથી. અને એમાંથી એને જીવતાં દાટી દેવાનો પ્રસંગ ઊભો થશે!

એણે ગદ્‌ગદ્‌ કંઠે બે હાથ જોડીને વિનતી કરી: 'હે દેવાધિદેવ! તમે કોણ છો એ તો મને કહો. મારે શું કહેવું? અખૂટ ભંડારની વાત કહેવા કોણ આવ્યું હતું એમ સૌ પૂછશે, તો નામ શું આપવું?'

શાંત, સ્વસ્થ, પણ જાણે હવામાં અદૃશ્ય ચાલી રહેલા કોઈ ગુલાબી પદધ્વનિ જેવો મધુર સ્વર આવ્યો: 'હે માનવ! હું તો તારા જ અંતરનો શાંતતમ અવાજ છું. હું બીજો કોઈ નથી. હું દરેકના અંતરમાં બેઠો છું ને દરેકને આ અખૂટ ભંડારની માહિતી આપવાની રાહ જોયા કરું છું!'

'અરે! પણ ભલા ભગવાન! ત્યારે મને કાં એનાથી વંચિત રાખો?'

'જે તને કહેવાનું છે તે જ સૌને કહેવાનું છે હે માનવ! અને તે આટલું જ છેઃ 'જે તારી પાસે છે તે ક્યાંય નથી. ને જે તારી પાસે નથી, તે પણ ક્યાંય નથી. અખૂટ ભંડારનો વારસો આ છે!'

પેલો માણસ તો આ સાંભળીને ઘણો જ નિરાશ થઈ ગયો. એણે તો એમ આશા રાખી હતી કે સોનાના મોટા મોટા ચરુ ક્યાંક દાટ્યા છે, એ વાત આકાશવાણી કરશે! પણ આકાશવાણીએ તો શુષ્ક જ્ઞાનવાત કહીને, એની આશા નિરાશામાં ફેરવી નાખી! આ અખૂટ ભંડારની વાતનો એને શું ઉપયોગ હતો?

જ્યારે ગામ પાછું આવ્યું ત્યારે સૌએ ભેગા થઈને એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂછ્યું કે તને આકાશવાણી સંભળાણી હતી?

તેણે કહ્યું : 'હા. સંભળાણી હતી!' એ સાંભળતાં સૌ નાચવા મંડયા, ને ઘેલા જેવા થઈ ગયા. તેમને-લાગ્યું કે હવે સોનાના ચરુ ઉપર ચરુ હાથ લાગશે!

પણ જ્યારે પેલા માણસે કહ્યું કે આકાશવાણીએ એમ કહ્યું કે અખૂટ ભંડાર તો આપણા હૃદયમાં જ રહે છે, ને ત્યાં નથી, એવો કોઈ ભંડાર બહાર પણ નથી, ત્યારે એની એ વાત સાંભળીને સૌ ગુસ્સે ગુસ્સે થઈ ગયા!

સૌને લાગ્યું કે આને એકલાને ભંડાર પડાવી લેવો છે!

પણ આપણે એને એકલાને કેમ ખાઈ જવા દઈશું?

પેલા માણસની વિપત્તિ વધી પડી.

એના ઉપર તો રાતદીનો પહેરો રહેવા મંડયો. ક્યાંક એ ભાગી જાય નહિ એની સંભાળ લેવા મંડયા. એને મનાવવા માટે પણ અનેક જુક્તિઓ થવા માંડી. એ માંદો પડે તો દસ દસ વૈદ હાજર થઈ ને એને દવાના 'ડોઝ' ઉપર 'ડોઝ' દેવા મંડયા. ક્યાંક મરી જાય ને પેલી વાત પણ તેની સાથે મરી જાય તો!

એટલે આને તો છતે પ્રાણે નિષ્પ્રાણ જેવું જીવન ગાળવાનું આવ્યું. એને કોઈ ક્યાંય ફરકવા જ દે નહિ ને!

એ આપઘાત કરી ન બેસે માટે રાતે પણ જાગતી ચોકી રાખવા મંડયા.

પણ એમાંથી એને એક વાત સૂજી. એને લાગી આવ્યું કે માણસ માણસને એટલો ચાહતો નથી, જેટલો એ વસ્તુઓને ચાહે છે! એના પોતાના જીવતા જીવન કરતાં આ લોકોને મન સોનું જ વધારે કિંમતી હતું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે હવે આકાશવાણીના સત્યની એને કાંઈક ઝાંખી થઈ!

એને લાગ્યું કે માણસો ખરેખર નકામા પદાર્થના મોહમાં સાચા પદાર્થને ખોઈ બેઠા છે!

એવી એના મનની અવસ્થા થઈ, ત્યારે એ મનમાંથી જ એક દિવસ વાણી આવી: 'હે માનવ! જ્યાં બધે જ અસત્ય છે, ત્યાં તને મળેલું આટલું સત્ય, એ જ સાચો અખૂટ ભંડાર છે! તું આટલા ભાથા વડે પણ તારો પ્રવાસ આગળ કરી શકશે! આટલા અંશને સંપૂર્ણ જ્ઞાન માનશે તો તું ડૂબશે જ્ઞાનનો એક અંશ બીજા અંશને લાવે છે, એમ માનીને હજી વધારે ઊંડો જા! અખૂટ ભંડાર ત્યાં છે!'

ધીમે ધીમે ગામલોકોને પણ પ્રતીતિ થઈ કે આ માણસે મનમાં કાંઈ સંતાડ્યું નથી. પછી એને છોડી મૂક્યો. પણ આટલી આ વિપત્તિ-વેદનાએ એને જે જ્ઞાન આપ્યું હતું, તે એનું પોતાનું થઈ ગયું! કારણ કે એ જીવન અગ્નિની એરણમાં ઘડાયું હતું.

ત્યારે વળી એને વધારે વિશ્વાસ બેઠો કે ખરેખર, આકાશવાણીની વાત સાચી છે. માણસની પાસે છે તે ક્યાંય નથી, ને એની પાસે નથી, તે પણ ક્યાંય નથી! અખૂટ ભંડાર કાં માણસ પાસે છે, અથવા તો ક્યાંય નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૫]

સત્યનું સ્થાન!

એક વખત દેવસભામાં મોટી ચર્ચા ઊપડી. 'સત્યનું સ્થાન ક્યાં છે?' સત્યની વાત આવી, એટલે સૌ ગાજી ગાજીને બોલવા મંડ્યા કે સત્યનું સ્થાન બધે! સત્યનું સ્થાન ક્યાં નથી એમ કહો ને!' વચનમાં કોઈ દરિદ્રતા શું કરવા રાખે?

કોઈ દેવ કહે કે: 'સત્ય વડે જ સંસાર નભે છે.'

બીજો બોલ્યો: 'સત્ય વડે તો ત્રિભુવન ટકેલ છે.'

ત્રીજાએ ત્રીજી વાત કરી.

એમ બધા બોલવા મંડ્યા, પણ વીણાપાણિ નારદજી ત્યાં હતા, એ કાંઈ બોલે નહિ. બેઠા બેઠા બધું સાંભળે!

એટલે ઇન્દ્રદેવતાએ એમને કહ્યું 'નારદજી! તમે સંસારમાં પણ ફરો છો. ત્રિભુવનમાં પણ વિચરો છો. બોલો સત્યનું સ્થાન ક્યાં છે?'

નારદજી હાથ જોડીને બોલ્યા કે મહારાજ! કેટલીક વાત ન બોલવામાં જ સાર છે!

પણ નારદજીએ વાતમાં [illegible] બોલે તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌએ કહ્યું કે 'ના ના, તમે જાણતા હો તે કહો! સત્યનું સ્થાન ક્યાં છે?'

નારદજીએ હાથ જોડીને કહ્યું: 'દેવાધિદેવ! સત્ય ખરી રીતે ક્યાં રહે છે, તે જોવું હોય તો મારી સાથે ચાલો!'

એ ઉપરથી દેવાધિદેવ ને નારદજી બન્ને જણા પૃથ્વીમાં ફરવા આવ્યા.

જ્યાં કોઈ ભપકો જુએ, મહાલય દેખે, મોટી મોટી ઈમારત જુએ, ત્યાં બન્ને જણા હોંશે હોંશે જાય: એમને એમ કે 'સત્યમેવ જયતે' એ સૂત્ર પ્રમાણે આ સુખસંપત્તિ સત્યમાંથી જ જન્મી હશે! પણ જેવા જાય તેવા પાછા આવે. બધે જ દેખાવ જુદો, કામ જુદું, અંદરની વાત જુદી. ક્યાંય દેખાવનો ને અંદરની વાતનો મેળ જ મળે નહિ!

મોટા મોટા ધાર્મિક સ્થળોમાં ગયા. મહાન પંડિતોને ત્યાં ગયા. કોટીપતિ નગરશેઠોને ત્યાં ગયા. મોટા મોટા લોકસેવકોને ત્યાં ગયા! બધે જ એક વાત. હાથીના દાંત!

છેવટે તો ઈન્દ્રરાજા થાક્યા. તેમણે નારદજીને કહ્યું: 'નારદજી! આમાં તો ક્યાંય સત્યનું સ્થાન નથી! સત્યનું સ્થાન ક્યાં છે એ બતાવોને!'

નારદજી હસી પડ્યા: 'મહારાજ! મેં તો તમને પહેલેથી કહ્યું હતું કે તમે પોતે જોશો એટલે ખાત્રી થશે!'

'પણ ત્યારે આટલી બધી વાણી, આટલાં બધાં પ્રવચનો, આટલી બધી રાજવ્યવસ્થા, આટલી બધી સભાઓ, લેખો, લખાણો, ચિત્રો, શબ્દો, કથાઓ, બધું જ ફોક એમ?'

'બધું ફોક નહિ મહારાજ! પણ સત્યને એક જ જગ્યાએ વસવું ફાવે તેમ છે. અને એનું કારણ છે મહારાજ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ક્યાં વસવું ફાવે તેમ છે?'

'એ વિષે જૂના વખતની એક વાત છે. બ્રહ્માએ એક વખત સૌન્દર્યની રાણી સરજી. પણ સુંદરતાના તમામ નિયમો પાળવાના આગ્રહમાં એ મૂર્તિ એવી સુંદર થઈ કે ન પૂછો વાત! પણ જો એને કોઈનો પણ હાથ અડે, તો એ તરત હવા બની જાય! અરે હાથ શું, કોઈની નજર પડે કે હવા!

'એટલે એ સુંદરતાની અનુપમ મૂર્તિને છેવટે ક્યાં મૂકવી એ બ્રહ્મા માટે પ્રશ્ન થઈ પડયો. એમણે એ સૌન્દર્યમૂર્તિને છેવટે કોઈ કલાકારના હૃદયમાં મૂકી દીધી.

'એટલે એ અમર બની ગઈ. અને જ્યારે જ્યારે દુનિયા અસુંદરતાથી ત્રાસી જાય, ત્યારે કોઈ ને કોઈ કલાકારના અરણ્યરુદનમાંથી એ જીવંત થતી રહી! એને જીવંત કરવા માટે કલાકારનું દિલદર્દ જોઈએ!'

ઈંદ્રદેવે ઉતાવળે ઉતાવળે કહ્યું, 'અરે, એ તો ઠીક, પણ સત્યનું સ્થાન ક્યાં છે નારદજી! ચાલો ને, આપણે એની વાત કરીએ ને આપણે એને જ જોવા જઈએ!'

નારદજીએ હસીને કહ્યું: 'મહારાજ! હું તમને એ જ કહી રહ્યો હતો. કવિ અને ચિત્રકાર અને એવા એવા કલાભક્તોએ સૌન્દર્ય રાણીને પોતપોતાના દિલમાં સંઘરી રાખી છે. એટલે હવે સત્યને કોણ સંઘરે એ તમે જ કહો!'

'એ જે હોય તે' ઇન્દ્રદેવે કહ્યું: 'પણ આપણે તો એને ત્યાં જવું છે. સત્ય સંઘરનારને ત્યાં. જોઈએ તો ખરા કે એણે શી રીતે આવા મહામોંઘા સત્યને જાળવ્યું છે. જે સત્યને ભલભલા નરપુંગવો પણ જાળવી શકયા નથી, તે સત્ય શી રીતે જળવાયું છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નારદજી ઈન્દ્રદેવને એક ઠેકાણે લઈ ગયા. ત્યાં પોળમાં અંધારું હતું. એક નાના નીચાઘાટના ઘરમાં વીજળીની બત્તી બળી રહી હતી.

નારદજીએ ઈંદ્રદેવને ત્યાં ઊભા રાખ્યા, ને કહ્યું : 'મહારાજ! અંદર દૃષ્ટિ કરો, સત્ય આંહીં વસે છે!'

ઇન્દ્રદેવે અંદર દૃષ્ટિ કરી. પણ ત્યાં તો બેઠો બેઠો, એક નાનકડો, બિનઅનુભવી વિદ્યાર્થી જેવો છોકરડો, કાંઈક લખી રહ્યો હતો.

ઈંદ્રદેવે નારદજીને કહ્યું: 'નારદજી! આંહીં તો કાંઈ નથી!'

નારદજીએ કહ્યું: 'મહારાજ! એક છોકરો અંદર નથી?'

'છોકરો તો છે, પણ સત્યને શું એ જાળવી રહ્યો છે?'

નારદજી હસીને બોલ્યા: 'મહારાજ! મારી કહેવાની વાત જુદી જ છે. સત્ય, હવે તો, બિનઅનુભવી વિદ્યાર્થીઓના નિબંધમાં માત્ર રહે છે! એ છોકરો 'સત્ય' વિષે નિબંધ લખી રહ્યો છે, કારણ કે કાલે એની પરીક્ષા છે. ને એ નિબંધમાં પણ સત્ય નથી, કારણ કે એ પણ કોઈકના નિબંધમાંથી ઉતારો કરી રહ્યો છે!

'એટલે અત્યારે તો સત્ય, છોકરાઓના નિબંધમાં રહે છે! બીજે ક્યાંય એનું સ્થાન નથી!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૬]

કમનસીબીને ઘોળી પીઓ !

મહાન જર્મન કવિ ગએટેની માતા બળવાન શક્તિ જેવી હતી. એને કોણ જાણે કેમ બાળપણથી જ એક અદ્‌ભુત વારસો મળ્યો હતો. આવો વારસો બહુ થોડાને મળે છે. આવો વારસો હોવો એ સદ્‌ભાગ્ય છે. પણ જો એ ન હોય તો એને મેળવવો એ વધુ મોટું સદ્‌ભાગ્ય છે.

એ વારસો તે આ. ગએટેની મા માનતી કે, દુનિયામાં ક્યાંય નિરાશા નથી. તે વસ્તુસ્થિતિને હમેશાં એવી રીતે પકડતી. એક પગે લંગડાને એમ કહેવાય કે ભાઈ, તારા જેવો સદ્‌ભાગી કોઈ નથી. તારો પાડોશી બે પગે લંગડો છે. એક અંગ્રેજ દંપતીની વાત છે કે, પરણ્યા પછી પુરુષને લડાઈમાં જવું પડ્યું. જ્યારે એ પાછો આવ્યો ત્યારે એણે પોતાની સ્ત્રીને લંગડી થઈ ગયેલી જોઈ. માણસ સજ્જન હતો, એટલે પોતાના દુર્ભાગ્યને—એમ વિચારીને એ સહન કરી રહ્યો કે કદાચ હું લંગડો થયો હોત, તો એની પાસેથી જે સહાનુભૂતિની અપેક્ષા હું રાખત, એવી સહાનુભૂતિની અપેક્ષા, એ અત્યારે મારી પડોશી રાખે એ સ્વાભાવિક છે. આ પ્રમાણે એમનો નાનકડો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસાર કોઈ જાતના ઘર્ષણ વિના ચાલ્યો તો ખરો !

પણ માણસનું મન અજબ જેવું છે. એમાં ઉપર ઉપરથી દેખાતી શાંતિમાં ને વિવેકમાં પણ, ઘણી વખત કડવાશ રહી શકે છે. એ કડવાશ અચાનક ભભૂકે છે, ને ત્યારે બધું ઉથલપાથલ કરી મૂકે છે. આ ભાઈએ મનમાં સમાધાન તો લીધું, પણ એનું મન અસંતોષમાં રહી ગયું. એને થયું કે એનો સંસાર બે રીતે બગડ્યો. એના સંસારમાં સુખ ન રહ્યું. કોઈ સંતાનને આમાં આવવાનું કહેવું એ પણ ઠીક ન હતું. એટલે નાનકડાં છોકરાં વિનાનો એ સંસાર ભયંકર રીતે શૂન્ય પણ હતો.

એક વખત એવું બન્યું કે બન્ને ફરવા ગયાં. અકસ્માત વરસાદ આવ્યો. એટલે એમને એક ગરીબ ઝૂંપડામાં આધાર લેવો પડ્યો ! ત્યાં એમણે જોયું કે આંહીં, આ ગરીબીમાં પણ કાંઈક એવું હતું કે જેથી વાતાવરણમાં શાંતિ લાગતી હતી ! તેમણે એક નાનકડા, તંદુરસ્ત, રૂપાળા શિશુને આમ તેમ દોડતું જોયું. એમને બન્નેને એ વખતે લાગ્યું કે આ શિશુને લીધે આંહીં એક પ્રકારની મીઠાશ વસી રહી છે ! બન્નેને અચાનક જ એ વિચાર આવ્યો કે, બાળક એ માતાપિતા બન્નેને વધારે સારી અને વધારે સાચી માનવતા શિખવાડવા માટેની કુદરતની એક શાળા જ છે !

એટલામાં એમની નજર ઘરધણી ઉપર પડી. તંદુરસ્ત જુવાન સુખી માણસ હતો. ગરીબ હતો, પણ ગરીબાઈમાં મરી ગયો ન હતો. ગરીબાઈ એને મારી શકે તેમ પણ ન હતું ! ગરીબાઈને જીરવી જીરવીને પણ જીવન ઘડી શકાય, એમ કહેવા માટે જ જાણે એ હતો.

પણ એની સ્ત્રી ? ફરવા આવનારા બન્નેને નવાઈ લાગી. એ અપંગ હતી. કોઈના કહ્યા વિના જ આ વસ્તુસ્થિતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંડી અસર ફરવા આવનાર દંપતી ઉપર થઈ ગઈ.

ત્યાર પછી જ્યારે એ ઘેર પાછાં ફર્યાં ત્યારે એમને લાગ્યું કે એમના જીવનમાંથી અરધો અસંતોષ દૂર થઈ ગયો હતો.

એના કારણમાં એમણે જોયેલું પેલું ગરીબનું જીવન હતું !

કારણ કે કેવળ પુસ્તકોમાં નહિ, કોઈના જીવનમાં પણ ડોકિયું કરીને, માણસ ધારે, તો પોતાને માટે ઘણું મેળવી શકે છે !

ગઅટેની માતા કહેતી કે જે કમનસીબી મારી પાસે આવે છે તેને જોવા હું થોભતી નથી. જોવા ઊભા રહીએ તો એનો પડછાયો મોટો ને મોટો થતો જાય છે! પણ જો એને ઘોળીને પી જઈએ, તો થોડીવારમાં એ અદૃશ્ય થઈ જાય છે ! એટલું જ નહિ, બીજી જ દિશા જાણે ઊઘડતી લાગે છે !

એણે જીવનમાં એક સિદ્ધાંત સ્થાપ્યો હતો. દોષ વિનાનો કોઈ ગુણ નથી. એમાંથી માત્ર ગુણ લેવો. દોષને છોડી દેવો. એનું કહેવાનું એમ હતું કે દોષને સુધારવાનું કામ ઈશ્વર ઉપર છોડી દેવું. ગુણને પકડી લેવાનું કામ આપણે કરવું.

પ્રસંગો ઘણી વખત આપણા માગ્યા આવતા નથી. એમ લાગે છે કે પ્રસંગો આપણને શોધતા રહે છે. એટલા માટે જ્યારે એ આવે ને એમને, એમ ને એમ સ્વીકાર્યા વિના છૂટકો ન હોય, ત્યારે ઓછામાં ઓછી ફરિયાદ કરવાથી વધારેમાં વધારે સારો માર્ગ મેળવી શકાય.

એક દિવસ એક દર્દીને ત્યાં જવાનો પ્રસંગ આવ્યો.

સામાન્ય રીતે લાંબો મંદવાડ એ ફરિયાદોનું ધામ થઈ જાય છે. લાંબા મંદવાડને દરેક વસ્તુ અઘટિત લાગે છે !

પણ જ્યારે એ દર્દી પાસેથી ઊઠવાનો વખત થયો ને બહાર નીકળ્યા ત્યારે લાગ્યું કે એક અત્યંત શાંતિભર્યા સ્થાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસવાનું થયું હતું !

ગએટેની માતાના શબ્દો યાદ રાખવા જેવા છે, ' જ્યારે પણ મુશ્કેલી પડે ત્યારે વધારે મુશ્કેલી ન આવ્યાનો ખ્યાલ કરો, અને તમને એક આશ્ચર્યોનું આશ્ચર્ય જોવા મળશે ! તમારા જ અંતરમાંથી આશ્વાસન અને આનંદનો સ્તંભ ઊભો થશે ! કારણકે તમારા હૃદયમાં ખરી રીતે તો એ સિવાય બીજું કાંઈ જ રહેતું નથી ! ' કોઈ પણ દિવસ ' આનો અંત જ નહિ આવે ' એમ બોલો નહિ. દરેક વસ્તુનો અંત આવે જ છે. એ કુદરતનો નિયમ છે. નેપોલિયનનું નાનકડું શરીર જોઈને એની શાળાના જ ઘણા લશ્કરી મિત્રો એની આ પસંદગી માટે આશ્ચર્ય બતાવતા ! પણ જે વજ્જર નિશ્ચય હૃદયમાં રહે છે, એ જ સૌથી બળવાન છે. મુશ્કેલીઓને પણ એવા નિશ્ચયથી જ જીતી શકાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૭]

વર્ષો થયાં

વર્ષો થયાં, હું એવા માણસને શોધું છું, જેની પાસે મૃત્યુ વિષે કાંઈક નિર્ણયાત્મક સંશોધન હોય!

જેણે મૃત્યુ વિષે અમુક ચોક્કસ પ્રકારનો નિર્ણય બાંધ્યો હોય, અને એનો એ નિર્ણય પોતાના મનોમંથનમાંથી એને પ્રાપ્ત થયો હોય.

પણ જેને જેને મેં મૃત્યુ વિષે પૂછ્યું તેણે તેણે કહ્યું કે એ એક જ વિષય એવો છે, જેના વિષે કોઈ જ કાંઈ જાણતું નથી. અને છતાં અનિવાર્ય રીતે, એ એક દિવસ દરેકને મળવા આવવાનું છે.

એક અત્યંત આશાવાદી માણસે મને એમ કહ્યું કે મૃત્યુ વિષે વિચાર ન કરવાથી, જાણે કે એ આવવાનું જ ન હોય એવું તમને લાગશે! અને આપણી આ ટૂંકી જિંદગી માટે મનનો એટલો વિસામો તો બસ છે!

બીજા એકને મળ્યો. તે તદ્દન નિરાશાવાદી હતો. તેણે મને કહ્યું: 'અરે ભાઈ! જવા દે ને મૃત્યુની વાત! એક તો આંહીં જ્યાં રહેવા ખાવાનાં ઠેકાણાં નથી, ત્યાં મૃત્યુની વાત કરવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ મૂરખાઈ નથી? આ જ મૃત્યુ છે એમ સમજી લો ને!'

હવે મરવાનું મન તો મને પણ છે. જો કોઈક એવું વરદાન આપવા આવે, કે તારે આંહીં હમેશાં જ રહેવાનું છે, તો હું બે હાથ જોડીને માગી લઉં કે ના ભગવાન! મારે જવાનું છે એટલું તો નિશ્ચિત રાખો. પછી ભલે લાંબે ગાળે જવાનું હોય!

પણ મૃત્યુ જ્યારે અનિવાર્ય જ છે ને એ આવવાનું છે એ ચોક્કસ છે, તો એની ખરી મજા, માણસને ત્યારે મળે, જ્યારે એ એની ઇચ્છેલી રીતે મૃત્યુ પામે. તો એને મૃત્યુનો દંશ લાગે નહિ. અને એ પણ એક આનંદ અવસ્થા હોય તેવું જણાય. મારી ઈચ્છેલી રીતે મને મૃત્યુ મળે તો ખરેખર એ એક પ્રકારની આનંદછટા આપી જાય!

ડાહ્યા, મૂર્ખ, અનુભવી, પંડિત, સાધુ, સંન્યાસી, જોગી, જતિ, કોઈ કહેતાં કોઈ, જ્યારે મૃત્યુ વિષે કાંઈ કહી શકતા નથી, અને મૃત્યુ વિષે કાંઈ જ સ્પષ્ટ ખ્યાલ આપણને આવી શકતો નથી, ત્યારે એના વિષેની વાત કરવી નકામી છે એમ ગણીને, કેવી રીતે મરવું ગમે, એની જ કલ્પના ન કરીએ?

એ કલ્પના પ્રમાણે, ઘણાને સંભવિત છે કે રણક્ષેત્રમાં મરવું ગમે. હવે એ બહુ રસનો વિષય રહ્યો નથી લાગતો, છતાં આવેશમાં માણસ કોઈક વખત જુદ્ધમાં મરવાને મોટું માન ગણે. ઘણા એમ ગણે પણ છે. પણ મારી કલ્પનાને એવું ઐચ્છિક મૃત્યુ ન ગમે.

કેટલાક કાર્યતલ્લીન માણસો પોતે પોતાના કામમાં હોય ને છેલ્લી પળ આવી પહોંચે, ને એમને ભલે ઉપાડી જાય, એમ ઈચ્છે છે. એમની એ કાર્યપરાયણતા માટે ઘણું માન છતાં, એવી રીતે ઊપડી જવાનું મને ગમતું નથી! અમારા એક પડોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેતા હતા કે એમને તો સવારમાં 'કોફી'નો પ્યાલો આવ્યો હોય, કુટુંબીજન બધાં ભેગાં થયાં હોય, વાતોચીતો ગપ્પાં ચાલતાં હોય ને એ કોફીના પ્યાલાને અંતે, શાંત ઝોકા સમું મૃત્યુ મળી જાય તો બસ! એમના જીવનનું એ સ્વપ્ન હતું. જો કે પછી એ તો ત્રીજે માળેથી પડીને મર્યા. પણ એમનું સુંદર સ્વપ્ન યાદ રહી ગયું છે. એ સુંદર છતાં 'ભિન્ન રુચિર્હિ લોકાઃ' એ ઉક્તિ પ્રમાણે, એ એક અભિપ્સિત વસ્તુ તરીકે મારે માટે રહી શક્યું નથી. એમ જવામાં પણ મજા હશે, ખાસ કરીને જનારને માટે, પણ આમ જવાનું થશે, એમ જો નિશ્ચિત રીતે કોઈ કહે તો સોમાંથી નવાણું પૂર્ણાંક નવ દશાંશ, એવું તૈયારી વિનાનું મૃત્યુ નહિ ઇચ્છે. એ સત્ય ન હોય તો પણ આ મૃત્યુ ઇચ્છવા જેવું નથી લાગ્યું!

કેટલાકને સૌ આપ્તજનોની હાજરીમાં ઠીક લંબાણમાં પડેલા મંદવાડને અંતે મૃત્યુ આવે એ ગમે. કારણ કે તેથી સૌની સાથે છૂટથી વાતોચીતો કરી લીધાનો લહાવો મળે. તો બીજા કેટલાક ટૂંકા મંદવાડને અંતે મૃત્યુ આવે એમ ઇચ્છે છે! કોઈક વળી એમ પણ માને છે કે મંદિરમાં દર્શન કરવા જઈએ ને ઠેશ વાગે ને ત્યાં જ રામ રમી જાય તો જીવન ધન્ય થઈ ગયું કહેવાય.

કોઈકને એમ ઇચ્છા હોય છે કે કુટુંબમાં કોઈ કરુણ અવસાન થવાનું હોય, તો એ દેખ્યા વિના એમ ને એમ જવાનું થાય એટલે બસ! આડી વાડી બધી સલામત જોઈને જવાનું થાય એ ઇચ્છા તો લગભગ બધા જ વૃદ્ધોની જણાય છે.

પંડિત સોલને રાજા સાઈરસને સુખદ જીવનની વાત કહી ત્યારે એમાં એણે એક એથીસની વાત કરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ બન્ને ડોશીમાને જાત્રા કરાવી આવ્યા. પછી ઘેર આવ્યા. સૌ રાત્રે હળીમળીને આનંદમાં વાતો કરતા બેઠા. અને આનંદવિનોદમાં સૂઈ ગયા તે સૂઈ ગયા !

પંડિત સોલને કહ્યું કે આ સુખદમાં સુખદ જીવનનો સુખદમાં સુખદ અંત હતો !

પણ, તે છતાં આવી કોઈ રીતે મૃત્યુ આવે એ મારી કલ્પનાને ગમતું નથી.

ત્યાં એક જૂદી જ વાત બેઠી છે. પાંડવો હિમાળો ગળવા ગયા એ લોકોક્તિએ વર્ષોથી મારા દિલનો એક છાનો ખૂણો કબજે કરી લીધો છે. કથાકાર જ્યારે જ્યારે એક પછી એક, હિમાચળ ચડતા પાંડવોને આલેખતો, ત્યારે ત્યારે મારું મન જાણે હિમાચળને પ્રત્યક્ષ જોતું હોય, અને એના વિશાળ ઊંચે જતા પટ ઉપર લાકડીને ટેકે ટેકે ધીમે ધીમે ચાલ્યા જતા ચાર પાંચ મનુષ્યો દેખાતાં હોય, તેમ એ વર્ણન આવતાં, એક પળભર નેત્રો મીંચાઈ જતાં હૃદય કોણ જાણે કયાંથી–પોતાનામાંથી જ–એ વખતે, એક મધુર વેદના ભરેલી સુગંધી બંસી શોધી લાવતું. અને એના ધીમે ધીમે લુપ્ત થતા સ્વરમાં એ પણ સાથે સાથે જ જાણે ઊડી જતું !

વર્ષો પહેલાં એ અનુભવાતું અને પછી ઘણી વખત અનુભવાતું. આજ પણ એ જ અનુભવ હજી જાણે ત્યાં બેઠો છે !

એમ કહેવાય છે કે હિમાચળમાં સત્તર હજાર ફૂટની ઊંચાઈએ તો કડક ચાનું પાન પણ શરીરને જાણે જોઈતું નથી ! એને જાણે કે પછી કાંઈ જ જોઈતું નથી ! ખોરાક જેમ ઘટતો જાય છે તેમ ઊંઘ પણ જરૂરી જણાતી નથી. વીસ હજારની ઊંચાઈએ ચાર કલાકની ... ત્રેવીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હજારે, એક કલાક, બસ લાગે છે ! આ ઉપરથી અનુમાન કરાય કે વધારે ઊંચે જતાં ઊંઘની કે ખોરાકની કોઈની જરૂરિયાત દેહને રહેતી જ નહિ હોય ! પછીની હવામાં સ્વરોની હેલી રહેતી હશે ! મને ઘણી વખત એમ થાય છે કે એટલી ઊંચાઈએ જવાનું શકય બને, અને ત્યાંની હવા સાથેના તાનમાં, દેહ પણ ધીમે ધીમે હવા થઈને હવામાં સળી જાય એવું થાય, કે ત્યાંના હજારો માઈલોની મુસાફરી ખેડતા સ્વરો સાથે એ સ્વરમૈત્રીમાં પડી જાય. . એક સ્વર થઈને હવામાં વિચરવા મંડી જાય. . સુખદમાં સુખદ મૃત્યુ આ છે !

આ બધું અશકય છે એ ખરું, પણ અશકયની કલ્પનામાં જે આનંદ છે તે શકયની સિદ્ધિમાં છે ખરો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૮]

સિંહ અને પતંગિયું!

એક વખત મને વળી આ બેની સરખામણી કરવાનું મન થઈ આવ્યું. અને મારું મન આશ્ચર્યમાં ડૂબી ગયું કે લોકો જેને બહાદુરમાં બહાદુર ગણે છે તે સિંહ પતંગિયાની તુલનામાં ખરી રીતે નબળામાં નબળો હોય છે! કરોળિયાની તુલનામાં એને ઘણાયે નબળો ગણ્યો છે, પણ આ તો પતંગિયું!

સિંહ અને પતંગિયામાં, બળવાન પતંગિયું છે. સિંહ નબળો છે.

પતંગિયાનું જીવન કેટલું ક્ષણિક છે! અને છતાં એ ક્ષણની પણ સૂક્ષ્મ ક્ષણમાં, એ એટલી તો રંગદર્શી આનંદ હવા પ્રગટાવી જાય છે કે કોઈને એમ જ લાગે કે જાણે એ પતંગિયું નથી, પણ રંગીન હવા જ છે! અને વાતાવરણના જે ફેરફારમાં એ પોતાની જાતને તરતી રાખે છે, એવા ફેરફારમાં બીજાં કંઈક બળવાન પ્રાણીઓ તો નરમઘેંશ થઈને કોણ જાણે ક્યાંનાં ક્યાં ભરાઈ બેસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

પતંગિયું તો જેમ ઉષાની આનંદમોહિનીને વધાવે છે,

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ જ ભયંકરમાં ભયંકર હવાને પણ વધાવી લે છે ! એના નાજુક દેહને હવા પાડી દેશે, તો એ શરમ હવાની ગણાશે: પોતાને શું ? હવાથી ડરીને એ ઘર નહિ શોધે ! એને તો રંગ, રૂપ, પ્રકાશ, હવા, ફૂલ એમાં ફરતા રહેવાનો સંદેશો જ મળ્યો છે. એ પોતાનો સંદેશો ભયાનક હવા સોંસરવો પણ વહી રહે છે. એના રૂપનો, રંગનો, શોભાનો, નાજુકતાનો પાર નહિ અને આ કાર્યપરાયયણતાનો પણ પાર નહિ ! એટલે તો એ ખડકનું ફૂલ કહેવાય છે !

અને નાનું નાજુક રંગરંગીન ફૂલ હોય એવું એ, જ્યારે હવામાં ઊડે છે, ત્યારે ત્યાં પણ કોઈ સ્થળે એ ઠરી ઠામ બેસીને, મોહભરી ઘરની ઘેલછામાં પડતું જ નથી. એનું ઘર તો જુઓ !

હવા જ જાણે એનું ઘર !

સિંહ તો ભયાનક હવાથી ત્રાસી ઊઠશે. પ્રકાશ દેખીને ભડકી જાશે. ગુફામાં ને કાં હુવામાં ઊંઘ સિવાય જીવનનો બીજો કોઈ આનંદ નહિ, એવી સ્થિતિમાં દિવસો ગાળશે ! એની પાસે કુદરતને કંઈક આભરણથી ભરી દેતો એવો કોઈ રંગરંગીન શણગાર નહિ. એની બીકનો પાર નહિ. અંધારા સિવાય એને મજા નહિ.

એની તુલનામાં એક કે બે ક્ષણનું જીવન ગાળતું પતંગિયું એ બે ક્ષણમાં તો કેટલાં વીરકાવ્યો લખી જાય છે ! હવાની લેરખીમાં એ પોતાની જાતને જાણે કે તરવા દેતું હોય તેમ આમ તેમ મોજથી ફર્યા જ કરે છે. જાણે કે એ પળેપળમાં ને રજેરજમાં આનંદ જ દેખતું હોય !

અને ભય ....? પતંગિયા જેટલું નિર્ભય કોણ છે ? પ્રકાશની સોંસરવું નીકળી જઈને નવો ફૂલશણગાર સજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેવાની એની મહેચ્છાને કેટલાક મોહ ગણે છે ને કેટલાક મૂર્ખાઈ માને છે, પણ જીવનને એક ક્ષણને માટે અદ્‌ભુત રીતે જીવી જવામાં જે બહાદુરી છે, એ વર્ષો સુધી લંબાતા અને 'સલામતીની શોધમાં' ફરતા જીવનમાં નથી, એટલી સાદી વાત દુનિયા ક્યારે સમજશે? અને ક્યારે પતંગિયાને સમજશે? એ વાત સમજાતી નથી એટલે તો એને ત્યાં સાહસવીરોની વિરલ પંક્તિ દેખા દે છે. સાહસવીરોની ભરતી કોઈ દિવસ દૃષ્ટિએ પડતી જ નથી!

—અને આટલી સુંદરતા છતાં પતંગિયામાં કોઈ દિવસ એનું અભિમાન જોયું? એ સુંદરતા પણ એક પ્રકારની હવા હોય એમ, એણે એને પણ પોતાની સહજ આનંદવાટિકાનું એક પુષ્પ માની લીધું છે! આટલી સુંદરતા જો કોઈ પંખીને મળી હોત તો એના અભિમાનનો પાર ન હોત!

પતંગિયાની ખરી ખૂબી આ છે. એને પળે પળ આનંદથી જીવી લેવું છે! ઘણાનાં જીવન ઊંઘણશીની જેમ લંબાયા જ કરે છે, એને મુકાબલે પતંગિયાનું એક પળનું જીવન એ જીવન કહેવાય તેમ છે.

કદાચ પતંગિયાને વાણી હોય ને કોઈ એને પૂછે કે તારું આ ક્ષણિક રંગદર્શી જીવન તને કરુણ નથી લાગતું? તો એ એટલો જ જવાબ આપે કે તમે કહો છો ત્યારે મને ખબર પડે છે કે, મારે એક અનોખો આકાર છે ને હું એક જીવન જીવી રહ્યું છું. હું તો અત્યાર સુધી એમ માનતું હતું કે કોઈ આનંદભરી હવા વહી રહી છે ને એ હવામાં હું પણ હવામય છું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૯]

સૌ સૌના તાનમાં !

એક સો પગવાળા કાનખજૂરાને એક તીતીઘોડો મળ્યો. વાત વાતમાં તીતીઘોડાએ કાનખજૂરાને કહ્યું: 'તને આટલા બધા પગનો ભાર જણાતો નથી ?'

કાનખજૂરાએ જવાબ વાળ્યો. 'મને પણ એ જ પ્રશ્ન થાય છે કે તારે આટલા ઓછા પગ છે, તો તને અપંગતા જેવું જણાતું નથી ?'

તીતીઘોડાએ કહ્યું: 'ના રે ! મને તો ઊલટાનું એ કુદરતી જેવું લાગે છે ! એકાદ પગ ઓછો થાય તો મૂંઝાઈ જાઉં ખરો.'

'ત્યારે મને પણ આ કુદરતી લાગે છે. ને વધુમાં એનાથી મોટું રક્ષણ મળે છે. મારે એકાદ પગ ઓછો વધુ થાય તો મૂંઝાવાપણું નહિ ! લોકો પણ કહે છે કે કાનખજૂરાને એક પગ ભાંગ્યો તોય શું ? એટલે આ ઠીક છે !'

છતાં તીતીઘોડો બોલ્યો: 'નવી નવાઈની વાત ! આટલા બધા પગનો ભાર આપણાથી તો ન વેંઢારાય !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સો પગાળો બોલ્યો: 'મને પણ એ જ લાગે છે. આટલા

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડા પગની અપંગતા ભગવાને મને આપી હોત તો મારું શું થાત !'

આ બન્નેની વાત ચાલતી હતી એટલામાં એક સર્પ ત્યાંથી નીકળ્યો, તે બન્નેની વાત સાંભળીને બોલી ઊઠયો ! 'અરે ! તમે નાહકના પગનો ભાર ઉપાડો છો ! જુઓ, મારે એકે પગ છે ? છતાં ગાડું ગબડે છે નાં ? ખરી રીતે પગ તો બકરાના ગળાના આંચળની જેમ શોભાનાં લટકણિયાં લાગે છે ! પગનું શું કામ ?'

એટલામાં આ ત્રણેની વાત પવન સાંભળી રહ્યો હતો તે વચ્ચે બોલી ઊઠયો : 'અરે ! તમે બધા નાહકના એક-બીજા ઉપર સરસાઈ કરો છો ! જેને પગ નથી એને ય આકાર તો છે નાં ? પણ આ મારું તંત્ર જુઓને ! નહિ પગ, નહિ આકાર, નહિ રૂપ, નહિ રંગ, અને છતાં હું નથી એમ કોઈ કહી શકે નહિ !

'અને વળી બધાનો આધાર મારા ઉપર ! એક બે પળ બંધ થાઉં તો તમામનાં હાંજાં ગગડી જાય !

'અને મારી ગતિ ? પગવાળા તો અપંગ જેવા લાગે એટલી. સૌથી વધુ ગતિ !'

'પણ પવનની આ વાત સાંભળતાં જ ત્રણે જણાં બોલી ઊઠયાં : 'એ બધું તો ઠીક, પણ તમારાં સગાંવહાલાં, મિત્રો, કુટુંબીજનો કોણ ? તમે કયાંય એમની સાથે વાર્તાવિનોદ આનંદ કરવા બેસો છો ? અમે તો અમારાં સગાંવહાલાં સાથે સુખદુ:ખની વાત કરીએ છીએ. એકબીજાને હળીએમળીએ. તમે તો કેવળ આમથી તેમ, ને તેમથી આમ, હેતુ વિના, ધ્યેય વિના, આનંદ વિના, જીવન વિના, અરે ! નિશ્ચિત સ્થાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિના ભટકયા કરો ! એ તે કાંઈ જીવન છે ? એકલી ગતિને શું ધોઈ પીવી છે ?'

પવન બોલ્યો : ' ત્યારે તમને અમૈત્રીમાં રહેલા આનંદની કયાં ખબર છે ? હું ગમે ત્યાં વહું, ગમે ત્યાં જાઉં, કયાંય રાગ નહિ, કયાંય આસક્તિ નહિ ! મારે માટે વિરહની વેદના નહિ. મારે સાચાં ખોટાં આંસુ પાડવાનાં નહિ કે જોવાનાં પણ નહિ ! એ....ને બસ ફર્યા કરવાનું ! કોઈ ધ્યેય નહિ, તેમ કોઈની લપનછપન નહિ ! ગતિ ગતિ અને ગતિ. ગતિનો પોતાનો જ આનંદ સ્ફુર્યા કરે ! એવી બંધનમુક્ત અવસ્થામાં શી મજા છે એ તો જે જાણતા હોય તે જાણે !'

આ બધાની વિચિત્ર વાતો એક પ્રાજ્ઞ પુરુષ બેઠો બેઠો સાંભળી રહ્યો હતો. એમની વાત સાંભળીને તે બોલી ઊઠ્યો: ' અરે ! તમે નાહકના એક બીજાની સરખામણીમાં ઊતર્યા છો. એમાં જે અદ્‌ભુત છે તે તો તમે જોતા નથી. એમાં અદ્‌ભુત તો આ છે કે, તમને જે સ્થિતિ મળી છે તે સ્થિતિમાં, અને તે જ સ્થળે, આનંદનો મહાસાગર રેલાઈ રહ્યો છે ! તો જ સૌ સૌના તાનમાં મસ્ત રહો છો ! એ જ વસ્તુ અદ્‌ભુત નથી ? એ અદ્‌ભુતના આનંદને છોડીને મારી તારીમાં કાં પડો ? તમને જે મળ્યું છે ને બીજાને જે મળ્યું નથી એની વ્યર્થ ચર્ચામાં કાં ઊંડા ખૂંચતા જાઓ ?

' એમ સમજો ને કે તમને જે મળ્યું છે તે તમારા માટે સંપૂર્ણ છે. કેવળ તમારું અદકપાંસળીનું મન જ તમને અપૂર્ણતા દેખાડે છે એ સમજો ને ! સમજવા જેવું તો એ છે !'

પ્રાજ્ઞ પુરુષ બોલી રહ્યો હતો ત્યાં જ એક આંધળો ત્યાંથી [illegible] પુરુષ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને ઉધડો લીધો : ' આને આની સ્થિતિમાં સંપૂર્ણતા મળી છે એમ ? શું સંપૂર્ણતા મળી છે ? દેખી તો શકતો નથી. સૃષ્ટિનો એકે રંગ એને અસર કરતો નથી ! આને શું સંપૂર્ણતા સમજવાની ? '

'-પણ એના બદલામાં એને શું મળ્યું છે તે તમને ખબર છે ? '

' શું મળ્યું છે ? ' બધાં એકી સાથે કાંઈક ગુસ્સાથી બોલી ઊઠ્યાં : ' આ એની લાકડી ? '

પ્રાજ્ઞ પુરુષે તરત પેલા અંધને રોક્યો : ' સુરદાસજી ! જરા આમ આવજો, અથવા રહો, જ્યાં ઊભા છો ત્યાં જ ઊભા રહેજો ! '

સુરદાસજી જરા આશ્ચર્યમાં ઊભો રહી ગયો એટલે સૌ ત્યાં ગયા.

પ્રાજ્ઞ પુરુષે તેને કહ્યું : ' સુરદાસજી ! એક જરા છોટી સી તાન હોને દો ! અમારા મિત્રો સાંભળે તો ખરા ! '

સુરદાસજીએ જરા ગળું ખંખેર્યું, અને એકાદ રાગ છેડ્યો !

બે પળમાં જ તેણે ત્યાં સ્વર્ગ ખડું કરી દીધું !

એ સાંભળતાં જ બધા ડોલી ગયા ! પેલો પ્રાજ્ઞ બોલ્યો: ' અદ્ભુત ! અદ્ભુત ! આંખની અપૂર્ણતા કંઠે પૂરી દીધી ! પૂર્ણમાંથી પૂર્ણ લઈ લ્યો, તો પણ પૂર્ણ જ રહે તે આનું નામ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૨૯]

પંખી ને માણસ !

એક વખત એક નાનકડું પંખી એક ઊંચા ઝાડ ઉપર છેક ટોચે માળો બાંધીને રહેવા માંડયું. ત્યાં આસપાસ કોઈની વસ્તી ન હતી અને એ પોતાના મહેલમાં પોતે સુખી હતું. એ ઊંચા વૃક્ષ ઉપર ચડેલી વેલીનાં ફૂલ જોઈ ને એને લાગતું કે એ સ્વર્ગભૂમિમાં રહે છે. અને એના આ મહાલયની તોલે એટલામાં કોઈનો મહાલય નથી !

હવે થોડા વખત પછી એવું બન્યું કે કોઈ શ્રીમંતે એ જમીન ખરીદી. એમાં એણે પોતાનો ભવ્ય પ્રાસાદ બાંધવો શરૂ કર્યો. માળ ઉપર માળ ચડતા ગયા અને છેક ઊંચામાં ઊંચી ડાળને પહોંચી વળે એવી ઊંચી એક હવેલી ત્યાં ઊભી થઈ ગઈ !

પેલું પંખી પોતાના માળામાં બેઠું-બેઠું અત્યાર સુધી સુંદર, કુમળા, નાનકડા લીલાછમ પાનની વચ્ચે, મજા કરતું હતું. તેને આ ઉત્તુંગ મહાલયની ઊંચી શિખરાવલિ જોઈને હવે અસંતોષ થવા લાગ્યો. જેટલે ઊંચે એ બેઠું હતું એટલે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચે માણસો પણ બેસવા લાગ્યા હતા. અત્યાર સુધી એને એકને જ એટલું ઊંચું બેસણું હતું. એમાં ખૂબી આ હતી કે એના ઊંચા બેસણાને કોઈએ હરકત કરી ન હતી, તેમ જ કોઈ હરકત કરવા માગતું ન હતું, પણ એને અસંતોષ આ વાતનો ઊભો થયો કે, પોતાની ઊંચાઈ જેટલે બીજો કોઈ આવી પહોંચ્યો !

એટલે એ પોતાના માળામાં બેઠું બેઠું હવેલી તરફ નજર કરે અને કારણ વિના દુઃખી થાય. પેલા મહાલયમાં તો હમેશાં કાંઈ ને કાંઈ નવીન વાત આવતી જ રહે. કોઈ દિવસ સંગીત થાય, કોઈ દિવસ જલસો હોય, ક્યારેક નૃત્ય ચાલતું હોય. કોઈક વખત મિજબાની થાય !

પંખીને લાગે કે એ શ્રીમંત લોકો એને ખિજવવા માટે જ આ બધું કરી રહ્યા છે !

એટલે એને એમ થયું કે હું એમના કરતાં ઊંચો માળો બાંધું ! પછી એણે પોતાનો માળો વધારે ઊંચે બાંધ્યો.

એના એક પંખી મિત્રે આ જોયું અને કહ્યું: 'ભાઈ, એટલો ઊંચો માળો શું કરવા બાંધે છે? વખત છે ને પછી જો પવન જોસમાં ફૂંકાશે તો ત્યાં રક્ષણ નહિ મળે; અને ઊંચી ડાળીઓ વધારે જોખમભરેલી પણ છે !'

પણ પેલા પંખીના મનમાં તો એક જ વાત હતી. પોતે મહાલય બાંધનાર કરતાં ઊંચે બેઠણે બેઠું હતું ! અને હવે એ હવેલીવાળા એને જોઈ રહેશે !

એ પોતાના ઊંચેના માળેથી જુએ કે કોઈ એના માળાને નીરખે છે! પણ એની તરફ કોઈની દૃષ્ટિ ન પડે !

અને ત્યાં એની એ ધમાલ ચાલી રહી હોય !

એ જોઈ [illegible] દુઃખી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાય, એને એમ થાય કે હવેલીવાળાને જો અંતરમાં એમ ઊગે કે માળું આ પંખી આપણાં કરતાં ઊંચું જઈને બેઠું છે, તો બસ! પણ પેલા હવેલીવાળા પોતાના તાનમાં મસ્ત હતા.

એને આમ કારણ વિના દુઃખી થતું જોઈને એક દિવસે એક બીજા પંખીએ એને કહ્યું: 'અલ્યા ભાઈ! એ શ્રીમંતોને એની સૃષ્ટિ છે. તારે તારી સૃષ્ટિ છે. તુ કાં નાહકનું દુઃખી થા!'

એવામાં એક દિવસ એવો તોફાની પવન આવ્યો કે એનો માળો તો વીંખાઈને નીચે જ પડયો, ડાળીઓ પણ કેટલીક આમતેમ ભાંગીને ઊડી ગઈ! પંખી તો પોતાનો માળો ગુમાવી બેઠું! પણ એને એક બીજી લગની લાગી. હવે તે ઊંચે જોઈને બેઠું કે મારો માળો પડી ગયો છે, તો આ હવેલી પણ કાં તો હવે પડવી જ જોઈએ! પવનનું મોટું તોફાન આવે એ આશામાં ને આશામાં ઊંચે જોયા કરે! પણ તોફાન તો પાછું શમી ગયું હતું, ને હવેલી એમ જ ઊભી હતી! એની આવી અવસ્થા જોઈને એક પતંગિયાએ એને કહ્યું: 'અલ્યા! ભાઈ પંખી! તું અમારા જેટલું પણ સમજતું નથી? નથી તું તારા માળાનું સુખ લેતું કે નથી અમારી પેઠે ફના થઈ જવાની બહાદુરી બતાવતું! કેવળ હવેલી ક્યારે પડે ને ક્યારે હું એ જોઉં એની રાહ કાં જોયા કરે? એક વાત તારે ધ્યાનમાં રાખવા જેવી છે.

'એક વખત એક દીવાએ અમારી જાતના પતંગિયાને ટોણો માર્યો: 'તું મને કેટલી વખત ઠારી જશે? એક વખત. અને એટલામાં તો તું ફના થઈ જશે! અને હું પાછો પ્રગટીશ!'

'પતંગિયું બોલ્યું: 'એ બરાબર છે, પણ હું ફના થવાનો સંતોષ તો લઈ જઈશ, જ્યારે તું તો દિવસ ઊગતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ તારી મેળે બે કોડીનો થઈ જઈશ! કોઈ ઠારશે પણ નહિ છતાં ઠરી ગયો હઈશ!

'ત્યારે તારું જીવન આ દીવા જેવું કાં કરે? કાં તો તું પતંગિયાની બહાદુરી બતાવે તો કોઈક કવિ કાંઈક પ્રશસ્તિ તો કરે! અથવા તો તારા નાના માળામાં સંતોષ માને તો ત્યાં તું સ્વર્ગ ઊભું કરે!

'આ તો જહાંગીરી મળતી નથી ને ફકીરી લેવાતી નથી! આવાનાં બેય બગડ્યા જેવું થાય છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૦]

અંતિમ પળે!

ભગવાન તથાગતના જીવનના છેલ્લા દિવસો ચાલી રહ્યા હતા.

એક દિવસ આયુષમાન સારિપુત્ર ભગવાન પાસે આવ્યો અને નમીને ત્યાં બેઠો: પછી એ બોલ્યો: 'હે ભન્તે! મને એક અત્યંત સુખદાયક અનુભવ થઈ રહ્યો છે!'

'શું અનુભવ છે સારિપુત્ર?'

'ભન્તે! મારા અંતઃકરણમાં એક દૃઢ વિશ્વાસ જન્મ્યો છે. પરમજ્ઞાનમાં, ભગવાનથી વધે તેવો, ભૂતકાલમાં કોઈ ઋષિ મુનિ શ્રમણ બ્રાહ્મણ થયો નથી, વર્તમાનમાં છે નહિ, ભવિષ્યમાં થશે નહિ!'

સારિપુત્રનાં વચન સાંભળીને ભગવાન તથાગત પળ બે પળ તેની સામે જોઈ રહ્યા: પછી તેમણે ધીમે શાંત મધુર અવાજે કહ્યું: 'સારિપુત્ર! તારો આ સિંહનાદ તો બરાબર છે. પણ તેં શું ભૂતકાલના તમામ જ્ઞાની ભગવંત પુરુષોનું જ્ઞાન ચિત્તમાં જાણી લીધું છે કે તું આવી વાણી બોલે છે? એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમામનાં શીલ, પ્રજ્ઞા, જ્ઞાન, વિચાર બધું તેં જાણી લીધું?'

ભગવાન તથાગતનું આ વચન સાંભળતાં જમીન તરફ દૃષ્ટિ કરીને અભિવાદન કરતો સારિપુત્ર બોલ્યો: 'એવું તો કાંઈ નથી ભન્તે!'

'સારિપુત્ર! તો ભવિષ્યમાં જે આંહીં આવવાના, તે સર્વ ભગવંતો વિષે, તેં ચિત્તથી જાણી લીધું છે?'

'ભન્તે! એવું પણ થયું નથી!'

'તો તો સારિપુત્ર! તારું વિજ્ઞાપન ઘણું વધારે પડતું કહેવાય. ભૂતકાલના ને ભવિષ્યકાલના ને વર્તમાનકાલના ભગવંતો વિષે તારી પાસે મર્યાદિત જ્ઞાન છે. એટલે આ તારી વાણી અતિશયોક્તિ બતાવે છે.'

'ના ભન્તે!' સારિપુત્રે કહ્યું: 'સૌની ધર્મપ્રણાલિકા વિષે કાંઈ ને કાંઈ તો જણાયેલ છે.' ભગવાન તથાગતે તે વખતે વધુ કાંઈ કહ્યું નહિ, પણ એમના અંતરમાં જાણે એક નવીન પ્રકાશ આવ્યો હોય તેમ, ચહેરા ઉપર એક તેજરેખા પ્રગટી ગઈ! એ તેજરેખા શાની હતી તે કોઈ જાણી શકયું નહિ.

[૨]

પણ આ વખતનો ભગવાનનો વિહાર એ છેલ્લો વિહાર થવાનું નિર્માણ હતું. નાલંદા, પાટલિગ્રામ, કોટિગ્રામ, નાટિકા, વૈશાલી, એમ વિહાર કરતો કરતો ભિક્ષુસંઘ વેણુગ્રામમાં આવ્યો.

વેણુગ્રામમાં વર્ષાવાસનું નક્કી થયું.

ત્યાં ભગવાન તથાગતને ભયંકર બિમારી લાગુ પડી.

એ બિમારીમાંથી ભગવાનને ધીમે ધીમે સારું થઈ ગયું.

પણ એ બિમારી છેલ્લી નીવડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ આનંદ ભગવાનની પાસે આવ્યો. અભિવાદન કરીને એક તરફ બેઠો: પછી ધીમેથી બોલ્યો: 'ભન્તે ! ભગવાનની બીમારીથી શૂન્ય જેવો થઈ ગયો હતો. હવે આશ્વાસન મળ્યું ને આશા પ્રગટી કે ભગવાન ભિક્ષુસંઘને કાંઈક વધુ સંદેશો આપી જશે!'

ભગવાન તથાગતના અંતરમાં એક નવો પ્રકાશ આવતો હોય તેવું થયું. સારિપુત્રની તે દિવસની વાણી તેમને સાંભરી આવી. આનંદની આજની વાણી પણ ચિત્તમાં રહી ગઈ. પ્રમુખ શિષ્યો ધીમે ધીમે પોતાને દેવરૂપ માની, એને આધારે ચાલવાની નિરાધારી કેળવતા જાય છે એ સમજાઇ ગયું. સ્થિર, શાંત, ધીમા, મૃદુ, મધુર અવાજે ભગવાને કહ્યું 'આનંદ! ભિક્ષુસંઘ હવે મારી પાસેથી કયા સંદેશાની વાટ જુએ છે? ધર્મનું કોઈ નવું રહસ્ય હવે બાકી રહ્યું નથી. તથાગતનું જીર્ણશીર્ણ શરીર, આનંદ! હવે તો ટેકે ટેકે નભી રહ્યું છે. આનંદ! છેવટે તો આત્મદીપ બનો. ધર્મદીપ બનો અને એમ વિહરો! આથી વિશેષ કાંઈ કહેવાનું નથી.'

વૈશાલીથી વિહાર કરતા કરતા ભગવાન પાવા ગયા.

પાવામાં ચુન્દ લુહારની આમ્રવાટિકામાં ભગવાન ઊતર્યા.

ચુન્દ લુહારે સાંભળ્યું કે ભગવાન એની વાટિકામાં ઊતર્યા છે અને એને આનંદ થયો.

ચુન્દે ભગવાનને ભોજન માટે આમંત્રણ આપ્યું. પણ એ ભોજન છેલ્લું હતું. પેટમાં સખ્ત બિમારી ઊઠી. ભગવાને આનંદને કહ્યું: 'આનંદ! કુસીનારા જઈએ!'

પણ ચુન્દના ભોજન બાદ ભગવાનને મહાપીડા થઈ રહી હતી તે આનંદે જોયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને ધ્રાસકો પડી ગયો. પણ ભગવાન તથાગતે કહ્યું: ‘આનંદ! જ્યાં કકુત્થા નદી વહે છે ત્યાં ચાલો!’

મહાભિક્ષુસંઘ સાથે ભગવાન ત્યાં પહોંચ્યા.

ત્યાં નદીકિનારે આમ્રવનમાં આનંદે આસન પાથર્યું.

તેના ઉપર ભગવાન લોટી ગયા.

જીવનની છેલ્લી પળો આવી રહી હતી. પણ એ વખતે એમણે આનંદને કહ્યું: ‘આનંદ! કોઈ ચુન્દ લુહારને, એમ ખસિયાણો બનાવી ન દેતા, કે તારા ભોજનથી તથાગતનું પરિનિર્વાણ થયું! આનંદ! તું પોતે ચુન્દને કહેજે કે તારી ધન્યતાની કોઈ સીમા નથી કે, તથાગતે છેલ્લું ભોજન તારે ત્યાં લીધું! એમ પણ એને આશ્વાસન આપજે આનંદ! કે મેં જાતે તથાગતને આમ બોલતા સાંભળ્યા હતા!’

આંહીં થોડો આરામ લઈ વળી ભગવાન તથાગતે આનંદને કહ્યું: ‘આનંદ! હિરણ્યવતી નદીને કિનારે ચાલો!’

[૩]

હિરણ્યવતી છેલ્લું સ્થાન હતું. ત્યાં ભગવાન તથાગતની છેલ્લી વાણી સંભળાણી. ભગવાને શિષ્ય સમુદાયને કહ્યું:

‘હજી કોઈને કાંઈ શંકા હોય તો પૂછો, ભિક્ષુઓ!’

પણ ભિક્ષુઓમાંથી કોઈને કાંઈ શંકા ન હતી. શોકનો ભાર હવામાં આવી ગયો હતો.

ભગવાન તથાગતે ફરીને પણ એ જ વાત કહી.

ફરીને સૌ ભિક્ષુઓ નિરુત્તર રહ્યા.

ભગવાન તથાગતે ત્રીજી વખત પણ એ જ વાત કરી: પણ કોઈએ કાંઈ કહેવાનું ન કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતિમપળ સુધી જ્ઞાન આપવાની આ તમન્નામાં વિશેષ સત્યનો એક અદ્ભુત ધ્વનિ રહ્યો અને એ ધ્વનિ જ સર્વસ્વ છે. જ્ઞાન, મહાન છે. વ્યક્તિ નહિ, એ ધ્વનિ એમાંથી ઊઠી રહ્યો છે ! કારણ કે માણસ જેટલું વ્યક્તિને પૂજે છે, એટલું જ્ઞાનને પૂજતો નથી. એટલે એણે આ સત્ય વધુ પ્રગટપણે જાણવું રહ્યું. વ્યક્તિ નહિ, જ્ઞાન !

સારિપુત્રની તે દિવસની વાણી સાંભળીને ભગવાનની મુખમુદ્રા ઉપર એક તેજરેખા આવી ગઈ હતી. એ શા માટે હતી એ કોઈ સમજ્યું ન હતું.

આનંદની વાણી, જ્યારે અવલંબનની પરાકાષ્ટા બતાવી રહી હતી, ત્યારે એ વાણી સાંભળીને પણ ભગવાનને અંતરમાં નવો પ્રકાશ આવતો જણાયો હતો. એ પ્રકાશ શાનો હતો ?

ભગવાન તથાગતને એક વસ્તુ અંતરમાં ઊગી હતી.

સારિપુત્રની વાણી, આનંદની વાણી, બીજા પણ અનેક પ્રમુખ શિષ્યોની વાણી, બધી જ વાણી, હવે એને પોતાને દેવ સમાન સ્થાપી, એમની દેવપૂજામાં જ આનંદ માનનારી મનોદશા બતાવી રહી હતી ! જીવતાં જીવત પોતે દેવપૂજા પામે એ પળ આવવાની આગાહી એમાં હતી !

પોતે દેવ બને, પૂજા પામે, એટલે અત્યાર સુધી કથેલી તમામ જ્ઞાનવાણી, એ વ્યક્તિત્વના પડછાયામાં, ઝાંખી ઝાંખી અત્યંત ઝાંખી થઈ ને રહેવાની. જ્ઞાનવાણી ઝાંખી બને. વ્યક્તિ મહાન બને. જે જ્ઞાનપ્રચાર માટે પોતે મથ્યા તે જ્ઞાન, પોતાના વ્યક્તિત્વની પૂજાને પડખે, ગૌણ બની જવાની, આ નીતિરીતિ એમણે આવતી દેખી !

–એટલે જ્યારે પોતાનું પરિનિર્વાણ સમીપમાં છે એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમને લાગ્યું, ત્યારે એ એક જ વસ્તુ, પોતાના જ્ઞાનને હજી પણ પ્રજ્વલિત રાખી શકશે, એ વિચારની તેજરેખા ભગવાનની મુખમુદ્રાને શોભાવી ગઈ હતી !

પોતે દેવ બની રહે, દેવ જેવી પૂજા પામે, દેવની જેમ કૃપામૃતના વર્ષણની આશા જન્માવે, અને જે આત્મદીપ માટે એમણે વારંવાર કહ્યું હતું તે આત્મદીપ ઝાંખો પડે, તો જ્ઞાનનો મહિમા જ લય પામે !

એટલા માટે, પરિનિર્વાણની પળ આવી રહી છે એ જોઈને, ભગવાન તથાગતની મુખમુદ્રા ઉપર તે જ દિવસે તેજરેખા પ્રગટી નીકળી હતી ! તેજરેખાનું રહસ્ય આ હતું:

'જ્ઞાનદીપનો જય હો ! ધર્મદીપનો જય હો ! આત્મદીપનો જય હો ! કોઈ પણ વ્યક્તિનો નહિ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૧]

સંપૂર્ણતાની શોધ !

એક વખત એક માણસ સંપૂર્ણતા ક્યાં છે તે શોધવા માટે નીકળ્યો. સંપૂર્ણ ઈશ્વર જ હોઈ શકે એની એને ખબર હતી. માનવ તો ગમે તેટલો સંપૂર્ણ હોય, છતાં અપૂર્ણ જ રહેવાનો, એટલે એ એવા માણસને શોધી રહ્યો હતો કે જેણે ઈશ્વરની કાંઈક પણ ઝાંખી હૃદયમાં કરી હોય.

એમ પરિભ્રમણ કરતાં કરતાં એ એક જ્ઞાનીના સંસર્ગમાં આવ્યો. એને લાગ્યું કે આ માણસે કાંઈક જાણ્યું છે. તે તેની પાસે રહી ગયો. હમેશાં જુદી જુદી અનેક વાતો ગુરુશિષ્ય-ભાવે બન્ને જણ કરે. જેમ જેમ પેલો માણસ આ જ્ઞાનીની વાતો સાંભળતો ગયો, તેમ તેમ એને ખાત્રી થતી ગઈ કે આણે ઘણી વસ્તુઓ મેળવી લીધી છે.

એક દિવસ વાત ચાલી : ' શિશુ જેવી અવસ્થા એ માણસ માટેની સંપૂર્ણતાની નિશાની ખરી કે નહિ ? શિશુને કોઈ રાગદ્વેષ નથી, એનું અંતઃકરણ અગ્નિ વિનાની રાખ જેવું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધરહિત છે. એને સારુંનરસું કાંઈ જ સમજાતું નથી. એટલે નરસું પણ એને માટે નરસું રહેતું નથી. શિશુની આવી અવસ્થા એ જ્ઞાનીજનની સંપૂર્ણતાનો ખ્યાલ આપે કે નહિ?'

જ્ઞાની જને ઉત્તર આપ્યો. 'સંપૂર્ણતાના ખરા ખ્યાલ માટે એમાં એક વસ્તુ હજી ઉમેરવી રહી.'

'કઈ?' પેલા માણસે પૂછ્યું.

'જ્યારે માણસનું જ્ઞાન, જે અજ્ઞેય છે તેને જાણવાનો પ્રયત્ન છોડી દે, અજ્ઞેયના દ્વાર સુધી આવે, પણ એ દ્વાર પાસે આવીને અંદર ડોકિયું કરવાની વૃત્તિ ઉપર અંકુશ મેળવી લે, જે અજ્ઞેય છે તે અજ્ઞેય રહે, તેમાં જ જ્ઞાનનું અને અજ્ઞેયનું બન્નેનું ગૌરવ છે એમ જે જાણે, તે માણસે સંપૂર્ણતા મેળવી છે એમ કહેવાય. અવિચળ શાંત અવસ્થા એ છે.'

'પણ તો તો અજ્ઞેયની શોધ અપૂર્ણ રહી એમ નહિ?'

'ના. જે એમ માને છે કે જાણવા જેવું નથી, તે જાણવા જેવું નથી જ, અને તેથી ત્યાં અટકી પડે છે, એ ભક્તજનની કોટિમાં પ્રવેશે છે: અને છતાં જ્ઞાની તો રહે છે. પછી કોઈ મુશ્કેલી આવશે, કોઈ વિપત્તિ પડશે, કોઈ ન સમજાય તેવી અવસ્થા આવશે, તો એ ફરિયાદ નહિ કરે. કારણ જાણવા નહિ મથે. જે મેળવ્યું છે તેને બિલકુલ હરકત કર્યા વિના, આ નવું પણ ભલે આંહીં રહેતું, એવી ઈચ્છા એની થઈ રહેશે. અને એ સમર્પણની જ એક સ્થિતિ છે.

કારણ કે, જેમ વસંતઋતુ વૃક્ષને પ્રશ્ન કરતી નથી કે હું આવું છું તો તને નવાં પાન, નવો શણગાર મળશે કે નહિ? એ મળવાનાં છે જ એ વિષે જેમ પ્રશ્ન નથી, તેમ જે કાંઈ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહે, તે બરાબર છે, એ માટે પ્રશ્ન જ નથી. એ અવસ્થા સંપૂર્ણ-તાની છે. શંકા, કે પ્રશ્ન તો ત્યાં નથી. પણ એક ચાલ્યો જતો વિચાર પણ નથી, કે આમ કેમ ?

એ એમ બતાવે છે કે માણસ છેક મૂળમાં પહોંચી ગયો છે. સૂરજ ઊગશે એ વિષે જેમ કોઈ માણસ કોઈને કોઈ દિવસ પ્રશ્ન કરતો નથી, તેમ આવ્યું, ગયું, રહ્યું, મળ્યું, નાશ પામ્યું, કોઈ કહેતાં કોઈ સ્થિતિ વિષે જેને પ્રશ્ન જ ઊભો થતો નથી, અને તેથી જેના મનમાં કોઈ ગડભાંગ નથી, તે માણસ જાણે કે હવામાં જેમ હવા વિલસે છે, તેમ એક અનાદિ તત્ત્વની સાથે તત્ત્વરૂપે જ વિલસે છે. પ્રશ્નો, શંકા, વિચાર, બધું ત્યારે શમે છે.

અને એ શમે છે, ત્યારે સંપૂર્ણતા આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૨]

શાંતિની સ્થાપના

પરનિંદાનો જન્મ, એ માણસના પોતાના પોતા વિષેના ઘણા જ વધારે પડતા ખોટા ખ્યાલમાંથી જન્મે છે. અને એ પરનિંદા ઘર્ષણ ઊભું કરે છે. એટલે જે માણસ, પોતાની શક્તિ અને મર્યાદા બન્નેને બરાબર સમજે છે, એ એક રીતે સમાજમાં શાંતિનું કામ કરી રહે છે.

એ જ પ્રમાણે જે માણસ બીજાઓને દાન આપવાનો, સેવા કરવાનો, ત્યાગનો વગેરે નૈતિક ધર્મ સમજાવે છે, તે માણસ પણ વાણીથી શાંતિ સ્થાપવાનું કામ કરે છે. અને એના પોતાના જીવનમાં જો એણે એ વાત ઉતારી હોય, તો એ વધારે મહાન કાર્ય કરી રહ્યો છે એમ કહેવાય.

એ જ પ્રમાણે માણસ માણસની વચ્ચે અર્થ સંબંધી નવીન વિચારો સ્થાપવા એ પણ મહાન કાર્ય છે. કારણ કે તેથી સમાજ સ્વસ્થ બને છે અને રાજ્ય સ્થિર થાય છે.

જેવી રીતે માણસ હરક્ષણે શ્વાસોચ્છવાસ લે છે, જૂના પવનને બહાર મોકલે છે ને નવા પવનને અંદર લે છે એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીત વિચાર પરત્વે પણ હોવી ઘટે. જૂના વિચારોને એણે બહાર મોકલવા જોઈએ અને નવા વિચારોને એણે સ્વીકારવા જોઈએ.

પરંતુ ઘણુંખરું આ નાની સરખી ક્રિયા, પોતાની સ્વતંત્ર શક્તિથી માણસ ભાગ્યે જ કરી શકે છે. મજબૂતમાં મજબૂત માણસ પણ વિચારની સૃષ્ટિ પરત્વે ઘણો નબળો હોઈ શકે. સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ એ કુદરતની મોટામાં મોટી બક્ષિસ છે, ને તે બહુ માણસોને મળેલી જોવામાં આવતી નથી.

આ ઉપરથી અધિકાર અને ગુણોની ઉત્તમતા સ્થાપનારી શ્રેણી સમાજમાં આવી છે.

પણ જેમને આ અધિકાર અને ગુણોની ઉત્તમતા મળ્યાં છે, તેમને સાથે સાથે, એ માણસ જાતના કલ્યાણ માટે વાપરવાની તાલીમ પણ મળે, તો સમાજના ઉપરથી નીચેના થર સુધી, એક પ્રકારની સમાનતા ચાલે, અને શાંતિ પણ રહે.

એ તાલીમ માટે જેને Positive Attitude- કહીએ, કાંઈક કર્ત્તવ્ય છે, એ જાતની ભાવના કહીએ, એ ભાવનાનો ઉદય સર્વોત્તમ ફલ લાવનારો ગણાયો છે.

આ કર્તવ્યની દીક્ષા વિના કોઈ માણસ પોતાના જીવનને સફળ ન ગણે, એવી એક વ્યાપક પ્રણાલિકા સ્થપાઈ જાય . . તો જ ખરા અર્થમાં તમામ વર્ગો વચ્ચે શાંતિ સ્થપાય.

આને માટે પહેલી જરૂરિયાત, વર્ગ વર્ગ વચ્ચે દેખાતું, ગુણ, અધિકાર, શ્રેણી, અને ધન એ બધાનું અંતર ઘટાડી નાખવું જોઈએ. ખાસ કરીને ધનનું અંતર અત્યારે વધુ ભયંકર [illegible] માંડ્યું છે. [illegible] ઘટાડવાના જે માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એક માર્ગ રાજનો આધાર લેવાનો છે. બીજો માર્ગ વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની સમજણનો છે. આ બીજો માર્ગ ઘણો લાંબો છે, એટલે સૌ ટૂંકા માર્ગે વળે છે. કોઈ પણ વ્યક્તિ અમુક હદ કરતાં વધારે ધન, વધારે જમીન, વધારે માલિકી હક, કે વધારે સગવડતાઓ ન રાખી શકે તો સમાજનું શ્રેયસ થાય, એ આકર્ષક વિચારને પંથે ધીમે ધીમે સૌ પળે છે.

આ વિચારથી જેમની પાસે વધુ ધન છે, વધુ જમીન છે, વધુ માલિકી હક્કો છે, વધુ સગવડતાઓ છે, એ તમામને વીજળીના જેવો આંચકો લાગે તે સ્વાભાવિક છે.

પણ જે સમજુ છે તે સમજે છે કે, માણસોની દુનિયા હમેશાં જ ફરતી રહે છે. આજે જે વસ્તુ આપણને ઘૃણા ઉત્પન્ન કરે છે, એ જ વસ્તુ વર્ષો પહેલાં પૂજ્યભાવ ઉત્પન્ન કરતી હોય!

પણ જો ગયો જમાનો પાછો આવી શકતો નથી, તો એ જમાનાની પરિસ્થિતિ પણ ટકાવી શકાતી નથી. એટલે ખરી રીતે માણસો પોતાની મેળે પોતાના ઉપર અંકુશ મૂકી દે, અને રાજતંત્ર ચલાવનારાઓ વધુ પ્રામાણિક બને, તો લોહી વિનાની વર્ગવિહીન ક્રાંતિ એ કોઈ ઘેલાતું સ્વપ્ન ન રહે, પણ સિદ્ધિ બને.

અને એ સિદ્ધિ એવી બને કે ઘણાને માર્ગદર્શન આપે.

પણ માણસ પોતાની મેળે એમ સમજે ખરો?

શ્રેષ્ઠ જનોને શ્રેષ્ઠ વિચારો ફેલાવવાની કલા પ્રાપ્ત થઈ હોય તો એ કેવળ અશક્ય નથી, એટલું જ.

એમ સિદ્ધિ ન મળે ને બીજી રીતે આવે તો એ પ્રજાનું પોતાનું સામર્થ્ય બતાવવાને બદલે આવેશ બતાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવેશથી થયેલાં તાત્કાલિક કાર્યો ઘણાં સુંદર લાગે છે. પણ માનવ સ્વભાવ જેવી કોઈ વસ્તુનું અસ્તિત્વ હોય, તો એવાં આવેશયુક્ત કાર્યોને થાળે પડતાં ઘણો લાંબો વખત જાય છે. અને એટલામાં બીજાં બળો બીજી વધુ ભયંકર ક્રાન્તિ જન્માવે છે. ને છેવટે તો, કાં એ ક્રમ ચાલ્યા કરે છે, અથવા કોઈ લોખંડી આકાશ નીચે એ દબાઈ રહે છે.

એમાંથી માનવજાતને બહાર નીકળતાં ઘણાં શોણિતસ્નાન કરવાનાં રહે છે. અને એ સઘળો સમય અને સઘળી શક્તિ એણે વ્યર્થ વેડફી દેવામાં બહુ લાભ મેળવ્યો નહિ હોય.

અને એટલું છતાં પણ, સુખશાંતિ માટે હવે કૂચ નથી કરવાની, એવું પરિણામ નહિ આવ્યું હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૩]

એક લાખ !

એક લાખની એક વાર્તા મને મળી છે. દિવસ હજી ઊગ્યો ન હોય ત્યાં કુબેર મારે ત્યાં આવે. એની જૂની તૂટી-ફૂટી થેલીમાંથી કાગળોના થોકડા કાઢે. એમાં લેખો હોય, લખાણો હોય, નોંધો હોય, વર્તમાનપત્રોની કાપલીઓ હોય, કૈંક વસ્તુઓ હોય! એને એક પ્રકારનો શોખ હતો. માસિક કાઢવાનો.

હું તેની સામે જોઈ રહું. છેલ્લાં બાર વર્ષથી એ આ પ્રમાણે એક માસિક કાઢતો. તે પહેલાં તો એણે હસ્તલિખિત માસિક કાઢ્યું હતું. પણ પછી ધીમે ધીમે એ જ હસ્તલિખિતને એણે માસિકમાં ફેરવીને છપાવવા માંડ્યું હતું. એ એની મન–મોજની વસ્તુ બની ગઈ હતી.

એનાં ઘરાક તો ભાગ્યે જ ત્રણસો ચારસો હોય તો ! પણ છતાં કુબેરને એની એવી લગની લાગી હતી કે જાણે, એ આ માસિકને જ પરણ્યો હોય, તેમ દર મહિને અતિ ઉત્સાહથી એમાં નવી નવી યોજનાઓ ઘડતો જ હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને વારંવાર લાગતું કે આ ખોટના ધંધામાં પડેલો આ માણસ, ખરી રીતે પોતાનું જીવન વેડફી રહ્યો છે! નથી એના માસિકમાં કોઈ વિશિષ્ટતા કે કોઈ અપૂર્વતા!

એ ગમે ત્યાં નોકરી કરવા રહી ગયો હોત તો સારો એવો પોતાનો વિકાસ સાધી શક્યો હોત. બે પાંદડે હોત ને સુખનો રોટલો ખાતો હોત.

પણ ના, શહેરનાં એક ખૂણામાં, એક નાનકડી સાત નવની ઓરડીમાં, રસોડું, ઓફિસ, રહેઠાણ અને આરામગૃહ, એ બધું જ એમાં રાખીને એ પડચો રહેતો. અને જેને એણે સેવા માની હતી તે–આ માસિકનું કામકાજ કર્યા કરતો. એને મન એ લહાવો હતો, જીવનનો પ્રેમ હતો, બીજાને મન એ ભ્રમ હતો.

એના ગ્રાહકો તૂટતા, ઘટતા, ક્યારેક તો લુખ્ખા રોટલાનો પણ વાંધો પડી જાતો, છતાં કોણ જાણે કેમ કુબેરને એમાં અનેરો ઉત્સાહ આવ્યા જ કરતો! એના ઉત્સાહમાં ઓટ નહિ. માસિકના ફેલાવામાં ઓટ ભલે હોય.

જ્યારે મળો ત્યારે એ માસિક માટેનું કાંઈ ને કાંઈ કામ કરતો જ હોય!

મેં એને ઘણી વખત સમજાવ્યો: 'ભાઈ! આ તારા માસિકમાં નથી કોઈ વિશિષ્ટતા, નથી કોઈ ખાસ આકર્ષણ, કેવળ તારો પોતાનો ભ્રમ છે કે આવી રીતે તું સેવા કરે છે.'

કુબેર એ બધું સાંભળીને માત્ર આટલું જ બોલે: 'એ જે હોય તે! પણ મને હવે આનું વ્યસન પડ્યું છે તે નહિ છૂટે. હું ને મારું માસિક સાથે જ મરીશું!'

એમ તો એ પાછો કુલિન વર્ગમાં હતો. એની જ્ઞાતિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા બે ત્રણ વર્ગ હતા. તેમાં સૌથી ઊંચામાં ઊંચી બેઠકે, ખરી રીતે, આ મુફલિસ માણસનું નામ હતું. એ ધારે તો આવતી કાલે લક્ષાધિપતિ થઈ પડે એવી સામાજિક રચનાનો એ બાળક હતો! પણ એને તો આ માસિક આડે એ કોઈ વાત યાદ જ ન હતી!

ત્યાર પછી ક્યારે એ મારે ત્યાં આવતો બંધ થયો તે ખબર રહી નથી. પણ પહેલાં તો દરમહિને એ આવીને ઊભો જ હોય, એ સ્થિતિ અચાનક જ બંધ થઈ ગઈ હતી, એવું કાંઈક મને યાદ છે.

શું બન્યું હતું તે ખબર રહી નથી. પણ તેનું માસિક તો નિયમિત ચાલ્યા કરતું હતું.

એક વખત એ માસિક તરફ જોયું, ત્યારે કોણ જાણે કેમ, એમાં મને એક ઉત્સાહી, પ્રેમાળ, અક્ષર ઉપાસનાના અનુપમ ભક્તને બદલે, એક ઘરેડમાં પડેલા, ચલાવવાની ખાતર ચલાવતા, કોઈક જૂના વ્યસનીની છાપ નજરે પડી!

કુબેરે હમણાં પોતાનું જૂનું સ્થાન બદલ્યું હતું. અને પછી એ ક્યાં રહેવા ગયો છે તેનો મને હજી પત્તો મળ્યો ન હતો. એક વખત માસિક જ્યાં છપાતું હતું ત્યાં હું ગયો—પણ ત્યાંથી એના ઘરનો કાંઈ બરાબર પત્તો લાગ્યો નહિ!

અને પછી એક વખત એનો પત્તો અચાનક જ બીજી રીતે મળી ગયો. હું એક સિનેમાગૃહ પાસેથી, મારે કામે ઉતાવળે ઉતાવળે જઈ રહ્યો હતો, ત્યાં બહાર ચોડેલી સિનેમાની નટીઓનાં દૃશ્યોને નિહાળી નિહાળીને જોતો એક માણસ મેં જોયો. મેં એના ઉપર સહજ જ નજર કરી, પણ ત્યાં તો મારે [illegible] અકસ્માત મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે જોયું હતું, અને અમારી દૃષ્ટોદૃષ્ટ મળી ગઇ. મેં તરત જ એને મોટેથી બૂમ પાડી: 'એ કુબેર! કેમ હમણાં દેખાતો નથી?'

તે એકદમ મારી તરફ આવ્યો, પણ કાંઈક ચોરી કરતાં પકડાયાનો ભાવ, એના ચહેરા ઉપર રહી ગયેલો જણાતો હતો.

તેણે મને બે હાથ જોડીને નમસ્કાર કર્યા. મેં પ્રેમથી તેને ખભે હાથ મૂક્યો: 'કેમ હમણાં દેખાતો નથી, કુબેર? ક્યાં છો હમણાં?'

પ્રશ્ન પૂછી એની સામે હું જોઈ રહ્યો. એના કપડામાં ખાસ નોંધપાત્ર ફેરફાર થયેલો નજરે ચડ્યો નહિ. ચહેરો પણ એવો જ હતો, લુખ્ખો. પણ તે પહેલાં એ લુખ્ખા ચહેરામાં જે એક અદમ્ય ઉત્સાહ દેખાતો હતો, તે હવે ત્યાં ન હતો. એને બદલે એક પ્રકારની સ્થિરતા ત્યાં બેઠી હતી— એક ઘરેડમાં એક ઠેકાણે બેસી ગયેલા માણસની યાંત્રિક સ્થિરતા!

મેં ફરીને કહ્યું: 'તારું માસિક તો બરાબર મળે છે, પણ હવે તું કેમ દેખાતો નથી? બહુ કામમાં પડ્યો છે?'

'શું સાહેબ?' કુબેર બોલ્યો. એના બોલવામાં પણ એ જ રણકો હતો; એકધારું, યાંત્રિક, સ્થિર, આવતીકાલની ચિંતા વિનાનું જીવન હોય તેવો, પણ ખાસ ઉષ્મા વિનાનો એ રણકો હતો. 'શું સાહેબ હવે? -એ તો ચાલે જ છે. ચાલવાનું. તમને ખબર લાગતી નથી, પણ હું હવે કાંઈક સ્થિર થઈ ગયો છું!'

'એમ?' મેં કહ્યું: 'બહુ સારું, બહુ સારું. પણ હમણાં રહે છે ક્યાં? બીજે ઓરડી શોધી છે? ક્યાં શોધી છે?'

તેણે અચકાતાં અચકાતાં જવાબ વાળ્યો: 'હવે ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓરડી શોધવાની રહી છે? હવે તો મને ઘર મળ્યું છે ને? પોતાનું ઘર!'

'એમ? ત્યારે એમ બોલ ને!'

'ઘર છે. થોડું બેહું ભાડું આવે છે. બૈરું પણ સારું છે. એક લાખ લાવેલ છે. એટલે હવે કોઈ જાતની આમ તો ચિંતા નથી. પ્રેસ સાથે ગોઠવી લીધું છે એટલે આપણું માસિક પણ બરાબર છપાય છે!'

એક વખત મને પોતાને ઘેર આવવાનું આમંત્રણ આપીને ત્યાર પછી કુબેર ગયો. મારે ઉતાવળ હતી, એટલે હું પણ એ વખતે ચાલતો થઈ ગયો.

તે દિવસે બધું કામ પતાવીને જ્યારે હું રાત્રે સગડી સળગાવીને નિરાંતે તાપવા બેઠો ત્યારે કોણ જાણે ક્યાંથી કુબેરની યાદી આવી ગઈ!

તે વખતે એક વિચાર આવી ગયો. લાગ્યું કે આજે કુબેર મળ્યો તે જુદો કુબેર હતો. પેલો મહાન મંથનશાલી કુબેર અદૃશ્ય થઈ ગયો હતો.

એક લાખની જ આ બધી વાર્તા ન હતી? એક લાખ આવી જતાં, એ કેવળ રોટલા ખાનારો, આવતી કાલની ચિંતા વિનાનો, પણ તેથી જ યંત્ર જેવો સ્થિર બની ગયેલો જણાયો. એનો ઉત્સાહ વિનાનો રણકો ફરીને યાદ આવી ગયો! ક્યાં મુફલિસ કુબેરનો રણકો? અને ક્યાં આ રણકો?

અને કોઈ પણ જાતના હેતુ વિના એ ફર્યા કરતો હતો તે યાદ આવી ગયું. સિનેમા નટીઓનાં બહાર ટીંગાયેલાં ચિત્રો એ જોઈ રહ્યો હતો, તેમાં રહેલી જીવનશૂન્યતા સ્પર્શી ગઈ!

મને થયું કે આ તે કુબેરને લાખ મળ્યા કે એણે કરોડો ખોયા?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૪]

અધીરતા !

ખરો પસ્તાવો તો ગાંઠ તોડી નાખ્યા પછી થયો. મનમાં થઈ ગયું કે એક નાની સરખી આવી નિર્માલ્ય વસ્તુએ, ખરી રીતે જાણે કે મારું માપ કાઢી લીધું હતું !

અને ત્યારે એક ઠેકાણે વાંચેલી વાત યાદ આવી ગઈ. અને કોઈ કે કહ્યું નથી કે માણસનું માપ એની રાહ જોવાની શક્તિમાં રહ્યું છે ? વિજયને માટે પણ એમ જ નથી કહેવાતું કે એ છેલ્લી પળની ધીરજમાં રહ્યો છે ?

એનો અર્થ હવે આજ સમજાયો. વાત તદ્દન સાદી હતી.

એક નિગંઠ ગાંઠ વળી ગઈ હતી. મેં એ છોડવા માટે ઘણી મહેનત કરી પણ એ છૂટી નહિ. 'ટેબલ'ના ખાનામાં ચપ્પુ હતું તે ખાના તરફ દૃષ્ટિ તો ગઈ: પણ મનમાં થયું ના, તોડવી નથી. છોડવી છે.

ફરીને મહેનત ચાલુ કરી, શાંત ધીરજથી. પણ હવે એ ધીરજમાં એક પ્રકારની સભાનતા પેસી ગઈ હતી.

મહેનત તો ઘણી કરી પણ કાંઈ ગાંઠ છૂટી નહિ. એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીને ચપ્પુ શોધ્યું. સદ્‌ભાગ્યે ન મળ્યું. ફરીને એ જ પ્રમાણે પાછો ગાંઠ છોડવા માટે પ્રયત્ન કર્યો. એ વખતે મને કરોળિયાની પેલી કવિતા પણ યાદ આવી ગઈ હતી!

પણ કોણ જાણે કેમ આજ એ નાનકડી ચીજે મારું માપ કાઢવાનો જાણે કે નિશ્ચય કર્યો હોય તેમ લાગતું હતું!

એટલે ફરી પણ ગાંઠ તો હતી તેટલી જ નિગંઠ રહી. છૂટી નહિ કે મોળી પણ પડી નહિ. હવે તો જાણે એ મશ્કરી ભરેલી રીતે સામે ઉપાલંભ આપતી હસી રહી હોય તેવું જણાતું હતું! એક નાનકડી નિર્જીવ સૂતરદોરીની ગાંઠ, માણસ જેવા માણસની સામે હસે! એની ધીરજની કસોટી કરે! એનું ગૌરવભંગ કરે! થઈ રહ્યું નાં?

એટલે એકદમ ઉતાવળે ઊઠીને ચપ્પુને બદલે કાતર શોધી. સદ્‌ભાગ્યે એ મળી ગઈ.

પટ દઈને દોરો કાપી નાખ્યો ને ગાંઠ છૂટી જઈ પડી! જાણે કે એનું અસ્તિત્વ જ આળસી ગયું!

વિજય મળ્યો હોય તેમ એ છૂટી પડેલી દોરાની ગાંઠ સામે મેં જોયું. અને અચાનક જ લાગ્યું કે જડસૃષ્ટિ જો હસી શકતી હોય તો નીચે પડેલી આ ગાંઠ ખરેખર મોટેથી હસી રહી છે! મને હસી રહી છે!

અને જાણે કે બોલી પણ રહી છેઃ 'તારું માપ નીકળી ગયું અલ્યા! તું મફતનો માને છે કે મારું મરણ થયું!'

અને ગાંઠ તોડી નાખ્યા પછી એનો પસ્તાવો થયો.

પણ પછીનો પસ્તાવો—એનું મૂલ્યાંકન તો અનિશ્ચિત જ છે નાં?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૫]

આ ચિત્ર અને તે ચિત્ર !

એકને જોઉં છું તો આનંદ થાય છે. ગમે તે એક. આ ચિત્ર જોઉં કે તે ચિત્ર જોઉં ! બન્ને પોતપોતાની જગ્યાએ સુંદર દેખાય છે ! પણ જો બન્ને એકી સાથે જોવા મળે છે, અને ઘણું ખરું એમ જ જોવા મળે છે, તો એમાંથી એક એવું વિરૂપ ચિત્ર ખડું થાય છે કે એને ભૂંસી નાખીએ તો જ શાંતિ મળે !

આ પહેલું ચિત્ર: એક નાના સરખા ઉદ્યાનની બહાર હમેશાં એક નાનો સરખો મેળો ભરાતો. ત્યાં રંગબેરંગી બાબાગાડીઓમાં બેઠેલાં નાનાં નિર્દોષ શિશુઓનો સમુદાય ભેગો થતો ! જે આકાશને એ સમજતાં નથી, તે આકાશની સાથે જ્યારે એ વાતો કરવામાં પડી જતાં, ત્યારે બાબાગાડીઓને ત્યાં હારબંધ ઊભી રાખીને આયાઓ ટોળે વળીને પોતપોતાના સંસારની વાતોએ ચડી જતી ! એમાં રાગ, રંગ, પ્રેમ, મોહ, નશો, સુખ, દુઃખ, આશા, નિરાશા, સ્વપ્નાં અને ભંગાર—તમામ વાતો આવતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમાં એમના માલિક–માલિકણની વિચિત્રતાઓ આવતી. ભઠિયારખાનાનો પ્રેમ આવતો. ગાડીવાળાની ગાંડીઘેલી પ્રેમ-કથાઓ પ્રગટતી. એમાં મશ્કરી આવતી. ટોળટપ્પા ને રંગ-છાંટણાં ઊડતાં!

બધી વાતો સાંભળનારો કાં માણસ ઉપરથી વિશ્વાસ ખોઈ બેસે અથવા તો પશુ ઉપર વિશ્વાસ રાખનારો થઈ જાય!

એક વખત આ નાનકડી રંગભૂમિમાં પણ તોફાનની હેલી આવી ગઈ. એક સરસ રમકડાનો હાથી ભાંગી ગયો! કોણે ભાંગ્યો કોણ જાણે? પણ એકે બીજાનો વાંક કાઢ્યો, બીજાએ ત્રીજાનો વાંક કાઢ્યો, પણ એમ ને એમ એ શિશુમેળામાં કોણ અપરાધી છે તેનો પત્તો જ ન લાગ્યો!

છેવટે સૌએ ભેગાં થઈને એક નવી આયાને અપ-રાધી ઠરાવી.

એની લાલ આંખે બતાવી દીધું કે આ અપરાધ માટે એને ઠીક ઠીક સખુનોનો સરપાવ મળવાનો છે! હું ત્યાંથી તે વખતે નીકળ્યો ત્યારે એ છોટી દુનિયાની એવી સ્થિતિ હતી.

બીજે દિવસે હું મોડો પડ્યો હતો. પણ તે વખતે એ ભાંગેલા હાથીને સાજો કરવાનો વ્યર્થ પ્રયત્ન થઈ રહ્યો હતો. છેવટે તેના ભગ્ન અવશેષોને ત્યાં ને ત્યાં ફેંકી દઈને એ આખી સૃષ્ટિ ઊપડી ગઈ.

હવે બીજું ચિત્ર: રમકડાના હાથી માટે ઠીક ઠીક ઢીબાતું એક બાળક એક માની પછવાડે આવી રહ્યું હતું. અને વારંવાર હાથીના નામ માટે માર ખાઈ રહ્યું હતું!

છેવટે તો વાત ત્યાં આવી હતી કે જેમ લોકો 'પ્લેગ' નું નામ પડતાં તે પહેલાં ત્રાસી ઊઠતા, તેમ આંહીં 'હાથી'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નું માત્ર નામોચ્ચારણ થતાં, ધરતીકંપ જાગી જતો હતો. અને પેલો બાળક ઢીબાઈ જતો હતો. માર એને એકને પડતો હતો, પણ આંસુ તો બન્નેની આંખમાંથી આવતાં હતાં !

એટલામાં ધરતી ઉપર પડેલા પેલા ભગ્ન હાથીનાં અવશેષ જોવા મળતાં એ બન્નેની સૃષ્ટિમાં આનંદ આનંદ વ્યાપી ગયો. જેમ ભૂખ્યો માણસ અનાજનો ભંડાર દેખે અને તૂટી પડે, તેમ પેલો શિશુ એને જોતાં જ તૂટી પડચો. અને મા–દીકરા વચ્ચે વગરલખી સંધિ થઈ ગઈ. મા હાથીને ફરી સજીવન કરી રહી હતી, શિશુ એની એ અદ્ભુત કારીગરી જોઈ રહ્યો હતો !

એટલે જ મેં કહ્યું કે આકાશ સાથે વાતો કરતાં, ને જરૂરિયાતની દુનિયાને બિલકુલ ન જાણતાં, અને રમકડાના હાથીઓને ફેંકીને ભાંગી નાખતાં, શિશુઓ મને ગમે છે. એ એકલાં છે. એમને એમની એક અનોખી સૃષ્ટિ છે. એ સૃષ્ટિને પોતાની સુંદરતા છે.

અને એવી જ રીતે પોતાની જરૂરિયાતોને લીધે જે મળે તેમાં આનંદ માની આનંદ લેતાં શિશુઓ પણ મને ગમે છે. એનું ચિત્ર કાંઈ ઓછું સુંદર નથી.

લક્ષ્મી સુંદર છે, એના કરતાં પણ ઘણી વખત ગરીબી વધારે સુંદર હોય છે. અથવા એમ શું કરવા ? બન્ને સુંદર છે. પણ એ બન્ને જ્યારે એક જ સમાજમાં એકી વખતે દેખા દે છે . . વિરૂપ ચિત્ર ત્યારે બને છે !

મને ઘણી વખત થાય છે કે આ વિરૂપ ચિત્ર તો હું ભૂંસી નાખું, ને ભૂંસી જ નાખું. પણ કોણ જાણે કેમ એ ચિત્રો વારંવાર નજરે ચડચા કરે છે અને ભૂંસવા જતાં ભૂંસાતાં જ નથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈકે મને કહ્યું કે એ પાણીથી નથી ભૂંસાતાં! એને ભૂંસી નાખવા માટે તો ઘણી વખત લોહીનું પાણી ખપમાં આવે છે!

ત્યારનો હું સુનમુન બની ગયો છું. મને લાગે છે કોઈક એવો આવે જે લાખો રમકડાહાથીઓને કરોડો શિશુઓને ત્યાં પહોંચાડી દે!

કોઈક એવો આવે!

આ વિરૂપ ચિત્ર તો ખમાતું નથી, દેખાતું નથી, જોયું જાતું નથી. એક ઠેકાણે હાથીના હાથી ચાલ્યા જાય, હિસાબ નથી. બીજે ઠેકાણે કીડી માટે પણ જગ્યા નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૬]

એક નાનકડો પ્રસંગ

એક વખત એવું બન્યું કે એક અમીર બેઠો ભોજન કરે.

એવામાં એક બિલાડી આવી. એટલે અમીરે એને થોડું ખાવાનું આપ્યું. પણ ખાવાને બદલે બિલાડી તો એ ખાવાનું લઈને દોડી ગઈ!

અમીરને લાગ્યું કે આવું પ્રાણી પણ માણસનો વિશ્વાસ કરતાં ડરે છે!

પણ થોડીવાર થઈ ત્યાં બિલાડી ફરીને પાછી આવી. અને 'મ્યાંઉં! મ્યાંઉં!' કરતી ફરવા માંડી. એટલે અમીરે એને ફરીવાર પોતાના ખાવામાંથી થોડું ફેંક્યું. બિલાડી ફરીવાર પણ એ જ પ્રમાણે દોડી ગઈ.

આ પ્રમાણે ચાર પાંચ વખત થયું, ત્યારે અમીરને વિચાર આવ્યો કે આ બિલાડી ખાવાનું ક્યાંક છૂપાવી દેતી લાગે છે. એને પણ ખુદાએ માથામાં કેટલી બધી ચિંતા ભરી છે! આવતી કાલે મારા ખોરાકનું શું? એ ચિંતામાં ને ચિંતામાં એ આ પ્રમાણે ભંડાર ભેગો કરતી જણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે જ્યારે એક વખત ફરીથી બિલાડી આવી, અને આપેલો ખોરાક લઈને ભાગી કે તરત અમીર બેઠો થયો અને ધીમે ધીમે તેની પાછળ ગયો!

ત્યાં એણે જે જોયું એ જોઈને એ તો છક્ક થઈ ગયો તેને હૃદયમાં એ જ વખતે એક નવો પ્રકાશ પણ મળી ગયો.

ત્યાં અંધારામાં એક ખૂણે એક આંધળી બિલાડી પડી હતી. અને આ બિલાડી દોડી દોડીને એને ખોરાક આપીને એને આનંદિત રાખવા મથી રહી હતી!

એક આંધળી બિલાડીને આ પ્રમાણે બીજી બિલાડી પોષી રહી હતી, ઈશ્વરની એ લીલા નિહાળીને, અમીરના હૃદયમાં થયું કે ઓહો! ખુદાઈ વિશ્વાસ એ કેવી અદ્દભુત વસ્તુ છે.

માણસમાં આ વિશ્વાસ નથી, ને માણસ પ્રયત્ન કરીને ફળ માટેની ઈચ્છાને છોડી શકતો નથી, તેથી તમામ શોક જન્મે છે!

વિશ્વાસ, શ્રદ્ધા, એટલે નિઃસીમ વિશ્વાસ, શ્રદ્ધા. એમાં રંજ પણ ડગવાપણું નહિ.

પણ આટલા આ એક નાનકડા પ્રસંગે અમીરના હૃદયમાં પલટો આણ્યો! કોઈકે લખ્યું છે 'God works in moments' એ આનું નામ નહિ?

આગળ જતાં આ અમીર એક મહાન ફકીર તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૭]

ખાખીની ધૂણી

જીવનના કેટલાક પ્રશ્નો કોઈની પાસે મૂકવા જેવા હોતા નથી, તેમ જ કોઈની પાસેથી એનો ઉકેલ મળે એ પણ શક્ય હોતું નથી. એવા અંતરંગી પ્રશ્નો માટે ખાખીની ધૂણી જેવું કોઈક સાધન માણસે પોતાની સ્વેચ્છાથી નિર્માણ કરવું જોઈએ. મને આજ અચાનક એવું લાગી આવ્યું ! ખરેખર, એ એક નવી નવાઈનો અનુભવ હતો !

શિયાળાની ઠંડીએ માઝા મૂકી હતી. પાન, પશુ, પંખી, અને પ્રાણી બધાં જ જાણે એક હિમાચ્છાદિત વસ્ત્ર નીચે ટૂંટિયું વાળીને બેસી ગયાં હોય તેમ, બધે અવાજવિહીન અંધકાર છવાઇ ગયો હતો. ક્યાંયથી એક નાનકડો શબ્દ પણ સંભળાતો ન હતો. તમરાં પણ જાણે બોલવા માગતાં ન હતાં. સૃષ્ટિ આખી નિદ્રામાં પડી હતી. અને નિદ્રામાં પણ ગાઢ નિદ્રાનું જાણે કે સ્વપ્ન માણી રહી હતી !

રાતના બારના ટકોરા પડયા અને એક ઘડીભર જાણે પોતાનો વિજયટંકારવ કરતા હોય તેમ ધીમે ધીમે વાગીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી એ શમી ગયા. એમણે જગાડેલો અવાજનો પડઘો શાંત થયો, એટલે રાત્રિની ગાઢ નીરવતા વધુ નીરવ થઈ ગઈ.

એક સગડીમાં થોડા કોલસા જળી રહ્યા હતા. અને એક નાનકડું લાકડું પોતે કોલસા જેવું થઇને, જાણે અંધકારને નિહાળવા નવી આંખો ઉઘાડતું હોય તેમ, ફરી ફરીને તેજ આપી રહ્યું હતું. એના આછા ઉજાસમાં ખંડનું 'ફરનિચર' કાંઈક બોલવા માગતું હોય તેવું શબ્દભરેલું દેખાતું હતું!

બહાર છવાયેલી રાત્રિની નિઃશબ્દતા એટલી તો પ્રશાંત જણાતી હતી કે એક નાનો સરખો અંગારો જરા જેટલો ઉજાસ પ્રગટાવીને શમી જાય, તો એનો એ ઉજાસ, જાણે આપણા મનને, પ્રકાશ રૂપે નહિ, શબ્દરૂપે દેખાય!

એ વખતે અચાનક કોઈ જંગલમાં એકાદ ખૂણે જલતી ખાખીની ધૂણી મને યાદ આવી ગઈ. આજ દિવસ સુધી એ ભયંકર નિષ્ક્રિયતા સમી દેખાતી હતી. આજે અચાનક એના એકાંત અગ્નિમાં, એકાકી જીવનની આળસુ જેવી જણાતી પળોમાં, અત્યંત ઊંડા ચિંતનની શકયતા અનુભવી. લાગ્યું કે જીવનમાં કયારેક આવી પળો પણ આવતી હોય! એ પણ કાંઈક આપી ન જાય? અથવા એમ નહિ, કે એ જ ખરું આપી જાય?

આજના જ આ નીરવ અંધકારમાં હું કેટલાં બધાં વર્ષો જાણે ફરીથી જીવી રહ્યો છું?

કેટલી બધી વાતોનો પશ્ચાત્તાપ થાય છે? કેટલી બધી વાતોની નિરર્થક ચિંતા વિષે હસવું આવે છે? કેટલી બધી જીવનરીતિ કેવળ વાંદર નકલ લાગે છે? અને કેટલું બધું જિવાયલું જીવન, જીવવા જેવું ન હતું એમ લાગે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીરવ શાંત રાત્રિની ખાખીની ધૂણી વિના આ વાત કોણ સમજાવે?

ત્યારે જ મને એ નવી નવાઈનો અનુભવ થયો, કે કહો ન કહો, પણ જેણે જીવનમાં કોઈ કોઈ વખત ધૂણી સળગાવી નથી, તે જીવ્યો જ નથી! એમ તો સૌ જીવે છે. કોણ નથી જીવતું? પણ પોતાના અંતરમાં પ્રશ્નો ઊભા થાય, એનાં સમાધાન થતાં આવે, સમાધાન નવું સમાધાન માગે, એવી એક નાની સરખી, પોતાની જ 'યુનિવર્સિટી', જે માણસે એકાદ ધૂણીની પાસે ઊભી કરી નથી, તે માણસ જીવ્યો છે, પણ જીવ્યો નથી!

મને તો ઘણી વખત થાય છે, માણસો જેમ હવા ખાવા દોડે છે, જાત્રા કરવા દોડે છે, મંદિરનાં દર્શન કરવા તો હંમેશાં ઘોડે છે, એમ કોઈ કોઈ કોઈ વખત, પોતાની એક નાની સરખી અગ્નિબેઠક જેવી ધૂણી જગાવીને બેસતા હોય? કેટલા માણસો આવી ધૂણી પાસે આખી રાત્રિનું જાગરણ કરી શકે? બહુ થોડા, કદાચ કોઈ જ નહિ! ભાંડભવાયા જોનારા, ને આખી રાત જાગનારા અનેક; ઈન્કિલાબી, પાર વિનાના; નટ નાટક, અસંખ્ય; ગપ્પાંછોલણ, અલકમલક ટોળટપ્પાં, ગંજીફા સોગઠી, સંખ્યાતીત; પણ કોઈક વખત ધૂણી જગાવીને, તેના ઉપર પેલા સાધુના લોટા જેવો પહોળા મોંનો લોટો મૂકીને અંદર તજ, લવીંગ, એલચી સૂંઠ, તુલસીનાં પાન, તીખાં, સાકર નાખી મીઠો ઉકાળો ઉકળતો હોય, અને પોતાની 'યુનિવર્સિટી'ના પ્રશ્નોત્તર થતા હોય, શાંત નિર્ણયો આવતા હોય, રંગીન સ્વપ્નસૃષ્ટિ દેખાતી હોય, જીવન પછીના • જીવનની દૃઢ પ્રતીતિ જન્મતી હોય, પોતાના અહમના પડછાયા સ્પષ્ટપણે નજરે આવતા હોય, મનોસૃષ્ટિમાં રહેલી અનેક વર્ષોની રંગભૂમિ ચાલતી હોય, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદસમાધિમાં, અરધી અરધી રકેબી મધુર પીણું પીતાં પીતાં, પ્રભાતની સુરખીને નિહાળીને, એક ઊંડી જીવનનિર્ણયી વસ્તુનો પરિચય પામનારા કેટલા ? કોઈ જ નહિ, કોઈ જ નહિ, કોઈ જ નહિ !

પણ એથી જ સૃષ્ટિનાં રહસ્યો આટલાં મોંઘાં છે. વિજ્ઞાન-પંથ આટલો ધીમો છે. માણસ માણસ વચ્ચેની સમજણ આટલી ઓછી છે. જ્ઞાનની કેડી આવી ઝાંખી છે.

મને લાગે છે, કોઈક વખત તો માણસે પોતાની ધૂણી જગાવવી જોઈએ. આખી રાત જાગવું જોઈએ. બધે ફેલાયેલા અંધકારને જોવો જોઈએ. પોતાની વિશિષ્ટ વિદ્યાનગરીનો પાયો નાખવો જોઈએ. દરેકના પોતાના મગજમાં પણ એક વિદ્યાધામ બેઠું છે. એને જાગવું છે ને કોઈ એને જગાડતું નથી !

બાવાની ધૂણી એ અગ્નિપંથનું પ્રતીક છે. કદાચ એ અગ્નિયોગ છે. અખંડ અગ્નિનો મહિમા એટલા માટે જંગલ-જીવનમાં મહત્ત્વનો ગણાયો છે. તોતીંગ લાકડાં, જલતો અગ્નિ, રાત્રિની નીરવતા, રાખના ઢફ્ફા, ચીપિયા ઉપર મૂકેલો ઉકાળાનો લોટો, એમનું એક અભિનવ સ્વરૂપ આપણા નિત્યજીવનમાં પ્રવેશ કરાવવા જેવું નથી ?

કેટલાક આ વાંચીને હસે છે ! એમને હું એમ કહું છું, અરે ભાઈ ! તમારી, બકરીના ગળે લટકતા આંચળ જેવી, પેલી નેકટાઇના નિત્યજીવનના પ્રવેશ કરતાં પણ આ વધુ નિરર્થક છે એમ ? હશે, હસો, હસો. હસનારાના જેવો મોટો રડનારો મેં તો ક્યારેય જોયો નથી !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૮]

વિદ્યા માટે

એક વખત એવું બન્યું, કે એક ચાંડાલની પાસે અદ્ભુત જાદુ વિદ્યા હતી. એની પાસે એવી અદ્ભુત વિદ્યા આવી હતી કે હજારો માણસો જોતાં રહે, અને એ ઘડીના છઠ્ઠા ભાગમાં, કાંઈ ન હોય ત્યાં રમણીય ઉદ્યાન બનાવી દે! સોપારી સોપારી જેવડી સુંદર દ્રાક્ષ ઉગાડે, આમ્રફળ લાવે, શેતુર, કદલીફલ અને જામફળ દર્શાવે. સીતાફળ લાવે, રામફળ લાવે, જે કહો તે લાવે. જોનારા ચકિત થઈ જાય, અને અદ્ભુત વિદ્યાના આ સ્વામીને અંતરથી નમી પડે! ચાંડાલને અભિમાન થાય કે એના જાતભાઈઓને નગરપ્રવેશ કરવો હોય તો, ઘંટા વગાડતાં વગાડતાં આવવું પડે છે, જ્યારે એ પોતે આ વિદ્યાના પ્રતાપે હજારો માણસોનાં શીર્ષ નીચાં નમાવે છે!

એટલે આ વિદ્યા એ કોઈને શિખવાડે નહિ. કોઈ શીખવા આવે તો એવી એવી આકરી શરતો મૂકે કે શીખનાર ભાગી જાય!

બાર વરસથી ઓછી મુદત તો કોઈને બતાવે જ નહિ. અને આ બાર વરસમાં એવી એવી આકરી કસોટીની વાત કરે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવનારનાં એ સાંભળીને હાંજાં જ ગગડી જાય!

એક તો ચાંડાલને ત્યાં બાર વરસ રહેવું એટલે લોકો સાથે માત્ર છાણાં થાપવાં બાકી રાખે. અને એ શરમભરેલી સ્થિતિ સ્વીકાર્યા પછી પણ, વિદ્યા મળે કે નહિ, એની કાંઈ જ ખાત્રી નહિ! ચાંડાલ, સ્વભાવનો એવો ઉગ્ર અને અપ્તરંગી અને તરંગી કે ગમે તે વખતે ગમે તે વાત મૂકે. વાત થાય તો તો ઠીક, ન થાય તો બધાં વરસ પાણીમાં જાય! ને લોકો બહિષ્કાર કરે ને મશ્કરી કરે એ જુદું. એટલે ચાંડાલની આ વિદ્યા એની એકલાની જ બની રહી. અને એ પોતાના ક્ષેત્રમાં પોતે રાજા જેવો થઈને ફરવા માંડ્યો.

કોઈ બોલાવે તો સહસ્ર કાર્ષાપણ પહેલા મુકાવે.

ગાંધાર દેશનો આ ચાંડાલ સૌની આંખમાં ખૂંચે. પણ એની એકની પાસે વિદ્યા એવી કે સૌનાં મોં સિવાઈ જાય. દરવર્ષે એ તક્ષશિલા આવે. તક્ષશિલાના જાદુવિદ્યાના હજારો વિદ્યાર્થીઓને નાનકડા બનાવીને, વિજયમાળા પહેરીને ચાલ્યો જાય!

પછી તો એણે એમ દાવો કરવા માંડ્યો કે ખરો બ્રાહ્મણ જ હું છું, ને ખરી વિદ્યા મારી પાસે છે. ન માનતા હોય તે મારું એક ફળ, અફળ બનાવી જુએ!

તક્ષશિલા જેવા ભારતખંડના વિદ્યાધામમાંથી ગાંધારનો એક ચાંડાલ આમ વિજયી થઈને ચાલ્યો જાય, એ કોઈને ગમે તો નહિ, પણ જ્યાં સુધી એની વિદ્યા બીજા કોઈને કોઠે પડે નહિ, ત્યાં સુધી તો એના અહંકારને કોઈ પડકારી શકે નહિ. વિચાર તો ઘણા કરે કે આની પાસેથી આ વસ્તુ મેળવી લેવી રહી, પણ હિમ્મત કોઈની ચાલે નહિ!

અંતે એક વિદ્યાર્થીએ [illegible]. તેણે તક્ષશિલાના નામની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાતર પોતાની જાતને ઘસીભૂંસી નાખવાનો દૃઢ સંકલ્પ કર્યો. ગુરુની પાસે ગયો. જઈને અભિવાદન કરીને ઊભો. રજા માગી. ગુરુ આશ્ચર્યમાં એની સામે જોઈ રહ્યા: 'બેટા! તું જાણે છે કે તું ક્યાં જાય છે?'

'હા, મણિધરના દરમાં!'

'અને મણિધરના દાંત કાઢવા!'

'હા, ગુરુજી! મણિધરના દાંત કાઢવા! પણ મને ખાત્રી છે, કે હું વિદ્યા લઈને પાછો ફરીશ!'

'બાર વરસ પહેલાં તારો છૂટકો નહિ થાય!'

'હું બે વખત બાર વરસની ગણતરી કરીને નીકળ્યો છું ગુરુજી! એક વખતનું બાર વરસનું સત્ર તો વખતે ફોક જ જાશે!'

'પણ તું શું કરવા આ જોખમ વહોરે છે? તેં તારા માતાપિતાને કહ્યું છે?'

શિષ્યે માથું નમાવ્યું: 'ગુરુજી! મારે તો માત્ર તમારી જ આજ્ઞા લેવાની છે. તક્ષશિલાને દર વર્ષે આમ પરાજય મળે તે મારાથી સંખાતો નથી. મારે જાવું છે!'

'પણ તું વિદ્યા મેળવીને આવશે, તે પછી જ તારી કસોટી શરૂ થશે એ તને ખબર છે?'

'ખબર છે ગુરુજી! મારો કોઈ વિશ્વાસ નહિ કરે. મને કોઈ પાસે નહિ બેસારે. વખતે મારે નગરપ્રવેશ કરવા માટે ઘંટા વાપરવી પડશે. બધી જ મને ખબર છે. પણ આ અજિત નગરીને મળતો પરાજય મારાથી દેખ્યો જાતો નથી. એણે અજિત રહેવું જોઈએ, તો દેશ અજિત રહેશે. આ તો રાષ્ટ્રનો મહાન દુર્ગ છે. એ ભેદાય તેમ છે એમ જ્યારે ગાંધાર જાણશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાર પછી એ કેટલા દિવસ અભેદ્ય રહી શકશે ?'

ગુરુજી નીચી દૃષ્ટિ કરી ગયા. પુત્ર જેવા શિષ્યને મોકલતાં એના અંતરમાં દુઃખ થઈ રહ્યું હતું. પણ કોઈકે તો જવાનું હતું, ને હજારોમાંથી આ એક જ નીકળ્યો હતો.

'તું ક્યાંનો છે બેટા ?'

'વારાણસીનો, ગુરુદેવ !'

'વારાણસી વિના, આ વિદ્યાપ્રીતિ હોય નહિ ! જા, બેટા, સુખેથી જા, કૌશિક ! અને કામ ફતેહ કરીને આવ ! મારો તને આશીર્વાદ છે. મુસાફરી માટે સાથુ લીધો કે ?'

'હા, ગુરુજી !'

વૃદ્ધ ગુરુ જોતા રહ્યા અને જુવાન કૌશિક વર્ષોની ઉપાસનામાં દટાઈ જવા માટે ચાલી નીકળ્યો.

ચાલતો ચાલતો એ ગાંધાર નગરીમાં ગયો. ગાંધાર નગરીની એણે વાતો સાંભળી હતી, પણ આજે એને પ્રત્યક્ષ જોઈ. નગરીમાં ફરતાં એક એક ઘર પાસે એ થંભી જાય છે. દરેક દ્વાર ઉપર એવી એવી અભિનવ શિલ્પરચના છે કે ત્યાંથી એની આંખ આગળ ચાલી જ શકતી નથી !

અને શું નગરીમાં રમ્ય ઉદ્યાનો છે ? દ્રાક્ષારસ પીતાં લોકો ધરાતા જ નથી ! અંગુરનાં તો જાણે વનનાં વન ઊભાં છે ! ગાંધાર સ્ત્રીપુરુષો આનંદ વિનોદ પ્રમોદમાં આમ તેમ ફરે છે. આખી નગરી જાણે કોઈ જાદુગરની સ્વપ્ન–માયા હોય તેવી રૂપરંગભરી શોભી રહી છે !

કૌશિક ફરતો ફરતો નગરીની બહાર ગયો. એને તો પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિંગલ ચાંડાલનું ઘર શોધવું હતું. તે ચાંડાલને ત્યાં પહોંચ્યો. પણ એને દૂરથી આવતો જોયો કે તરત, ચાંડાલને બારણે બેઠેલું એક રંગપંખી ઊડીને અંદર ગયું, અને હજી તો કૌશિક બારણા પાસે આવે છે, ત્યાં તો પીળાં વસ્ત્રવાળો પિંગલ પોતે જ બારણામાં દેખાયો. એના કેશ પીળા હતા. આંખો પીળી હતી. એની મુખમુદ્રામાં પણ જરાક પીળા રંગની છાંટ હતી. તેણે કૌશિકને જોતાં વેંત જ કહ્યું: 'આંહીં કોઈ ને કાંઈ શિખવાડવામાં આવતું નથી, બ્રાહ્મણપુત્ર! તું ત્યાંથી જ પાછો ફરી જા!'

કૌશિક બે હાથ જોડીને બોલ્યો: 'પણ હું તો તમારી સેવા કરવા આવ્યો છું, શીખવાનું તો પછી છે!'

ચાંડાલે ઉગ્ર અવાજે કહ્યું: 'હં, પણ આંહીંથી કોઈને કાંઈ આપવાનું નથી, તેનું શું? આંહીં જે છે તે આંહીં જ દટાવાનું છે! આ વિદ્યા આપવા માટે છે જ નહિ: એ તો મારી સાથે જીવશે ને મારી સાથે મરશે!'

'ભલે, એમ હો. પણ હું આંહીં તમારો સેવક થઈને રહેવા આવ્યો છું!'

'આંહીં જેને રહેવું હોય તેને બાર વરસ રહેવું પડે છે, એ તને ખબર લાગતી નથી. તું તૈયાર છે? તું કેટલાં વરસ રોકાઈશ?'

'બે વખત બાર વરસ!'

'તારી ઉમ્મર કેટલી છે?'

'અઢાર!'

'આંહીંથી નીકળીશ ત્યારે એ બેંતાલીશ હશે, એની તેં ગણતરી કરી છે?'

'આવી ગણતરી ભૂલીને જ હું આવ્યો છું!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તો ત્યાં ઉંબર પાસે બેસ. આ રંગપંખીનું પાંજરું ધોઈ નાખ. જો જે, એ પંખીને વગાડી બેસતો નહિ! એના ગાનમાં કોઈ આડીઅવળી વાતોએ ચડી જતો નહિ! પછી પેલા છોડવાને પાણી રેડજે! અને સાંજ પડયે ખાવાનું માગી લેજે. આંહીં જે આવેછે તેને અસ્પૃશ્ય ગણવામાં આવે છે. બાર વરસ પૂરાં થશે ત્યારે તું કસોટીમાં પાર પડશે તો આ દ્વાર ઓળંગીને અંદર આવી શકશે. દોડ, દોડ, પેલી ગૌ ઘાસ ખાઈ જાય!'

કૌશિક લાકડી લઈને ગૌને હાંકવા દોડયો!

બાર વરસ પૂરાં થયાં, પણ ચાંડાલ કોઈ વાત આપવાની તૈયારી બતાવતો નથી. કૌશિકની સેવામાં કોઈ ખામી નથી. પણ વિદ્યાચોરી, એ ચાંડાલને માટે, જાણે કે જીવનનો એક જ રસ રહ્યો છે. એને પોતાની મોટાઈ બતાવવાનું એ એક જ સાધન છે. પોતાના જ જાતભાઈઓને બ્રાહ્મણોએ જે રીતે રાખ્યા છે, એનો જાણે કે બદલો લેવાની આ એક જ અમોઘ શક્તિ એની પાસે છે. એ શક્તિ ગુમાવવી એને કેમ પોસાય?

એ કાંઈ બતાવતો નથી. બતાવવા માગતો નથી. કૌશિક એને પૂછતો નથી. જાણે છે કે પૂછવાથી કાંઈ વળવાનું નથી.

વિદ્યાને, કલાને અને મદ્યને કહેવાય છે કે વેદજૂની પ્રીતિ છે. એ ગમે તેમ હો, પણ જેમ જેમ ચાંડાલ વૃદ્ધ થતો ગયો, તેમ તેમ પોતાનાં રહસ્યોની ઉપાસનાનો થાક ઉતારવા દ્રાક્ષારસ વધુ લેતો થયો. એ દ્રાક્ષારસ લે ત્યારે એનો અષ્ટરંગી સ્વભાવ સો રંગ બતાવે. એ વખતે એના નિકટના સ્વજનો પણ ભાગે, શિષ્યો પણ ભાગે, કિંકરો તો [illegible] ઊભા રહે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પડે–આખડે–એનું જે થવું હોય તે થાય, પણ દૂરથી જેવો એને મદ્યપી જાણે કે સૌ આડાઅવળા થઈ જાય !

કૌશિકે એ વખતે એની સેવા આદરી. આ સેવાની વાત ચાંડાળ કાંઈ જાણે નહિ. એ તો એ વખતે બેભાન જેવો પડ્યો હોય ! પણ જ્યારે આ પ્રમાણે ચાંડાળ મદ્ય પીને આવે ત્યારે પોતાની જાતને નુકસાન કરી બેસે ને આ અદ્‌ભુત વિદ્યા એની સાથે જ ચાલી ન જાય, માટે કૌશિક એનું વધુ ધ્યાન રાખે !

એવામાં એને એક વખત એક નવો અનુભવ થયો.

મદ્યપી ચાંડાલ કોઈ કોઈ વખત એના નિરર્થક પ્રલાપમાં એની પેલી અદ્‌ભુત વિદ્યાનાં રહસ્યો પણ બોલ્યા કરતો હતો ! જે વિદ્યા એ કોઈને આપવા માગતો ન હતો, તે વિદ્યા જાણે એની પાસેથી, આવે વખતે રખડવા નીકળી પડતી !

કૌશિકે આ પ્રલાપો ભેગા કરવા માંડ્યા. ને એમને સાચવવા માંડ્યા !

એક વખત તો ચાંડાલે મદ્યના ઘેનમાં ને ઘેનમાં બધાને આવીને કહ્યું: 'મારો ઘોડો કોણ બને છે ?'

એના આવા નિરર્થક શબ્દો સાંભળતાં જ બધા ભાગી છૂટ્યા.

પણ કૌશિક ત્યાંથી ન ભાગ્યો.

તે દિવસે એને હમેશના કરતાં ઘણાં વધારે રહસ્યો મળ્યાં.

કૌશિકે આ બધાં રહસ્યોનો અભ્યાસ આદર્યો. જ્યારે રાત્રિ નીરવ થઈ જાય, જળ જંપી જાય, ચાંડાળ નિદ્રાધીન થઈ જાય ત્યારે કૌશિક આ તમામ રહસ્યો જાણવા માટે એકલો માથાકૂટ કરે. પોતાની પર્ણકૂટિમાં દીપક સળગાવીને બેસે.

એક વખત એ પ્રમાણે એ બેઠો હતો. તે દિવસે ભાગે-જોગે જાગી ગયો. તેણે કૌશિકના નામની બૂમ મારી. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૌશિક તો ત્યાં હતો નહિ. ચાંડાલ કુતૂહલથી બહાર નીકળ્યો. છાને પગલે એની પર્ણકૂટિમાં ગયો. ત્યાં જઈને ગુપચુપ ઊભો રહ્યો પણ જે જોયું તેનાથી તો એ દિઙ્‌મૂઢ થઈ ગયો. પોતાનાં તમામ રહસ્યો આની પાસે ક્યાંથી ? તેને નવાઈ લાગી. તેણે તાડૂકીને કહ્યુ. 'અલ્યા એ વિશ્વાસઘાતી ! આ શું કરે છે? આ ક્યાંથી કાઢ્યાં ?'

કૌશિક ધ્રૂજતો ઊભો થઈ ગયો. વર્ષોની મહેનત અફળ જવાની, એ ભયે એ ઠંડો થઈ ગયો.

પણ ચાંડાલે એને શિક્ષા કરતાં પહેલાં એક બે વધુ સવાલ પૂછ્યા: 'અલ્યા ! બોલને, તેં આ કાઢ્યાં ક્યાંથી ? મેં તો કોઈને કહ્યાં નથી !'

કૌશિકે હાથ જોડીને કહ્યું: 'તમે જ મને કહ્યાં છે !'

'ક્યારે ?'

કૌશિકે પોતાના વાંસાના સોળ બતાવ્યા: 'જ્યારે જ્યારે તમને ઘોડેસવારી કરવાનું મન થતું, ત્યારે ત્યારે હું તમારો ઘોડો બનતો. અને એ વખતે ઘોડાને મળતો ચાબુકનો સ્વાદ હું ચાખતો. તમે તે વખતે કાંઈ કાંઈ બોલતા. જે બોલતા તે આ બધું મેં સંગ્રહ્યું છે ! તમે જ આપ્યું છે !'

ચાંડાલને એ વખતે કૌશિકની વિદ્યાપ્રીતિનું આકર્ષણ થયું. તેણે તેના માથા ઉપર હાથ મૂક્યો: 'હે બ્રાહ્મણપુત્ર ! તેં જે ધીરજ બતાવી છે, તે વિદ્યાના ખરા ઉપાસકને શોભે તેવી છે. હવે તું બોલતો જા. જે તને ન સમજાય તે હું સમજાવું !'

કૌશિક આ પ્રમાણે વિદ્યા મેળવીને પછી તક્ષશિલામાં આવ્યો. ત્યારથી તક્ષશિલા નગરી જાદુવિદ્યામાં પણ અજિત ગણાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૩૯]

બે ભાઈઓ !

જૂના વખતની એક વાત છે. બે ભાઈઓ હતા. બન્નેને ત્યાં સો સો ઘેટાં હતાં. બન્ને પોતપોતાના માલ વિષે અભિમાન રાખતા.

રાત્રે પાસે પાસે બેસે ને વાતો કરે ત્યારે વાતડાહ્યા બનીને કહેશે: 'આપણા માલ જેવો માલ ક્યાંય નથી.'

એક કહેશે: 'મારા શીંગલા જેવો શીંગલો ખુદ રાજા બાદશાહને ત્યાં નથી!'

ત્યાં બીજો કહેશે: 'તારો શીંગલો સાચો, પણ મારી રેશમડી જેવી ઊન, આખો મલક ગોતી વળોને, ક્યાંય ન મળે!'

આમ ને આમ બન્ને જણા પોતપોતાના માલની પ્રશંસા કર્યા કરે.

હવે એવું બન્યું કે એમાંથી એક ભાઈને પુસ્તકોનો શોખ થયો. એવો શોખ થયો કે ન પૂછો વાત! પુસ્તક દેખે તો ખાવાનું ભૂલી જાય! એને એમાં આનંદનો સાગર દેખાય ત્યારે બીજો ભાઈ હતો એને બીજો જ શોખ લાગ્યો. એને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્દાનગી રસતો ગમવા માંડી. આખું ગામ રમત કરવા ભેગું થાય તો એ ત્યાં જઈ ચડે! અને પોતાનું નામ નોંધાવી દે! દોડવામાં જો પોતે પહેલો આવી જાય તો એને એવો ઉત્સાહ થઈ જાય કે ત્રણ દિવસ સુધી ઘેટાં ક્યાં પડયાં છે એ પણ ન જુએ.

હવે આ ઘેટાના ટોળામાં એક ડાહ્યું ઘેટું હતું, અને એક મુરખ ઘેટું હતું. ડાહ્યું ઘેટું મૂરખને કહે કે 'હવે આપણા સુખના દિવસ આંહીં પૂરા થયા છે. આ એક જણો વાંચવામાં પડ્યો છે. ને બીજો અખાડામાં પડ્યો છે. એમાં આપણો કોઈ ભાવ પૂછે એમ નથી. તો આપણે કોઈ પડખેવાળાના કોઈ ઘેટા રબારીને ત્યાં પહોંચી જઈએ. આપણી જાતભાત જોઈને એને થશે કે આ માલ સંભાળવા જેવો છે. તો એ આપણા આ મૂર્ખ સ્વામીઓ પાસેથી આપણો ઉદ્ધાર કરશે!'

મૂરખ ઘેટું કહે: 'ના, એમ નહિ. આ આપણા સ્વામીઓની આંખ તો ઊઘડશે જો, આપણે એક વખત ખોવાઈ જઈશું તો. ત્યારે એમને ખબર પડશે કે આપણે માલ જેવો માલ ખોયો!'

ડાહ્યું ઘેટું બોલ્યું: 'જેને એટલી સમજણ હોય તે કાંઈ પોતાનો ધીકતો ધંધો છોડીને, આવો ખોટનો ધંધો કરે ખરા? આપણે ખોવાઈ જઈશું તો જઈશું આપણા જીવના! અને એની કાંઈ અસર થવાની નથી!'

પણ મૂરખ પોતાને ડાહ્યું માનતું હતું, અને ડાહ્યું પોતાનો આગ્રહી મત સ્થાપવામાં મૂરખાઈ ગણતું હતું, એટલે એમની વાત એમ ને એમ રહી. ને મૂરખ ઘેટાએ બધા ઘેટામાં એવો પ્રચાર કર્યો કે ડાહ્યું શાંત બની ગયું.

ડાહ્યું શાંત બની ગયું એટલે મૂરખ તરત પોતાની વાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ ધપાવવા મંડયું.

હવે એક વખત એવું બન્યું કે સમી સાંજે ગામમાં ઢોલ વાગ્યો. મર્દાનગી વાળાએ જાણ્યું કે કોઈક ખેલાડી આવ્યા છે, એટલે એ ભાગ્યો. પુસ્તકવાળાએ એને જતો જોયો. એટલે આવી હલકી રસવૃત્તિ માટે અંતરમાં ને અંતરમાં એને ઉપાલંભ આપીને, એ પોતાનું પુસ્તક લઈને વાંચવા ચાલ્યો ગયો!

દરમ્યાન બન્યું એવું કે પેલા મૂરખ ઘેટાએ જે વાત કરેલી તેની અસર બધા ઉપર થઈ ગયેલી. એટલે જેવો પેલો મર્દાનગીવાળો માણસ, દોડતો દોડતો રમતગમતમાં ભાગ લેવા ગામ તરફ ઊપડયો, કે પેલું મુરખ ઘેટું પણ એની પાછળ દોડયું. અને જેવું એ દોડયું કે એની એ નિશાની ઉપર આખું ટોળું દોડયું ! ને ઘડીના છઠા ભાગમાં અદૃશ્ય થઈ ગયું.

ત્યાં ડાહ્યું ઘેટું એકલું ઊભું રહ્યું !

હવે જ્યારે પેલા માલિકો પોતપોતાની ધૂનમાંથી નવરા થયા ત્યારે ત્યાં વાડામાં આવીને જુએ છે તો કેવાં ઘેટાં ને કેવી વાત !

એ જોઈને પેલા મર્દાનગીવાળાએ કહ્યું, કે તું ઊંઘે ધંધે ચડયો, એમાં આ ઘેટાં ખોયાં.

ત્યારે પુસ્તકવાળો કહે, તું ઊંઘે ધંધે ચડયો એમાં આ ઘેટાં ખોયાં !'

મર્દાનગીવાળો કહે: 'તું આંહીં હતો ને તેં ધ્યાન આપ્યું નહિ !'

પુસ્તકવાળો કહે: 'તું ઢોલ સાંભળીને ગાંડાની જેમ દોડયો, એ જોઈને ઘેટાં પણ દોડી ગયાં !'

એમ એ બન્ને જણા એક બીજાને દોષ આપતા આપતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારામારી ઉપર આવી ગયા. ત્યારે પેલું ડાહ્યું ઘેટું બોલ્યું કે તમે બન્ને એકબીજાના દોષ કાઢવામાં જે વખત ગુમાવો છો તે વખત ઘેટાંનાં ટોળાંને ફરી શોધવામાં કાઢો ને!

બન્ને જણાને ત્યારે ભાન આવ્યું કે અલ્યા! આપણે માલ તો ગુમાવ્યો ને નિરર્થક લડયા. પણ હવે એમાંથી રહી સહી વેરવિખેર તો ભેગી કરવા દોડો!

એ વખતે બન્ને જણા ભેગા થઈને પછી પોતાનાં ટોળાં શોધવા નીકળ્યા.

પણ ત્યાં તો રસ્તામાં જ એમને સ્નાન સૂતકના સમાચાર મળી ગયા!

એક કૂવામાં એક ઘેટું પહેલું ખાબક્યું હતું અને એની પાછળ આખું ટોળું કૂવો પૂરવા પડયું હતું!

પેલું ડાહ્યું ઘેટું એ સાંભળીને બોલ્યું કે 'જે મળવાનું નિશ્ચિત નથી, એની મોહિનીમાં, જે મળેલું છે તે ગુમાવે છે, એનાથી દેવો પણ એમ જાણીને દૂર ભાગે છે કે, વખતે એના સંગથી આપણને પણ માણસો મૂરખ માનીને પૂજવાને બદલે પૂજશે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૦]

અજિત !

ગુરુ ગોવિંદસિંહ પાસે સમાચાર આવ્યા. પાડોશમાં એક વૈરાગી સાધુ આવેલ છે. એની પાસે અદ્દ્ભુત વિદ્યા છે. એની રજા લીધા વિના કોઈ એની પાસે બેસે, તો તરત એ જમીન ઉપર ઢળી પડે છે! એવું એનું મંત્રબળ છે. અદ્દ્ભુત જાદુનો સ્વામી કોણ હશે એ જાણવાની ગુરુને ઇચ્છા થઈ આવી.

ત્યાં તો અનુયાયીઓએ કહ્યું: ‘ અને જેવી એની પાસે મંત્રવિદ્યા છે એવી જ એની પાસે શસ્ત્રવિદ્યા છે. શસ્ત્રનો જાણકાર એના જેવો આટલામાં તો કોઈ જાણ્યો નથી!’

ગુરુ ગોવિંદસિંહ બીજે દિવસે વૈરાગીને મળવા ગયા. સાથે શિષ્યોનો સમુદાય હતો. માની લીધું કે વાત થઈ ગઈ છે, એટલે ગુરુજી રજા વિના તો આ વૈરાગીની પાસે નહિ જ બેસે. એટલા માટે ફરીને કોઈએ ગુરુને વાત સંભારી નહિ.

ત્યાં પહોંચ્યા ત્યારે ગુરુ રજા લીધા વિના જ એની પાસે બેસી ગયા! શિષ્યો જોઈ રહ્યા. ગુરુનું અપમાન થાય તો શું થશે, એની ચિંતામાં પડી ગયા. વૈરાગીના ગુસ્સાનો પણ પાર ન હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાનો ચમત્કાર બતાવી દેવા માટે એ ક્યારનો મંત્ર મનમાં ભણી રહ્યો હતો. ગુરુ ત્યાં દૃઢતાથી પણ શાંત બેઠા હતા. વૈરાગીને નવાઈ લાગી. એના મંત્રો અફળ થઈ રહ્યા હતા. પણ જ્યારે આ પ્રમાણે પોતાનું મંત્રબળ નકામું નીવડ્યું, એટલે તરત એ વાત સમજી ગયો. આવનાર કોઈ સાધારણ નથી. તે ગુરુના ચરણમાં પડી ગયો. હાથ જોડીને વિનતિ કરી: 'તમે કોણ છો? અને કેમ આવ્યા છો?'

ગુરુએ શાંતિથી કહ્યું. 'હું કોણ છું એ તો તું જાણે જ છે.'

'હું જાણું છું?' વૈરાગી નવાઈ પામ્યો. 'હું તો કાંઈ જાણતો નથી. અને શી રીતે જાણું? આ બાજુ આવું છું જ પહેલી વાર.'

ગુરુએ શાંત પ્રેમથી ફરીને એટલું જ કહ્યું: 'તું જાણે છે. તું જાણે છે કે તું જાણે છે. ફરી વાર તું વિચાર કરી જો! તું જાણે છે. તું ન જાણે તે કેમ બને?'

વૈરાગી મૂંગો મૂંગો વિચાર કરી રહ્યો. થોડીવાર પછી એ બોલી ઊઠ્યો: 'ગુરુ ગોવિંદસિંહ કહે છે, એમણે તો મને આ માન નથી આપ્યું?'

ગુરુએ ડોકું ધુણાવીને હા કહી.

'ત્યારે હવે તમે કેમ આવ્યા છો તે મને કહો.' વૈરાગી બોલ્યો.

ગુરુ ગોવિંદસિંહે એટલી જ શાંતિથી કહ્યું: 'તારે મારી સાથે આવવાનું છે. અને અમારી સાથે રહેવાનું છે. તને અમે અમારામાં ભેળવી દેવા માટે જ આવ્યા છીએ.'

વૈરાગી એ સાંભળતાં જ ગુરુના ચરણમાં લોટી પડ્યો.

થોડા દિવસ આ વાત ઉપર ગયા. ગુરુ અને શિષ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનેક વિશ્રંભ કથાઓ કરતા રહ્યા. ગુરુના દિલની આગ શિષ્યને પણ લાગી ગઈ. એવામાં ગુરુનું મૃત્યુ થવાનો સંયોગ આવ્યો. એક પઠાણે એ પહાડી શરીરને દગો દીધો. ગુરુએ પોતાની મૃત્યુશય્યા ઉપરના છેલ્લા શબ્દો આપવા માટે વૈરાગીને એક દિવસ બોલાવ્યો: ગુરુએ એને કહ્યું: 'બંદા! તું જ મારો વારસ છે. અને તને જ હું રહી ગયેલી નિકાલ કરવાની વાતોનો વારસ નીમું છું! જે અગ્નિ મારામાં છે, તે તારામાં આવો!'

'પણ શી વાતો રહી ગઈ છે, ગુરુજી?'

'તને બધી જ વાતો કહી છે. પિતાનું, પિતામહનું, બે પુત્રોનું—તમામનું વૈર લેવાનું બાકી છે!'

'ગુરુજી! એ હું શી રીતે કરવાનો હતો? જ્યાં આવડી મોટી શહેનશાહત સામે ખડી છે!'

'કરીશ તો તું જ કરીશ, ને એક જ રીતે,' ગુરુએ કહ્યું: 'મૃત્યુનો ભય તજીને. મોટી મોટી શહેનશાહતો તારાથી ધ્રૂજી ઊઠશે. જે મૃત્યુથી ડરતો નથી, તેને માટે મૃત્યુ જ નથી, એ તો જીવન જ જીવે છે!'

પછી ગુરુ ગોવિંદે પાંચ તીર પોતાના ભાથામાંથી લીધાં. બંદાને એ પાંચ તીર આપ્યાં. શાંત રાત્રિમાં બંદો એની વાણી સાંભળી રહ્યો: ગુરુ બોલી રહ્યા હતા:

'કોઈ પણ સ્ત્રીનો પડછાયો લેતો નહિ, બેટા! અને આ પાંચ તીરને તજતો નહિ. જ્યાં સુધી આ બે વસ્તુ તારી પાસે હશે, ત્યાં સુધી તારો પરાજય નહિ થાય, જા!'

ગુરુ તો ત્યાર પછી પોતાને પંથે ચાલી નીકળ્યા. પણ બંદાના મનમાં ગુરુની એક વાતનો ઊંડો મર્મ ઘા બેસી ગયો છે. તેને ક્યાંય ચેન પડતું નથી. ક્યાંય આરામ દેખાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. રાતદિવસ એને એક જ ઝંખના રહ્યા કરે છે. ગુરુના પેલા બે નિર્દોષ પુત્રોને જે સ્થળમાં જીવતા ચણી લેવામાં આવ્યા હતા, તે સરહિંદનાં એને સ્વપ્નાં આવે છે! ત્યાંથી આવી રહેલા ભયંકર વૈરના પડઘા એને સંભળાયા કરે છે!

દરેકે દરેક શીખ સરહિંદ પાસેથી પસાર થતાં, આ અમાનુષી કૃત્યની શરમ ભરેલી યાદમાં, એક ઢેફું સતલજ નદીમાં નાખે છે, એમ કહેવા કે આટલો આ ધરતી ઉપર જલપ્રલય થઈ ગયો હોત!

ગુરુ ગોવિંદના બે કુમળા પુત્રો, ફત્તેસિંહ અને જોરાવરસિંહ, ત્યાં સરહિંદમાં, કિલ્લાની ભીંતમાં જીવતા ચણાયા હતા. સરહિંદના સૂબાએ એ કર્યું હતું. સરહિંદની ધરતીની એ શરમકથા હતી. બંદાને એ વાત જાણ્યા પછી હવે ક્યાંય ચેન નથી પ્રાણાંતે પણ ધર્મ ન તજનારા ગુરુના બન્ને પુત્રો એને યાદ આવે છે. એની વીરવાણીના પડઘા એને જાણે હરપળે સંભળાયા કરે છે!

સરહિંદ સાફ કરી નાખવાની અદમ્ય અગ્નિજ્વાલા એના દિલમાં પ્રગટી છે! એને નિદ્રા નથી, આરામ નથી, શાંતિ નથી.

એ પંજાબ ભણી ચાલી નીકળ્યો. ગુરુ ગોવિંદની મૃત્યુવાણીના છેલ્લા વારસને, સૌએ ત્યાં ગુરુના જેટલું માન આપ્યું. બંદાએ મુલુ કોટીલાહ પાસે મુકામ કર્યો.

ત્યાં એનો એક પૌત્ર રહે. વૈરાગી ફકીરનું જીવન ગાળે. અગમ નિગમની વાતો જાણે. સંસારને તુચ્છ ગણે. પોતાની ધૂનમાં પોતે મસ્ત રહે. એનું નામ જ આત્મારામ. બંદાએ આત્મારામને કહ્યુ: ‘ સરહિંદ જાવું છે, ગુરુના બે અદ્ભુત પુત્રોની [illegible] અંજલિ આપવી છે, સાથે ચાલો!’

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મારામે માથું ધુણાવ્યું, આત્મારામે ના પાડી ‘હું સાથે ચાલું ? આ કામ માટે ? ના ના, હું તો એક રખડુ વૈરાગી ફકીર છું. મારે પ્રેમ શું, વૈર શું, જીવન શું ને જીવન-સ્મૃતિ પણ શું ? હવાને પૂછો—એને કોઈ વાત યાદ છે ? એને ક્યાંય રાગ પ્રેમ તિરસ્કાર અપમાન છે ? હું તો હવાની એક લેરખી છું, આજ આંહીં છું, કાલે કોણ જાણે ક્યાં હોઈશ !’

‘પણ તો આ વાત ઉપર આશીર્વાદ ?’

આકાશમાં વહી જતી એક વાદળીની સામે આત્મારામ જોઈ રહ્યો. તેણે ધીમેથી માથું ધુણાવ્યું: ‘આમાંથી છેવટે કાંઈ જ નહિ મળે, કાંઈજ નહિ ફળે છેવટે માત્ર મૃત્યુ મળે, બીજું કાંઈ જ નહિ !’

આત્મારામની વાણી સાંભળતાં બંદાને હર્ષકારી રોમાંચ થઈ આવ્યો: ‘મારે એ જ જોઈતું હતું, એ જ જોઈતું હતું, જેમાં કાંઈ ન મળે, પણ માત્ર મૃત્યુ મળે ! હું એની જ ખોજમાં નીકળ્યો છું ! આજ મને ધરપત થઈ કે એ મને ભેટવા માટે આવશે, હવે હું નિર્ભયતાથી મારે આ પંથે જઈશ !’

‘ગુરુકી ફતેહ ! વાહ !’ એ ઘોષ સાથે સેંકડો મરણિયા લઈને એ સરહિંદ તરફ ચાલી નીકળ્યો.

[૨]

ગુરુદાસપુરના કિલ્લાને શાહી દળે ઘેરો ઘાલ્યો હતો. સરહિંદમાં માણસ તો શું એક પથ્થર પણ એણે જીવતો રહેવા દીધો ન હતો. અને ત્યાર પછી તો દિવસો સુધી એમ ને એમ બાદશાહી દળને હંફાવતો બંદાનો વિજયી ધ્વજ વિજયવંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ રહ્યો હતો !

અનેક પ્રયત્નો બંદાને હંફાવવા માટે થયા. તમામ નકામા નીવડ્યા. હવાને બંધનમાં લેવાય તો ગુરુ બંદાને બંધનમાં લેવાય!

છેવટે લોહગઢમાં તેઓ ઘેરાયા હતા. ચારે તરફ ડુંગરમાળ હતી. નીકળવાનો રસ્તો ન હતો. અનાજ ખૂટવા આવ્યું હતું. ગુરુ બંદાનું જીવન જોખમમાં હતું.

એ વખતે એક તમાકુનો વેપારી, ગુરુની અગ્નિવાણીના સ્પર્શથી નવજીવન પામ્યો.

તેણે પોતાની જાતને, કોઈને કહ્યા વિનાં જ ગુરુની જેમ શણગારી. જઈને એ ગુરુના આવાસ પાસે બેસી ગયો. બધાને એક વાત કહ્યા વિના જ સમજાઈ ગઈ. ગુરુ બંદાને બચાવવાનો આ એક જ રસ્તો છે. કોઈ કે આંહીં રહેવું પડશે, તો જ દુશ્મનો માનશે કે સામનો આંહીં થઈ રહ્યો છે, માટે ગુરુ બંદાનો મુકામ હજી આંહીં છે, અને તો જ બીજે સ્થળે બીજાથી સહીસલામત નીકળી જવાશે !

તમાકુનો વેપારી ત્યાં 'ગુરુ બનીને રહ્યો. ઘોર અંધારી રાત્રે કોઈ ન જાણે તેમ ગુરુ બંદા સાથે ચુનંદા સૈનિકો ચાલી નીકળ્યા !

શાહી સૈન્યને ખબર પડી. દરવાજો તોડયો. કિલ્લામાં પ્રવેશ કર્યો, એમને ભાગી જનારાની પડી ન હતી, ગુરુ આંહીં હતા અને હવે કેદમાં પડયા હતા !

સેનાપતિ ખાનખાનાનના આનંદનો પાર ન હતો. ઔરંગઝેબ પછી આવેલા બાદશાહ બહાદુરશાહ પાસે આ સમાચાર લઈ જનારા પણ ફાવી ગયા! એમને માન અકરામ મળ્યાં. ભેટ સોગાદો મળી. ખાનખાનાનનો હોદ્દો વધ્યો. આ બધું થયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી, છેવટે ઘડો લાડવો ફૂટચો: કોઈકે ખબર આપી : ' બાજ ભાગી ગયેલ છે. પિંજરામાં પડ્યું છે તે તો ઘુવડ છે !'

દિલ્હીથી સરહિંદ સુધીની ધરતી આ વાત સાભળીને પાંસળી દુખે ત્યાં સુધી મશ્કરીમાં ને મશ્કરીમાં હસી રહી !

પણ પછી આખી શહેનશાહત ગુરુ સામે મેદાને પડી. ઠેર ઠેરથી નવાં નવાં સૈન્યો આવ્યાં.

ગુરુદાસપુરમાં સૌ છે એ ખબર પડી. ગુરુદાસપુર પાસે ઘેરો નખાયો. એક તરણું ક્યાંયથી આવતું નથી. એક દાણો અંદર પ્રવેશ કરતો નથી. ઘોડાં, ગધેડાં, બળદ જે આવ્યું તે ખાઈને પણ નમવાની, ડગવાની કે શરણે થવાની ઘેરાયેલાઓના મનમાં વાત જ નથી !

પણ એ બધું કર્યા છતાં, છેવટે ભૂખમરાએ એમના હાડપિંજરમાં રહેલા લોહને ગાળી નાખ્યું ! એક આશા જન્મી. શરણે થવાથી થોડાક તો બચી જશે ! મુખ્ય મુખ્યને ભલે હણી નાખે—પણ બીજા તો બચશે !

સાતસો વીર લોહપિંજરમાં પડચા. દિલ્હીમાં એક પછી એક, સો સોનો શિરચ્છેદ ચાલી રહ્યો. પણ એક તો એમાંથી નબળો નીકળે ! લોહ, લોહ, કેવળ લોહની મૂર્તિઓનાં માથાં ઉડાવીને, માથાં ઉડાવનારાનાં માથાં ફરી જાય છે ! એમને મનમાં થાય છે આ પાણી ક્યાંનું ? નખશિખ નર્યું વજ્જર દેખાય છે !

છેવટે ગુરુ બંદાનો વારો આવ્યો.

ચહેરો જોઈને એક અમીર મહમ્મદ અમીનખાન બોલી ઊઠચો : ' આ તે કેવી કુદરતી કરામત છે કે, જેના ચહેરામાં આટલી [illegible] છે, વર્તણૂકમાં આવી [illegible] છે, શરીરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું લોહ છે, એવા માણસે ઊઠીને સરહિંદનાં સેંકડો ને હજારો નિર્દોષોનો ઘાણ કાઢવાની સવારીની નેતાગીરી લીધી? અફસોસ! અફસોસ! એ કામ પૃથ્વી ઉપર કોઈ ને રુચ્યું નથી, બીજી દુનિયામાં નર્ક સિવાય એનું બીજું કોઈ ફળ નથી!'

અત્યંત દૃઢતાથી પણ અદ્ભુત શાંતિથી બંદાનો જવાબ આવ્યો: 'હું તમને કહું નામવર! જ્યારે જ્યારે દેશમાં માણસો એટલાં હીન બને છે, અને દુષ્ટ બને છે, કે માણસ માણસ વચ્ચેની સમાનતાનો પંથ જ જાણે ભૂલી જાય છે, અને હરેક પ્રકારની અતિશયતામાં રાચે છે, ત્યારે કુદરત પોતે જ, જાણે કે મારા જેવા કોઈ ને ઊભો કર્યા વિના રહી શકતી નથી! મારે તે વખતે આવવું પડે છે, ને હીન બની ગયેલ માણસ જાતને એના કૃત્યનો દંડ આપવો જ પડે છે! એ દંડ અપાઈ રહ્યા પછી, તમારા જેવા કોઈના હાથે મારો વારો આવે છે! એમાં કાંઈ નહિ! છેવટે તો એ માણસની મુક્તિનું ગાણું છે! ચાલો જલ્લાદજી! ... ...'

કોઈ પણ પ્રકારની 'અતિશયતા' હોય, એમાંથી છેવટે કાળ ભગવાન કેવો રસ્તો કાઢે છે, એ વાત ભવિષ્યની પ્રજાને કહેવા માટે ગુરુની એ વાણી, સોનાના અક્ષરે એક અદૃશ્ય ડોસો લખી રહ્યો હતો. અને તે વૃદ્ધ જર્જરિત ડોસો બીજો કોઈ ન હતો. ઇતિહાસ પોતે હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૧]

અર્ધદગ્ધ !

રાજા બિંબિસારનો પુત્ર જીવક કુમારભૃત્ય જ્યારે મોટો થયો ત્યારે એક દિવસ પોતાના સાવકા ભાઈ અભયકુમાર સાથે એ બેઠો હતો.

બન્નેના દિલમાં એ વખતે એક જ વિચાર ચાલી રહ્યો હતો.

મહાલયમાં ને નગરમાં એક વાત ચાલતી હતી : 'કુમાર અજાતશત્રુ જ્યારે રાજા થશે, ત્યારે એ શું નું શું કરી નાખશે. કેટલાયને હણી નાખશે. કેટલાયને કાઢી મૂકશે. કેટલાય ફેર-ફાર કરી નાખશે.'

આ બન્નેના મનમાં પણ એ વાતના પડઘા અત્યારે ઊઠતા હતા. એ વખતે એક રથ હાંકનારો મહેલની નીચેથી નીકળ્યો. એટલો સુંદર એનો રથ હતો કે રસ્તે ચાલનારા એ જોયા જ કરતા હતા !

અભયકુમાર પણ એની એ કારીગરી જોઈ રહ્યો.

એને થયું. પિતા આજ છે ને કાલ નથી. પછી શું બનશે કોને ખબર ? દેશવિદેશમાં પણ હાથે ચડેલી વિદ્યા હોય તો આપ આવે ! આપણે આ રથ બનાવવાનો હુન્નર હાથ કરીએ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે તરત પેલા રથીને ઉપર બોલાવ્યો. તેને પૂછ્યું: 'તું કેટલી કમાણી કરે છે?'

રથીએ જવાબ આપ્યો: 'હું સુખેથી જીવું છું કુમાર!'

ત્યાર પછી એ બન્ને રાજા બિંબિસાર પાસે ગયા. જઈને અભયકુમારે પિતાને વાત કરી: 'મારે રથ બનાવવાનો ઉદ્યોગ શીખવો છે!'

રાજાએ કહ્યું: 'અરે! એવો ઉદ્યોગ શીખવો છે? શું એમાંથી કાર્ષાપણ રળવા છે?'

અભયકુમારે જવાબ વાળ્યો: 'રાજપુત્રોએ દેશમાં વ્યાપક તમામ ઉદ્યોગનો પરિચય મેળવવો જોઈએ!'

રાજાએ કહ્યું: 'એમ હોય તો ભલે, શીખો!'

હવે એ જ પ્રમાણે જીવકે એક દિવસ એક શ્વેત વસ્ત્રધારી વૈદરાજને જોયા. અનેક માણસો એને વીંટળાઈ વળ્યા હતા. અને ભિષક્વર દરેકને કાંઈ ને કાંઈ સૂચના આપતા હતા.

એ જોઈને જીવકે પોતાના પાર્શ્વવર્તીને પૂછ્યું: 'એ કોણ છે?'

'એ વૈદરાજ છે, કુમાર!'

'એ શું કામ કરે છે?'

'માણસોના રોગ હરવાનું!'

'એમાં એનો જીવનનિર્વાહ ચાલતો હશે?'

'જીવનનિર્વાહ પણ ચાલે ને બીજાને જીવન પણ આપે. આ બીજી વાત ક્યાં ઓછી મહત્ત્વની છે?'

જીવકે નિશ્ચય કર્યો કે પોતે ભિષક્વર બનવું. તે પણ રાજા પાસે ગયો. જઈને એને પ્રણામ કર્યા: 'મહારાજ! મારે વૈદવિદ્યા શીખવી છે!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અરે પુત્ર! તું તો રાજાનો પુત્ર છે. તારે ક્યાં વૈદ્યરાજોનો તોટો છે કે જાતે એ વિદ્યા જાણવા જવું પડે? તારે એ જાણીને શું કરવું છે?'

જીવકે બે હાથ જોડીને કહ્યું: 'મહારાજ! આ દેશમાં રાજકુમારો તમામ વિદ્યાના પરિચયમાં રસ લેતા આવ્યા છે. મારે પણ આ વિદ્યા જાણવી છે!'

રાજા બિંબિસારે કહ્યું: 'એમ હોય તો ભલે, શીખો!'

જીવક આ પ્રમાણે વૈદ્યવિદ્યા શીખવા મંડયો. એમ કરતાં કરતાં ધીમેધીમે એ એમાં હોંશિયાર થઈ ગયો.

પણ ત્યાં એના જાણવામાં આવ્યું, કે આ વિદ્યાની ટોચ તો શસ્ત્રક્રિયામાં રહી છે. અને એ શસ્ત્રક્રિયાની ટોચ શિરની શસ્ત્રક્રિયામાં છે. પણ તે જાણનારા કેવળ તક્ષશિલા વિદ્યાલયમાં છે.

એટલે એ રાજાને ફરીને મળ્યો: 'મહારાજ! મારે તક્ષશિલા જવું છે.'

'કેમ કુમાર? ત્યાં કેમ જવું છે?'

'મહારાજ! શસ્ત્રક્રિયાના ખરા જાણકાર વિદ્વાન આચાર્યો ત્યાં છે.'

'પણ કુમાર! તારે એટલી બધી વિદ્યા જાણીને શું કરવું છે? આ તેં જાણી છે તે બસ છે. તારે ક્યાં એમાંથી જીવન-નિર્વાહ કરવો છે?'

જીવકે જવાબ આપ્યો: 'મહારાજ! એમ નથી, અર્ધું જાણવું તો નકામું ગણાય. જાણવું તો પૂરું જાણવું!' અર્ધ-દગ્ધનાં બે ય બગડે! આ લોક ને પરલોક. આ લોકમાં એને અપકીર્તિ મળે કે પૂરું જાણતો નથી. પરલોકમાં એને ઉપાલંભ મળે કે આપેલી શક્તિનો એણે ઉપયોગ કર્યો નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજાએ કહ્યું : ‘એમ હોય તો ભલે જા. હું ત્યાંના રાજા પુષ્કરસારિન્ ઉપર એક પત્ર આપું છું. તે તને ત્યાં તક્ષશિલા વિદ્યાલયમાં લઈ જશે!’

જીવક તક્ષશિલા પહોંચી ગયો. અને વિદ્યાના સાગર પાસે પોતે કાંકરા વીણનારો શિશુ હોય તેમ પોતાના કામમાં લીન થઈ ગયો.

[૨]

આચાર્યોની પ્રીતિ એના ઉપર વધતી ચાલી.

પણ તક્ષશિલા વિદ્યાપીઠમાં એક છાનો છાનો અસંતોષ વિદ્યાર્થીઓમાં ફેલાઈ રહ્યો છે. બધે વાત ચાલે છે કે ‘મગધરાજ બિમ્બિસારનો કુમાર આંહીં આવ્યો છે. આચાર્યોની પ્રીતિ એના ઉપર વધતી જાય છે! ભૌ! કાર્ષાપણ—કાર્ષાપણ, શું ન કરે? એણે એક સહસ્ર કાર્ષાપણની કોથળી આપી છે એનો આ બધો પ્રતાપ છે! એમાં પણ આચાર્ય આત્રેય—જ્યાં જાય ત્યાં એને જ સાથે તેડી જાય છે! બીજા કેટલાય, એનાથી જૂના છે તે એ હવા ખાય! અને બ્રાહ્મણ છે છતાં!’

ધીમે ધીમે આ વાત ગુરુ આત્રેયને કાને આવી.

ગુરુ ધીર ગંભીર શાંત હતા. તેમણે વિચાર કર્યો કે સીધી રીતે વાત કહેવા જતાં વાતનું વતેસર થાશે, અને અસંતોષ ઊંડો ઊતરશે. એટલે કહ્યા વિના કહેવાનું કહેવાઈ જાય તો ઠીક.

એક દિવસ બધા શિષ્યોને ભેગા કર્યા. વિદ્યાની વાત ચાલી. ઔષધોના ગુણદોષદર્શનનો પ્રસંગ નીકળ્યો. ગુરુએ જ જાણી જોઈને કાઢ્યો. એમને પ્રત્યક્ષ પાઠ આપીને શિષ્યોના મનનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંટો કાઢી નાખવો હતો. બધા એકચિત્ત સાંભળી રહ્યા હતા. બ્રાહ્મણ વિદ્યાર્થીઓ હતા, રાજકુમારો હતા, વિદેશીઓ હતા, વિખ્યાત પુરુષોના પુત્રો હતા. ચીન, તુરુષ્ક, પારસિક ને ગાંધારના વિદ્યાર્થીઓ પણ હતા. બધા શિષ્યભાવે ગુરુની વાણી સાંભળી રહ્યા હતા.

અચાનક જ ગુરુએ એક બે બ્રાહ્મણકુમારો તરફ જોયું. અસંતોષનો અગ્નિ પ્રગટાવવામાં એ મુખ્ય હતા. ગુરુએ તેમના તરફ જોયું અને સામાન્ય વાત ચાલતી હોય તેમ બોલ્યા :

'ઔષધોના ગુણદોષ, સ્થળ, સમય બધું જાણવું જોઈએ. અને એમનું મૂલ્યાંકન પણ જાણવું જોઈએ. કૌશિક! આજ તમે આંહીં આવો! તમે ને બ્રહ્મદત્ત! દેવદત્તને પણ સાથે લો. તમે સૌ આટલી ઔષધિઓનાં મૂલ્યાંકન જાણી લાવો, જાઓ! તક્ષશિલાના મુખ્ય માર્ગથી ડાબે હાથે દસ પગલાં જશો ત્યાં કાશ્મીરના પંડિતરાજ રહે છે, એમને ત્યાં તપાસ કરજો!'

દેવદત્ત ને બ્રહ્મદત્ત ને કૌશિક ને બીજા પણ એક બે બ્રાહ્મણ બટુકો દોડતા ગયા.

એમનો હર્ષ માતો ન હતો. ગુરુએ એમને કામ સોંપ્યું હતું. આખે રસ્તે વાતો ચાલી રહી કે આપણે જરા જરા અસંતોષનો ધ્વનિ પ્રગટ કર્યો તે ઠીક થયું. તો ગુરુજીને અસર થઇ, ને આજે આપણને કામ સોંપ્યું. નહિતર તો પેલા રાજકુમાર જીવકને જ મોકલત!'

આંહીં વ્યાખ્યાન ચાલતું રહ્યું. ને આ બ્રહ્મકુમારો જેવા દોડતા ગયા તેવા જ ભાવતાલ બધું લઈને, જાણે ગયા નથી તેમ પાછા આવ્યા.

ગુરુ આત્રેયે આનંદથી એમણે કહી તે વાત સાંભળી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી ધીમેથી કહ્યું: 'પણ આ ઔષધ સાથે આ બીજું એક વારંવાર વપરાય છે, તેના ભાવ જાણો છો? પૂછ્યા છે?'

'ના ગુરુજી! એ તો ભૂલી ગયા.'

'કાંઈ વાંધો નહિ. બેસો.' ગુરુજીએ કહ્યું. અને બીજા જ શિષ્યો તરફ દૃષ્ટિ કરી. એમના અસંતોષી જીવને પણ સંતોષ મળવો જોઈએ. 'અરે વિષ્ણુદત્ત! તમે, ભૂરિશર્મા, ચંદ્રહાસ, સાહસ, સાગર, બધા ઊપડો ને જરા પણ્યવીથિકામાં ફરીને આટલાં ઔષધોની તપાસ કરી લાવો તો!'

ગુરુજી પાસેથી નામ સાંભળીને આ બધા પણ આનંદમાં આવી ગયા. મૂઠી વાળીને દોડતા જ ગયા.

થોડીવાર પછી આવ્યા એટલે ગુરુજીએ કહ્યું: 'કેમ જઈ આવ્યા? બોલો, દરેકનું શું શું મૂલ્ય છે?'

એ બોલતા હતા ત્યાં જ ગુરુએ કહ્યું: 'તમે તો જાણો છો કે આ ઔષધ સાથે અમુક અમુક અનુપાન હોય છે. તો તમામ અનુપાનોના ભાવ પૂછ્યા છે?'

'ના ગુરુજી! એ તો ભૂલી ગયા!' શિષ્યો પિતા પાસે હસે તેમ હસતા હસતા બોલ્યા: 'ફરી વાર જઈએ ગુરુજી?'

'કાંઈ ફિકર નહિ. બેસો! જીવક! હવે એક આંટો તું મારી આવ. જો, તારે જે ઔષધની કિમ્મત જાણવી છે તેનાં નામ ધારણ કરી લે!'

ગુરુજી બોલતા ગયા તેમ તેમ જીવક એ બધાં ઔષધો મનમાં નોંધી લેતો ગયો.

જીવક પણ્યવિથિકામાં ગયો. જે જે ઔષધનાં મૂલ્ય ગુરુએ પુછાવ્યાં હતાં તે બધાનાં મૂલ્ય જાણ્યા પછી એને વિચાર આવ્યો કે આ ઔષધો વિષે તમામ વાતો જાણી લેવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘટે છે. એણે એ ઔષધો, જે ઔષધો એ સાથે વપરાતાં, તે બીજાં ઔષધો અને તેમનું મુખ્ય બજાર, મુખ્ય વેપારીઓ, સાર્થવાહ આવવાનો સમય, તમામ વિષે તપાસ કરવા માંડી. પછી ક્યાંનાં ઔષધો સારાં ગણાય તે હકીકત પણ મેળવી. એમ બધી રીતે તૈયાર થઈને એ પાછો ફર્યો.

પેલા બધાએ જેમ વાત કરી હતી તેમ જીવકે પણ વાત કહેવા માંડી, પણ ગુરુએ તેને તરત બીજાં ઔષધો વિષે પૂછવા માંડ્યું. પેલાઓને થયું કે હમણાં આપણી જેમ આની પણ રેવડી થાશે! પણ ત્યાં તો જીવકે તમામ વિષે સંપૂર્ણ માહિતી આપવા માંડી. દરેકે દરેક ઔષધ ક્યાં મળે છે, કેમ લાવે છે, કોણ લાવે છે, શું મૂલ્યાંકન છે, કેટલી જાતો છે, કેટલી જાતો તક્ષશિલામાં મળે છે—એમ જાણે જીવતો જાગતો પોતે જ ઔષધોનો વેપારી હોય તેમ બધી વાત એ કહેતો ગયો. એની વાત પૂરી થઈ ત્યારે તમામને લાગ્યું કે ઔષધિ વિષે આજે એમણે એક જ્ઞાનકોષ જ જાણે પ્રાપ્ત કર્યો છે!

સાંભળનારા શિષ્યો જેમ જેમ એ સાંભળતા ગયા, તેમ તેમ એમની પોતાની જીવક અને આચાર્ય વિષેની શંકા, કુશંકા ને અવિશ્વાસ જાણે મનમાંથી એની મેળે દૂર થતાં ગયાં.

પછી ગુરુએ બધા ચહેરા ઉપર એક દૃષ્ટિ ફેરવી; કોઈના મનમાં ક્યાંય ડાઘ રહી ગયો હોય તો એ જોવા. ક્યાંય ડાઘ રહ્યો હોય તેવું લાગ્યું નહિ. એમને મનમાં આનંદ આનંદ થઈ ગયો. જીવકની વાત પૂરી થઈ અને ગુરુએ તેના માથા ઉપર પ્રેમથી હાથ મૂકતાં કહ્યું: 'અરે! પણ ગાંડાભાઈ! આટલું બધું જાણવાનું શું કામ હતું?'

'ગુરુજી! તમે જ નથી કહ્યું કે જે જાણવું તે કાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરેપૂરું જાણવું, અથવા તો બિલકુલ ન જાણવું: પણ અર્ધદગ્ધ ન થવું. અર્ધદગ્ધને આવડે પણ નહિ, અને પોતાને નથી આવડતું એમ પણ એને સૂજે નહિ! એટલે એ વિદ્યાને જ લજવે!'

'હા, ભૈ હા! ચાલો, હવે સાંધ્યકર્મનો વખત થયો છે!' ગુરુ આત્રેય બોલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૨]

શ્રેષ્ઠ કોણ?

મેસેડોનનો ફિલિપ રાજા કલા પ્રત્યે અનહદ પ્રેમ ધરાવતો હતો. એનો કલા પ્રત્યેનો પ્રેમ લેભાગુ શ્રીમંતોના ઉપરછલા શોખ કરતાં જુદી જાતનો હતો. એ સાચો પ્રેમી માણસ હતો.

એટલે જ્યારે એમ જાહેર થતું કે રાજા ફિલિપના દરબારમાં કલાકૃતિઓનું પ્રદર્શન ભરાવાનું છે, અને તેમાં શ્રેષ્ઠ નીવડનારને રાજા બહુમાન આપવાનો છે, ત્યારે દૂર દૂરથી અનેક કલાકારો પોતપોતાની ચિત્રસજાવટ લઈને એના દરબારમાં આવતા અને થોડા દિવસ ત્યાં મેળો ભરાઈ રહેતો. એ મેળામાં જુદી જુદી કૃતિઓની તુલના થતી. જે શ્રેષ્ઠ કલાકાર સ્થપાતો તેને રાજા ઉદારતાથી ભેટસોગાતો આપતો.

આ સ્પર્ધામાં આખા દેશના કલાકારો રસ લેતા.

એક વખત રાજા ફિલિપે એ પ્રમાણે એક સ્પર્ધાની જાહેરાત કરી. એ સાંભળીને દેશભરમાંથી કલાકારો પોતપોતાનાં ચિત્રો લઈને આવ્યા. કેટલાક નામના કલાકાર હતા, તો કેટલાક નામીચા કલાકાર હતા. પણ રાજા ફિલિપને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈને આનંદ થયો કે દરેક કલાકાર પોતાની કલાભક્તિમાં એક્કો હતો—ભલે એની કૃતિમાં એ મોળો પડતો હોય !

આ વખતની સ્પર્ધા પણ ખૂબ મુશ્કેલ હતી. કોઈની કૃતિમાં કાંઈ ખૂબી હતી, તો બીજાએ નવી જ વસ્તુ આપી હતી. કોઈએ રેખાચિત્રમાં કમાલ કરી હતી, તો બીજાએ રંગની ભાષાને કવિતામય બનાવી દીધી હતી ! ગમે તેટલું જોનારા જુએ અને પરીક્ષા કરનારા પરીક્ષા કરે, પણ એક ચિત્ર બીજાથી શ્રેષ્ઠ છે એમ નિઃશંકપણે કોઈ કહી શકે નહિ !

એક કૃતિ જૂએ ને બીજી ભૂલે, એવી એક કરતાં એક ચડિયાતી કૃતિઓ ત્યાં હતી.

પણ તમામ કૃતિઓમાં બે કૃતિઓ અનોખી તરી આવતી હતી.

'ઝ્યુકસીઝે' એક દ્રાક્ષનો ઝુમખો એક સુંદર પાત્રમાં આપ્યો હતો ! પણ એની રંગમિલાવટ, રજુઆત, દર્શન અને સર્જન એટલાં અદ્ભુત હતાં કે ન પૂછો વાત ! માણસ તો ઠીક, ચકોર દૃષ્ટિથી ચીજને ઓળખનારી પંખીની જાત પણ ભૂલી પડી જતી હતી ! અને ત્યાં આવીને દ્રાક્ષને ઉપાડી લેવા માટે બેસી જતી ! બેઠા પછી પણ થોડી વારે જાણી શકતી કે પોતે છેતરાઈ છે ! પંખીની જાતને છેતરનારો આ કલાકાર અદ્ભુત હતો. આખા મેળામાં એનાં ગુણગાન થઈ રહ્યાં હતાં. ન્યાયાધીશો પણ પોતે, પક્ષવાદ ન લઈ શકે એ વાત ઉત્સાહમાં ભૂલી જતા હતા ! ખરેખર ચિતારાએ કમાલ કરી હતી ! 'ઝ્યૂકસીઝ'નો સર્વશ્રેષ્ઠનો અધિકાર નિશ્ચિત હતો.

પણ એક બીજો પ્રતિસ્પર્ધી પણ ત્યાં હતો. એનું નામ 'પારહેસ્યસ'. એણે બીજું કાંઈ નહોતું કર્યું. એક પડદાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ જાણે પોતાનું ચિત્ર ઢાંકીને એ એની આગળ બેઠો હતો. એનું ચિત્ર કોઈએ જોયું ન હતું, પણ એની ખ્યાતિ એવી હતી કે એ અદ્‌ભુત જ હશે એ વિષે ભાગ્યે જ કોઈને શંકા થાય. ન્યાયાધીશ સંડળી ફરતી ફરતી ત્યાં આવી પહોંચી. એની સાથે ઝ્યુકસીઝ પણ હતો.

સૌ આવીને ત્યાં ઊભા રહ્યા. હવે તો કોણ શ્રેષ્ઠ ચિત્રકાર છે એ ઠરાવવા માટે, પડદો દૂર થાય ને આ ચિત્રનું દર્શન થાય એટલી જ વાર રહી હતી. બીજાં બધાં જોવાઈ ગયાં હતાં. સ્પર્ધા બે વચ્ચે જ આવીને અટકી હતી.

સુંદર મખમલનો પડદો ત્યાં ટીંગાતો હતો!

'ઝ્યુકસીઝે' પોતાનું નસીબ નક્કી કરવા માટે 'પાર-હેશ્યસ'ને કહ્યુ: 'મખમલી પડદો દૂર કરો અને સ્વર્ગ બતાવો!'

પારહેશ્યસે જરાક સ્મિત કર્યું: અને પછી ધીમેથી ઉમેર્યું: 'તમે જ પડદો દૂર કરો ને!'

'ઝ્યુકસીઝ' એ સાંભળીને આગળ વધ્યો. ઝડપથી એણે પેલા મખમલી પડદાને એક તરફ ખેસવવા માંડ્યો. પણ પડદા ઉપર હાથ પડ્યા પછી એ આશ્ચર્યમાં ત્યાં થંભી ગયો!

ત્યાં બીજું કોઈ ચિત્ર આ મખમલી પડદાની પાછળ ન હતું! પણ મખમલી પડદો પોતે, એ જ ચિત્ર!

ચિત્રકારે કમાલ કરી હતી! એના મખમલી પડદાએ ખુદ ચિત્રકારને પોતાને છેતર્યો હતો!

પરીક્ષકો, પ્રેક્ષકો ને પ્રતિસ્પર્ધીઓ ત્યાં આશ્ચર્યમાં ઊભા રહી ગયા! સૌને સમજાઈ ગયું કે રાજમુગટ, આ અદ્‌ભુત ચિત્રકારનો થઈ ચૂક્યો હતો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૩]

રાજાનું વેણ !

પુનાના દરબારમાં ભારે હોહા મચી રહી હતી. પેશ્વા સવાઈ માધવરાવના દરબારખંડમાં સોગઠાંબાજી ખેલાતી હતી. રંગમાં આવી જઈને પેશ્વાના પ્રતિસ્પર્ધી રમનારાએ ઊઠી જતાં કહ્યું: 'તમારાથી થાય તે ચાલ કરી લો સરકાર! વિજય અમારો છે!'

નાનકડો પેશ્વા રમતની બાજી ઉપર નજર ફેરવી ગયો. એક અમુક દાવ આવે તો પોતાની જીત નક્કી હતી. તેણે મોટેથી કહ્યું: 'બાજી ભલે તમારા પક્ષમાં રહી, જીત અમારી છે!'

'તમારી? જીત? કોઈ કાળે થવાની નથી, સરકાર!'

સવાઈ માધવરાવ ઉપર પિતાના જેવી પ્રેમવૃત્તિ રાખનારો નાના ફડનવીસ પણ ત્યાં બેઠો હતો.

સવાઈ માધવરાવે પ્રયત્ન ઘણો કર્યો, પણ ધાર્યો દાવ પડે જ નહિ ને!

જુવાન પેશ્વા એ જોઈને આવેશમાં આવી ગયો. એ સોગઠાં લઈને બેઠો થઈ ગયો. 'જે મને આ બાજી જિતાડી દેશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને મારે મોતીનો તોરો આપવો!' તે અચાનક બોલી ગયો. ને ત્યાં બેઠેલા સૌના ઉપર એક નજર ફેરવી ગયો.

ચારે તરફથી 'અરે! હાં હાં મહારાજ! આ ક્યાં રણક્ષેત્ર છે, આ તો બાજી છે' એમ બોલાઈ રહ્યું.

પણ પેશ્વાના મગજમાં ધૂન હતી: તેણે વધુ વેગથી કહ્યું; 'એક દાવ મને જીતનો લઈ આપે, જે કોઈ લઈ આપે, તેને મોતીનો તોરો આપ્યો!'

પડખેથી એક માણસ ઊભો થઈ ગયો. 'સરકાર! મારે દાવ નાખી દેવો. લાવો પાસા મારી પાસે!'

સવાઈ માધવરાવે તેના હાથમાં પાસા આપી દીધા. એક ફેરો, ને બીજે ફેરે એણે ધાર્યો દાવ ઉતાર્યો. હારની બાજી જીતમાં પલટાઈ ગઈ. રમત આગળ ચાલી. આનંદની હો હા વધતી ગઈ.

પેશ્વા મહારાજ બાજી જીતી ગયા. પણ પેલો એમણે વેગમાં બોલી નાખેલો સખૂન, એ ભૂલી ગયા લાગ્યા. બીજા કોઈને એ સંભારવા જેવો લાગ્યો નહિ.

સૌને લાગ્યું આ તો સોગઠાંબાજીની રમત હતી. એમાં તો માણસ આમ પણ બોલે, ને તેમ પણ બોલે.

પણ નાના ફડનવીસને નિરાંત વળી નહિ. એને લાગ્યું કે જો જુવાન પેશ્વાની આજથી 'અબી બોલ્યા અબી ફોક'ની આબરૂ બંધાશે, તો આજ આ સોગટાંબાજી છે, પણ આવતી કાલે રણક્ષેત્રની ચાલબાજી હશે, ત્યારે કોઈ રાજાના વેણનો વિશ્વાસ નહિ કરે! સૌ માનશે કે એ તો બોલે છે! એને થયું કે આવતી કાલે, પછી મોતીનો તોરો આપે ન આપે બધું સરખું છે. એટલે આપ વાતોમાં હતા ને તે તરત બોલ્યો, વફાદાર—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનામાં ગયો. અધિકારીને બોલાવ્યો : 'પેશ્વા સરકારના હાથમાં આવીને એક મોતીનો તોરો આપી જજો. જો જો, હમણાં જ આવે ! પછી સૌ બેઠા થઈ જશે !'

નાના ફડનવીસ આવીને પાછો શાંત બેસી ગયો. એટલામાં જ જામદારખાનાનો અધિકારી મોતીનો તોરો લઈને આવ્યો.

'સરકાર ! આ મોતીનો તોરો !'

તરત નાના ફડનવીસે કહ્યું, 'રઘુનાથરાવ ! કુરૂંદવાડકર ! તમે મહારાજની સામે આવો. આજે તમે ખરેખર મહારાજને જીત અપાવી છે. તમારું 'પારિતોષિક' સરકાર આપે છે, તે લો !'

રાજાનું વેણ એ વેણ રહેવું જ જોઈએ એવી પંતપ્રધાનની કાળજીનો ખ્યાલ આવતાં સૌનાં માથાં મરાઠીરાજના આ સ્તમ્ભને અંતરથી નમી રહ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૪]

માનવતા જગાડી !

એક વખત એક જર્મન અમીરની ઉદારતા એટલી બધી પ્રસિદ્ધિ પામી ગઈ કે દર સવારે એ જ્યારે પોતાના ધોળા સુંદર ઘોડા ઉપર બેસીને ફરવા નીકળે, ત્યારે એના રસ્તા ઉપર અનેક ગરીબગુરબાં, સાધુ, ભિખારી, અપંગ, અનાથ, આંધળાં, લૂલાં, લંગડાં વગેરેની એક મોટી જમાત જામે! જાણે કે બધા એની રાહ જોતા બેસે!

અમીરે એક નિયમ રાખેલો. જે અશક્ત હોય, અપંગ હોય, કામ કરી શકવાની જેનામાં તાકાત ન હોય, તેને એ પોતાની તરફથી મદદ આપતો આપતો ચાલ્યો જાય. એટલા માટે પોતાનો ઘોડો એ ધીમે ધીમે ચલાવે. એ રસ્તે મદદ કરવા યોગ્ય કોઈ માણસ રહી ન જાય એની એના દિલમાં પૂરેપૂરી ખટક. પછી તો અમીરની આ ઉદારતા એટલી બધી પ્રસિદ્ધિ પામી ગઈ કે એ રસ્તો સવારમાંથી જ અપંગો અને અશક્તોથી ઉભરાવા માંડે!

એક વખત એ પ્રમાણે સવારમાં અમીર ફરવા નીકળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પોતાના બન્ને બાજુના ખિસ્સામાં પરચૂરણ સિક્કા રાખેલા. સિક્કા આપતો આપતો એ પોતાનો માર્ગ કાપી રહ્યો હતો.

છેલ્લામાં છેલ્લા માણસને એણે સિક્કો આપ્યો. પણ એને પગે, ઘણો વધારે અપંગ જેવો દેખીને, એને દયા આવી. અને એણે ત્યાં ખાસ ઊભા રહીને એને થોડું વિશેષ દાન કર્યું.

પછી એનો ઘોડો આગળ ચાલ્યો. સામાન્ય રિવાજ પ્રમાણે એ આ રસ્તે આગળ ચાલ્યો જતો ને પાછો ફરતો ત્યારે બીજે રસ્તેથી જ પાછો ફરતો.

બનતાં સુધી એ કોઈ દિવસ પાછું ફરીને જોતો નહિ. જે લોકોને પોતે દાન આપ્યું તેમના મનમાં શરમ આવે એટલે વધુ વખત ત્યાં ઊભો પણ રહેતો નહિ. છેલ્લા માણસને આપી લે, પછી ઘોડો આગળ વધે, એટલે એ આગળ જ વધે. પાછું ફરીને દૃષ્ટિ કરવાની એને ટેવ ન હતી.

પણ આજે કોણ જાણે કેમ એનાથી અચાનક જ ઘોડાની પીઠ ઉપરથી ડોક પાછી કરીને જોવાઈ ગયું! એની દૃષ્ટિ પાછી ગઈ, અને ગઈ તેવી જ, એક પળભર, પોતે જે દેખ્યું તે પોતે માનતો ન હોય તેમ, ત્યાં સ્થિર થઈ ગઈ. માત્ર એક જ પળ! અને તે તરત પાછી ફરી ગઈ! કાંઈ ન હોય તેમ ઘોડો આગળ ચાલતો રહ્યો!

પણ એની દૃષ્ટિ પાછી ફરી, ત્યારે એક પળભર નવાઈ પામતી હોય તેમ ટકી ગઈ હતી. તે વખતે એણે શું જોયું હતું?

એની દૃષ્ટિ પાછી ફરી ત્યારે, જે અપંગ માણસની એણે વિશેષ કરુણ અવસ્થા નિહાળી હતી, અને જેને ખાસ વિશેષ દાન આપ્યું હતું, તે છેલ્લા અપંગને જાણે કાંઈ ન હોય તેમ, તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુશાલીમાં ધરતી ઉપર કૂદતો, નાચતો ને ઠેકડા મારતો જોયો !

એ વધારે દાન મેળવવાથી કૂદી રહ્યો હતો ને તેની ખુશાલીમાં તાલ પુરાવતા સાત આઠ બીજા પણ, ત્યાં આસપાસ ઊભા રહીને હસી રહ્યા હતા !

પણ જે વખતે અમીરની દૃષ્ટિ પાછી ફરી, તેના ઉપર પડી, બરાબર તે જ વખતે, આ અપંગની દૃષ્ટિ પણ અમીર ઉપર પડી ગઈ. અપંગની દૃષ્ટિએ એ દૃષ્ટિને પકડી પાડી ! અને 'મળી દૃષ્ટોદૃષ્ટ !' એવું થઈ ગયું. એક પળભરની જ વાત હતી, પણ અમીરે તેને જોયેલ છે એ કળી જતાં, એનો તાલ તરત તૂટી ગયો. રમત રમતને ઠેકાણે રહી ગઈ. એણે ધાર્યું કે અમીર હમણાં પાછો ફરીને કાં તો એને ઠપકો આપશે !

પણ અમીરનો ઘોડો તો કાંઈ ન હોય તેમ આગળ ચાલ્યો ગયો !

આ અપંગને કોણ જાણે શું થયું કે એ તરત અમીરના ઘોડાની પાછળ દોડ્યો. મૂઠીઓ વાળીને દોડ્યો. પોતે મહા અપંગનો વેષ ભજવ્યો હતો તે એ બધું ભૂલી ગયો.

એ અમીરના ઘોડાને પહોંચ્યો, ત્યારે શ્વાસોશ્વાસ થઈ ગયો હતો. બોલવાનું પણ ઠેકાણું ન હતું. પણ તેણે મોટેથી જ બૂમ પાડી : 'એ અમીર સાહેબ ! એ મહેરબાન ! જરા ઊભા રહો, જરા ઊભા રહો, મારે એક વાત કરવી છે !'

અમીરને તેની આ વર્તણૂકથી ઘણી નવાઈ લાગી. પણ તેણે પોતાનો ઘોડો થોભાવ્યો : 'કેમ શું છે ?'

પેલો અપંગ એનાં ચરણ પકડી રહ્યો : 'મારે એક વિનતી કરવાની છે !'

'શું છે ? બોલી નાખ જો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'હું અપંગ નથી એ તમે જોયું છે. મેં તમને છેતર્યા છે. . .'

'તેનું હવે શું છે? જા, . . . તારે રસ્તે . . . જા,'

'ના, ના, અમીરસાહેબ! ના. મહેરબાન ના. મારે એક વિજ્ઞપ્તિ કરવાની છે. તે તમે સાંભળો!'

'શું છે બોલી દે!' અમીરે કહ્યું.

'મહેરબાન અમીરસાહેબ! આપ દયાળુ છો. આપે દયાનું ઝરણ વહેરાવ્યું છે. મારા જેવા એકની આ છેતરપીંડી જોઈને, ઈશ્વરની ખાતર એ ઝરણ તમે સુકાવા દેશો મા! મારી ખાતર બીજા સેંકડો આ ઝરણના જળથી હમેશને માટે વંચિત થઈ ન જાય માટે હું દોડતો આવ્યો છું. હું અપંગ નથી. આ આપના સિક્કા. . .'

અમીર આશ્ચર્યમાં ઘડીભર થંભી ગયો. આ માણસમાં જાગેલી માનવતા જ જાણે, પોતાના તમામ સત્કાર્યનો બદલો આપી રહી હોય તેમ, ઘડીભર એ આનંદાશ્રુ ભરેલી આંખે ધરતીને નિહાળી રહ્યો!

એણે ફરીને ઊંચે જોયું, ત્યારે પેલો અપંગ માણસ ખરેખરા સાજાની માફક, ઉતાવળે પાછો ચાલ્યો જતો દેખાયો!

બીજે દિવસે એણે ઘણી તપાસ કરી, પણ તેનો પત્તો લાગ્યો નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૫]

દયાનું ઝરણું

એક વખત એક માણસ દયાનું ઝરણું શોધવા નીકળ્યો. તેણે તેના વિષે ઘણું સાંભળ્યું હતું. એ ઝરણામાંથી થોડી પણ પ્રસાદી લાવનારો, વિશ્વંભરની મોકલેલી દયાની છાયા મેળવી શકે છે, એમ એને કોઈકે કહ્યું હતું.

એ આ ઝરણું શોધવા માટે નીકળ્યો. એ ઝરણું કોઈક ઠેકાણે ગાઢ જંગલમાં આવ્યું છે એટલી એને ખબર હતી. પણ ઝરણું ખરેખર ક્યાં છે તેની તેને જાણ ન હતી.

ઝરણાની શોધમાં ને શોધમાં તે ઘણા દિવસ રખડ્યો. એણે ડુંગરા, ખીણો, જંગલો, નદીના તીરપ્રાન્તો, ગાઢ અરણ્યો બધે શોધ કરી. પણ પેલા દયાના ઝરણનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. એ નિરાશ થઈને પાછો ફરતો હતો ત્યાં એને જંગલનો ખરેખરો એક ભોમિયો મળી ગયો. તેણે તેને દયાના ઝરણા વિષે વાત કરી. 'તમે એવું ઝરણું ક્યાંય જોયું છે?' તેણે પૂછ્યું. ભોમિયાએ જવાબ વાળ્યો: 'મેં એના વિષે સાંભળ્યું છે ખરું, પણ મેં કોઈ દિવસ એને જોયું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વળી કેટલાક તો કહે છે કે એ કોઈને દેખાતું જ નથી !'

પેલા માણસે કહ્યું: 'જો દેખાતું જ ન હોય તો એના વિષે આટલી બધી વાત ચાલે ક્યાંથી ? એટલે એ દેખાતું તો હોવું જ જોઈએ !'

ભોમિયાએ કહ્યું: 'તો તમે આ તરફનાં ગાઢ જંગલોમાં તપાસ કરો. એ હોય તો ત્યાં હોય. એ જંગલ એવાં અંધારઘેરાં છે કે ત્યાં દિવસે પણ રાત જેવું અંધારું રહે છે. અને જેવાં ભીષણ છે તેવાં જ એ રમ્ય પણ છે. તમે એ જંગલમાં ગયા લાગતા નથી !'

પેલા માણસે ભોમિયાએ બતાવ્યું તે જંગલ જોયું ન હતું. એટલે એ આશામાં ને આશામાં, ભોમિયા પાસેથી માહિતી મેળવીને, એ દિશા તરફ ગયો.

ચાલતો ચાલતો એ એવા પ્રદેશમાં આવ્યો કે ભોમિયાએ કહ્યું હતું તેમ, તે ભીષણ પણ હતો ને રમણીય પણ હતો. ત્યાં ઠેર ઠેર ફૂલછોડોનાં ઝુંડનાં ઝુંડ દેખાતાં હતાં, તો બીજી તરફ ભૂખરા ડુંગરાઓ જાણે ખાવા દોડતા હતા ! એક બાજુ આનંદવન જેવું સુંદર વન હતું, કે જેને જોતાં નેત્રો તૃપ્તિ પામે; તો બીજી જ બાજુ ભયંકર રેતભરી ખીણો દેખાતી હતી ! પરંતુ ગમે તેમ, પેલું ઝરણું હવે મળશે એવી આશાથી આ માણસને મનમાં આનંદ આનંદ થઈ ગયો !

એના પોતાના અનુમાનને વધારે ટેકો મળ્યો. એ ત્યાં ફરી રહ્યો હતો તેટલામાં, એક માણસને આ જંગલમાંથી આણી તરફ આવતો એણે જોયો. તેની પાસે એક લોટો હતો, અને લોટામાં પાણી હતું. તે પાસે આવ્યો એટલે આ માણસે તેને પૂછ્યું: 'તમે ક્યાનું ઝરણું જોઈને આવો છો ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો માણસ ચાલતો અટકી ગયો. તેણે શાંતિથી જવાબ વાળ્યો: 'હા, હું દયાનું ઝરણું જોઈને જ આવું છું. અને આ લોટામાં એ ઝરણાની પ્રસાદી પણ છે!'

પણ આ સમાચાર સાંભળીને પેલો માણસ એટલો તો આનંદમાં આવી ગયો કે, એ તો તરત એ ઝરણા માટે જ દોડયો! એને પૂછવા માટે પણ રોકાયો નહિ! એને ખાત્રી થઈ ગઈ કે ઝરણું હવે કાંઈ દૂર નથી!

જે દિશા તરફથી એણે પેલા માણસને આવતો જોયો હતો, તે દિશા તરફ એ ઊપડયો હતો. થોડીવારમાં તો ગાઢ જંગલ પણ દેખાયું. તેણે ચારે તરફ શોધ કરવા માંડી. હવે એને સાંભર્યું કે પેલા માણસને બરાબર સ્થળ વિષે પૂછી લીધું હોત! પણ એ તો રાંડયા પછીનું ડહાપણ હતું! પેલો માણસ કયાં એવો નવરો હતો કે એની રાહ જોઈને ઊભો રહ્યો હોય!

છતાં એને ખાત્રી હતી કે એ આટલામાં જ છે એટલે એણે ધારી ધારીને જોવા માંડયું. ને ઝીણામાં ઝીણી શોધખોળ માંડી. પણ નવી નવાઈની વાત બની કે ઝરણું પાસે હોય તેમ લાગતું હતું, કયાંક છાનું વહેતું હોય તેમ એનો શાંત અવાજ પણ આવી રહ્યો હતો, છતાં એ શોધી શોધીને થાકયો પણ એને ઝરણાંનો પત્તો લાગ્યો જ નહિ! સાંજ પડવા આવી ને તે નિરાશ થઈ ગયો. એની શોધ અધૂરી રહી ગઈ. તે હતાશ થઈને પાછો ફરી રહ્યો.

પણ એટલામાં વળી એણે કોઈ સાધુ જેવાને જંગલમાંથી જ બહાર નીકળતો જોયો. તેના હાથમાં કમંડલું હતું. ને તે ધીમે શાંત પગલે જંગલની બહાર આવી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ માણસે એક ભૂલ કરી હતી, એટલે એ તો સાધુને જોતાં તરત જ દોડ્યો. શ્વાસભેર દોડ્યો. તેણે સાધુને પકડી પાડ્યો: 'મહાત્માજી!' તે ઉતાવળે ઉતાવળે ત્યાં આવતાં અટકીને મોટેથી બોલ્યો: 'મહાત્માજી! જરાક ઠેરો, જરાક ઠેરો. મારે તમને કાંઈક પૂછવું છે! તમે દયાનું ઝરણું જોઈને આવો છો?'

સાધુ ઊભા રહી ગયા. તેણે પ્રેમથી તેની સામે જોયું. શાંતિથી જવાબ વાળ્યો: 'હા, પણ કેમ પૂછવું પડ્યું?'

'ક્યાં છે એ? હું તો એને ક્યારનો શોધું છું, પણ મને તો એ મળતું જ નથી!'

સાધુએ જવાબ વાળ્યો: 'એ તો આંહીં પાસે જ છે.'

પેલાએ ઉતાવળે કહ્યું: 'પાસે? ક્યાં છે? કઈ તરફ? જરાક મહેરબાની કરીને સાથે આવીને બતાવો ને!'

સાધુએ કહ્યું: 'એ કોઈ કોઈને બતાવી શકતું નથી. પણ જુઓ, આ મારી આંગળી બતાવે છે તે દિશામાં તમે જાઓ. એ ભાગ્યે જ પચાસ સો ડગલાં આઘે છે!'

'અરે! પણ ત્યાં તો હું સીતેર એંશી સો વખત ફરી ફરીને જોઈ આવ્યો. મને તો કાંઈ દેખાણું નહિ! ધીમો અવાજ ક્યાંકથી આવે છે, પણ ઝરણું તો દેખાતું જ નથી! શું ધરતી નીચે એ વહે છે?'

સાધુએ હસીને કહ્યું: 'પણ ભાઈ! ત્યાં જાય તે બધાના જોવામાં એ ઝરણું આવતું નથી. એ તો એના અધિકારી હોય તેને જ જોવા મળે છે!'

'પણ અધિકારી તો હું છું જ. તે વિના આ જંગલમાં કાંઈ આવું? તમને ખબર લાગતી નથી, પણ આ આખા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલના ગુંદરનો ઈજારો મારે ત્યાં છે! એમ હું અધિકારી તો છું જ!'

સાધુએ પ્રેમથી હસતાં હસતાં કહ્યું: 'ભાઈ! એમ નથી. આ તો દયાનું ઝરણું છે. ઈશ્વરી દયાનું. એમાંથી થોડો પણ પ્રસાદ પામનારો ધન્ય થઈ જાય છે!'

પેલા માણસે આકળા બની જઈને ઉતાવળે ઉતાવળે કહ્યું: 'એ બધી ફિલસૂફી તો મેં વાંચી છે, સાંભળી છે, જાણી પણ છે. પણ ઝરણાની બરાબર જગ્યા બતાવો ને!'

સાધુએ પ્રેમભરી માયાથી તેની છાતી ઉપર હાથ મૂકીને કહ્યું: 'ભાઈ! એની ખરી જગ્યા તો આંહીં, તારી પોતાની જ છાતીમાં છે! એ ઈશ્વરી દયાનું ઝરણું કેવળ તેને દેખાય છે, જેને કાંઈક અધિકાર મળ્યો છે. એટલે જેણે પોતે માનવ પ્રત્યે દયા બતાવી છે, તેને જ આ દેવચરણમાંથી વહેતું ઝરણું જોવા મળે છે. બીજાને નહિ. પહેલાં તો તું તારી એ વાત તપાસી જો અને પછી આ મુસાફરીએ નીકળ. કારણ કે તે વિના તો ભલે, એ આંહીંથી માત્ર સો પગલાં દેખાય, પણ તને એ સો પગલાં પૂરાં કરતાં સો વરસ પણ ઓછાં લાગશે! એટલે તું તારું ઝરણું તપાસી જો. તેં પોતે કોઈ સ્વાર્થ વિના, કેવળ માનવપ્રીતિથી પ્રેરાઈને, કોઈના પ્રત્યે પણ દયા--પ્રીત કરી હશે, તો તને આ દેવઝરણ જોવા મળશે. અને તેનો પ્રસાદ પણ મળશે. એવું કાંઈ કર્યા વિના કેવળ કુતૂહલથી જો તું આ ઝરણું શોધવા નીકળ્યો હશે તો તારી આખી આયુષમર્યાદા તું એને શોધ્યા કરશે, તો પણ એનો પત્તો નહિ લાગે! બાકી એ આ દિશામાં માત્ર સો ડગલાં જ આઘે છે!' અને સાધુ ચાલી નીકળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો માણસ તો આ વાત સાંભળીને ત્યાં જડાઈ જ ગયો. નથી એ જંગલ તરફ જઈ શકતો. નથી સાધુ સાથે ચાલી શકતો.

તે પોતે પોતાના વિચારમાં પડી ગયો હતો. સાધુએ કહ્યું હતું તેમ, આ દેવઝરણ તેને જ જોવા મળે તેમ છે જેણે માનવઝરણ જાગ્રત રાખ્યું હોય! એટલે પોતે હવે એ જોવા ન પામે, તો એમાં, એના પોતાના ઉપર જ એક જબરજસ્ત ટીકા રહી હતી!

એટલે થોડીવાર પછી પોતાના વિચારમાં મગ્ન બનીને એ પોતાના ઘર ભણી પાછો ફર્યો.

એણે પ્રથમ માનવ-ઝરણની શોધ કરવી રહી. અને પછી દેવ-ઝરણની ઝાંખી માટે આશા કરવી રહી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૬]

મૂરખમાં મૂરખ કોણ?

એક વખત એક સભામાં એક પ્રશ્ન પૂછવામાં આવ્યો: "મૂરખમાં મૂરખ કોણ?'

એક જણાએ કહ્યું: 'જે બાપને પૈસે પોતાને પૈસાદાર માને તે મૂરખમાં મૂરખ. કારણ કે ક્યારે પોતે એ ગુમાવી દેશે તેની તેને જાણ નથી!'

બીજાએ કહ્યું: 'એ મૂરખ ખરો, પણ વધારે મોટો મૂરખ તો આ કે, જે **આવતી કાલનો** વિશ્વાસ કરે છે!'

ત્રીજાએ કહ્યું: 'એમ નહિ, હું મૂરખમાં મૂરખ બતાવું. મૂરખમાં મૂરખ માણસ તે છે, જે પોતાની **આજની** સ્થિતિનો ગર્વ કરે છે!'

ચોથો બોલ્યો: 'તમારા બધાના કરતાં મારી પાસે, 'મૂરખમાંમૂરખ'ની સાચી વ્યાખ્યા છે. જે પોતાને ડાહ્યામાં ડાહ્યો માને, તે મૂરખમાં મૂરખ.'

પાંચમાએ જવાબ વાળ્યો: 'માણસ પોતાને શું માને છે તેની ખબર બોલે નહિ ત્યાંસુધી ક્યાંથી પડે? માટે મોટામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટો મૂરખ આ છે, જે કારણ વિના અપ્રિય વાણી બોલ બોલ કરે છે!'

છઠ્ઠાએ પોતાનો મત આપ્યો: 'એ બરાબર છે, પણ અપ્રિય બોલનારને તમે હોંકારો ન દ્યો, એટલે મૂંગો થઈ જાય. તો એ મૂરખ શાનો? પણ મૂરખમાં મૂરખ તો આ છે, જે લીધું નાડું મૂકે જ નહિ! તૂટી જાય–પણ વાત મૂકે નહિ. મંકોડો જ જૂઓ ને!'

એમની આ વાત ચાલી રહી હતી, ત્યાં કોઈ એક જ્ઞાની માણસ ત્યાંથી નીકળ્યો. એટલે એને જોઈને સૌએ કહ્યું: 'ભાઈ! અમારી આ એક વાતનું સમાધાન તમે કરતા જાઓ. અમારી વચ્ચે વાત ચાલે છે કે મૂરખમાં મૂરખ કોણ? તમે એ પ્રશ્નનો જવાબ આપો. મૂરખમાં મૂરખ કોને ગણવો?'

જ્ઞાનીએ જવાબ વાળ્યો: 'મૂરખમાં મૂરખ માણસ તે છે, જે પોતાની જાતને છેતરે છે. જે ચહેરા ઉપર ફરકતું હાસ્ય રાખે, અને દિલમાં પાપ રાખે, તેના જેવો મોટો મૂરખ કોઈ નહિ! કારણ કે એ એમ માને છે કે, એ સૌને છેતરી રહ્યો છે. જ્યારે સાચી વાત એ છે કે, એ પોતાને જ છેતરી રહ્યો હોય છે! જે પગ ઉપર કુહાડો મારે તેના જેવો મૂરખ કોણ? જે પોતાને જ છેતરે, તેના જેવો મોટો મૂરખ કોણ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૭]

દિક્ અને કાલ

આ બેની વાતો તો તત્ત્વજ્ઞાનીઓ હાલતાં ને ચાલતાં કરે છે. હવે એક વખત એવું બન્યું કે એક ફિલસૂફ, આની વાત કહે, પણ એક માણસ બેમાંથી એકેની વાતમાં સમજે નહિ. એ કહેશે : આ દિક્ શું ને વળી કાલ શું ? એ બન્નેની તે જિંદગીમાં કાંઈ ગણતરી હોતી હશે ? આપણે અન્નની ગણતરી કરીએ છીએ, કારણ કે ન ખાઈએ તો તરત શરીર કામ કરતું બંધ થઈ જાય. આપણને પૈસાની ગણતરી કરવી પડે છે, કારણ કે એ પાસે ન હોય તો, ગાજરવાળો પણ અપમાન કરી નાખે. કહેશે, 'મિસ્તર ! પૈસા નથી ને શું કરવા ગાજર લેવા નીકળ્યા છો ?

પણ આ દિક્ શું ને કાલ શું ? એનો જીવનમાં ઉપયોગ શો ? ને એની ગણતરી પણ શી ?

હવે દિક્ એટલે Space. અને કાલ—એટલે Time અવકાશ અને સમય, બન્ને મહત્ત્વનાં. પણ જિંદગીમાં એવો એમનો ખરો ઉપયોગ ક્યાં બતાવવો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુશંકા કરનારો માણસ, આ જ્ઞાનીની જ્ઞાનવાર્તામાં, હમેશાં કુશંકા કર્યા કરે. કહેશે એનો સાચો ઉપયોગ બતાવો. એનું ખરું મહત્ત્વ સમજાવો.

એને તત્ત્વજ્ઞાનની પરિભાષા ગમે તેટલી આપો તેની તો કાંઈ સમજણ પડે નહિ.

જ્ઞાની પણ મૂંઝાયો. આ ભાઈ ને મારે શી રીતે સમજાવવું કે આપણે દિક્ કાલમાં જ જીવી રહ્યા છીએ? શી રીતે દાખલો આપવો કે જીવનની તમામ ગણતરીમાં આ બન્ને પણ મહત્ત્વનાં છે.

છેવટે એણે એક પ્રયોગ કર્યો. પોતાને રહેવા માટે એણે એક નાની સરખી માટીની ઝૂંપડી તૈયાર કરવા માંડી. પણ એ બંધાતી હતી ત્યાં એણે કડિયાઓને કહ્યું : ‘આ ઝૂંપડીમાં આપણે બારીઓ મૂકવી નથી!’

કડિયાઓએ જાણ્યું કે કાંઈક યોગ આસન માટે ઝૂંપડી તૈયાર થતી હશે એટલે બારીઓ નહિ મૂકવી હોય. એમણે કહ્યું બહુ સારું.

ત્યાં તો બીજે દિવસે વળી એણે કહ્યું : ‘આપણે આ ઝૂંપડીમાં બારણું પણ મૂકવું નથી!’

કડિયાઓ તો આશ્ચર્યથી એની સામે જોઈ રહ્યા : ‘પણ બારણું મૂકયા વિના તો અંદર જ શી રીતે જવાશે? બારીઓ ન હોય તો ચાલે, બારણાં વિના કાંઈ ચાલે?’

પેલાએ કહ્યું : ‘એ તો ચાલશે. ગમે તેમ જવાશે. તમે હું કહું તેમ કરોને!’

કડિયાએ તો આશ્ચર્યમાં ને આશ્ચર્યમાં ઝૂંપડી પૂરી કરી, માથે બરાબર છાઈ ગારગોરમટી વગેરે બરાબર બનાવી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘેર ગયા. હવે પેલા જ્ઞાનીએ બીજે દિવસે પેલા કુશંકા કરનારા માણસને બોલાવ્યો. તેને કહ્યું : ' આપણા નિવાસ માટે મેં એક ઝૂંપડી તૈયાર કરાવી છે. તમારી દિક્ અને કાલ વિષેની શંકા આપણે ત્યાં રહીશું એટલે એની મેળે નીકળી જશે. આજ આપણે એ જોવા જોઈએ ! '

પેલો માણસ તો મનમાં ને મનમાં આનંદ પામ્યો કે અનેકે અનેક શંકાઓ આ જ્ઞાની પાસે કરી હશે, પણ કોઈ પોતાના જેવી, એને હંફાવી દે તેવી શંકા કરી શકયો ન હતો ! એને પોતાની શંકા કરવાની શક્તિ માટે, પ્રશ્નો પૂછવાની તાકાત માટે, કાંઈ પણ એમ ને એમ સ્વીકારી ન લેવાના બુદ્ધિબળ માટે, ઘણું માન હતું. એટલે જ્ઞાનીની આ પરાજયકથા જેવી કથા સાંભળીને એને આનંદ આનંદ થઈ ગયો ! એણે મનમાં ને મનમાં સંકલ્પ કર્યો કે ભલેને, એ આપણને ઝૂંપડીમાં રાખીને, ગમે તેટલી જ્ઞાનવાર્તા કરે અને દિક્ અને કાલ વિષે કથા કર્યા કરે, આપણે તો એક જ વાત કહેવાની રાખવી કે એ બન્નેનો, પૈસાના જેવો કે ભૌતિક પદાર્થો જેવો, ઉપયોગ બતાવો તો હા, નહિતર ના !

બન્ને જણા પેલી ઝૂંપડી તરફ ગયા. ઝૂંપડી છેટેથી રળિયામણી લાગતી હતી. પણ બન્ને પાસે ગયા, ને પેલો માણસ મોટેથી હસી પડયો : ' અરે ! ભાઈ ! વેદિયા કાંઈ અમસ્તા કહેવાયા હશો ? આ ઝૂંપડી તો ઠીક, પણ આમાં જાશો કયાંથી ? આમાં રહેવા જાશો કયે ઠેકાણેથી ? '

પેલા જ્ઞાનીએ એનો જવાબ આપવાને બદલે એક નવી નવાઈની ચેષ્ટા કરી. તેણે પડખેથી એક ડબલું લીધું. પછી આસપાસથી માટી લેવી ભરી. એને કહ્યું : ' તમે માટીમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડું પાણી લઈ આવો તો! પછી હું તમને વાત સમજાવું!'

પેલો માણસ નદી ઉપર ગયો ને પાણી લઈને આવ્યો.

એ પાણી લઈને આવ્યો, એટલે પેલા જ્ઞાનીએ માટી પલાળી ગારો કર્યો. પછી એનો માટલા જેવો આકાર કર્યો. પેલો માણસ તો જોયા જ કરે કે આણે આ શું આદર્યું છે!

છેવટે માટલા જેવો આકાર તૈયાર થઈ ગયો, ને એને ત્યાં રાખ્યો.

હવે પેલો જ્ઞાની પેલા માણસ તરફ ફર્યો: 'બોલો આ ઝૂંપડીમાં આપણે રહેવું છે?'

'અરે! રહેવું તો છે, પણ એમાં પેસશો જ ક્યાંથી?'

'કેમ ક્યાંથી?'

'અરે! એમાં બારણું ક્યાં છે? બારણાની જગ્યા જ નથી ને!'

'હં! હં! હં! શું કહ્યું? બારણું નથી? ત્યારે તમે હવે પેલી વાત સમજી ગયા નાં?'

'કઈ?'

'દિક્‌ના ઉપયોગની. આમાં space– જગ્યા–મૂકી નથી –તો એ આખી રચના નકામી લાગે છે. ખરું નાં? બારણું એટલે જગ્યા કે બીજું કાંઈ? બાકી બીજી બધી રીતે તો એ બરાબર છે નાં?'

પેલો માણસ હવે કાંઈ શંકા કરી શકે તેમ લાગ્યું નહિ. તે શાંત થઈ ગયો. 'પણ આ માટલું તમે શું કરવા ઘડ્યું?' તે બોલ્યો.

જ્ઞાનીએ જવાબ વાળ્યો: 'એ પણ તમને બતાવવા, કે જુઓ, આમાં [illegible] space [illegible] છે, તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઉપયોગી નીવડી છે. એનું વાસણ બની ગયું. અને આપણને હરપળે ઉપયોગી થઈ પડયું.'

'પણ એ વાત તો તમે મોંએથી કહી શકયા હોત. એમાં આ ઝૂંપડી બાંધવાની મહેનત શું કરવા લીધી?' પેલાએ નવી શંકા કરી.

જ્ઞાનીએ જવાબ વાળ્યો:

'જુઓ ભાઈ! એ તો એટલા માટે લીધી કે, આટલી મહેનત લીધી તો એ વાત તમારા મગજમાં હવે બરાબર રહેશે. હવે તમને સમજાશે કે લાખો કરોડોની ઈમારત હોય, પણ એમાં જો space—એટલે અવકાશ રાખવાની યુક્તિ ન હોય, તો એ આખી ઈમારત નકામી નીવડે છે! ને અવકાશ રાખવાની જુક્તિ હોય તો આવડું નાનકડું વાસણ પણ ઉપયોગી થઈ પડે છે! એ અવકાશ કહો, દિક્ કહો, પણ એનો હાલતાં ને ચાલતાં જીવનમાં ઉપયોગ છે છે ને છે. અને આમાંથી જ તમે એક નવો પાઠ પણ શીખશો!'

'શું?'

'જુઓ, આ ભીંત છે એ ઉપયોગી છે. હવે એ ભીંત પાડીને બાંકોરું કર્યું—space—મૂકી, તો એ પણ ઉપયોગી થઈ. અવકાશ એટલે વસ્તુનો અભાવ. એમાંથી તો ખબર પડે છે કે પદાર્થનું હોવું, એનું અસ્તિત્વ, એ જેટલું ઉપયોગી છે, તેટલું જ આ પણ ઉપયોગી છે, પદાર્થનું ન હોવું.

'એટલે જ જ્ઞાનીઓ કહે છે કે ભાઈ! જીવન ઉપયોગી છે ને મૃત્યુ ઉપયોગી નથી એમ નથી: એ પણ ઉપયોગી છે. મૃત્યુ એ શરીરનો અભાવ છે. પણ શરીરના 'ભાવ' માટે જ આ 'અભાવ' છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એકલી ભીંત શું કામની ?, અંદર જગ્યા–space–અવ-કાશ–નાસ્તિ જોઈએ.

નાસ્તિ વિના અસ્તિ ક્યાંથી ? શરીર, એ ભીંત છે. મૃત્યુ એ દ્વાર છે. એ દ્વારની પેલી તરફ જીવન છે. એ દ્વારની આ તરફ પણ જીવન છે. અને એ જીવનને જાણવા માટે જ આ દ્વાર જરૂરી છે. હવે તમને દિક્ અને કાલ બન્નેનો મહિમા સમજાયો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૮]

રાજાધિરાજ !

સિકંદર બાદશાહને ઈરાનની હરિયાળી ભોં દેખીને અને દ્રાક્ષના અનેક માંડવા, સરુનાં વૃક્ષ, ઝરા, ઝરણાં, ગુલાબના બગીચા બધું નિહાળીને, એક ઘડીભર એમ થઈ આવ્યું કે હવે આંહીં જ અઠે દ્વારકાં કરી નાખીએ !

પણ એ કેમ બને ? એનો મહત્ત્વાકાંક્ષી સ્વભાવ એને એમ શાંત રહેવા દે તેમ ન હતો.

એણે નિશ્ચય કર્યો કે આગળ ધસવું, ભારતદેશ જોવા. ત્યાં પણ વિજય મેળવવો. અને પૃથ્વીના સ્વામી થઈ ને ગ્રીસમાં પાછા ફરવું.

ઈરાનને ને ગ્રીસને વર્ષો જૂનાં જુદ્ધ ચાલતાં હતાં. આ ઈરાનને વારંવાર ભારતી જોદ્ધાઓ મદદ કરતા રહેતા હતા. હવે આજ એ વર્ષો જૂનું વૈર પૂરું થતું હતું. ઈરાન એના ચરણમાં પડયું હતું. દેશ આખો એને કબજે હતો. હવે તો એક કોઈ રાજકુટુંબી આંહીં એના ખંડિયા તરીકે રાજ કરે તો પોતે પહેરેલો મુગટ જેમ અનેક રત્નોથી શોભે છે, તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની વિજયયાત્રા પણ અનેક રત્નોથી શોભી ઊઠે. વિજયયાત્રામાં અનેક નૃપતિઓને નમાવીને પોતાના ચરણમાં નમાવ્યાનું મહાન માન એને મળી રહે.

એણે ઈરાનના એવા કોઈ રાજકુટુંબીની શોધ માંડી.

ત્યાં એને ખબર મળ્યા, કે દૂર દૂરની ગિરિકંદરાઓમાં સ્મશાનભૂમિ પાસે એક રાજકુટુંબી વસી રહ્યો છે. ઈરાનનો હવે પછીનો ખરો મુગટધારી એ છે. અલેક્ઝાંડરે તરત નિશ્ચય કર્યો, કે એને વશ કરી લેવો: ને રાજમુગટ એના માથા ઉપર જ મૂકવો.

આવા અનેક રાજમુગટો વડે જ એનો વિજયમુગટ વધારે ભભકાભર્યો લાગશે. જીતીને સર્વનાશ કરવા કરતાં પરાજિતને વશવર્તી બનાવવામાં શું મોટું માન નથી રહ્યું ?

એ પોતે ઈરાનના આ ભાવિ રાજવીને વશ કરવા ચાલી નીકળ્યો. પણ ત્યાં જઈને એણે જોયું કે આ રાજકુટુંબી તો ખરેખર દુનિયાથી વિરક્ત થઈ ગયો હતો. એની પાસે ઊભા રહેતાં જાણે હવા જ બદલાઈ જાતી હતી! ઊભા રહેનારને દુનિયાનો વૈભવ તુચ્છ લાગે. એની ક્ષણિકતા જ ચિંતન કરવા જોગ જણાય!

છતાં અલેક્ઝાંડરે તેને સંભારી આપ્યું કે એ મહાન નૃપકુલનો હતો. એક મહાન રાજવંશી, આ પ્રમાણે દુનિયાનો વૈભવ છોડી દે ને આંહીં આવા સ્થળમાં રહેવા માટે આવે, એ કોઈ રીતે યોગ્ય ન હતું. ત્યાં મહાન મહાલયો ને મોંઘાં સિંહાસનો એની રાહ જોતાં હતાં, જ્યારે એ આંહીં માટી ધૂળમાં બેઠો હતો!

સિકંદરે તેને કહ્યું: 'રાજવંશી છો, જુવાન છો, તમારું રાજ સંભાળો. રૈયતને પાળો. મહાન કાર્યો કરો. દેશ વિદેશમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખ્યાતિ મેળવો. આંહીં શાંતિ સ્થાપો. રાજમુગટના મહાન હીરા બનીને પ્રકાશો!'

જુવાન રાજવંશી દરવશે કહ્યું : 'તમે તમારો દેશ છોડીને આંહીં કેમ આવ્યા છો?'

અલેકઝાંડરે કહ્યું : 'હું વિજયયાત્રા કરવા નીકળ્યો છું!'

'વિજયયાત્રા પૂરી થઈ ગઈ?'

'ના, હજી તો મારે આગળ જવાનું છે. હજી અનેક અણદીઠી ભૂમિ દેખવાની છે. અનેક વિજયો મેળવવાના છે. સામુદ્રો પર્યંત ફેલાયલા એક મહાન સામ્રાજ્યનો હું પાયો નાખી રહ્યો છું. તમે આમાં ભળો, ને મહારાજના એક તેજસ્વી રત્ન લેખે તમારું સ્થાન લો–તમારું સ્થાન ત્યાં છે, આંહીં નહિ!'

દરવેશે શાંતિથી કહ્યું : 'પણ કોઈ તમને વિજયયાત્રા પડતી મૂકવાનું કહે તો?'

'એ હવે શી રીતે બને? આટલી જીતો મેળવ્યા પછી, આવડું મોટું સેન આંહીં લાવ્યા પછી, એમ કહેનારને હું મારો મોટામાં મોટો શત્રુ ગણું!'

'એમ? તો તો હે જુવાન વિજયી રાજા! હું પણ એક મહાન વિજયયાત્રા કરવાના પંથે જ જઈ રહ્યો છું. એ યાત્રા પૂરી થયા પહેલાં એમાંથી હું, રજ પણ પાછો ફરી શકું નહિ! મારી પાસે પણ અગણિત સેના છે ને તે આગળ ધપી રહી છે!'

સિકંદરને એના જવાબથી નવાઈ લાગી. આ ભિખારી માણસ પણ પોતાની અગણિત સેનાની વાત કરી રહ્યો હતો! શેખીપણાની હદ હતી નાં? એણે કહ્યું :

'આંહીં આમાં કેવળ ... જ ... છે, અને રાખ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટીના ઢગલા છે, ત્યાં આવી વાતો કરવાથી કોઈને શું ફાયદો છે? હાડકાંના કકડાઓને કોઈએ વિજયયાત્રા માટે સંઘર્યાનું મને તો યાદ આવતું નથી! આ હાડકાં તમારી અગણિત સેના હશે?'

જુવાને શાંતિથી જવાબ વાળ્યો:

'માણસોની સ્મરણશક્તિ ઘણી ટૂંકી હોય છે, હે રાજા! પણ ગઈ કાલે જે રાજાઓ હતા, ગઈ કાલે જ જે વૈભવની છોળમાં ઉલ્લાસ આનંદ માણી રહ્યા હતા, ગઈ કાલે જ જેમના માથા ઉપર સોનેરી મુગટ ધરાતા હતા, ગઈ કાલે જ જેઓ ભવ્ય રાજમહાલયમાં વસી રહ્યા હતા, જેમની આગળ પાછળ અગણિત ઘોડેસવારો ચાલતા, સોનેરી છત્ર વિના જે બહાર નહોતા નીકળતા, એવા મહાન પુરુષોનાં હાડકાં, અનેક ગરીબોનાં રખડતાં હાડકાંઓની સાથે આંહીં સેળભેળ થઈ ગયાં છે! હે જુવાન રાજા! હું એમને બન્નેને જુદાં જુદાં પાડવા મથું છું, પણ એકનાથી બીજું જુદું પડી શકતું નથી! કેમ જાણે બન્ને મૂળમાં એક હોય, ને કેવળ ઉપલા શણગારને લીધે થોડો વખત દુનિયામાં જૂદાં જૂદાં દેખાયાં હોય! તમને જો કાંઇ આ બાબતમાં સમજણ હોય, તો તમે મને મદદ કરો. આ સેંકડો વેરાયલાં હાડકામાં ઈરાની રાજવીનાં હાડકાં કયાં છે તે તમે કહી શકશો? હું એમના વંશમાં છું એટલે એમને શોધવા મથી રહ્યો છું! અથવા તો ગરીબ કંગાલનાં હાડકાં શોધી આપી શકશો? તો હું એમને જુદાં તારવી કાઢીને મારા ભવ્ય પૂર્વપુરુષોથી જૂદા બેસારું!'

સિકંદર તો આ સાંભળીને ઘડીભર સ્તબ્ધ થઈ ગયો. પણ તે મહત્ત્વાકાંક્ષી પુરુષ હતો. તેને આવી નિરાશવાણી ગમી નહિ. તેણે કહ્યું: 'હે જુવાન સાધુ! તમારી આ બધી જ નિરુત્સાહી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાણી જીવનમાં કાંઈ ઉપયોગી કામ કરી શકે નહિ !'

સાધુએ કહ્યું: 'હે રાજા ! હું પણ એ જ જાણવા મથી રહ્યો છું. દુનિયાનાં સેંકડો ભવ્ય નગરોને, આપણાં એવાં ઉપયોગી નગરોને, કોનો હાથ, જાણે એ કેવળ નિરુપયોગી હોય તેમ વારંવાર ફેંદી રહેલ છે? મેં ભવ્ય નગરો વિષે ઘણું જ સાંભળ્યું છે. તમે જાણો છો એ નગરી ક્યાં છે? મને ઘણી વખત થાય છે કે સોનેરી ઈંટોથી બંધાયલી ભવ્ય ઈમારતો જો છેવટે ધૂળમાં જ મળવાની હોય, તો ધૂળની જ મૈત્રી વધુ સારી નહિ ? જેમાંથી પછી આપણને, કોઈ, બીજે ક્યાં ફેંકી દેશે ? આ મારી હાડકાંની વાટિકાને ફેંદી ફેંદી ને કોઈ શું ફેંદી શકશે ? તમને મારા વિજયયાત્રાના પંથનું કાંઈ જ્ઞાન હોય તો એ મને આપો. મારું આ ખોપરીનું પાત્ર એવા જ્ઞાન માટે હર પળે તલસે છે! અને જો એવું કાંઈ જ જ્ઞાન તમારી પાસે ન હોય, તો મારું સૈન્ય આગળ ધપી રહ્યું છે, ને હું પાછળ પડી જાઉં છું. માટે તમે તમારે પથે વળો. અને મને મારે રસ્તે જવા દો. છેવટે તો આપણા રસ્તા આંહીં જ મળવાના છે!'

અલેકઝાંડર સાધુની આ નિસ્પૃહતા જોઈને છક્ક થઈ ગયો. તેને લાગ્યું કે સામ્રાજ્ય સ્થાપનારાઓ મહાન હશે; પણ તેને તજી દેનારા તો વિરલ છે. તેણે અભિમાન છોડીને તેને કહ્યું: 'તમારા રસ્તાનું મને કાંઈ જ જ્ઞાન નથી. એ તો કેવળ ઈશ્વરના જ્ઞાનનો વિષય છે. પણ એમ ન બને, રાજ, વૈભવ, કર્તવ્ય બધું કર્યા પછી આ રસ્તો વધારે સ્વચ્છ રીતે ન દેખાય ?'

'આ રસ્તો હમેશના જુવાન માટે છે, રાજા! થાકેલાઓ માટેની આ કાંઈ ધર્મશાળા નથી! જેણે મૃત્યુની શોધ માંડી છે, એણે તો આ જોવું રહ્યું. આપણી દરેક પળ મૃત્યુ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ પળને જે અમર બનાવતો રહે તે અમર થઈ જાય ! રાજમુગટને હું શું કરું ? હું તો એવી શોધનો શોધક છું કે જે શોધને અંતે મૃત્યુ ન હોય, જરા ન હોય, ભય ન હોય. અચ્છિક નિત્ય યુવાનીનું રસાયન એક કૂંપમાં ક્યાંક છૂપાયલું છે. હું એનો શોધનારો, પેલા હીરા માણેકના મુગટ જેની કિમ્મત આ હાડકાં જેટલી પણ નથી, એ ધારણ કરવા માટે પાછો ફરું એમ ?'

'પણ તમે તમારા સૈન્યની વાત કરો છો, એ સૈન્ય તો ક્યાંય દેખાતું નથી !'

'એ દેખવા માટે નથી. એક એક વહી જતી પળ એ મારો સૈનિક છે, એક એક દૃઢ સંકલ્પ એ મારા સેનાપતિઓ છે. પણ તમારી કુતૂહલતા પૂરી થઇ હોય તો: હે રાજા ! તમે તમારે પંથે પડો. મને મારે પંથે જવા દો ! મારે તો મારી એક એક પળને એક એક સંકલ્પથી ભરીને અનંતની મુસાફરી માટે મોકલવાની છે ! તમારા કરતાં ઘણો વધારે બળવાન એવો એક મહા રાજાધિરાજ મુગટ લાવશે, મારે તો ત્યારે, એ પહેરવાનો છે, અત્યારે નહિ !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[૪૯]

માનવતા !

એક વખત એવું બન્યું. ચીનના એક રાજાની ઘોડારમાં આગ લાગી. માણસોએ દોડાદોડ કરી મૂકી. આગ તો કાબુમાં આવી ગઈ. નોકરો રાજાને એ સમાચાર દેવા દોડયા: રાજાએ તેમને પહેલો સવાલ કરતાં જ તરત પૂછયું: 'કેટલા ઘોડા નાશ પામ્યા છે?'

એકે ઘોડો બળી મર્યો ન હતો. એ સાંભળીને રાજાને ખુશાલી થઈ.

અને ત્યાર પછી એણે પૂછયું: 'કોઈ માણસને નુકસાન થયું છે?'

રાજાની આ વાત સાંભળીને સૌનાં મોં ઝાંખાં પડી ગયાં. કોઈ માણસને નુકસાન થયું ન હતું. પણ રાજાએ પોતાની ઘોડાર વિષે પહેલી પૃચ્છા કરી હતી, એ સાંભળીને એમને લાગ્યું કે, આંહીંથી હવે કોઈક વસ્તુ વિદાય લઈ રહી છે!

અને એ એવી વસ્તુ વિદાય લઈ રહી છે, કે જે વડે જ, સંસાર, સંસાર લાગે છે, જીવન જીવન લાગે છે, રાજ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૈભવ રાજ ને વૈભવ જણાય છે!

બીજી એક વખત એ પ્રમાણે કોનફ્યુશ્યસની ઘોડારને આગ લાગી. એ વખતે કોન્ફ્યુશિયસ દરબારમાં હતો. એને ત્યાં ખબર મળ્યા. તે તરત આવવા માટે નીકળ્યો. દરમ્યાનમાં તો રાજના અનેક નોકરો ત્યાં પહોંચી ગયા હતા, ને બીજા માણસો પણ આવ્યા હતા. સૌએ ભેગા મળીને આગને તરત કાબુમાં લઈ લીધી ને આગ ઓલવાઈ ગઈ હતી. બહુ નુકસાનકારક જણાતી ન હતી.

પણ કોન્ફ્યુશ્યસે જેવાં પોતાનાં માણસોને તો આ સમાચાર દેવા માટે આવતાં જોયાં કે તરત જ એણે ઉતાવળે ઉતાવળે પહેલો સવાલ આ કર્યો: 'કોઈ માણસને નુકસાન થયું નથી નાં?

જ્યારે એને કહેવામાં આવ્યું કે ના, કોઈ માણસને નુકસાન થયું નથી, ત્યાર પછી એણે બીજો પ્રશ્ન કર્યો: 'અને કોઇ ઘોડાને?'

કોઈ ઘોડાને પણ સદ્‌ભાગ્યે નુકસાન થયું ન હતું.

આ બન્ને આગના સાક્ષી એક ચીની કવિએ પોતાની કવિતાની પંક્તિમાં એમ ગાયું કે શ્રીમંત, વૈભવનું નુકસાન સહી નહિ શકે; સાધુ, માનવતાનું નુકસાન સહી શકે નહિ.

કારણ કે એ બન્નેની વચ્ચે દૃષ્ટિમાં તફાવત જ આ છે:

એક, રિદ્ધિસિદ્ધિ છે, તો શ્રીમંત છે;

બીજો તો કેવળ માનવતાને આધારે જ શ્રીમંત છે!

पुस्तकालय
गुरुकुल कां.गड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમકેતુની 'યુગદર્શન ગ્રંથમાળા'

તુષારબિંદુ

શ્રી. ધૂમકેતુની અનેક રંગભરી રસ કથનિકા-ઓનાં અવનવાં રૂપ આમાં જોઇ શકાશે લગભગ ૫૫ કૃતિઓ. ત્રણ રૂપિયા

મેઘબિંદુ

શ્રી. ધૂમકેતુની શૈલીના ઉચ્ચતમ શિખરો નિહાળવા માટે આ પુસ્તક જોઈ જવું જોઈએ એમાં કાવ્યમય વાણીમાં ઐતિહાસિક નવ-લિકાઓ આવે છે. ત્રણ રૂપિયા

પદ્મરેણુ

દ્વિરંગી છપાઈમાં પ્રગટ થયેલ અભિનવ રજકણોનો આ સંગ્રહ ભેટ આપવા માટે સર્વોત્તમ છે. ત્રણ રૂપિયા

રજકણ

શુભ પ્રસંગે ભેટ આપવા લાયક, અત્યંત મનોરમ શૈલીમાં લખાયલાં સુંદર સચિત્ર વિચાર મૌક્તિકાનું પુસ્તક ત્રણ રૂપિયા

જલબિંદુ

ધૂમકેતુની જલબિંદુની ગદ્યશૈલી ગુજરાતી સાહિત્યમાં હજી સુધી અજોડ રહી છે. એમાં વિરલ પ્રસંગનું મનોરમ નવલિકા જેવું રૂપાંતર પામેલું ભાવનાશીલ સુંદર ગદ્ય છે. ત્રણ રૂપિયા

પગદંડી

પ્રવાસવર્ણનોનું આ પુસ્તક વાંચનાર ઘડીભર પોતાનું સ્થળ ભૂલી ગિરનાર, નૈનીતાલ, દાર્જિલિંગ, હિમાલય, નર્મદાના આરસ પહાડો, ભુવનેશ્વરમાં વિહરે છે. ચિત્ર ફોટો ત્રીસ. ત્રણ રૂપિયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ધૂમકેતુ'ની 'યુગદર્શન ગ્રંથમાળા'

[પ્રગટ થયેલી નાની મોટી કૃતિઓ]

તણખા મંડળ પહેલું	૩–૮
તણખા મંડળ બીજું	૩–૦
તણખા મંડળ ત્રીજું	૩–૦
તણખા મંડળ ચોથું	૪–૦
પ્રદીપ	૩–૦
આકાશદીપ	૩–૦
અવશેષ	૨–૮
પરિશેષ	૩–૦
ત્રિભેટો	૩–૦
અનામિકા	૩–૦
વનછાયા	૩–૦
મલ્લિકા	૪–૮
જલબિંદુ	૩–૦
મેઘબિન્દુ	૩–૦
તેજબિંદુ	૩–૦
રાજમુગટ	૩–૦
પૃથ્વીશ	૩–૮
અજિતા	૪–૮
પરાજય	૪–૮
સર્જન ચિંતન	૨–૦
વાતાયન	૨–૮
વનરેખા	૩–૦
પ્રતિબિંબ	૩–૦
રજકણ	૩–૦
પદ્મરેણુ	૩–૦
ઠંડી ક્રૂરતા (નાટકો)	૧–૮
પગદંડી	૩–૦
તુષારબિન્દુ	૩–૦
હેમચંદ્રાચાર્ય	૨–૮
વાચિનીદેવી	૪–૮
ચૌલાદેવી	૪–૮
રાજસંન્યાસી	૪–૮
કર્ણાવતી	૪–૮
રાજકન્યા	૪–૮
જયસિંહ સિદ્ધરાજ	૪–૮
[બર્બરકજિષ્ણુ]	
,, ત્રિભુવનગંડ	૪–૮
અવંતીનાથ સિદ્ધરાજ	૪–૮
ગુર્જરેશ્વર કુમારપાળ	૪–૮
રાજર્ષિ કુમારપાળ	૪–૮
નાયિકાદેવી	૪–૮
ઇતિહાસદર્શન	૦–૮
જીવનપંથ	૪–૮
પડઘા	૦-૧૨
પડછાયા	૧–૪
વીર વનરાજ	૧–૦
એકલવ્ય	૦-૧૨
નેપોલિયન	૦–૮
પરશુરામ	૦–૮
હ્યુએનસંગ	૦–૮
ઉપનિષદ્ કથાઓ	૨–૦
જ્ઞાનગોષ્ઠિ	૧–૦
વડને છાંયડે	૧–૮
બોધકથાઓ ૧–૨	૨–૦
લોક રામાયણ ૧–૨	૩–૦

શારદા મુદ્રણાલય : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar